# આચારાંગ સૂત્ર ભાષાંતર

## (ભાગ ૪ થો.)

મૂળ નિર્યુક્તિ અને ટીકાના ભાષાંતર સહિત.

(અધ્યયન ૭ થી નવ, પહેલો સ્કંધ સમાપ્ત)

લેખક—

**મુનિરાજ શ્રી માણેક મુનિજી.**

પ્રસિદ્ધ કર્તા—

શ્રીમાન્ મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડાર તરફથી

**ચુનીલાલ ગુલાબચંદ દાળીઆ.**

મેનેજીંગ ટ્રસ્ટી, ગોપીપરા—સુરત.

આવૃત્તિ ૧ લી ] વીર સં. ૨૪૪૮ [પ્રત ૭૦૦

"જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસમા મુલચંદ કસનદાસ

કાપડિયાએ છાપ્યું.—સુરત.

મૂલ્ય ૨-૦-૦

# અભિનંદન પત્રિકા.

શ્રીમાન્ ધર્મજિજ્ઞાસુ બંધુ,

## શેઠ દલીચંદભાઈ વીરચંદભાઇ.

આપશ્રી એક ધર્મપ્રેમી જૈન ધર્મી હોવા છતા સાર્વજનિક કામોમાં મુખ્ય ભાગ લો છો, કેળવણીના આશ્રયદાતા છો, અત્રે સુરતમાં ચાલતા જૈન વિદ્યાર્થી આશ્રમના પ્રમુખ છો, સુરત અશક્તાશ્રમના પ્રમુખ છો, સુરત ધરમચંદ ઉદેચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડના મેનેજીંગ ટ્રસ્ટી છો, શ્રી આણંદજી કલ્યાણજીની આપણી જૈનોની મહાન પેઢીના સુરત તરફથી પ્રતિનિધી છો તથા કતારગામ જૈન દેરાસરના કાર્યવાહક છો તથા અનેક જૈન વિદ્યાર્થીઓને તથા બંધુઓને ઉત્તેજન આપો છો, તેમજ શ્રીમાન્ મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડારના સભાસદ છો, વીગેરે અનેક ધાર્મિક તથા જાહેર કામોમા આગેવાની ભર્યો ભાગ લો છો અને ભંડારને અંગે પ્રસિદ્ધ થતા સૂત્રાગમોના સટીક ભાષાંતરમાં રૂ. ૧૧૦૧) આપી મહાન્ પરોપકારનું કૃત્ય કર્યું છે તેથી આ ખાતા સાથે આપશ્રીના દાદા શેઠ લખમાજી જીવણજીનું નામ જોડવામાં આવ્યું છે, અને અમને ઉમેદ છે કે તે પ્રમાણે અનેક ધર્મનાં કાર્યો કરતા રહેશોજી.

| | |
|---|---|
| શ્રી. મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડાર ગોપીપુરા—સુરત. | શા. ફકીરચંદ નગીનચંદ ઝવેરી<br>શા ચુનીલાલ ગુલાબચંદ દાળીયા. |

# પ્રસ્તાવના.

આચારાંગ સૂત્રનો ત્રીજો ભાગ આપને મળેલો છે. આ ચોથા ભાગમાં છ, આઠ, અને નવમું અધ્યયન છે. દરેક અધ્યયન મોક્ષાભિલાષી સાધુ શ્રાવકોને વારંવાર વાંચવા જેવું છે. છઠ્ઠા અધ્યયનમાં કર્મ ધોવાનું છે. આઠમામાં મોક્ષનો વિષય છે, અને નવમામાં મહાવીર પ્રભુએ તપ કરી બીજા સાધુઓને તપ કરવાનું સૂચવ્યુ છે. સાતમુ અધ્યયન આચાર્યોએ લોપ કર્યું છે. બાકીનાં ત્રણ અધ્યયનો મૂળ સૂત્ર નિર્યુક્તિ અને ટીકાના ભાષાન્તર સાથે આ ભાગમાં આપેલ છે તે જોડેની અનુક્રમણિકામાં જોવાશે. તથા આગમોદય સમિતિનું છપાએલ ટીકાવાળું સૂત્ર જેમની પાસે હોય તેમણે ટીકા પાસે રાખીને વાંચવું. બને ત્યાં સુધી સરળ અર્થ કરવામાં આવ્યો છે, પણ જ્યાં ગુજરાતીમા શબ્દ ન મળી આવ્યો ત્યા જગ્યા રાખી છે.

નિર્ણયસાગર પ્રેસ તથા વિદ્વાનોનું સંશોધન જોતાં આ કાર્ય છેલ્લી પંક્તિનુ છે. છતાં કંઇક પણ ફાયદો જાણીને અને તેના ઉપરથી બીજી આવૃતિમાં યોગ્ય સગવડ થએ કોઇ પણ વિદ્વાન્ વધારે સારૂં કામ કરશે, એવા હેતુથી આ કાર્ય તૈયાર થાય છે. સાધુ જાગતા અને ભવ્યાત્મા શ્રાવકો જિન વચનને અમૂલ્ય આભૂષણ માનીને વારંવાર પઠન કરશે, તો તેમા ઘણું જાણવાનું મળશે. અહીં પ્રથમ સ્કંધ સમાપ્ત થાય છે અને બીજો સ્કંધ પાંચમા ભાગમાં આવશે તે છપાય છે. આ પાંચે ભાગ સાથે રાખી વાચતા જ્યાં જ્યાં ભુલ

માલમ પડે અથવા સુધારો વધારો કરવાનું લાગે તેમણે દરેક જ્ઞાન ભંડારમાં લખી જણાવવું કે યોગ્ય ફેરફાર થાય. વર્તમાન સમયમાં પશ્ચિમના દેશોમાં વિદ્યાનંદ વધવાથી કેટલાક અન્ય વિદ્વાનો આપણા જૈન સૂત્રોમાં પ્રેમ ધરાવતા થયા છે, પણ તેઓના અભિપ્રાયમાં જ્યાં વાત ન સમજાય ત્યાં ગમે તેમ લખી પણ દેવાય છે, તેમને આ સટીક ભાષાંતર છપાવાથી સરખાવવાનું મળશે, તેમ સાધુમાર્ગી પંથવાળા ટબા ઉપર કામ ચલાવનારને ઘણું જાણવાનું મળશે, તેમ દિગંબરો વિચ્છેદ માને છે તેમને પણ વિચારવાનું મળશે, આ સૂત્ર સાધુઓનું સર્વસ્વ છે, અને જિનેશ્વરે સમવસરણમાં પ્રથમ એનેજ ઉપદેશેલું હોવાથી આ સૂત્ર આપણું વારંવાર હૃદય રહેવું જોઈએ. પાંચમો ભાગ પૂરો થતાં પાંચે ભાગની આખી સમાલોચના એકાદ સુજ્ઞ અંગ્રેજી સંસ્કૃત ભણેલા વિદ્વાન પાસે લખાવવા વિચાર છે. માટે ચાર ભાગ વાંચતાં જે કંઈ નવીન સુધારવા જેવું લાગે તે લખી જણાવવું.

આ ભાગ છપાતાં આ પુસ્તક માટે નવચેતી મદદો મળી છે. તેમને સાદર ધન્યવાદ આપવામાં આવે છે.

રૂા. ૨૫૦) મેતા પરથીરાજ મુળચંદના સ્મરણાર્થે પાલણપુરવાળા ઝવેરી વીરચંદભાઈના કુટુંબ તરફથી તેમના, તેમની સ્ત્રીના, માતુશ્રીના, બંધુના તથા બેન દીવાળીના સ્મરણાર્થે આ મદદ પુણ્યાર્થ મદદ આપેલ છે તે ગાંધી કેશવલાલ અમુલખભાઈ મારફતે આવેલ તે ત્રીજા ભાગમાં બતાવેલ છે.

શેઠ દલીચંદ વીરચંદ જેઓ જૈન વિદ્યાર્થી આશ્રમ—વડોદરાના પ્રમુખ છે, અને અનેક ધર્મોના કાર્યોમાં આગેવાન ભાગ



શેઠ લખમાજી જીવણજીના પૌત્ર—
શેઠ દલીચંદ વીરચંદ, નવાપુરા–સુરત.

સે છે, તેમણે આ ખાતું હમેશાં ચાલુ રહે તેની ખાતર રૂ. ૧૧૦૧) અગ્યારસો એક મદદ આપેલ છે, તેમની આ ઉદાર વૃત્તિથી તેમના દાદાશ્રી **શેઠ લખમાજી જીવણજી પુસ્તકોદ્ધાર ફંડ** એવું નામ આપેલ છે, અને શેઠજી ને શ્રી જ્ઞાનભંડાર તરફથી અભિનંદન પત્રિકા આપેલી આ સાથે જોડવામાં આવી છે, કે બીજા ભવ્યાત્માઓ પણ આવા મહાન્ પરોપકારી કાર્યમાં સહાય કરે.

**વકીલ કેશવલાલ પ્રેમચંદ** જેઓ અમદાવાદ હાજી પટેલની પોળમાં રહે છે તેઓ ધર્મપ્રેમી અને સંસ્કૃત માગધીના તથા જૈન સાહિત્યના પરમ પ્રેમી સુશ્રાવક છે તેમણે તેમના બંધુ ડાહ્યાભાઇના સ્મરણાર્થે રૂ. ૫૦) ભેટ આપ્યા છે.

# વિષય અનુક્રમણિકા.

## ધૂત અધ્યયન—


| પૃષ્ઠ | વિષય. |
| --- | --- |
| ૧-૨ | નિર્યુક્તિ ગાથા ૨૫૦-૨૫૧માં મોહત્યાગ કરવાનું છે, એટલે ધાતિ કર્મ દૂર કરવા ઉપકરણ શરીર અને ગૌરવ ત્યાગ કરવા બતાવેલ છે. તથા ધૂત શબ્દના નિક્ષેપા બતાવે છે. |
| ૩-૬ | ૨૫૨ ગાથા તથા સુત્ર ૧૭૨મા કેવળ જ્ઞાની ધર્મ બતાવે છે, તે તીર્થંકર શરીર ધારી હોય છે. અને બાર વર્ષદનું સ્વરૂપ બતાવે છે. |
| ૭-૧૧ | ધર્મની દુર્લભતા માટે કાચબાનું દૃષ્ટાંત બતાવે છે અને સુગુરૂનો ઉપદેશ છે. |
| ૧૨-૧૯ | ધર્મ વિમુખ જીવને થતા રોગોનુ વર્ણન. |
| ૨૦-૨૮ | સૂત્ર ૧૭૭માં નારકી વિગેરે ચારે ગતિમા જીવોને થતા દુઃખો બતાવે છે. |
| ૨૯-૩૦ | સૂત્ર ૧૭૮માં કર્મ વિપાકનો નિશ્ચય કરી ધર્મ સાધવાનું છે. |
| ૩૧-૩૪ | સૂત્ર ૧૭૯માં મહામુનિનું સ્વરૂપ છે. દીક્ષા લેનારને વિઘ્ન કરનારાં સૂત્ર ૧૮૦ મા બતાવે છે. |
| ૩૫-૩૮ | સૂત્ર ૧૮૧-૮૨ માં કુશીલ પુરૂષ દીક્ષા કેમ છોડે છે, તે છે. |
| ૩૯-૪૭ | સૂત્ર ૧૮૩-૮૪ ઉત્તમ સાધુ કેવી ભાવના ભાવે, તે છે. |

૪૮-૫૪ સૂત્ર ૧૮૫ માં મુનિએ વધારાનાં વસ્ત્ર ત્યાગી દેવાં.
૫૫ વધતાં ઓછાં વસ્ત્ર પહેરનારે પરસ્પર સમભાવ રાખવો કારણ કે બધા વીતરાગની આજ્ઞામા છે.
૫૬-૫૯-સૂત્ર ૧૮૬-૮૭ માં ગીતાર્થ સાધુ પરિસહ સહે છે, અને મનમાં શાંતિ રાખે છે.
૬૦-સૂત્ર ૧૮૭મા ઇંદ્રિયો કુમાર્ગે લઇ જાય માટે સાવચેત રહેવું.
૬૧-૬૪ સંદીનદ્વીપ અને અસંદીન દ્વીપનું વર્ણન.
૬૫-૬૭ ગીતાર્થે સામાન્ય સાધુની રક્ષા કરવી, તેના ઉપર ઉજ્જયિનીના રાજકુમાર ( એડકાક્ષ ) નું દૃષ્ટાંત.
૬૮-૭૨ સૂત્ર-૧૮૮ શિષ્યોને ભણાવવાનો ક્રમ છે, તથા ભણાવનાર કોણ છે, તથા તુચ્છ બુદ્ધિવાળા થોડું ભણી અહંકાર કરે છે, તથા જિન વચનનું બહુમાન કરતા નથી, તેને સમજાવે છે.
૭૩ માંદાના દૃષ્ટાંતથી અપવાદ સૂત્ર બતાવે છે.
૭૫-૮૦ કુશીલીયો શું કામ ભણે છે ? સૂત્ર ૧૯૨ગાં અધમાર્થીનુ વર્ણન છે.
૮૧-૮૩ દીક્ષાભ્રષ્ટ કેવા હોય છે.
૮૪-૮૭ કુસાધુનાં દુ:ખ બતાવી શિષ્યને સુસાધુ થવા બોધ અપાય છે.
૮૮ સૂત્ર-૧૯૪ માં સાધુએ ઉપસર્ગો સહેવા,
૮૯-૯૦ આર્યક્ષેત્રોની હદ-બ્રહત્ કલ્પનો પાઠ,
૯૧-૯૪ ઉપસર્ગોનું વર્ણન.
૯૫-૯૬ કેવો સાધુ ઉપદેશ કરે,

૯૭-૧૦૪ ઉત્તમ સાધુ બોલે તેવું પાળે છે.

૧૦૫-૧૦૭ તેવો સાધુ મોક્ષ સુધી પહોંચવા પાદપોપ ગમન અણુ- શણુ કરે છે,

૧૦૭ સાતમું અધ્યયન વિચ્છેદ હોવાથી આઠમું અધ્યયન વિમોક્ષ અધ્યયન* કહે છે.

૧૦૮ ૨૫૩ થી ૨૫૭ નિર્યુક્તિમાં ઉદ્દેશાઓનો અર્થાધિકાર છે.

૧૦૯ પાસત્થા તથા કુવાદીઓની સંગતિ ત્યાગવા કહે છે. તથા ગોચરી ગયેલા સાધુને ઠંડથી ધ્રુજતાં દેખીને ગૃહસ્થને ખોટી શંકા થાય તો દૂર કરવી.

૧૧૦ અપ્રશસ્ત મરણનું વર્ણન તથા ત્રણ પ્રકારના અણુ- શણોથી મરવાનું બતાવ્યું છે.

૧૧૧-૧૨ વિમોક્ષના નિક્ષેપા નિ. ૨૫૮થી ૬૦ માં છે.

૧૧૩-૧૪ આઠ કર્મ કેમ બંધાય છે?

૧૧૫-૨૦ અણુશણમાં સપરાક્રમ અપરાક્રમ બતાવે છે.

૧૨૧-૨૨ અણુશણમાં ક્રોધ ત્યાગ કરવા ઉપર દૃષ્ટાંત સંલેખ- નાનું વર્ણન નિ. ૨૭૪-૭૫ તથા સૂ. ૧૯૭માં સુસાધુની વૈયાવચ્ચ બતાવે છે.

૧૨૬-૨૭ અન્ય સાધુની આપેલી ચીજ ન લેવી.

૧૨૮-૧૪૦ અન્ય વાદીઓનું મંતવ્ય અને તેમનું સ્યાદ્વાદ દૃષ્ટિએ સમાધાન.

૧૪૧-૪૫ મોક્ષાભિલાષી સાધુની ઉત્તમતા.

૧૪૬ અકલ્પનીય પરિત્યાગ ઉપર સૂ. ૨૦૨ કહે છે.

૧૪૭-૫૦ સાધુને ફરવાનાં સ્થાન ત્યાં ગોચરીની વિનતી કરે, તે ગોચરીમાં લાગતા દોષોનું વર્ણન.

૧૫૧-૧૫૬ સૂત્ર ૨૦૩ માં સાધુ દોષિત આહારનો નિષેધ કરે, તથા ધર્મકથા સુપાત્ર દાન અને પ્રાસુ આહારની વિધિ બતાવે છે.
૧૫૭-૧૫૮ કુશીલીયા સાધુને આહાર આપલે કરવાનો નિષેધ છે, સમનોજ્ઞને આપવા લેવાની વિધિ છે.
૧૫૯-૬૪ સૂ-૨૦૭ સાધુને મારે તો સમભાવે સહન કરે.
૧૬૫-૬૭ સાધુ ઠંડથી કંપતાં ગૃહસ્થને કુશીલીની શંકા થાય તો ખરી વાત સમજાવી શંકા દૂર કરવી,
૧૬૮-૬૯ સાધુ ઉપર સ્ત્રી મોહિત થાય તો સાધુએ પ્રાણ ત્યાગ કરવો પણ કુશીલ ન સેવવું. તેમાં પ્રથમ જિન કલ્પિ સ્થવિર કલ્પીના ઉપકરણોનું વર્ણન છે. સાધુ ઉંચ ગુણસ્થાને ચઢી વસ્ત્રો ત્યાગે.
૧૭૦-૧૭૩ ઓછાં વસ્ત્રોનો લાભ.
૧૭૪-૧૭૬ સ્ત્રીના ઉપસર્ગમાં આત્મ હત્યાનાં કારણો.
૧૭૭-૧૮૦ અનેષણીય આહાર સાધુ ન લે.
૧૮૧-૮૪ પ્રતિમાધારી સાધુઓનું વર્ણન-તે શરીરથી થાકતાં ભક્ત પ્રત્યખ્યાન અણુસણ કરે.
૧૮૫ ૮૯ સાધુ એકત્વ ભાવના ભાવે, તથા જીભ દાતથી આહારનો સ્વાદ ન કરે, ગોચરીના ૫ દોષ ત્યાગવા.
૧૯૦-૯૭ ઇંગિત મરણ ( અણુશણ ) નું વર્ણન.
૧૯૮-૨૦૪ પાદપોપગમન અણુશણનું વર્ણન.
૨૦૫-૨૦૭ કાળ પર્યાયે થતું સંલેખના મરણનું વર્ણન.
૨૦૮-૨૧ સંલેખનાવાળો ક્રોધ ત્યાગે, ત્રણ પ્રકારમાંથી કોઇ પણ અણુસણ છેવટે કરે તેની વિધિ.

૨૨૨-૨૪ સાધુ નિયાણું ન કરે.
૨૨૫ ઉપધાન શ્રુત નામનું નવમું અધ્યયન.
૨૨૬-૨૩૦ વીર વર્ધમાન સ્વામીના તપનું વર્ણન. ઉપધાનના નિક્ષેપા નિ. ૨૭૬ થી ૨૮૪ સુધી.
૨૩૧-૩૭ ઉપશમ તથા ઉપશમ શ્રેણિનું વર્ણન.
૨૩૮-૩૯ ક્ષપક શ્રેણિનું વર્ણન.
૨૪૦ કેવળિ સમુદ્ઘાતનું વર્ણન.
૨૪૧ યોગનિરોધ.
૨૪૨-૪૪ ભગવાન મહાવીરનું દીક્ષા પછીનું છદ્મસ્થ અવસ્થાનું વર્ણન.
૨૪૫-૪૬ પ્રભુનું વસ્ત્ર રાખવું, તથા ત્યાગવું.
૨૪૭-૨૫૨ પ્રભુ દીક્ષા લેઇને કેમ વિચારે છે.
૨૫૩-૫૬ છકાયનું વર્ણન તથા પ્રભુનો વૈરાગ્ય.
૨૫૭-૨૯૬ બાવીસે પરિષહોને મહાવીર પ્રભુએ છદ્મસ્થ અવસ્થામાં સાડાબાર વરસ સહ્યા તેનું વર્ણન છે-

# શુદ્ધિપત્ર.

| પ્રષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૨ | ૧૦ | સંમારી | સંસારી |
| ૧૫ | ૨ | શકય | શકાય |
| ૧૭ | ૯ | શરીરરનાં | શરીરના |
| ૧૭ | ૯ | અવયવે। | અવયવોના |
| ૧૮ | ૨૧ | त्वा | त्व |
| ૨૧ | ૧૩ | तामरे | तोमर |
| ૨૧ | ૧૩ | मि | मि: |
| ૨૧ | ૧૩ | र्त्ता | र्त्ता: |
| ૨૨ | ૩૧ | सिना: | क्षिना |
| ૨૩ | ૨ | तया | तथा |
| ૨૪ | ૧૩ | સર્વ | સર્પ |
| ૨૫ | ૫ | સુપનો | સુખનો |
| ૨૫ | ૧૯ | षा | षा |
| ૨૭ | ૧૫ | મંદ્ર | મંદ |
| ૨૮ | ૧૩ | માટે | થી |
| ૩૮ | ૧૫ | અકે | આકે |
| ૩૯ | ૯ | एद | हए |
| ૪૨ | ૧૦ | તધ | તપ |
| ૪૪ | ૧૦ | સાધુમે | સાધુએ |
| ૪૫ | ૩ | यरि | परि |
| ૪૫ | ૬ | ઙ | હ્ને |

| | | | |
|---|---|---|---|
| ૪૫ | ૧૩ | નગ્ન | નગ્ન |
| ૪૬ | ૮ | જેના વડે | જે |
| ૫૪ | ૧૭ | ર | રિ |
| ૫૫ | ૧૭ | ણો | ણે |
| ૫૯ | ૧૩ | ણ | ણે |
| ૬૧ | ૮ | સાદ | સાદ ને |
| ૬૮ | ૧૧ | ત્યા | ત્યા |
| ૭૦ | ૭ | શાંત | શાંતિ |
| ૭૧ | ૧૯ | શસ્ત્ર | શાસ્ત્ર |
| ૭૨ | ૭ | વ્યો | વેથા |
| ૭૩ | ૧૧ | ગુ | ગુરૂ |
| ૮૦ | ૨૦ | યમાણ | ણમાણે |
| ૮૩ | ૭ | યદૃ | યદૃે |
| ૮૭ | ૭ | વિકાર | વિકારી |
| ૧૦૦ | ૨ | અશા | આશા |
| ૧૮૩ | ૧૧ | ગદ્ધ | ગૃદ્ધ |
| ૧૧૧ | ૪ | છે | છ |
| ૧૩૫ | ૧૧ | કૃતિમ | કૃત્રિમ |
| ૧૩૬ | ૫ | નિક | નેક |
| ૧૩૬ | ૫ | નહુ | નુ |
| ૧૩૯ | ૧૦ | ઉપાન | ઉપપાન |
| ૨૧૧ | ૨૧ | અનેક | અને કે |
| ૨૨૦ | ૭ | સુમ | સંદા |

ॐ नमो वीतरागाय।

# આચારાંગ સૂત્ર ભાષાંતર.

## ( ભાગ ૪ થો. )

### ( ધુતાખ્ય નામનું છઠ્ઠું અધ્યયન. )

પાંચમું અધ્યયન ત્રીજા ભાગમાં કહ્યું, હવે છઠ્ઠું અધ્યયન કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા અધ્યયનમાં લોકમાં સાર ભૂત સંયમ અને મોક્ષ બતાવ્યો છે, અને તે નિઃસંગતા સિવાય સંયમ ન હોય, તથા કર્મ દૂર કર્યા વિના મોક્ષ ન થાય. તેથી કર્મ દૂર કરવા આ ધુત તે કર્મ ધોવાનું બતાવવા કહે છે. આ સંબંધે આવેલા ધુત નામના અધ્યયનના ચાર અનુયોગ દ્વાર થાય છે, તેમાં પ્રથમ ઉપક્રમ છે. તે ઉપક્રમમાં અર્થાધિકાર બે ભેદે છે, અધ્યયનનો અર્થ અધિકાર અને ઉદ્દેશાનો અર્થાધિકાર છે, તેમાં અધ્યયનનો અર્થાધિકાર ૧લા અધ્યયનમાં કહેલ છે, અને ઉદ્દેશાનો અર્થાધિકાર કહેવા નિર્યુક્તિકાર કહે છે,

**पढमे नियग विहुणणा, कम्माणं बितियए तइयगंमि;**
**उवगरण सरीराणं चउत्थए गारव तिगस्स ॥२५०॥**

પહેલા ઉદ્દેશામાં પોતાનાં જે સગાં છે, તેઓનું વિધૂનન ( મોહ ત્યાગ ) કરવો જોઈએ. બીજા ઉદ્દેશામાં ઘાતીકર્મને

દૂર કરવાં, ત્રીજામાં ઉપકરણ શરીરને, અને ચોથામાં ત્રણ ગારવને દૂર કરવા, તથા ઉપસર્ગ કે સન્માન થાય, તોપણ રાગ દ્વેષ ન કરવો, તથા સાધુઓએ (પૂર્વે) તે પ્રમાણે કર્મ વિગેરે ધોયાં છે, તે આ પાંચમા ઉદ્દેશામાં બતાવે છે. આ પ્રમાણે અર્થાધિકાર બતાવીને નિક્ષેપો કહે છે, તે ત્રણ પ્રકારનો છે, ઓઘ નિષ્પન્નમાં અધ્યયન છે, નામ નિષ્પન્નમાં ધૂત નામ છે, તેના ચાર પ્રકારે નિક્ષેપા છે, તેમાં સુગમનામ સ્થાપના છોડીને દ્રવ્ય અને ભાવ બતાવવા અરધી (પૂરી) ગાથા કહે છે.

**उवसग्गा सम्माणय, विहुआणि पंचमंमिउद्देसे ॥**
**दव्वधुयं वत्थाई, भाव धुयं कम्म अट्ठविहं ॥२५१॥**

દ્રવ્યધૂત બે પ્રકારે છે, આગમથી અને નો આગમથી તેમાં આગમથી ધૂતનો જ્ઞાતા ( જાણનારો ) હોય, પણ તેમાં ઉપયોગ ન હોય; અને નો આગમથી તો જ્ઞ શરીર ભવ્ય શરીર સિવાય દ્રવ્યધૂત તે કપડાં વિગેરેની ધૂળ વિગેરે દૂર કરવાનું છે. (દ્રવ્ય તે કપડાં વિગેરેને અને ધૂત તે મેલ દૂર કરવાનું છે)

આદિ શબ્દથી વૃક્ષ વિગેરે ફળ માટે ધોવાનું છે. ( સૂકાં પાંદડાં વિગેરે દૂર થવાથી ફળ તૈયાર થાય છે, અ- થવા વિના જરૂરની વનસ્પતિ વચમાંથી નિંદી કાઢે છે) અને ભાવ ધૂત તો આઠે કર્મને દૂર કરવા ( મોક્ષ માટે )

ઉપાય કરાય તે છે, (આ અડધી ગાથાનો અર્થ છે.) ફરી આજ વિષયને ખુલાસાથી કહે છે.

**अहियासित्तु व सग्गे, दिव्वे माणुस्सए तिरिच्छेय**
**जोविहुणाइ कम्माइं, भाव धुयंतं वियाणाहि ॥२५२॥**

ઉપસર્ગોને અતિશે (સારી રીતે) સહન કરીને કર્મ ધોવાં, એટલે દેવતાના કે મનુષ્યોના કે તિર્યંચોના દુઃખ સુખ રૂપ જે ઉપસર્ગો આવે તેમાં સમભાવ રાખીને જે સંસાર વૃક્ષના બીજ સમાન મોહનીય વિગેરે કર્મોને દૂર કરે, તે ભાવ ધુત છે; એવું તું જાણ, અથવા ક્રિયા અને કારકનો ભેદ નથી, તેથી કર્મ ધૂનન તેજ ભાવ ધૂત છે, એમ જાણ. નામ નિક્ષેપ કહ્યો. હવે, ત્રીજા સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપામાં સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું તે આ છેઃ—

**ओबुज्झमाणे इहमाणवेसु आघाइ से नरे जस्स इम्माओ जाइओ सव्वओ सुपडिलेहियाओ भवंति, आघाइ से नाणमणेलिसं, से किट्टइ तेसिं समुट्ठियाणं निक्खित्त दंडाणं समाहियाणं पन्नाण मंताणं इह मुत्तिमग्गं, एवं (अवि) एगे महावीरा विपरिक्कमंति, पासह एगे अवसीयमाणे अणत्त पन्ने से बेमि, सेजहावि (सवि) कुंमेहरए विणिविट्ठ चित्ते पच्छन्न पलासे उम्मग्गं से नो लहइ भंजगा इव**

सं निवेसं नोचयंति एवं ( अवि ) एगे अणेगरूवेहिं कुलेहिं जाया रूवेहिं सत्ता कलुणं थणंति नियाणओ ते न लभंति मुक्खं, अह पास तेहिं कुलेहिं आयत्ताए जाया, गंडी अहवाकोढी, रायंसी अवमारियं काणियं झिंमियं चेव, कुणियं खुज्जियं तहा॥१॥
उदरिंच पास मूयं च सूणीयंच गिलासणिं
वेवइं पीढसप्पिं च, सिलिवयं महुमेहणिं ॥ २ ॥
सोलस एएरोगा, अक्खाया अणु पुव्वसो
अहणं फुसंति आयंका, फासा य असमंजसा॥३॥

मरणं तेसिं संपेहाए उववायं चवणं च नच्चा० परियागं च संपेहाए ( सू० १७२ )

સ્વર્ગ તથા મોક્ષ, તથા તેનાં કારણો તેમજ, સંસારનાં કારણોને આવરણરહિત ( કેવળ ) જ્ઞાનના સદ્ભાવથી જે માણસ જાણે; અને આમર્ત્ય ( મનુષ્ય )-લોકમાં મનુષ્યોને ધર્મ સમજાવે એટલે, તે ઘાતિકર્મ દુર થયા પછી; પોતે અઘાતિકર્મરૂપ ( શરીરધારી ) મનુષ્યપણામાં રહેલો થકો ધર્મ કહે છે:—

પણ જેમ-બૌદ્ધમતમાં ભીંત વિગેરેમાંથી પણ ધર્મોપદેશ પ્રકટ થાય છે. તેમ, જૈનધર્મમાં નથી; અથવા જેમ, વૈશેષિકોનું ઉલુક ભાવવડે પદાર્થોનું જણાવવાપણું છે, એવું અમારૂં ( જૈનશાસન ) નથી.

પ્રઃ—શા માટે ?

ઉત્તરઃ—ઘાતિકર્મ ક્ષય થયાપછી, કેવળ જ્ઞાન ઉત્પન્ન થવાથી મનુષ્યપણામાં રહેલાજ ( તીર્થંકર ) પોતે કૃતાર્થ થયા છતાંપણ, જીવોના હિતને માટે મનુષ્ય અને દેવોની સભામાં ધર્મનો ઉપદેશ કરે છે.

પ્રઃ—તીર્થંકરજ ધર્મ કહે છે, કે, બીજો પણ કહે છે ?

ઉઃ—બીજો પણ કહે છે. જેને વિશિષ્ટજ્ઞાન હોય; અને સારીરીતે પદાર્થોનો પરિચ્છેદક હોય; તે ધર્મોપદેશ કરે છે. તે કહે છેઃ—

જેઓ અતીંદ્રિયજ્ઞાની છે, અથવા શ્રુત કેવળી છે, તેઓ ધર્મ કહે છે. એવું શસ્ત્રપરિજ્ઞા નામના ૧ લા અધ્ય-યનમાં કહેલ છે, ( તેથી આ પ્રત્યક્ષ સૂચક-વિશેષણવડે સૂચવ્યું કે, ) તે વિશિષ્ટજ્ઞાનીએ આ એકેંદ્રિય વિગેરે જાતિઓ બધા પ્રકારો એટલે, સૂક્ષ્મબાદર પર્યાપ્ત-અપર્યાપ્તરૂપે બરો-બરરીતે ( શંકારહિત ) જાણેલી છે, તેજ સાધુ ધર્મ કહે છે. પણ, એમ ન જાણનારો બીજો ( અજાણ ) ધર્મ કહેતો નથી. તેજ કહે છેઃ—

'स आख्याति' તે તીર્થંકર અથવા સામાન્ય કેવળી અથવા અતિશય જ્ઞાની ( જાતિસ્મરણ-જ્ઞાનવાળા, અવધિ જ્ઞાની, મનઃપર્યવ જ્ઞાની ) અથવા શ્રુત કેવળી હોય તે કહે છે. પ્ર૦ શું કહે છે, જેનાવડે જીવ વિગેરે પદાર્થો જણાય

છે, તે જ્ઞાન મતિ વિગેરે પાંચ પ્રકારનું છે, તે,-પ્ર૦ તે જ્ઞાન કેવું છે ! ઉ—તેવું બીજે નથી, માટે 'અનીદૃશં' છે, અથવા સકલ (બધા) સંશયને દૂર કરવા વડે ધર્મ સંભળાવતા તેજ પોતાનું અનન્ય સદૃશ (અનુપમ) જ્ઞાન બતાવે છે, (અર્થાત્ સંસારી જ્ઞાનથી તૃષ્ણા વધે, પણ તેમના ઉપદેશના જ્ઞાનથી તૃષ્ણાની જડ દૂર થાય માટે તે જ્ઞાન અનુપમ છે) પ્ર૦ તેઓ કોને ધર્મ કહે છે ! ઉ—તે તીર્થંકર ગણધર વિગેરે યથાવસ્થિત ભાવો (પદાર્થો) ને ધર્મચરણ માટે યોગ્ય રીતે જે પુરૂષો ઉઠેલા હોય, તેમને કહે છે, અથવા દ્રવ્યથી તથા ભાવથી ઉઠેલા હોય, એટલે દ્રવ્યથી શરીરવડે, અને ભાવથી જ્ઞાન વિગેરેના ઉત્સુક બની વિનય સહિત (ઉભા થયા હોય) તેમને ધર્મ કહે છે,

## સમોસરણનો વિનય.

સમોસરણમાં સ્ત્રીઓ બંને પ્રકારે ઉભી થઇને વિનયપૂર્વક સાંભળે છે, અને પુરૂષો ઉભા થઇને અથવા બેઠા રહીને પણ સાંભળે, પણ ભાવથી ઉત્સુક હોય; તેમજ બીજા ઉઠેલા જીવો, તથા દેવતા અને તીર્યંચ વિગેરેને ધર્મ સંભળાવે છે. એટલુંજ નહિ પણ જેઓ ભાવ વિના ફક્ત કૌતુક વિગેરેથી આવી સાંભળે, તેમને પણ ધર્મ કહે છે, ભાવથી ઉઠેલાનું વિશેષથી કહે છે.

મન વચન કાયાને જેમણે દમ્યાં લીધાં છે, એટલે

મન વચન કાયાથી જીવોને દુઃખ દેવા રૂપ જે દંડ છે, તે દૂર કરવાથી તે નિક્ષિપ્ત દંડવાળા (સંયમ પાળનારા) છે. તથા તપ સંયમમાં ઉદ્યમ કરવાથી સમાહિત (શાંત) અંતઃકરણ-વાળા છે, તેમને જિનેશ્વર વિશેષથી ધર્મ કહે છે, તેજ પ્રમાણે પ્રકર્ષથી જણાય, તે પ્રજ્ઞાન છે, તેવું જ્ઞાન ધરાવનાર બુદ્ધિમાનોને આ મનુષ્ય લોકમાં જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ મુક્તિ માર્ગ છે તે બતાવે છે, આ પ્રમાણે સમોસરણમાં સાક્ષાત્ ધર્મ સંભળાવતાં કેટલાક લઘુકર્મી જીવો (પૂર્ણશ્રદ્ધા થતાં) તેજ વખતે ચારિત્ર ગ્રહણ કરે છે, પણ બીજા તેમ ચારિત્ર લેતા નથી, તે કહે છે, એટલે ઉપર કહ્યા પ્રમાણે કર્મવિવર જેમને મળ્યું તેવા કેટલાક ભવ્યાત્માઓ જિનેશ્વર પાસે ધર્મ સાંભળતાંજ સંયમ સંગ્રામની ટોચે પરાક્રમ બતાવે છે, અથવા પર તે ઇંદ્રિયો અથવા કર્મ શત્રુને જીતવા પરાક્રમી બને છે, (અવિ શબ્દનો અર્થ 'च' છે, અને 'च' નો અર્થ વાક્યનો ઉપન્યાસ કરવા માટે છે) હવે તેથી ઉલટું કહે છે. તીર્થંકર પોતે બધા સંશયને છેદનારા ધર્મ કહે છે, છતાં કેટલાકને પ્રબળ મોહના ઉદયે ઘેરી લેવાથી સંયમમાં ખેદ પામતા રહે છે, (કાંતો સંયમ લેતા નથી, લે, તો પૂરો પાળતા નથી) તેવાને તમે જુઓ (ગુરૂ શિષ્યને કહે છે) તે બહોળ કર્મી સંયમમાં દુઃખ પામતા જીવો કેવા છે. તે કહે છે, આત્માના હિતને માટે જેમની પ્રજ્ઞા (બુદ્ધિ) કામ કરતી નથી, તે

અનાત્મ પ્રજ્ઞાવાળા (કુબુદ્ધિવાળા) છે, પ્ર—તેઓ શા માટે સંયમમાં ખેદ માને છે? ઉ—હું કહું છું. અહીં દૃષ્ટાંત વડે સમજાવે છે કે શા કારણે તેઓ ખેદ પામે છે.

(સૂત્રમાં સે શબ્દ 'તે'ના અર્થમાં છે, અપિ શબ્દ 'ચ'ના અર્થમાં છે, અને તે વાક્યના ઉપન્યાસ માટે છે)

## કુંડના કાચબાનું દૃષ્ટાંત.

કોઇ કાચબો મોટા કુંડમાં વિનિવિષ્ટ (પ્રેમી) ચિત્તવાળો બનીને ગૃદ્ધ બનેલો અને પલાશ (કોમળ પાંદડાંવડે) ઢંકાયલો (તથા સૂત્રમાં આકૃતના નિયમ પ્રમાણે વ્યત્યય કરવાથી) ઊન્માર્ગ એટલે, ઉપર આવવાનાં વિવર (છિદ્ર)ને મેળવતો નથી; અથવા, જેનાવડે ઊંચે કુદાય; તે ઊન્મજ્જ થય છે. અથવા, ઊંચે જવાય તે, ઊન્માર્ગ છે, તેવો ઊન્માર્ગ મેળવી શકતો નથી. અર્થાત્ જે કુંડમાં તે કાચબો રહેલ છે, તે, પાણી ઉપર પાંદડાં વિગેરે છવાઇજવાથી બીલકુલ ઢંકાઇ ગયો છે. તેથી, તે કાચબો બહાર આવી શકતો નથી. આ કહેવાનો આ સાર છે:—

કોઇ મોટો કુંડ (હોજ) એક લાખ જોજનના વિસ્તારવાળો છે, અને તે અતિશે શેવાળના ઝુંડથી કઠણ બનીગયલા જાળોના સમૂહથી ઢંકાઇગયલો છે, અને તે કુંડમાં જુદા જુદા રૂપવાળા કરિ ( ) મગર, માછલાં, વિગેરે

જળચર જીવોનો આશ્રય છે, તેના મધ્યભાગમાં કુદરતીજ એક ફાટતું બાકું પડેલું હતું. જેમાં ફક્ત કાચબાની ગરદન ઊંચે આવી શકે; તેવા કુંડમાંથી એક કાચબાએ પોતાના ટોળાંથી જુદાં પડતાં વિયોગથી આકુળ બનીને આમતેમ ગરદન ફેરવતાં કોઈપણ રીતે તેવી ભવિતવ્યતાના યોગથી તે કાણામાં પોતાની ગરદનને બહાર કાઢી; તે સમયે ત્યાં તેણે શરદ્ઋતુના ચંદ્રનાં ચાંદરણાથી ક્ષીરસાગરના પાણીના પ્રવાહથી છવાઈ રહેલું શોભાયમાન બનેલું તથા, ખીલેલાં કુમુદના સમૂહથી પૂજા કરવા જેવા ઊગેલા તારાઓથી ભરાઈ ગયેલું આકાશ જોયું.

આવું દેખીને તે ઘણો ખુશ થયો; અને તેના મનમાં આ પ્રમાણે સંકલ્પ થયો કે—મારા સહચારી મિત્રો આ સ્વર્ગસમાન પૂર્વે ન દેખેલું મનોરથ ( વિચારમાં ) પણ, ન કળી શકાય; તેવું તે કાચબાઓ જુએ, તો બહુ સારૂં થાય. આ પ્રમાણે વિચારી શીઘ્રતાથી પોતાના બંધુઓને શોધવા માટે ભટકયો; અને તેમને મળીને તેમને તેવું બતાવવા માટે પેલું છિદ્ર શોધતો આમતેમ ભટકે છે. છતાં, હોદની વિસ્તીર્ણતાથી, તથા જીવોનો સમૂહ ત્યાં ઘણો મોટો છે, તેથી તે છિદ્ર મેળવી શકયો નહિ; પણ, ત્યાંજ તે, ( વિનાદેખે ) મરણ પામ્યો. તેનો સાર આ લેવાનો છે કે—સંસારરૂપી—હોદ છે. તેમાં જીવરૂપી-કાચબો છે. કર્મરૂપ-ચીકણી શેવાળ છે.

તેમાં છિદ્રસમાન-મનુષ્યજન્મ, તથા આર્યક્ષેત્ર સુકુળમાં જન્મ મળવો; અને સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ-સુંદર ચંદ્રવાળું આકાશતળ મેળવીને મોહના ઉદયથી પોતાની જ્ઞાતિ માટે, અથવા વિષયસ્વાદના ઉપભોગ માટે સારાં સંયમનાં અનુષ્ઠાન ન કરતાં, સફળતા ( મોક્ષને ) પામતો નથી; અને તેવીરીતે વખત ગુમાવી; તે સામગ્રી ગુમાવીદેવાથી પાછો કાચઆના વિવર માફક ક્યાંથી તેવી ઉત્તમ સામગ્રી મેળવી શકે ?

આ કારણથી ગુરૂ ઉપદેશ આપે છે કે, હે ભવ્ય ! સેંકડો ભવોમાં પણ, દુષ્પ્રાપ્ય એવું કર્મવિવરરૂપ-સમ્યક્ત્વ પામીને એકક્ષણ માત્ર પણ, તમારે પ્રમાદવાળા ન થવું. ફરીથી પણ, સંસારલુબ્ધ-જીવોનું બીજું દૃષ્ટાંત કહે છે:—

भंजगा—વૃક્ષો પોતે ઠંડ, તાપ, ધુજારો ( કંપવું ) છેદન શાખા ( ડાળીઓનું ) ખેંચવું; ક્ષોભ પમાડવો; મરડવું; ભાંગીનાંખવું. એવાં અનેક ઉપદ્રવોને સહેવા; છતાં પણ, પોતાનાં સ્થાનને તેમાં સ્થિર બનીને તે છોડતાં નથી. તે પ્રમાણે સાધુને બોધ આપે છે કે, એ વૃક્ષો પ્રમાણે જેઓ કર્મથી ભારે છે, તેવા મોહાંધ-જીવો અનેક ઊંચનીચ કુળમાં ઉત્પન્ન થઇને ધર્મચારિત્રને યોગ્ય પોતે હોવા છતાં, પણ રૂપ વિગેરેની ચક્ષુઇંદ્રિયોની અનુકુળતામાં, અને તેજ પ્રમાણે મધુર અવાજ વિગેરે વિષયોમાં ગૃદ્ધ બની શરીર ગનનાં દુઃખ ભોગવવા છતાં; રાજાના ઉપદ્રવથી પીડાવા

છતાં, અને અગ્નિદાહથી બધું બળી ગયેલા જેવા બનવા છતાં; અને જુદા જુદા નિમિત્તથી અનેક આધિ ( ચિંતાવાળા ) છતાં પણ સકળ ( બધાં ) દુઃખોના ઘરસમાન-ગૃહવાસનું કર્મ છોડવા સમર્થ થતા નથી; પણ, ઘરમાં રહીનેજ તેવાં તેવાં દુઃખો આવતાં દીન સ્વરે રડે છે, અને બોલે છે કે, " હે બાપ ! હે મા ! હે દૈવ ! આવા અવસરે તમને આવું દુઃખ દેવું યોગ્ય નથી ! તેજ કહ્યું છે કેઃ—

**किमिदम चिन्तित मसदृशं, मनिष्ट मतिकष्टमनुप-**
**मं दुःखं ॥**
**सहसैवोपनतं मे, नैरयिकस्येव सत्वस्य ॥ १ ॥**

ન ચિંતવેલું અજાયબીવાળું અનિષ્ટ, તથા અનુપમ આવું ( ભયંકર ) દુઃખ જેમ નારકીના જીવને આવે; તેમ મને એકદમ ક્યાંથી આવીપડ્યું છે ! વિગેરે, તે બોલે છે.

અથવા રૂપ વિગેરેમાં આસક્ત થએલા ચીકણાં કર્મ બાંધીને નરક વિગેરેમાં ઉત્પન્ન થઈ ત્યાં દુઃખ ભોગવતાં કરૂણ સ્વરે ઉપર મુજબ રડે છે, અને તે પ્રમાણે કરૂણ સ્વરે રડવાથી પણ તે રાંકડો જીવ તે દુઃખથી મુકાતો નથી, તે બતાવે છે. દુઃખનું નિદાન તે ઉપાદાન કર્મ છે, તેનાવડે દુર્ગતિમાં ઉત્પન્ન થએલા દુઃખ ભોગવતાં રડવા છતાં પણ ત્યાંથી દુઃખની મુક્તિ (છુટકારો ) અથવા મોક્ષનું કારણ જે સંયમ અનુષ્ઠાન છે, તે પામી શકતા નથી, અને દુઃખના છુટકારાના અભાવમાં

સંસાર ઉદરમાં જુદી જુદી વ્યાધિઓથી ઘેરાયલા જીવો આમ તેમ ભમે છે, તે બતાવે જે ( અથ શબ્દ વાક્યના ઉપન્યાસ માટે છે ) હે શિષ્ય! તું જો! તે સંસારી રખડતા જીવો ઉચ્ચ નીચ કુળમાં પોતાના શુભ અશુભ કર્મ ભોગવવાને ગયેલા ( જન્મ પામેલા ) છે, અને તે કર્મના ઉદયથી આવી અવસ્થાને ભોગવે છે, તેમાં તેમને ઉત્પન્ન થતા સોળ રોગ બતાવનાર ત્રણ શ્લોકો છે. તેમાં (૧) પ્રથમ રોગ, વાત, પિત્ત, શ્લેષ્મ, અને તે ત્રણેના ભેગા થવાથી સંનિપાત એમ ચાર પ્રકારે ગંડ (કંઠમાળ) છે, તે ગંડ જેને હોય તે ગંડી કહેવાય છે, એટલે ગંડમાળા નામનો રોગ તે સંસારી જીવને થાય છે, તેજ પ્રમાણે બીજા પણ રોગો થાય છે, તે બતાવે છે, ( અથવા શબ્દ દરેક રોગ સાથે જોડવો ) અથવા રાજાંસી એટલે અપસ્માર ( ક્ષયનો ભેદ ) વિગેરેનો રોગ થાય છે, અથવા અઢાર પ્રકારના કોઢ રોગવાળો કોઢીયો થાય છે, તેમાં સાત મોટા કોઢ છે, તે આ પ્રમાણે—

(१) अरुणो (२) दुम्बर (३) निस्यजीव्ह (४) कपाल (५) काकनाद (६) पौण्डरीक (७) दद्रु. ( લાલ દાદર ) આ સાતે પ્રકારના કોઢો બધી ધાતુમાં પ્રવેશ થવાથી અને અસાધ્ય થઇ જવાથી તે સાતે ભયંકર છે.

### નીચલા અગીઆર કોઢ ક્ષુદ્ર છે.

(૧) સ્થુળઆરૂષ્ક, (૨) મહાકુષ્ઠ, (૩) એકકુષ્ઠ, (૪) ચર્માદળ, (૫) પરિસર્પ, (૬) વિસર્પ, (૭)

સિધ્મ, (૮) વિચર્ચિકા (કાળીદાદર,) (૯) કિટિભ (ખરસવું,) (૧૦) પામા (ખસ,) (૧૧) શતારૂક (ઘણી ફોલ્લીઓ.) કુલ નાના મોટા ૧૮ છે, તે સામાન્યથી જોતાં, બધાએ કોઢ–રોગો સંનિપાતથી થાય છે. છતાં પણ, વાત વિગેરેના ઊત્કટ દોષથી જુદા જુદા ભેદવાળા ગણાય છે. તથા, રાજાંસ રોગ તે, રાજયક્ષ્મા (ક્ષય) રોગવાળો, રાજાંસી (ક્ષયી) કહેવાય છે, અને તે ક્ષયરોગ સંનિપાતથી ચાર કારણે થાય છે. કહ્યું છે કેઃ—

**त्रिदोष जायते यक्ष्मा, गदो हेतु चतुष्टयात्**
**वेगरोधात् क्षयाच्चैव, साहसाद् विषमाशनात् ।१।**

ત્રણ દોષવાળો યક્ષ્મા (ક્ષય) નામનો રોગ વીર્યના વેગના રોધથી વેગના ક્ષયથી, સાહસ કરવાથી; તથા વિષમ (અયોગ્ય) ખોરાકથી—એમ ચાર કારણે થાય છે. તેજ પ્રમાણે અપસ્મારનો રોગ વાત, પિત્ત, અને કફના સંનિપાતથી ચાર પ્રકારે છે, તે રોગવાળો સારા માઠાના વિવેકથી વિકલ હોય છે, તથા ભ્રમ (ચક્રી) મૂર્છા વિગેરેની અવસ્થાને તે રોગી ભોગવે છે. કહ્યું છે કે,

**भ्रमावेश ससंरम्भो, द्वेषोद्रेको हृतस्मृतिः**
**अपस्मार इति ज्ञेयो, गदो घोर श्चतुर्विधः ॥१॥**

ભમેળ ચડે, મૂર્છા વિગેરે થાય, દ્વેષનો ઉછાળો થાય,

વિસરી જવાની ટેવ થાય, એમ ચાર પ્રકારનો આ ' ઘોર ' અપસ્મ:ર રોગ જાણવો. તેમાં બ્રહ્મરંધ્ર પર્યંત ભ્રમણ કરનારો વાયુ છે, તેનું મુખ્ય સ્થાન હૃદયનો પ્રદેશ છે. તથા 'काणियंति' અક્ષિ ( આંખ ) નો રોગ બે પ્રકારે છે, પ્રથમનો ગર્ભમાંજ રોગ થાય, અને બીજો જન્મ્યા પછી થાય છે, તેમાં ગર્ભ-વાળાને દૃષ્ટિનો ભાગ અપૂર્ણ હોય છે, તેને તેજ ( પ્રકાશ ) જન્મથી આંધળો બનાવે. તેજ પ્રમાણે, એક આંખમાંથી તેજ જતાં કાણો બનાવે છે. તેજ પ્રમાણે રક્તપણામાં જતાં, રક્તતા-( લાલાશ આંખમાં વધારે હોય. ) પિત્તપણામાં જતાં, પિંગાક્ષ ( પીળી આંખવાળો ) અને શ્લેષ્મપણાને પામતાં શુક્લાક્ષ ( ધોળી આંખવાળો ) બને છે, વાતને પામતાં વિકૃત આંખવાળો બને છે, અને જન્મ્યા પછી જે રોગ થાય; તે વાત વિગેરેથી અભિષ્યંદ-( આંખમાંથી પાણી ઝરવું ) થાય છે. કહ્યું છે કે:—

**वातात्पित्तात् कफाद्रक्ता, दभिष्यन्द श्चतुर्विधः**
**प्रायेण जायते घोरः सर्व नेत्रामयाकरः ॥ १ ॥**

વાત, પિત્ત, કફ, અને રક્ત-( લોહી. ) એ ચારથી અભિષ્યંદ ચાર પ્રકારે પાણીનું ઝરવું થાય છે, અને પ્રાયે-કરીને તેથીજ આંખના બધા રોગેનો ઘોર આકર ( સમૂહ ) થાય છે તથા 'जिमियंति' જાડયતા-(ચરબીનું વધવું; અને લોહીનું પાણીનું થવું. ) તેથી શરીરનાં બધાં અવયવોનું

પરવશપણું (અવશિત્વ) છે. (જેને લીધે જોઇએ; તેમ, હાલી-ચાલી શકાય કે, ફરી શકય નહિ) '**कुणियंति**' ગર્ભાધાનના દોષથી એક પગ ટુંકો હોય; અથવા, એક હાથ ખોડવાળો હોય તે કુણિરોગ છે. '**खुज्जियंत**' કુબડો. પીઠ વિગેરેમાં કુબડાપણું હોય; તે, 'કુબજી છે.' માતપિતાના લોહી-વીર્યનો દોષ હોય; તો તેથી, ગર્ભમાં રહેલા દોષોથી કુબ્જ-(કુબડો) વામન વિગેરેની ખોડા શરીરમાં થાય છે. કહ્યું છે કેઃ—

**गर्भे वात प्रकोपेन, दौहृदेवाऽपमानिते**
**भवेत् कुब्जः कुणिः पंगु; मूको मन्मन एव वा ।१।**

ગર્ભની અંદર વાયુના પ્રકોપથી અથવા દોહલા ન પૂરાવાથી ગર્ભમાં રહેલો જીવ કુબડો કુણિરોગવાળો પાંગળો મુંગો કે મન્મન રોગવાળો થાય છે; આંમાં 'મુંગો' અને મન્મન એકાંત રિત (પેટના રોગ પછીના રોગમાં) મુખદોષમાં બતાવે છે, તથા 'उंदरिं च' ति ('च' સમુચ્ચયના અર્થમાં છે) વાત, પિત્ત વિગેરેના કારણે ઉત્પન્ન થયેલા આઠ પ્રકારના ઉદર રોગ છે, તે રોગવાળો ઉદરી છે, તેમાં જલોદર રોગ અસાધ્ય છે, બાકીના તુર્ત થએલા દવા કરતાં મટે તેવા છે, તેના આ પ્રમાણે ભેદો છે.

**प्रथक् समस्तैरपि चानिलाद्यैः**
**प्लीहोदरं बद्धगुदं तथैव ॥**

आगंतुकं सप्तममष्टमंतु

जलोदरं चेति भवंतितानि ॥ १ ॥

બધા અનિલ (વાયુ) વિગેરે એકેકથી કે સમુદાયથી (૧) વાયુનો ( વાતોદર ) ૨ પિત્તનો ( પિતોદર ) ૩ કફનો ( કફોદર ) તથા ૪ સંનિપાત ( કંઠોદર ) પાલીહ ( બરોળની ગાંઠ ) ૫ ઉદર રોગ ( કાચણી અકૃત વિગેરે ) ૬ બદ્ધગુદ (અજીર્ણાંશ) ૭ આંગતુક તાવસાથે ઉદર રોગ (જીર્ણ-જ્વર ) ૮ જલોદર એ આઠ રોગ પેટના છે,

'पासमूयांति' હે શિષ્ય ! તું મુંગા અથવા મન્મન ( બોબડું ) બોલનારાને જો,! તે ગર્ભના દોષથી અથવા પછવાડેથી ૬૫ પ્રકારના મુખનારોગો સાત આયતન (સ્થાન)-માં થાય છે, તે આયતન નીચે મુજબ છે, (૨) હોઠ, ૩ દાંતનું મૂળ, (૪) દાંત, ૫ જીભ, ૬ તાળવું, ૭ કંઠ એ બધાં મળીને સાત છે, તેમાં બે હોઠના આઠ રોગ છે, દંતમૂળમાં ૧૫, દાંતના આઠ છે, જીભના ૫ છે, તાળવાના ૯ છે, કંઠમાં ૧૭ અને બધાના સાથે મળીને ત્રણ છે. કુલ ૬૫ છે, 'सूणियत्ति' શૂન્યપણું શ્વયથુ (સોજાનો) રોગ વાત પિત્ત શ્લેષ્મ સંનિ-પાત રક્ત અને અભિઘાત ( માર લાગવા ) થી છ પ્રકારનો છે, કહ્યું છે કેઃ—

शोफः स्यात् षड्विधो घोरो, दोषै रुत्पेत्र लक्षणः

पृस्तैः समस्तै श्चापीह तथा रक्ताभिघातजः

શોફ નામનો છ પ્રકારનો ઘોર રોગ જુદા જુદા કે, સામટા દોષોથી શરીર ફુલેલું દેખાય; તે લોહીના બિગાડથી થાય છે. એટલે, શ્લોક પહેલાં બતાવ્યા પ્રમાણે વાત, પિત્ત, કફ, અને સંનીપાત, રક્ત, અને અભિઘાતથી સોજાનો રોગ થાય છે. તથા "गिलासणिंति" તે ભસ્મક નામનો વ્યાધિ છે. ઊષ્ણતા, વાત, અને પિત્તના ઊત્કટપણાથી, અને કફના ન્યૂનપણાથી, તથા ગરમી વધારે થવાથી થાય છે, તથા वेवइति તે વાયુથી ઉત્પન્ન થયેલ શરીરનાં અવયવો કંપરૂપ છે. કહ્યું છે કેઃ—

**प्रकामं वेपते यस्तु, कंपमानश्च गच्छति;**
**कलाप खंजं तं विद्या, न्मुक्त संधिनिबंधनम् ॥१॥**

જે ઘણો કંપે, તથા કંપતો ચાલે, તેને સંધી નિબંધનથી મુકાએલો કલાપ ખંજ (લકવાનો રોગ) જાણવો. તેજ પ્રમાણે "पिढसप्पि च त्ति" જીવને ગર્ભના દોષથી તે પીઠ સર્પિપણે ઉત્પન્ન થાય છે, અથવા જન્મ્યા પછી અશુભ કર્મના દોષથી થાય છે, આ રોગીને સ્પર્શ ઈંદ્રિનું ભાન રોગવાળી જગ્યાએથી નષ્ટ થાય છે, તે રોગવાળાને હાથમાં પકડેલું લાકડું ખસી જાય છે, અને સૂઇ ઘોંચે તો પણ અસર ન થાય. તથા 'सीलीवयं त्ति' શ્લીપદ તે પગ વિગેરેમાં કઠણ પણું હોય છે, તે આ પ્રમાણે—વાત, પિત્ત, કફના પ્રકોપથી છાતીમાં રોગ ઉત્પન્ન થઈ જંઘામાં સ્થિર થઈ ધીરે ધીરે કાળાંતરે

અંગોનો આશ્રય કરીને સોજો ચડાવે છે, તે રોગોને શ્લીપદ કહે છે ( સુરતમાં રસ ઉતરીને પગ વિગેરે જાડા થાયતે છે )

पुराणोदक भूमिष्ठाः, सर्वं तुंषु च शीतलाः
ये देशा स्तेषु जायन्ते, श्लीपदानि विशेषतः ॥ १ ॥

જે દેશમાં પાણી ભરાઇ રહેલું હોય, અને છએ રૂતુમાં શીતલ (ભેજ) રહેતો હોય, તેવા દેશોમાં વિશેષે કરીને શ્લી-પદ રોગ થાય છે;

पादयोर्हस्तयोश्चापि, श्लीपदं जायते नृणां;
कर्णोष्ठनाशास्वपि च, केचि दिच्छन्ति तद्विदः ।२।

બે પગમાં બે હાથમાં માણસોને તે રોગ થાય છે, પણ કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે તે રોગ કાન હોઠ અને નાકમાં પણ થાય છે. તથ: 'मधुमेहाणि' ति મધુ મેહ તે 'બન્નિ રોગ' છે તે જેને હોય તે મધુમેહી કહેવાય છે, એટલે મધના જેવો તેનો પેસાબ હોય છે, તે પ્રમેહ (પર-મીઆ ) ના ૨૦ ભેદ છે, તે અસાધ્ય પણે ગણાય છે. તેમાં બધાએ પ્રમેહો પ્રાયે બધા દોષોથી થાય છે, તો પણ વાત વિગેરે ઉત્કટ થવાથી ૨૦ ભેદો થાય છે, તેમાં કફથી ૧૦ પિત્તથી ૬ અને વાયુથી ૪ થાય છે, અને એ બધા અસાધ્ય અવસ્થામાં મધુમેહપણામાં થાય છે. કહ્યુ છે કે.

सर्वएव प्रमेहास्तु, कालेना प्रतिकारिणः
मधुमेहत्वमायान्ति, तदाऽसाध्या भवंति ते ॥३॥

બધા પ્રમેહના રોગો યોગ્ય સમયમાં દવા ન કરવાથી મધુમેહપણું પામ્યા પછી અસાધ્ય બને છે,

આ પ્રમાણે ઉપર બતાવેલા સોળે રોગોનું વર્ણન અનુક્રમે કર્યું, ('અથ' અને 'ણું' જે છે. તે 'અથ' નો અર્થ ગુજરાતીમાં 'પછી, થાય છે. અને 'ણું' તો ફક્ત શોભા માટે છે ) ઉપર બતાવેલા રોગો સંસારી જીવને થાય છે, તથા આતંક એટલે શીઘ્ર જીવ લેણુ રોગ જે શૂળ વિગેરે છે, તથા ગાઢ પ્રહાર (જોરથી લાગેલો માર) વિગેરે દુઃખ દેનારા સ્પર્શો કાં તો અનુક્રમે આવે અથવા સાથે પણ થાય, એટલે કંઈ નિમિત્તથી આવે અથવા અનિમિત્તે આવે, અને તે રોગોથી પીડાય છે. આ રોગોથીજ તે મુકાતો નથી બીજું પણ તે સંસારી જીવને અધિક દુઃખ થાય છે, તે બતાવે છે, તે કર્મ રોગથી ભારે થએલા ગૃહવાસમાં આસક્ત થએલા મનવાળા અ સમંજસ રોગથી પીડા થતાં અંતે પ્રાણત્યાગ થાય છે, તે વિચારીને અને પાછો તેમનો ઉપપાત તથા ચ્યવન (દેવતાના જન્મ મરણુનેબદલે ઉપપાત ચ્યવન કહેવાય છે,) તે કર્મનું સંચિત જાણીને એવું કરવું જોઇએ કે જેથી ઉપર બતાવેલ ગંડ (ગુમડાં) વિગેરે ૧૬ રોગ તથા મરણનો તથા ઉપપાતનો સંપૂર્ણ અભાવ થાય, વળી મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગથી મેળવેલ કર્મનો 'અબાધા' કાળની મુદત પછી ઉદય થાય છે. ત્યારે તેનો પરિપાક ( અનુભવ )

થાય છે, તેજ શરીર તથા મન સંબંધી દુઃખ ઉત્પન્ન કરે છે, તે વિચારીને તેને જડ મૂળથી કાઢવા પ્રયત્ન કરવો જોઈએ. તે દુઃખીઓ દીનસ્વરે રડે છે. વિગેરે ગ્રંથ (સૂત્ર) વડે ઉપપાત. તથા ચ્યવન સુધી બતાવ્યા છતાં પણ, તેનું મોટાપણું બતાવવા જેનાવડે પ્રાણીઓને સંસારમાં નિર્વેદ (ખેદ) ઉત્પન્ન થાય; માટે બીજું સૂત્ર કહે છે:—

**तंसुणेह जहा तहा संति पाणा अंधा तमसि वियाहिया, तामेव सई असई अइअच्च उच्चावय फासे पडिसंवेएइ, बुद्धेहिं एयं पवेइयं।-संति पाणा वासगा रसगा उदए उदएचरा आगास गामिणो पाणा पाणे किलेसंति, पासलोए महब्भयं (सू० १७७)**

(આચાર્ય શિષ્યને કહે છે.) તે યથાવસ્થિત (જેવો છે, તેવા) કર્મવિપાકને મારી પાસે તમે સાંભળો. જેમકે— નારકી, તિર્યંચ, નર, અમર, એ લક્ષણવાળી ચાર ગતિએ છે. તેમાં નરકગતિમાં, ચારલાખ યોનિઓ, તથા ૨૫ લાખ કુલ કોટિઓ છે, અને ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, ત્યાં પરમાધાર્મિક દેવતાની કરેલી વેદના છે, તથા પરસ્પર ત્યાં રહેલા નારકીના જીવો (કુતરા માફક) એકબીજાને દુઃખ દે છે, તથા સ્વભાવિક પીડા ત્યાં જે થાય છે, તે આપણાથી કહી શકાય તેમ નથી. જો કે, થોડામાં કહેવાની ઇચ્છાથી કહેવાના વિષયને પૂરો ન કહેવાય; તોપણ,

ત્યાંના કર્મવિપાક કહેવાથી જેમ, પ્રાણીઓને વૈરાગ્ય થાય; તેમ શ્લોકોવડે વર્ણન કરે છે.

श्रवण लवनं नेत्रोध्दारं करक्रम पाटनं ।
हृदय दहनं नासाच्छेदं प्रतिक्षण दारुणम् ॥
कट विदहनं तीक्ष्णापात त्रिशूल विभेदनम्
दहनवदनैः कंकैर्घोरैः समन्त विभक्षणम् ॥ १ ॥

કાનને કાપવા; આંખોના ડોળા ખેંચીકાઢવા; હાથપગને છેદવા; છાતીને બાળવી; નાક છેદીનાખવુ; દરેકક્ષણે ભયકર અવાજ કરવો; કટવિદહન, તીક્ષ્ણ આપાત, ત્રિશૂળથી ભેદવું; બળતાં મોઢાંવાળા ઘોર—કંક પક્ષીઓથી વારંવાર ભક્ષણ કરવું. આવીમોટી વેદનાઓ પરમાધામીથી છે.

तीक्ष्णै रसिभिर्दिप्तैः कुन्तै विषमैः परश्वधै
श्चक्रैः परशु त्रिशूलमुद्गरतोमरे वासी मुषंढीभि ॥२॥

વળી, દેદીપ્યમાન તીક્ષ્ણ તલવારોથી તથા વિષમભાલા, પરશુઅધ (            ) ચક્રોવડે, તથા પરશુ—ત્રિશૂળ મુદ્ગર, તોમરવાસી મુંષંઢીથી દુઃખ દે છે.

संभिन्नतालु शिरसश्छिन्न भुजाश्छिन्न कर्णना
सौष्ठाः
भिन्नहृदयोदरान्त्रा भिन्नाक्षि पुटाः सुदुःखार्त्ता।३।

એટલે, તાળવું-માથું જુદું પાડે છે, તથા ભુજા, કાન, અને હોઠ છેદીનાંખે; તથા છાતી-પેટ, આંતરડાં ભેદીનાંખે; તથા આંખોના ડોળા ખેંચીકાઢવાથી રાંક નારકીના જીવો પીડાયલા છે.

**निपतन्त उत्पतन्तो विचेष्टमाना महीतले दीनाः**
**नेक्षंते त्रातारं नैरायिका कर्म्म पटलान्धाः ॥४॥**

નીચે પડેલા પાછા ઊછળતા જુદી જુદી ચેષ્ટા કરતા મહીતળ ( પૃથ્વી ) ઉપર દીન થઇ રહેલા કર્મના પડળથી અંધા બનેલા નારકીના જીવો કોઇ રક્ષકને જોઇશકતા નથી.

---

શાર્દુલ વિક્રિડિત.

**छिन्द्यते कृपणाः कृतान्त परशो स्तीक्ष्णेन धारा-**
**सिना;**
**क्रन्दन्तो विषवीचि ( चञ्चु ) भिः परिवृता संभक्षण**
**व्यापृतैः**
**पाट्यन्ते क्रकचेन दारुवदसिन प्रच्छिन्न बाहुद्वयाः**
**कुंभीषु त्रपुपान दग्धतनवो मूषासु चान्तर्गताः ॥५॥**

જમરાજાના પરશુની તીક્ષ્ણ તલવાર જેવી ધારાવડે તે રાંકડા છેદાય છે, તથા વિષના સમૂહથી ભરેલા. ( સડકાયલા કુતરા જેવા ) કરડવા માટે વીંટાયલા પોકાર કરતારાંક છે, તથા કરવતીવડે જેમ, લાકડું ચીરે; તેમ ચીરાય છે, તથા તલ-

નારવડે તેના બે બાહુ છેદીનાંખે છે, તથા કુંભીમાં રાખીને ગરમ ગરમ તરવું પાય છે, તથા મૂષમાં ( ઘાલીને જેમ સોની સોનું પીગળાવે; તેમ ) ઘાલીને શરીરમાં બળતા રાખેલા છે.

**भृज्ज्यन्ते ज्वलदम्बरीषहुतभुग्ज्वालाभिराराविणो दीप्तांगारनिभेषु वज्रभवनेष्वंगारकेषूत्थिताः दह्यन्ते विकृतोर्ध्वबाहुवदनाः क्रन्दन्त आर्त्तस्वनाः पश्यन्तः कृपणा दिशो विशरणा स्त्राणाय को नो भवेत् ॥ ६ ॥**

વળી, તે નારકીના જીવો બળતા અંબરીષ અગ્નિની જ્વાળાવડે પોકાર કરાતા ભુંજાય છે, તથા બળતા અંગારાવાળા વજ્રભવન માફક અંગારામાં ઊભા થયલા રાંકડા મોંવાળા ઊંચા હાથ કરીને ખોખરા અવાજવાળા રડતા બળે છે. અને તે બિચારા નારકીના જીવો શરણરહિત થઇને બધી દિશામાં ( આશ્રય ) આપનારને દેખે છે, પણ તેમને બચાવવા કોઇ સમર્થ નથી; વિગેરે, નારકીનાં દુઃખ છે. તથા તિર્યગ્ગતિમાં પૃથ્વીકાયની ૭લાખ યોનિ છે, તથા બાર લાખ કુલ કોટિ છે. તેમને નીચલી ( પીડાઓ ) છે.

સ્વકાય-પરકાયનાં શસ્ત્રોથી પીડા છે, તથા શીત-ઊષ્ણની પીડા છે. તેજ પ્રમાણે અપ્કાય ( પાણી ) ના જીવોની ૭લાખ યોનિ, તથા કુલ કોટિ, તથા જુદી જુદી જાતિની વેદનાઓ છે. અગ્નિકાયની ૭લાખ યોનિ, તથા ૩લાખ કુલ

કોટિ, અને પૂર્વ માફક વેદના છે. વાયુની પણ ૭લાખ યોનિ, તથા ૭લાખ કુલ કોટિ. અને ટંડ-ઊષ્ણતાની જુદા જુદા પ્રકારની વેદના છે. પ્રત્યેક વનસ્પતિની દશલાખ યોનિ, સાધારણ વનસ્પતિની ૧૪લાખ યોનિ, અને બંનેની ૨૮લાખ કુલ કોટિ છે. તેમાં ગયલો જીવ અનંતકાળ સુધી પણ છેદન-ભેદન મોટન વિગેરેની જુદી જુદી વેદનાને અનુભવે છે.

વિકળઇંદ્રિય, બેઇંદિય, તીનઇંદ્રિય, ચારઇંદ્રિયની બબે લાખ યોનિ, તથા, કુલ કોટિ ૭-૮-૯ લાખ અનુક્રમે છે, અને તે દરેકને ભૂખ તરસ, ટંડ-તાપ, વિગેરેથી થતું દુઃખ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. તીર્યંચ-પંચેદ્રિયની ચારલાખ યોનિ છે, અને જળચરની કુલ કોટી ૧૨ાાલાખ છે, પક્ષીઓની કુલ કોટિ ૧૨લાખ, અને ચોપગાની ૧૦લાખ, ઉર પરિ સર્પની ૧૦લાખ, ભુજ-પરિસર્પની ૯ લાખ છે, અને જુદી જુદી વેદના તિર્યંચોની જે છે, તે પ્રત્યક્ષજ છે. કહ્યું છે કેઃ—

> क्षुत्तृड् हिमात्युष्ण भ यार्दितानां,
> पराभि योगव्यसना तुराणां
> अहो ! तिरश्चामति दुःखितानां,
> सुखानुषंगः किलवार्त्तमेतद् ॥ १ ॥

ભૂખ તરસ ટંડ તાપ તથા ભયથી દુઃખી થએલા તથા પારકાના કબજામાં રહેવાના દુઃખથી સદા પીડાએલા એવા તિર્યંચો જે અતિ દુઃખી છે, તેમનામાં સુખનો અનુસંગ

શોધવો તે તો નિશ્ચે એક વાર્ત્તા માત્ર છે. ! ( અર્થાત્ સુખતો લેશ પણ નથી ) વિગેરે છે.

મનુષ્ય ગતિમાં પણ ૧૪ લાખયોનિ તથા ૧૨ લાખ કુલ કોટી અને આવી રીતની વેદનાઓ છે.

**दुःखं स्त्रीकुक्षिमध्ये प्रथममिह भवे गर्भवासे नराणां**
**बालत्वेचापि दुःखं मललुलिततनुः स्त्रीपयः पानमिश्रं**
**तारुण्येचापि दुःख भवति विरहजं वृद्धभावोप्यसारः**
**संसारे रे मनुष्या वदत यदिसुखं स्वल्पमप्यस्ति किंचित् ॥ १ ॥**

પ્રથમ માતાની કુખમાં આ ભવમાં પહેલું દુઃખ મનુષ્યોને ગર્ભવાસમાં રહેવાનું છે, અને જન્મ્યા પછી બાલપણામાં મલથી ખરડાયલું શરીર સંબંધી તથા માનું દૂધ પીવાનું દુઃખ છે, જુવાનીમાં પણ ( સ્ત્રી પુરૂષ તથા દીકરા દીકરી માબાપ સગાના ) વિરહનું દુઃખ છે, અને વૃદ્ધાવસ્થા તો અસારજ છે, ( માટે ડાહ્યો માણસ મુગ્ધ જીવને પૂછે છે કે ) હે મનુષ્યો ! જો તમને ક્યાંય પણ સંસારમાં થોડું પણ સુખ દેખાતું હોય તો બોલો ! ( અર્થાત્ સંસાર દુઃખ સાગરજ છે )

**बाल्यात् प्रभृति चरोगै, र्दष्टो भिभवश्च यावदिह मृत्युः**

**शोक वियोगायोगै, दुर्गत दोषैश्च नैकाविधैः ॥२॥**

બાલપણમાંથીજ રોગો વડે ડંખાયલો, અને મૃત્યુ સુધી ( મર્ણ પર્યંત ) શોક વિયોગ તથા કુયોગ વડે તથા અનેક પ્રકારના ગરીબીના દોષો વડે પરાભવ રહેલ છે.

**क्षुततृड् हिमोष्णानिल शीतदाह**
**दारिद्र शोकप्रिय विप्रयोगैः**
**दौर्भाग्य मौर्ख्यान भिजात्यदास्य**
**वैरूप्य रोगादि भिर स्वतंत्रः ॥ ३ ॥**

ભૂખ તરસ ઠંડ તાપ પવન તથા ઠંડો દાહ તથા દરિદ્રતા શોક વહાલાંના વિયોગથી, તથા દુર્ભાગીપણું, મૂર્ખતા, નીચજાતિ, તથા દાસપણું, કુરૂપ, તથા રોગોથી આ મનુષ્યદેહ સદા પરતંત્ર છે.

દેવગતિમાં પણ ચારલાખ યોનિ, ૨૬લાખ કુલ કોટિ છે, તેમાં પણ અદેખાઇ, વિષાદ; મત્સર ચ્યવનભય, શલ્ય વિગેરેથી પીડાયલા મનવાળાને દુઃખનોજ પ્રસંગ છે. સુખનું અભિમાન તો, આભાસ માત્ર છે. કહ્યું છે કેઃ—

**देवेषु च्यवन वियोगदुःखितेषु**
**क्रोधेर्ष्या मदमदनाति तापितेषु**
**आर्या ! नस्त दिह विचार्य सं गिरन्तु**
**यत्सौख्यं किमपि निवेदनीयमस्ति ॥ १ ॥**

દેવો, ચ્યવન, તથા વહાલાંના વિયોગથી દુઃખી છે. ક્રોધ, ઇર્ષ્યા, અહંકાર, કામદેવથી અતિ પીડાયલા છે, તેથી હે આર્ય !-( ઉત્તમ ) પુરૂષો ! અહીં કંઇપણ સુખ વર્ણવવાયોગ્ય હોય; તે વિચારીને કહો; ( વિગેરે-સમજવું. )

તેથી, આ પ્રમાણે ચાર ગતિમા પડેલા સંસારી જીવો જુદા જુદા રૂપે કર્મવિપાકને ભોગવે છે, તેજ સૂત્રકાર બતાવે છે. ' संति ' પ્રાણીઓ વિદ્યમાન છે. તેઓ ચક્ષુઇંદ્રિયથી વિકળ તે દ્રવ્યઅંધા છે, અને સારા-માઠા વિવેકથી રહિત ભાવઅંધ પણ છે. તેઓ નરકગતિ વિગેરેના દ્રવ્યઅંધકારમાં તથા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય વિગેરેના કર્મવિપાકથી મળેલા ભાવઅંધકારમાં પણ રહેલા ( શાસ્ત્રકારે ) વર્ણવ્યા છે. ' किं च ' વળી, તેવી કુષ્ઠ ( કોઢ ) વિગેરેની અધમ અવસ્થામાં, અથવા એકેંદ્રિયની, અથવા અપર્યાપ્તિ અવસ્થાને એકવાર અનુભવીને પાછું કર્મ ઉદય આવતાં તેમજ, અવસ્થાને વારંવાર અનુભવીને ઊંચ-નીચ તીવ્રમંદ્ર દુઃખ વિશેષના સ્પર્શોને જીવ અનુભવે છે. આ બધું તિર્થંકરે કહેલું છે. તે કહે છે. આ બધું તીર્થંકરે પ્રકર્ષથી અથવા પ્રથમથી કહેલું છે, માટે પ્રવેદિત છે. તથા હવેપછી, કહેવાતું પણ તેમનું કહેલું છે. ' संति ' જીવો વિદ્યમાન છે. એટલે, ( વાસ ધાતુનો અર્થ શબ્દ, તથા કુત્સાના અર્થમાં છે. માટે, ) જેઓ વાસ કરે છે, તે વાસ કા ( બોલનારા )

ભાષા લબ્ધિ પામેલા બે ઇંદ્રિય વિગેરે જીવો પણ છે. તેજ પ્રમાણે રસને અનુસારે જનારા તે કડવો-તીખો કષાયલો વિગેરે રસને જાણનારા એટલે, મનવાળા સંજ્ઞી-જીવો પણ છે. ( આ પ્રમાણે સંસારી-જીવોનો કર્મવિપાક વિચારીને મહાભય જાણવો; ) તેમજ, ઉદક-( પાણી) રૂપ-એકેંદ્રિય જીવો છે. પર્યાપ્ત-અપર્યાપ્ત અવસ્થામાં, તથા ઉદકમાં ચરનારા તે પોરા, છેદનક, લોદ્દણક વિગેરે ત્રસ જીવો છે, તથા માછલાં, કાચબા વિગેરે પણ છે. તેમજ, સ્થળ ઉપર જન્મનારા, અને કેટલાક જળને આશ્રયે રહેલા મહોરગ તથા પક્ષી-ઓમાંના કેટલાક, તે પાણીમાં પોતાનું જીવન ગુજારનારા જાણવા; અને બીજાં પક્ષીઓ આકાશગામી છે આ પ્રમાણે બધાં પ્રાણીઓ ( પોતાનાથી બીજાં નબળાં ) પ્રાણીને આહાર વિગેરે માટે. અથવા મત્સર વિગેરે માટે દુઃખ આપે છે. તેથી શું સમજવું ? તે કહે છેઃ—( હે શિષ્ય ! ) તું અવધાર ! કે, આ ચૌદ રજ્જુપ્રમાણ-લોકમાં કર્મવિપાકના કારણે જુદી જુદી ગતિમાં દુઃખ તથા ક્લેશનાં કારણરૂપ-મહાભય છે. ( પણ તેમાં સુખ તો, કહેવામાત્ર છે. ) શામાટે કર્મવિપાકથી મહાભય છે ? તે કહે છે.—

बहु दुक्खा हु जंतवो, सत्ता कामेसु माणवा,
अबलेणा वहं गच्छंति सरीरेणं पभंगुरेण अट्टे से
बहुदुक्खे इइ बाले पकुव्वइ एएरोगा बहु नच्चा

**आउरा परियावए नालं पास, अलं तवेएहिं एयं पास मुणी ! महब्भयं नाइ वाइज्ज कंचणं (सू० १७८)**

( ગુરૂ કહે છે હે શિષ્યો ! ) કર્મના વિપાકથી આવેલાં બહુ દુઃખો જે જીવોને છે, જેથી તે જાણીને તમારે તેમાં અપ્રમાદવાળા થવું, પ્ર૦ વારંવાર આવો ઉપદેશ કેમ કરો છો ? ઉ—કારણ કે અનાદિ ભવના અભ્યાસથી ન ગણાય, તેટલા ઉત્તર પરિણામ વાળા ઇચ્છામદન વિષયોમાં ગૃદ્ધ થયેલા પુરૂષો છે, તેથી પુનરૂક્તિ દોષ લાગતો નથી, હવે કામ (કુચેષ્ટા) માં જે જીવો આસક્ત છે, તે શું મેળવે છે, તે કહે છે—બલરહિત (નિઃસાર) તુષ (ડાંગરનાં ફોતરાં) ની મુઠ્ઠી સમાન ઔદારિક શરીર જે પોતાની મેળે ભંગ (નાશ) ના સ્વભાવવાળું છે, તેના વડે સુખ મેળવવા કર્મનો ઉપચય કરીને અનેકવાર વધ (મરણ ઘાત) ને મેળવે છે;

પ્ર—કયો માણસ આવા કડવા વિપાકવાળી સંસારી વાસનામાં રતિ (આનંદ) માને ? તે કહે છે—

જે મોહના ઉદયથી આર્ત્ત થયેલ છે. અને કાર્ય અકાર્યના વિવેકને ગણતો નથી, તે પ્રાણી જેના વડે બહુ દુઃખ પમાય તેવા કામ વિષયોમાં ગૃદ્ધ થાય છે, અથવા પ્રાણીઓને કલેશરૂપ કૃત્યને પોતે રાગદ્વેશથી આકુળ બનેલ બાળજીવ પ્રકર્ષથી કરે છે, અને તેવાં પાપ કરવાથી તેના કર્મના ફળરૂપ વિપાકથી અનેકવાર પોતે વધ પામે છે, ( ખુરે હાલે મરે

છે ) અથવા પૂર્વે બતાવેલા રોગો આવતાં હવે પછી કહેવાતાં અકૃત્યને બાળ ( મૂર્ખ ) જીવ કરે છે, તે બતાવે છે—ગંડમાળા કોઢ ક્ષય વિગેરે રોગ આવતાં તે રોગોની વેદનાથી ગભરાઇને તેને દૂર કરવા માટે બીજા પ્રાણીઓને સંતાપે છે, લાવક વિગેરે પક્ષીનું માંસ ખાતાં ક્ષય રોગ મટશે, આવા કુવાકયોને સાંભળીને જીવવાની પોતેઆશાએ પ્રાણીઓને મહા દુઃખરૂપ અકાર્યમાં પણ વર્તે છે, પણ આમ વિચારતા નથી, કે પોતાનાં કરેલાં પાપોનાં ફળ ઉદયમાં આવ્યા વિના રહે નહિ, માટે ઉદયમાં આવેલ છે, તથા કર્મ શાંત થતાં તે ઉપશમ (શાંત) થાય છે, પણ પ્રાણીઓને દુઃખરૂપ ચિકિત્સા ( ઉપાય ) કરવાથી ફક્ત નવાં પાપોજ બંધાય છે, તે કહે છે, કે હે શિષ્યો ! વિમળ વિવેકરૂપ જ્ઞાન ચક્ષુવડે ધારીને જુઓ ! કે તે રોગોને દૂર કરવા ચિકિત્સા વિધિઓ સમર્થ નથી.

પ્ર૦—જો એમ છે તો શું કરવું ?

ઉ—' અલં ' હે શિષ્ય તું ! સારા નરસાનો વિવેકવાળો છે, માટે તારે એવી પાપ ચિકિત્સાની જરૂર નથી ! કિંચ—વળી પ્રાણીને દુઃખ દેવારૂપ કૃત્ય બહુ ભયરૂપ હોવાથી મહા ભય તરીકે હે મુનિ ! તું તેને જાણ—(ત્રણ જગતના સ્વભાવને જાણે, માને તે મુનિ છે ) પ્ર—જો એમ છે તો શું કરવું ? ઉ— કોઇ પણ પ્રાણીને તું હણતો નહિં, કારણ કે એક પણ પ્રાણીને હણતાં આઠે પ્રકારનાં કર્મો બંધાય છે, અને તેનો

ક્ષય ન કરાય તો સંસાર ભ્રમણુ કરાવે છે, માટે મહાભય છે, અથવા ઉપર કહેલા રોગો બહુ પ્રકારે જાણીને કુવાસના ને આશ્રયી તે જાણવા, અર્થાત્ કામો ( કુચેષ્ટાઓ ) પોતેજ રોગરૂપ છે, એવું અતિશે જાણીને જેમ આતુર બનેલા કામ-ચેષ્ટામાં અંધા થએલા જીવો બીજા પ્રાણીઓને દુઃખ દે છે. (તેમ તમારે ન દેવું) એ પ્રમાણે રોગ અને કામ ચેષ્ટામાં આકુળ થયેલા સાવદ્ય અનુષ્ઠાનમાં પ્રવર્ત્તેલાને ઉપદેશ આપવારૂપ મહા-ભયરૂપ જીવ હિંસા બતાવીને તેવી હિંસા ન કરનારા ગુણવાન (મુનિરાજો ) ના સ્વરૂપને બતાવવા પ્રસ્તાવ રચીને બતાવે છેઃ-

**आयाण भो सुस्सूष ! भो धुयवायं पवेइ स्सा-मि इह खलु अत्तत्ताए तेहिं तेहिं कुलेहिं ... मसे-एण अभिसंभूया अभिसंजाया। अभिनिव्वुडा अ-भिसंवुड्डा अभिसंबुद्धा अभिनिक्कंता अणुपुव्वेण महामुणी ( सू० १७९ )**

હે શિષ્ય ! ( ભો અવ્યય આમંત્રણના અર્થમાં છે ) હું તમને હવે પછી જે કહીશ, તે બરોબર જાણો, અને સાંભળવાની આકાંક્ષા રાખો ! ( બીજી વાર ભો શબ્દ આ વિષય મહત્વનો છે એમ બતવે છે ) કે તમારે અહીં પ્રમાદ ન કરવો, હું ધૂતવાદને કહું છું આઠ પ્રકારના કર્મને ધોઇ નાંખવાં, તે ધૂત છે અથવા જ્ઞાતિ (સગાંના મોહ)નો ત્યાગ કરવો, તે ધૂત છે. તેનો વાદ (કથન) કહીશ, તે તમારે એક

ચિત્તે સાંભળવો આના સંબંધમાં નાગાર્જુનીયા કહે છે કે- ( धुतोववायं पवेयंति ) એટલે આઠ પ્રકારના કર્મને અથવા પોતાને ધોવાનો ઉપાય તીર્થંકર વિગેરે કહે છે, તે ઉપાય કયો છે ? તે કહે છે. 'इह' આ સંસારમાં ( ખલુ વાક્યની શોભા માટે છે ) આત્માનો ભાવ તે આત્મતા (આત્મપણું) તે જીવનું અસ્તિત્વ છે, અથવા પોતાનાં કરેલા કર્મની પરિણુતિ છે, તેના વડે આ જીવ સમૂહ છે, પણ અન્ય લોકના માનવા પ્રમાણે પૃથ્વી વિગેરે ભૂતોના કાયાકારે પરિણમવાથી જીવો બન્યા નથી, અથવા પ્રજાપતિ (બ્રહ્મા) એ બનાવેલ નથી એટલે તેવા તેવા ઉંચ નીચ કુળમાં પોતાના પૂર્વના કર્મ સંચયથી મેળવેલા શુક્રશોણીત ( વીર્ય લોહી માતાના ઉદરમાં ) એકત્ર થવાથી અનુક્રમે મનુષ્યની ઉત્પત્તિ છે, તેનો આ પ્રમાણે ક્રમ છે—

सप्ताहं कललं विद्यात्, ततः सप्ताहमर्बुदम
अर्बुदाज्जायते पेशी, पेशीतोऽपि घनं भवेत् ॥ १ ॥

તે વીર્ય લોહીનું સાત દિવસે કલલ થાય, પછી અર્બુદ થાય છે, પછી પેશી થાય, ત્યાર પછી ઘન થાય છે. તેમાં જ્યાંસુધી કલલ થાય ત્યાંસુધી અભિસંભૂત કહેવાય છે, પેશી થતાં સુધી અભિસંજાત કહેવાય છે, ત્યાર પછી સાંગોપાંગ સ્નાયુ શિર રોમ વિગેરે અનુક્રમે થતાં અભિનિવૃત્ત છે, ત્યાર પછી પ્રસૂત થતાં અભિસંવૃદ્ધ છે, અને ધર્મ શ્રવણની અનુ-

સ્થામાં આવતાં ધર્મકથા વિગેરે નિમિત્ત મેળવીને મોગેક્ષ પુણ્ય પાપપણાથી અભિસંબુદ્ધ જાણવા, ત્યાર પછી સત્ અસત્‌નો વિવેક જાણનારા હોય તે અભિનિષ્ક્રાંત છે, ત્યાર પછી આચારાંગ સૂત્ર ભણેલા તથા તેનો અર્થ સમજીને ચારિત્ર પાળનારા અનુક્રમે પ્રથમ શિક્ષક ( શિષ્ય ) ગીતાર્થ પછી ક્ષપક ( તપસ્વી ) પછી પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળો તથા એકલવિહારી જિન કલ્પિક સુધી ઉંચે ચઢનારા મુનિઓ બને છે. અને કોઇ અભિસંબુદ્ધ પુરૂષ દીક્ષા લેવા તૈયાર થયો હોય તો તેને પોતાનાં સગાં જે કરે તે કહે છે.

**तं परिक्कमंतं परिदेवमाणा मा चयाहि इय ते वयंति !—छंदोवणीया अज्झोववन्ना अक्कंदकारी जणगा रुयंति, अतारिसे मुणि (णय) ओहंतरए जणगा जेण विप्पजढा, सरणं तत्थ नो समेइ, कहं नु नाम से तत्थ रमइ ?, एयं नाणं सया समणुवासिज्जासि त्तिबेमि ( सू० १८० ) धूताध्ययनोद्देशकः ६—१ ॥**

જે તત્વ સ્વરૂપ જાણીને ગૃહવાસથી પરાઙ્મુખ બનીને મહા પુરૂષોએ આચરેલા માર્ગે જવા ( દીક્ષા લેવા ) તૈયાર થયો હોય તેને માતા પિતા પુત્ર કલત્ર વિગેરે મળતાં તે સગાં તેને રોઇને કહે છે, કે અમને તું ન ત્યજ, એમ દયા ઉપજાવતાં બોલે છે, તથા બીજું શું બોલે છે, તે કહે છે,

તારાછંદ ( અભિપ્રાય ) ને અમે અનુકુળ છીએ, તારા ઉપર અમારો પૂર્ણ વિશ્વાસ છે, તેથી અમને ન છોડ, એમ આક્રંદ કરીને તે સગાં રડે છે, વળી આ પ્રમાણે બોલે છે, કે "તેવો મુનિ સંસાર તરી શકતો નથી કે જે પાખંડ ( મુનિના બોધ ) થી ઠગાઇને માબાપને ત્યજીને દીક્ષા લે." આમ કહે, તો પણ જેણે સંસારનું તત્વ જાણ્યું છે, તેનો જે કરે, તે કહે છે, જો કે આ સગાં મારા ઉપર પૂર્ણ પ્રેમી છે, છતાં પણ તે ખરે વખતે શરણ આપતાં નથી, અર્થાત્ તેમનું શરણ સ્વીકારતો નથી' શા માટે આ શરણ નથી ? તે કહે છે, તે ગૃહવાસ બધા તિરસ્કારને યોગ્ય નરકના પ્રતિનિધિ સમાન અને શુભદ્વારને પરિઘ સમાન છે, તેમાં કોણ ડાહ્યો માણસ રમણતા કરે ? વળી ગૃહવાસ બધા દ્વંદ્વ ( રાગદ્વેષ વિગેરેનાં જોડલાં ) રૂપ છે, તેમાં જેનું મોહ "કપાટ' ઘટી ( ઓછું થઇ ) ગયેલ છે, તે રતિ કરે ? ( અર્થાત તેમનો મોહ ન કરે ) આ બધાનો ઉપસંહાર કરે છે-કે પૂર્વે કહેલું જ્ઞાન હંમેશાં આત્માની અંદર સ્થાપી રાખજો. એવું સુધર્મા સ્વામી શિષ્યને કહે છે. ધૃત અધ્યયનનો પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો.

## બીજો ઉદ્દેશો.

પ્રથમ ઉદ્દેશો કહ્યો. હવે, બીજો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં સગાંનો

મોહ છોડવા સૂચવ્યું. તે જો, કર્મનું વિધુનન થાય તો, સફળ થયું કહેવાય; માટે કર્મનું વિધુનન કરવા આ ઉદ્દેશો કહેવાય છે. આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે.

**आउरं लोग मायाए चइत्ता पुव्व संजोगं हिच्चा उवसमं वसित्ता बंभचेरंसि वसु वा अणु वसुवा जाणित्तु धम्मं अहा तहा अहेगेतम चाइ कुसीला (सू० १८१)**

લોક તે, માતાપિતા, પુત્ર, કલત્ર વિગેરે સ્નેહના સંબંધથી વિયોગ થતાં પીડાય છે, અથવા તેમનું બગડતાં પીડાય છે, અથવા સંસારી—જીવોનો સમૂહ કામરાગમાં પીડાતો હોય; તેને જ્ઞાનવડે ગ્રહણકરીને ( સમજીને ) તથા પોતાનાં માતાપતિા વિગેરેનો સંબંધ છોડીને તથા ઉપશમ મેળવીને બ્રહ્મચર્યમાં વસીને ઉત્તમ સાધુ કેવો હોય ? તે કહે છે:—વસુ તે, દ્રવ્ય છે તે દ્રવ્યવાળો અર્થાત્ કષાયરૂપ—કાળાશ વિગેરે મળને દુર કરી પોતે વીતરાગ બને છે, અને તેથી ઉલટો, અનુવસુ સરાગ છે. અથવા વસુ તે, સાધુ છે. અને અનુવસુ તે, શ્રાવક છે. તેમજ, કહ્યું છે કે:—

**वीतरागो वसु र्ज्ञेयो, जिनो वासंयतोऽथवा;**
**सरागो(ह्यय)ऽनु वसुः प्रोक्तः स्थविरः श्रावकोऽपिवा;**

વીતરાગ તે વસુ જાણવો, પછી તે જિન હોય અથવા

અસંયત ( સાધુ ) હોય, અને સરાગ હોય, તે ગૃહસ્થ કહ્યો છે, અથવા બૂઠો અથવા શ્રાવક પણ હોય છે.

તથા શ્રુતચારિત્રરૂપ-ધર્મ જાણીને પછી યથા યોગ્યપણે સ્વીકારીને પણ પછી કેટલાક જીવો પ્રબળ મોહના ઉદયથી તેવી ભવિતવ્યતાના યોગે તેવા ઉત્તમ ધર્મને પાળવા શક્તિવાન થતા નથી, તે કેવા છે? ઉત્તર—કુશીલા એટલે ખરાબ શીલ ( આચાર ) વાળા છે, એટલે જેઓ ધર્મ પાળવામાં અશકત છે, તેથીજ તેઓ કુશીલવાળા છે, એવા બનીને શું કરે છે? તે કહે છે:—

**वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं विउसिज्जा, अणुपुव्वेण अणहियासेमाणा परीसहे दुरहियासए कामे ममायमाणस्स इयाणिं वा मुहुत्तेण वा अपरिमाणाए भेए एवं से अंतराएहिं कामेहिं आकेवलिएहिं अवइन्ना चेए (सू० १८२)**

કરોડો ભવે પણ દુઃખેથી મેળવાય, તેવો મનુષ્ય જન્મ પામીને પૂર્વે કદીપણ ન મેળવેલ એવી સંસાર સમુદ્રથી પાર ઉતરવા સમર્થ નાવ સમાન બોધિ ( સમ્યક્ત્વ ) મેળવીને મોક્ષ વૃક્ષના બીજ સમાન સર્વ વિરતિ લક્ષણવાળું ચારિત્ર સ્વીકારીને પાછા કામદેવનો માર દુઃખેથી નિવારણ થાય તેવો હોવાથી, મન ઢીલું થવાથી, ઇંદ્રિયોનો સમૂહ લાલચુ થવાથી, અનેક ભવના અભ્યાસથી મેળવેલી વિષયની મધુરતાથી અબળ

મોહનીય કર્મના ઉદયથી. અશુભ વેદનીયનો ભાવ એકદમ પ્રકટ થવાથી, અયશઃકીર્ત્તિ ઉત્કટપણે થવાથી, આયતિ ( ભવિષ્યનું હિત ) ને તરછોડીને કાર્ય અકાર્યને વિચાર્યા વિના મહ દુઃખનો સાગર સ્વીકારીને વર્તમાન સુખને દેખનારા પોતાના કુલમાં વર્તાતો આચાર નીચે નાંખીને (ઉત્તમ રત્નરૂપ) ચારિત્રને ત્યજે છે!!! અને તેનો ત્યાગ ધર્મોપકરણ ત્યાગવાથી થાય છે, તે બતાવે છે. વસ્ત્ર એ શબ્દથી ક્ષૌમિક ( સૂત્રનાં ) કલ્પ ( વસ્ત્ર ) લીધો છે, તથા પાત્રાં અને ઊનની કાંબળ અથવા પાત્રાંનો નિયોગ તથા રજોહરણ એ ધર્મોપકરણોને બેદરકારીથી ત્યજીને કોઇ સાધુ ફરીથી દેશવિરતિ (શ્રાવકનાં વ્રત) સ્વીકારે છે, કોઇ તો ફક્ત સમ્યક્દર્શનજ રાખે છે, કોઇ તો તેનાથી પણ ભ્રષ્ટ થઇ જાય છે, ( વટલી જાય છે, )

પ્ર૦ આવું દુર્લભ ચારિત્ર પામીને પાછું કેમ તજી દે છે !

ઉ—પરીષહો દુઃખે કરીને સહન થાય છે, તેથી ક્રમેક્રમે અથવા સામટા પરિષહો આવતાં સહન ન કરી શકવાથી પરિષહથી ભાગેલા મોહના પરવશપણાથી દુર્ગતિને આગળ કરીને મોક્ષમાર્ગ ( ઉત્તમ ચારિત્ર ) ને ત્યજે છે !!! તે રાંકડાઓ ભોગો ભોગવવા માટે ત્યજે છે, છતાં પાપના ઉદયથી શું થાય ? તે કહે છે—

વિરૂપ કામોને પોતાને વહાલા માની સ્વીકારતેઃ ભોગના અધ્યયવસાયવાળો બનવા છતાં, પોતાનાં અંતરાયકર્મના ઉદયથી તેજ ક્ષણે પ્રવ્રજ્યા મુક્યા પછી અથવા ભોગો પ્રાપ્ત થયાપછી, અંતર્મુહુર્ત્તમાં, અથવા કંડરીક રાજર્ષિની માફક ચારિત્ર મુકયા પછી એક રાત દિવસમાં અપરિમાણ (વધારે ખાવાને) લીધે શરીર ભેદાય છે. આ પ્રમાણે દુરાચારના અધ્યવસાયથી, અથવા કુકર્મ સેવીને શીઘ્ર મરણ પામતાને પોતાના આત્મા સાથે ચારિત્ર પાળવારૂપ ધર્મ દેહનો ભેદ થતાં તેવું શરીર અને પચેંદ્રિયપણું અનંતાકાળે પણ મળતું નથી. (અર્થાત્ નિગોદમાં અનંતકાળ ભ્રમણ કરે છે.) એજ વિષયનો ઉપસંહાર કરવા કહે છે. ' एवं ' એ પ્રમાણે ભોગનો અભિલાષી અંતરાયવાળા કામ ભોગો જેમાં અનેક પ્રકારનાં વિઘ્નો રહેલા છે, તેને ચાહે છે, તે ભોગો (ન કેવળ તે અકેવળ તેમાંથી થાય તે.) અકેવળીક, (દંદં-જોડકાંવાળો) છે. જેમનો પ્રતિપક્ષ પણ છે, અથવા અસંપૂર્ણ ભોગો છે. જેને મેળવવા પાછા સંસારમાં પડે છે, અથવા (કામભોગને બીજાના બદલે ત્રીજાનો અર્થ લઈએ; તો,) તે કામભોગોવડે ભોગના અભિલાષીઓ અતૃપ્ત બનીનેજ (વધારે ભોગતૃષ્ણ લેવાજતાં) શરીરનો નાશ કરે છે. જ્યારે, તે રાંકો આમ મરણ પામે છે ત્યારે, બીજા ઉત્તમ સાધુઓ જેમનો મોક્ષસમીપ છે,

તેવા ક્યાંય પણ, કોઇપણ રીતે કોઇપણ વખત ચરણનો પરિણામ આવતાં લઘુકર્મનાં કારણથી દરેકક્ષણે ચડતાભાવ-વાળા બને છે, તે બતાવે છે.

**अहेगे धम्ममायाय आयाणप्पभिसु पणिहिए चरे, अप्पलीयमाणे दढे सव्वं गिद्धिं परिन्नाय, एस पणए महामुणी, अइअच्च सव्वओ संगं न महं अत्थित्ति इय एगो अहं, अस्सिं जयमाणे इत्थ विरए अणगारे सव्वओ मुंडे रीयंते, जे अचेले परिवुसिए संचिक्खइ ओमोयरियाए, से आकुट्ठे वा एह वा लुंचिए वा पलियं पकत्थ अदुवा पकत्थ अतहेहिं सद्द फासेहिं इय संखाए एगयरे अन्नयरे अभिन्नाय तितिक्खमाणे परिव्वए जेय हिरी जे य अहिरीमाणा ( सू० १८३ )**

ઉપર બતાવેલા ચડતાપરિણામવાળા સાધુએ ચારિત્ર લીધાપછી વિશુદ્ધ પરિણામથી તેમનો મોક્ષ જલદી થવાનો હોવાથી શ્રુતચારિત્રરૂપ-ધર્મ પામીને વસ્ત્ર-પાત્ર વિગેરે ધર્મો-પકરણ સ્વીકારીને ધર્મકરણમાં સમાધિવાળા બની પરિષહ સહન કરીને સર્વજ્ઞ-પ્રભુએ કહેલા ધર્મને પાળે છે, અને પૂર્વે બતાવેલાં પ્રમાદનાં સૂત્રો અપ્રમાદના અભિપ્રાય પ્રમાણે કહેવાં. ( અર્થાત્ તે દરેકપ્રકારે ચારિત્ર નિર્મળ પાળી

જ્ઞાન ભણીને સમ્યક્ત્વમાં દૃઢ થઇ અશુભકર્મને ક્ષય કરી નાંખે છે. ) કહ્યું છે કેઃ—

**अत्र प्रमादेन निरोऽप्रमादः, स्याद्वाऽपि यत्नेन पुनः प्रमादः**

**स्विपर्ययेणापि पठंति तत्र, सूत्राण्यधीकारवशाद् विधिज्ञाः ॥ १ ॥**

જ્યાં પ્રમાદવડે સૂત્ર કહેવાયાં હોય; ત્યાં વિરોધિ અપ્રમાદ હોવાથી અપ્રમાદના વર્ણનનાં સૂત્રો અધિકારના વશથી વિધિને જાણનારા વિપર્યયવડે ભણે છે ( કહે છે ) અથવા, અપ્રમાદનાં કહી તે યત્નવડે પાછાં પ્રમાદનાં (સૂત્રો) કહે છેઃ— તે ઉત્તમ સાધુઓ વળી, કેવા થઇને ધર્મ આચરે છે ? તે કહે છેઃ—કામભોગોમાં અથવા માતાપિતા વિગેરે લોકમાં મોહ ન કરનારા, અને ધર્મચારિત્રમાં એટલે, તપસંયમ વિગેરેમાં દૃઢતા રાખનારા ધર્મ આચરે છે. વળી, બધા પ્રકારની ભોગાકાંક્ષાને જ્ઞ-પરિજ્ઞાવડે દુઃખરૂપ જાણીને પ્રત્યાખ્યાન-પરિજ્ઞાવડે ત્યાગે છે, તે ભોગાકાંક્ષા ત્યાગવાથી જે ગુણો થાય: તે કહેછેઃ—'एस' એ કામ પિપાસાનો ત્યાગનારો પ્રકર્ષથી નમેલો 'मुह' પ્રણમેલો સંયમમાં, અથવા કર્મ ખોવામાં (લીન થયેલો) મહામુનિ બને છે, પણ તેવા ગુણથી રહિત હોય; તે મહામુનિ બનતો નથી. 'विच' વળી, સર્વ પ્રકારે પુત્રકલત્રાદિનો સંબંધ, અથવા વિષયાભિલાષનો મોહ

ઊહ્રંથી ( ત્યાગીને ) શું ભાવના ભાવે ? તે કહે છે:—" આ સંસારમાં પડતાં મારૂં અવલંબન ( આધારભૂત ) થાય તેવું કંઇપણ નથી; અને તેના અભાવથી ઉપર પ્રમાણે હું સંસાર-ઊદરમાં એકલોજ છું. તેમ, હું પણ કોઇનો નથી. આ ભાવના ભાવનારો જે કરે; તે કહે છે. ' अत्र ' આ મૌનીંદ્ર ( જિનેશ્વરના ) પ્રવચનમાં સાવદ્ય–અનુષ્ઠાન ત્યાગીને દશ પ્રકારની સાધુ–સમાચારી પાળવામાં યતનાવાળો થાય. ' कोऽसौ ? ' કોણ થાય ? તે કહે છે. અનગાર–પ્રવ્રજિત ( દિક્ષા લીધેલો ) હોય; તે એકત્વભાવના ભાવતો રહે. ( તે પછીના સૂત્રમાં કહે છે. એટલે, આ ક્રિયા જોડલા સૂત્રમાં પણ લેવી ) ' किंच ' વળી, તે સર્વ પ્રકારે દ્રવ્યથી અને ભાવથી મુંડ બનીને ' रीयमाणः ' સંયમઅનુષ્ઠાનમાં વર્તે છે.

પ્ર·—કેવો બનેલો ?

ઉ:—જે અચેલ તે અલ્પ વસ્ત્રવાળો અથવા જિનકલ્પિક સંયમમાં રહિ યોગ્ય વિહાર કરનારો અંતપ્રાંત આહાર ખાનારો બને છે, તે પણ વધારે પ્રમાણમાં નહિ, તે કહે છે, અવમોદરી ( ઓછું ભોજન ) કરે, અને ઉનોદરી તપ કરતાં કદાચ પ્રત્યનીક ( જૈનધર્મના વિરોધીઓ , જેઓ ગ્રામ કંટક છે તેમનાથી પીડાય, તે બતાવે છે. ' स ' તે મુનિ કુવચનોથી આક્રોશ કરાયેલો, દંડ વિગેરેથી મરાતો, વાળ

ખેંચી કાઢવાથી લુંચિત કરેલો ( દુ:ખી થયા છતાં ) પોતે પોતાના પૂર્વકર્મથીજ આ ઉદયમાં આવ્યું છે, એમ માનતો સમ્યક્ પ્રકારે સહન કરતો વિહાર કરે; તથા આવી ભાવના ભાવે,

**"पावाणं च खलु भो कडाणं, कम्माणं पुव्विं दुच्चिन्नाणं दुप्पडिक्कंताणं वेदयित्ता मुक्खो नत्थि अवेयइत्ता, तवसा वा झोसइत्ता"।**

પોતે પૂર્વે દુષ્ટ રીતે જે કૃત્યો આચર્યાં હોય, અને દુષ્ટ કૃત્ય કર્યાપછી તેને આલોચના કે તપશ્ચર્યાથી ખેરવ્યાં ન હોય, તે દુષ્ટ પાપો કાંતો ભોગવતાં છુટે, અથવા તપશ્ચર્યા કરવાથી દૂર થાય છે.

પ્ર૦—વચનો વડે કેવી રીતે આક્રોશ કરે છે ?

ઉ—' पलियं ' ति તે સાધુએ પોતે ગૃહસ્થાવસ્થામાં વણકર વિગેરેનું નીચ કૃત્ય (ધંધો) કર્યો હોય તો તે યાદ કરીને તેની નિંદા કરે છે, તે આ પ્રમાણે—કોલિક ! હે સાધુ બનેલા ! તું પણ મારી સામે બોલે છે ! અથવા જકાર ચકાર વિગેરે શબ્દોથી બીજી રીતે બોલીને નિંદે છે ! તે સૂત્રે બતાવે છે— ' अतथ्यैः " તદન જુઠાં કલંકના શબ્દો-વડે તિરસ્કાર કરે જેમકે " તું ચોર છે ! તું પરદાર લંપટ છે, આવાં અસત્ય આળો જે સાધુને કરવા યોગ્ય નથી તેનો કાનમાં સ્પર્શ થતાં ( સાધુને ક્રોધ ચડે ) તથા કલંક ચડા-

વવા સાથે હાથ પગ છેદવા વિગેરેથી ( દુખ થાય તેવા સમયે ) આ મારા પોતાના કરેલા દુષ્ટ કૃત્યોનું ફળ છે એમ ચિંતવીને વિચરે, અથવા આવું ચિંતવે.

**पंचहिं ठाणेहिं छउमत्थे उप्पन्ने उवसग्गे सहइ खमइ तितिक्खइ अहियासेइ, तंजहा–जक्खाइट्ठे अयं पुरिसे १, उम्मायपत्ते अयं पुरिसे २, दित्तचित्ते अयं पुरिसे ३, मम चणं तब्भवे अणीयाणि कम्माणि उदिन्नाणि भवंति जन्नएस पुरिसे आउसइ बंधइ तिप्पइ पिट्टइ परितावेइ ४, ममं चणं सम्मं सहमाणस्स जाव अहियासेमाणस्स एगं तसो कम्मणिज्जरा हवइ ५, पंचहिं ठाणेहिं केवली उदिन्ने परीसहे उवसग्गे जाव अहिया सेज्जा, जाव ममं चणं अहियासेमाणस्स बहवे छउमत्था समणा निग्गंथा उदिन्ने परीसहोवसग्गे सम्मं सहिस्संति जाव अहियासिस्संति इत्यादि ॥**

પાંચ સ્થાનમાં છદ્મસ્થ સાધુઓ ઉપસર્ગોને સહન કરે ક્ષમા રાખે ક્રોધ ન કરે હૃદયમાં શાંતિ રાખે, તેઓ વિચારે કે આ અપમાન કરનારો પુરૂષ યક્ષથી ઘેરાયલો છે, આ પુરૂષ ઉન્માદ પામેલો છે. આ પુરૂષ અહંકારી છે, મારે તે ભવમાં વેદવાનાં કર્મ ઉદીરણામાં આવવાનાં છે તેથી આ

પુરૂષ મને આક્રોશ કરે છે, બાંધે છે તેપે છે (     ) પીટે છે, સંતાપે છે, પણ મને સારીરીતે સહન કરવાથી એકાંતથી સકામ નિર્જરા થાય છે, કેવલી ભગવાન્ તેજ પાંચ સ્થાનમાં આવેલા પરીસહ ઉપસર્ગ સહન કરે તેઓ જાણે છે કે, કેવલી જ્યારે આવાં દુઃખ સહન કરે છે, ત્યારે ઘણા છદ્મસ્થ સાધુઓ નિર્ગ્રંથો આવેલા પરીસહ ઉપસર્ગોને તેમના દૃષ્ટાંતથી સારી રીતે સહન કરશે અને આત્મામાં શાંતિ રાખશે આ ઉપરથી સાધુએ સાર એ લેવો કે કોઈ ગાંડો થયેલો બીજાને મારે તો તેના ઉપર દયા આવે છે. તેજ પ્રમાણે સાધુને દુઃખ દેનાર ઉપર સાધુએ દયા લાવવી જોઈએ, આ પ્રમાણે જે પરીસહો આવે તે અનુકૂલ પ્રતિકૂલ એમ બે ભેદે છે. તે બન્નેમાં રાગદ્વેષ કર્યા વિના શાંતિ રાખીને વિચરે, અથવા બીજી રીતે પરીસહ બે પ્રકારના બતાવે છે, જે સત્કાર અને પુરસ્કાર સાધુને આનંદકારી છે અને પ્રતિકૂલ મનને અનિષ્ટ છે, અથવા લજ્જારૂપ યાચના કરવી અને અચેલ વિગેરે છે, અને લજ્જા વિનાના ઠંડ તાપ વિગેરે છે, એ પ્રમાણે બન્ને પ્રકારના પરીસહોને સમ્યક્ પ્રકારે સહન કરતો વિચરે, વળી

चिच्चा सव्वं विसुत्तियं फासे समियदंसणे एए भो णगिणा वुत्ता जे लोगंसि अणागमणधम्मिणो

आणाए मामगं धम्मं एस उत्तरवाए इह माणवाणं वियाहिए, इत्थोवरए तं झोसमाणे आयाणिज्जं परिन्नाय परियाएण विगिंचइ, इह एगेसिं एग चरिया होइ तत्थियरा इयरेहिं कुलेहिं सुद्धेसणाए सव्वेसणाए से मेहावी परिव्वए सुब्भिं अदुवा दुब्भिं अदुवा तत्थ भेरवा पाणा पाणे किलेसंति ते फासे पुट्ठो धीरे अहियासिज्जासि त्तिबेमि (सू० १८४)
धूताध्ययने द्वितीयोद्देशकः ॥ ६—२ ॥

બધા પરિસહોની થતિ વેદનાને સહન કરી દુઃખને અનુભવતો છતાં ચિત્તમાં શાંતિ રાખે. પ્રશ્ન. કેવો બનીને? ઉ૦ સમ્યક્પ્રકારે દર્શન પામેલો તે સમિત દર્શનવાળો અર્થાત્ સમ્યગ્દ્દષ્ટી બને. તે પરિસહોને સહન કરનાર સાધુઓ કેવા હોય તે કહે છે, તે નિષ્કિંચન નિર્ગ્રંથ ( ભાવનગ્ર ) જીનેશ્વરે બતાવેલા છે. આ મનુષ્ય લોકમાં આગમન ધર્મરહિત છે. અર્થાત્ ઘર છોડીને દીક્ષા લીધા પછી પાછા ઘેર જવાની ઇચ્છા કરતા નથી, પણ પોતાની દીક્ષામાં લીધેલી પ્રતિજ્ઞા પૂરીવાળી પંચ મહાવ્રતનો ભાર વહન કરે છે, વળી જેનાવડે આજ્ઞા કરાય તે જીનેશ્વરનું વચન તેજ મારો ધર્મ છે. તેથી તેને બરોબર પાળે, અથવા ધર્મનું અનુષ્ઠાન પૂરેપુરૂં કરે, અને વિચારે કે ધર્મ તેજ મારે સાર છે, બાકી બધું પારકું

( અસાર ) છે, એથી હું તીર્થંકરના ઉપદેશ વડે વિધિ અનુસારે બરોબર ક્રિયા કરૂં. પ્ર–ધર્મ કેવીરીતે આજ્ઞાથી પળાય ? તે કહે છે, 'एषः' આ બતાવેલો ઉત્તર ( ઉત્કૃષ્ટ ) વાદ અહિં મનુષ્યોને કહેલો છે. 'किंच' વળી આ કર્મ દૂર કરવાના ઉપાયરૂપ સંયમમાં સમીપ ( અંદર ) રત ( લીન ) થઈને આઠ પ્રકારના કર્મને ઝોષતો ( દૂર કરતો ) ધર્મને પાળે વળી બીજું શું કરે ? તે કહે છે.

જેનાવડે ગ્રહણ કરાય તે આદાનીય ( કર્મ ) છે, તેને જાણીને મૂળ ઉત્તર પ્રકૃતિનું વિવેચન કરે, અર્થાત્ સાધુપણું નિર્મળ પાળીને ક્ષય કરે. અહીં સંપૂર્ણ કર્મ દૂર કરવામાં અસમર્થ જે બાહ્યતપ છે, તેને આશ્રયી કહે છે, આ જૈન-સિદ્ધાંતમાં કેટલાક શિથીલ ( ઓછાં ) કર્મવાળાને એકચર્યા એટલે એકલ વિહારની પ્રતિમા અંગીકાર કરેલી હોય છે, તેમાં જુદી જુદી જાતીના અભિગ્રહો તપ તથા ચારિત્ર સંબંધી ધારણ કરેલા હોય છે. તેથી પ્રાભૃતિકાને આશ્રયી કહે છે, તે એકાકી વિહારમાં બીજા સામાન્ય સાધુથી વિશેષ પ્રકારે અંતપ્રાંત કુલોમાં દશ પ્રકારની એષણા દોષરહિત આહાર વિગેરેની શુદ્ધ એષણાવડે તથા સર્વ એષણા તે બધી એષણા, આહાર વિગેરે સંબંધી ઉદ્ગમ ઉત્પાદ તથા ગ્રાસ એષણા સંબંધી પરિશુદ્ધ વિધિએ સંયમમાં વર્તે છે, બહુ-પણામાં એક દેશપણાને કહે છે, તે મર્યાદામાં રહેલો મેધાવી

સાધુ સંયમમાં વર્ત્તે વળી તે તેવાં બીજાં કુલોમાં આહાર સુગંધવાળો કે દુર્ગંધવાળો હોય, ત્યાં રાગદ્રેષ ન કરે વળી ત્યાં એકલવિહાર કરતાં મસાણમાં પ્રતિમા એ રહેતાં યાતુધાન (રાક્ષસ) વિગેરેએ કરેલા શબ્દો ભયકારક લાગે; અથવા બીભત્સ પ્રાણીઓ દીસ જીભવાળાં (વાઘ વિગેરે) બીજા જીવોને પીડે; સંતાપે છે અને તને પણ સંતાપે; તો, તું તેવા વિષય–દુઃખના સ્પર્શોને સમ્યક્‌પ્રકારે ધૈર્ય રાખીને સહન કર; એવું સુધર્માસ્વામિ જંબુસ્વામિને કહે છે:—

**બીજો ઉદ્દેશો સમાપ્ત થયો.**

**ત્રીજો ઉદ્દેશો કહે છે.**

બીજો ઉદ્દેશો કહી ત્રીજો કહે છે. તેનો આ પ્રમાણે સંબંધ છે. બીજામાં કર્મ ધોવાનું બતાવ્યું; અને તે ઉપકરણ શરીરના વિધૂનન વિના ન થાય. માટે હવે, ઉપકરણ વિગેરેનું વિધૂનન કહે છે. આવા સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે.

**एयं खु मुणी आयाणं सया सुयक्खायधम्मे विहूयकप्पे निज्झोसइत्ता, जे अचेले परिवुसिए तस्स णं भिक्खुस्स नो एवं भवइ—परिजुण्णे मे वत्थे वत्थं जाइस्सामि सुत्तं जाइस्सामि सूइं जाइस्सामि संधिस्सामि सीविस्सामि उक्कसिस्सामि वुक्कसिस्सामि परिहिस्सामि पाउणिस्सामि, अदुवा तत्थ**

**परिक्कमंतं सुज्झो अचेलं तणफासा फुसंति सीयफासा फुसंति तेउफासा फुसंति दंसमसग फासा फुसंति एगयरे अन्नयरे विरूवरूवे फासे अहियासेइ अचेले लाघवं आगममाणे, तवं से अभिसमन्नागए भवइ, जहेयं भगवया पवेइयं तमेव अभिसमिच्चा सव्वओ सव्वत्ताए संमत्तमेव समभिजाणिज्जा, एवं तेसिं महावीराण चिरराग्रं पुव्वाइं वासाणि रीयमाणाणं दवियाणं पास अहियासियं (सू० १८५)**

આ ઉપર બતાવેલું અથવા હવેપછી, કહેવાતું (જે ગ્રહણ કરાય તે આદાન.) તે કર્મનું ઉપાદાન છે, અને તે કર્મ ઉપાદાન થવાનું કારણ સાધુને જોઇતાં ધર્મઉપકરણથી અધિક પ્રમાણમાં હવેપછી કહેવાનાં વસ્ત્ર વિગેરે છે, તે વધારાનાં વસ્ત્ર વિગેરેને મુનિએ ત્યાગ કરીદેવા.

પ્ર:—તે મુનિ કેવો હોય છે?

ઉ:—તે સતાએ સારીરીતે વર્ણવેલા ધર્મવાળો છે. એટલે, તેને સંસાર-ભ્રમણનો ડર હોવાથી પોતાને આજ્ઞા કરેલાં અનુષ્ઠાનનો આચારી છે, તથા વિધૂન (ધુણ્યું) એટલે, સારીરીતે જેણે કલ્પ-(સાધુનો આચાર) આત્મામાં ફરસ્યો છે, તેવો મુનિ આદાન-(કર્મને) રોકશે.

પ્રઃ—તે વસ્ત્ર વિગેરે આદાન કેવાં હોય; કે તે દૂર કરવાંપડે ?

ઉઃ—( અલ્પ-અર્થમાં નકાર છે. જેમકે—આ સાધુ અજ્ઞાન છે. એટલે, અલ્પજ્ઞાનવાળો છે, તે પ્રમાણે અર્થ લેતાં ) સાધુ અચેલ એટલે, અલ્પ વસ્ત્ર રાખનારો સંયમમાં રહેલો છે, તેવા સાધુ ( ભિક્ષુ ) ને આવું વિચારવું ન કલ્પે કે, મારૂં વસ્ત્ર જીર્ણ થઇગયું છે. હું અચેલક થઈશ. મને શરીરનું રક્ષક વસ્ત્ર નથી; તેથી, ઠંડ વિગેરેથી મારૂં રક્ષણ કેમ થશે ? તેથી, હું વિના વસ્ત્રનો થયો છું. તેથી, કોઈ શ્રાવકને ત્યાં જઇ વસ્ત્ર યાચીલાવું; અથવા તે જીર્ણ-વસ્ત્રને સાંધવાને સોય-દોરો યાચીશ; અથવા જ્યારે સોય-દોરો મળશે; ત્યારે, જીર્ણવસ્ત્રનાં કાણાંને સાંધીશ; ફટેલાંને સીવીશ; અથવા ટુકાં વસ્ત્રને જોડી મોટું બનાવીશ; અથવા, લાંબાનો ટુકડો ફાડી સરખું અથવા, નાનું બનાવીશ.

એમ યોગ્ય બનાવીને હું પહેરીશ; તથા, શરીર ઢાંકીશ. વિગેરે, આર્ત્તધ્યાનથી હણાયલી અંતઃકરણની વૃત્તિ ધર્મમાં એકચિત્ત રાખનાર આત્માર્થીસાધુને વસ્ત્ર જીર્ણ થવા છતાં, અથવા હોય નહીં; તોપણ, ભવિષ્ય સંબંધી ( ચિંતા ) ન થાય.

અથવા આ સૂત્ર જિનકલ્પીઓને આશ્રયી કહેલું છે. એમ વ્યાખ્યા કરવી કારણકે, તે મુનિઓ અચેલ (વસ્ત્રરહિત) હોય છે, તથા તેમના હાથમાંથી તેમની તપોબળની લબ્ધિને

લીધે પાણીનું બિંદુ પણ ન ગળતું હોવાથી તેઓ પાણિ-પાત્ર કહેવાય છે.

પાણિ એટલે, હાથ. અને હાથમાંજ ભોજન લઇને કરે છે. તેમને પાત્રાં વિગેરેનો સાત પ્રકારનો નિયોગ હોતો નથી; ( કારણકે, તેવો તેમનો અભિગ્રહ છે. ) તથા, કલ્પ-ત્રય પણ ત્યાગેલ છે. ફક્ત, તેમને રજોહરણ, તથા મુખ-વસ્ત્રિકા ( ઓઘો, અને મુહુપત્તિ ) માત્ર હોય છે તેવા અચેલ જિન-કલ્પીમુનિને ઉપર કહેલ આર્ત્તધ્યાન વસ્ત્ર ફાટવા-સાંધવા વિગેરે સંબંધી ન હોય. ( કારણકે, ધર્મિ-વસ્ત્ર તેના અભાવથી ધર્મ-ફાટવું વિગેરેનો અભાવ છે. જ્યારે, ધર્મી હોય; ત્યારે, ધર્મ શોધવો; એ ન્યાયનો ઉત્તમ માર્ગ છે. ) તથા, જિન-કલ્પીમુનિને આવું પણ ન હોય. કે હું બીજું નવું વસ્ત્ર યાચીશ; એ બધું પૂર્વમાફક જાણવું.

વળી, જેને જિન-કલ્પી જેવી લબ્ધિ ન હોય; તેવો સ્થવિર કલ્પી-સાધુ હાથમાંથી પાણી વિગેરેનું બિંદુ નીચે પડે છે તેથી, તેઓ પાત્રના નિયોગયુક્ત હોય છે, અને વસ્ત્રનાં કલ્પ પ્રમાણે ત્રણમાંથી કોઇપણ એક વસ્ત્ર હોય; તેવો મુનિ પણ વસ્ત્ર વિગેરે જીર્ણ થવાથી કે, નાશ થવાથી નવું ન મળે; ત્યાં સુધી આર્ત્તધ્યાન ન કરે; તથા, જે ગાલપરિકર્મી ( નિસ્પૃહી ) હોય; તેવાને સોય-દોરો ફાટે-લાને સાંધવા માટે પણ શોધવાનું ન હોય, ( જેને ઉપદેશ

માટે પરોપકારની વિશેષ લાગણી કરતાં આત્માર્થ સાધવા માટે એકાંતવાસ હોય; તેવાને ફાટેલું કે, વસ્ત્ર ન હોય; તેની શું પરવાહ છે? જેમકે:—

**धैर्यं यस्य पिता क्षमा च जननी शांतिश्चिरंगेहिनी**
**सत्यं सूनुरयं दयाच भगिनी भ्राता मनः संयमः**
**शय्या भूमितलं दिशोपि वसनं ज्ञानामृतं भोजनं**
**एवं यस्य कुटुंबिनो वद सखे किं स्याद्भयंयोगिनां !**

ધૈર્ય પિતા, ક્ષમા માતા, ઘણા કાળની શાંતિ વહુ, સત્ય પુત્ર, દયા બેન, મન સંયમ ભાઇ છે, પથારી જમીનમાં છે, દિશા વસ્ત્રો છે. જ્ઞાનઅમૃત ભોજન છે, તેવા કુટુંબ વાળા યોગીને કોનો ભય છે? એવું એક મિત્ર બીજા મિત્રને પૂછે છે.

અચેલ અથવા વસ્ત્રવાળાને તૃણ (ડાભના કાંટા) વીગેરે લાગતાં શું કરે તે કહે છે. તેઓ અચેલપણે રહેતાં જીર્ણવસ્ત્ર આર્ત્ત-રૌદ્ર (અપ) ધ્યાન ન થાય; અથવા આ થાય. તે અચેલપણે વર્ત્તતાં; તે સાધુને અચેલપણાના કારણથી કોઇ ગામડાં વિગેરેમાં શરીરના રક્ષણના અભાવથી ઘાસના સંથારે સુતાં ઘાસના કાંટાનો કડવો અનુભવ દુઃખ દેનારો થાય; અથવા ઘાસ પોતે ખુંચે તેવું હોય; તો, શરીરમાં દુઃખ દે, તેવા સમયે સાધુ દીનતારહિત મન રાખીને તેને સહે.

તેજ પ્રમાણે શિયાળામાં ઠંડા દેશમાં વસ્ત્રવિના ઠંડ સહેવીપડે; તથા, ગરમ દેશમાં ઊનાળામાં વસ્ત્રવિના તડકો સહેવોપડે; તથા ડાંસ-મચ્છરોના ડંખ લાગે. આ બધા પરિસહો એકસાથે ડાંસ-મચ્છર, તથા ઘાસના કડવા ફરસનાં દુઃખ સાથે આવે છે, અથવા ઠંડ-તાપ વિગેરે પરસ્પર વિરૂદ્ધ દુઃખ છે. તેમાંથી કોઇએક અનુક્રમે આવે. ( બહુવચનનો સૂત્રમાં પ્રયોગ છે, તેથી જાણવું કે, તે દરેક તીવ્રમંદ કે, મધ્યમ અવસ્થાવાળો ફરસ છે.) તે હવે બતાવેછે.

વિરૂપ ( બીભત્સ ) તે, મનને દુઃખ દેનાર, અથવા જુદી જુદી જાતના મંદ વિગેરે ભેદના સ્વરૂપવાળા વિરૂપરૂપ જે ફરસો છે, તેનાથી થતાં દુઃખો પડે; અથવા, તે દુઃખ આપનાર ઘાસ વિગેરેના સ્પર્શો હોય; તે બધાંને ચિત્ત સ્થિર કરીને દુર્ધ્યાન છોડીને સહન કરે.

પ્ર૦—કોણ સહન કરે ?

ઉ:-ઉપર બતાવેલ વસ્ત્રરહિત અલ્પ-વસ્ત્રવાળો, અથવા અચલન-સ્વરૂપવાળો ( પ્રતિમાધારી ) સમ્યક્પ્રકારે સહે.

પ્ર—શું વિચારીને સહે ? ઉ૦ જે લઘુ ગુણ છે તેનો ભાવ લઘુતા છે. તે દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે લાઘવપણું છે. તેને જાણનારો સમતાથી પરિસહો તથા ઉપસર્ગોને સહે છે. આ સંબંધે નાગાર્જુનીયા કહે છે.

" एवं खलु से उवगरणलाघवियं तवं कम्मक्खय कारणं करेइ "

એ પ્રમાણે ઉપકરણના લાઘવપણાથી કર્મને ક્ષય કરનારો તપ નિશ્ચયથી ઉત્તમ સાધુ કરે છે.

એ પ્રમાણે કહેલા ક્રમ વડે ભાવ લાઘવ માટે ઉપકરણ લાઘવનો તપ કરે છે, એ કહેવાનો સાર છે.

વળી તે ઉપકરણના લાઘવથી કર્મ ઓછાં થાયછે, અને કર્મ ઓછાં થવાથી ઉપકરણ લાઘવ મેળવતાં તૃણ વિગેરેના સ્પર્શો સહેતાં કાય ક્લેશરૂપ બાહ્ય તપ પણ થાય છે. તેથી તે સાધુ સારી રીતે સહે છે. આ મારૂં કહેલું નથી, એવું સુધર્માસ્વામી કહે છે. કે જે મેં કહ્યું અને હવે પછી કહીશ તે બધું ભગવાન મહાવીરે પોતે પ્રકર્ષથી અથવા શરૂઆતમાં કહેલું છે. પ્ર—જો ભગવાન મહાવીરે કહ્યું છે, તેથી શું સમજવું ? ઉ—ઉપકરણ લાઘવ અથવા આહાર લાઘવ તપરૂપ છે, એવું જાણીને શું કરવું તે કહે છે. દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી તેમાં લઘુતા રાખવી જેમકે દ્રવ્યથી આહાર ઉપકરણમાં લાઘવ પણું રાખવું (એટલે જરૂર જેટલાંજ રાખવાં) ક્ષેત્રથી બધાં ગામ વિગેરેમાં બોજારૂપ ન થવું. કાળથી દીવસ અથવા રાતમાં અથવા દુકાળ વિગેરે ખરાબ વખતમાં શાંતિ રાખવી તથા ભાવથી કૃત્રિમ અને મલિન વિગેરે કુભાવ ત્યાગવા (અર્થાત્ પોતે કષ્ટ સહન કરીને મનમાં કુભાવ ન કરતાં ચારિત્ર નિર્મળ પાળવું. તથા ગૃહસ્થોને કે બીજા જીવોને કોઇપણ રીતે પીડાકારક ન થવું.)

સમ્યક્ત્વ એટલે પ્રશસ્ત અથવા શોભન તત્વ અથવા એક સંગતવાળું (જેનાથી એકાંત હિત થાય તેવું) તત્વ તે સમ્યક્ત્વ છે. કહ્યું છે કેઃ—

**" प्रशस्तः शोभनश्चैव, एकः सङ्गत एव च । इत्येतैरुप सृष्टस्तु, भावः सम्यक्त्वमुच्यते " ॥ १ ॥**

પ્રશસ્ત શોભન એક સંગતવાળો જે ભાવ થાય તે સમ્યક્ત્વ છે (ભાવાર્થ ઉપર આવેલ છે)

આવું સમ્યક્ત્વજ અથવા સમત્વજ સારી રીતે સમજે, વિચારે, કે પોતે અચેલ હોય અને બીજો એક વસ્ત્ર વિગેરે રાખનારો હોય, તેને પોતે નિંદે નહિં. કહ્યું છે કેઃ—

**"जोऽवि दुवत्थ तिवत्थो एगेण अचेलगो व संथरइ । ण हु ते हीलंति परं सव्वेऽवि य ते जिणाणाए" ॥१॥**

જે બે વસ્ત્ર ધારણ કરે, ત્રણ વસ્ત્ર ધારણ કરે, અથવા એક વસ્ત્ર રાખે, અથવા અચેલક રહે, પણ તે બધા જીનેશ્વરની આજ્ઞામાં વર્તે છે, તેથી એક બીજાને નિંદે નહીં.

**"जे खलु विसरिसकप्पा संघयणाधियादिकारणं पप्प ; णऽवमन्नइ ण य हीणं अप्पाणं मन्नई तेहिं ॥ २ ॥**

જેઓ જુદા જુદા કલ્પવાળા છે, તેઓ શરીર સંઘયણ તથા ઓછી વધતી ધૈર્યતાને લીધે છે તેથી એક બીજાને અપમાન ન કરે, તેમ ઓછાપણું ન માને, ( એટલે પોતાની

શક્તિ વધારે હોય તો ઓછાં વસ્ત્રથી નિભાવ કરે, પણ વધારે રાખનારને નિંદે નહીં, તેમ કારણ પડતાં વધારે વસ્ત્ર રાખવાં પડે તો પોતે દીનતા ન લાવે કે હું પતિત છું. પણ જરૂર જેટલી વારજ મંદવાડ વિગેરેમાં વધારે વસ્ત્ર વાપરે )

**सव्वेवि जिणाणाए, जहाविहिं कम्म खवणट्ठाए;**
**विहरंति उज्जया खलु, सम्मं अभि जाणइ एवं ॥२॥**

તે બધા જિનેશ્વરની આજ્ઞામાં કર્મક્ષય કરવાને યથાવિધિ રહેલા છે, પણ તેઓ યોગ્ય વિહાર કરતા વિચરે છે, એવું નિશ્ચયથી પોતે મનમાં ઉત્તમ સાધુ જાણે છે.

અથવા તેજ લાઘવપણાને સમજીને સર્વ પ્રકારે દ્રવ્યક્ષેત્ર કાળ ભાવ વિચારીને આત્માવડે સર્વથા નામ વિગેરે ( ચારનિક્ષેપાથી ) સમ્યક્ત્વનેજ સારી રીતે જાણે. અર્થાત્ તીર્થંકર ગણધરોના ઉપદેશથી દરેક ક્રિયા બરોબર કરે. આ બધાં અનુષ્ઠાનો જેમ તાવને દુર કરવા માટે તક્ષક નાગનાં માથા ઉપર રહેલ મણીરત્ન લાવવા રૂપ અશકય ઉપદેશ નથી; પણ, બીજા ઘણા ઉત્તમ સાધુએ ઘણો કાળ સુધી એવું ઉત્તમ સંયમ પાળ્યું છે, તે બતાવે છે કે આ પ્રમાણે ઓછાં વસ્ત્ર અથવા બીલકુલ વસ્ત્ર વિના રહીને ઘાસ વિગેરેના કઠોર ફરસોનાં દુઃખોને સહન કરનાર મહાવીર ( બળવાન યોદ્ધા ) પુરૂષોએ બધા લોકને ચમત્કાર પમાડનારા ઘણો કાળ

આખી જીંદગી સુધી અનુષ્ઠાન કર્યું છે. તેજ વિશેષથી કહે-છે. (ચોરાશી લાખ, ને ચોરાશી લાખે ગુણતાં જે સંખ્યા થાય; તેટલાં વરસોનું પૂર્વ થાય છે.) તેવાં ઘણા પૂર્વ સુધી સંયમ–અનુષ્ઠાન પાળતા મુનિઓ વિચર્યા છે પૂર્વની સંખ્યા ૭૦, ૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષની છે. આ વાત રિખવદેવ ભગવાનના વખતથી તે દશમા શિતળનાથ સુધી પૂર્વનાં આઉખાં હતાં; તેને આશ્રયી છે.

(આઠ વર્ષ ઉપરની ઉમરના શિષ્યને દીક્ષા અપાય; અને તેનું લાંબું આયુષ્ય હોય તેને આશ્રયી છે.) ત્યારપછી, શ્રેયાંસનાથ ભગવાનથી વર્ષની સંખ્યાની પ્રવૃત્તિ જાણવી; તથા ભવ્યજીવો જે મુક્તિ જવાને યોગ્ય છે, તેમને તું જો, અને જે ઘાતના કઠોર ફરસો વિગેરે ઉપર બતાવ્યા; તે તમારે સારી રીતે સહેવાં. જેમ તેમણે સહ્યા; તેમ, બીજા ઉત્તમ સાધુયો સહન કરે છે આ પ્રમાણે જે ઉત્તમ સાધુ સહન કરે; તેને શું લાભ થાય તે કહે છે:—

**आगयपन्नाणाणं किसा बाहवो भवंति पयणुए य मंससोणिए विस्सेणिं कट्टु परिन्नाय, एस तिण्णो मुत्ते विरए वियाहिए त्तिबेमि ( सू० १८६ )**

આગત તે મેળવેલું છે. પ્રજ્ઞાન જેમણે તેવા ગીતાર્થ સાધુઓ તપ કરીને તથા પરીસહો સહીને કૃશ (પાતળી) બાહુ વાળા બને છે, અથવા મહાન ઉપસર્ગ તથા પરીસહ

વિગેરેમાં તેઓ જ્ઞાન મેળવેલા હોવાથી તેમને પીડા ઓછી હોય છે. કારણ કે કર્મ ખપાવવા તૈયાર થયેલ સાધુને શરીર માત્રને પીડા કરનારા પરીસહ ઉપસર્ગો મને સહાય કરનારા છે. એવું માનવાથી તેને મનની પીડા નથી થતી. તેજ કહ્યું છે કેઃ—

"णिम्माणेइ परो च्चिय अप्पाण उ ण वेयणं सरीराणं।
अप्पाणो च्चिअ हिअयस्स ण उण दुक्खं परो देइ ॥१॥"

બીજો માણુસ આત્માને પીડા નથીજ આપતો પણ શરીરને દુ.ખ આપે છે, પણ આત્માના હૃદયનું દુઃખ પોતાનું માનેલું છે. પણ પારકો તે દુઃખ આપતો નથી.

શરી.ની પીડા તો થાય છેજ તે બતાવે છે. જ્યારે શરીર સુકાય અને પાતળું થાય, ત્યારે માંસને લોહી સુકાય, તેવા ઉત્તમ સાધુને લુખો તથા અલ્પ આહાર હોવાથી પ્રાયે અલપણે પરિણમે છે. પણ રસ પણે નહીં. કારણના અભાવથી થોડુંજ લોહી અને તેજ શરીરપણે હોવાથી માંસ પણ થોડુંજ હોય છે, તેજ પ્રમાણે મેદ વિગેરે પણ ઓછાં હોય છે. અથવા રૂક્ષ ( લુખું ) હોય તે પ્રાયે વાતલ ( વાયુ કરનાર ) હોય છે. અને વાયુ પ્રધાન થવાથી માંસ અને લોહીનું પ્રમાણ ઓછુંજ હોય છે. તથા અચેલ પણું હોવાથી શરીરને ઘાસના કઠોર ફરસ વિગેરે થતાં શરીરમાં દુઃખ થવાથી પણ માંસ અને લોહી ઓછાં થાય છે.

સંસારશ્રેણી જે રાગદ્વેષરૂપ કષાયની સંતતિ છે, તેને ક્ષાંતિ વિગેરે ગુણો ધારીને વિશ્રેણી (નષ્ટ) કરીને તથા સમત્વ ભાવપણું જાણીને તે પ્રમાણે વર્ત્તે જેમકે જિનકલ્પી કોઇ એક કલ્પ (વસ્ત્ર) ધારી કોઇ બે, અને કોઇ ત્રણ પણ ધારણ કરે છે, અથવા સ્થવિર કલ્પી મુનિ માસ ક્ષપણ હોય, કોઇ પંદર દિવસના ઉપવાસ કરનારો હોય, તથા કોઇ વિકૃષ્ટ અને કોઇ અવિકૃષ્ટ તપ કરનારો હોય, અથવા કોઇ કૂર ગડુ જેવો રોજનો પણ ખાનારો હોય, તો તે બધાઓ તીર્થંકરના વચન અનુસારે વર્ત્તે છે, અને પરસ્પર નિંદા કરનારા ન હોવાથી સમત્વદર્શી છે, કહ્યુ છે કે—

जोवि दुवत्थ तिवत्थो, एगेण अचेलगोव संथरइ;
नहुतेहिलिंति, परंसव्वेवि हुते जिणाणाए; ॥ १ ॥

જે બે, ત્રણ, એક અથવા વસ્ત્ર રહિત નિભાવ કરે, તે બધા જિનેશ્વરની આજ્ઞામાં હોવાથી પરસ્પર નિંદા કરતા નથી;

તથા જિનકલ્પિક, અથવા પ્રતિમા ધારણ કરેલ, કોઇ મુનિ કદાચિત્ છમહિના સુધી પણ પોતાના કલ્પમાં ભિક્ષા ન મેળવે, તેવો ઉત્કૃષ્ટ તપ કરવા છતાં પોતે રોજ ખાનાર કૂર ગડુ જેવા મુનિને એમ ન કહે કે હે ભાત ખાવા માટે દીક્ષા લેનાર મુંડ! તેં ખાવા માટેજ માત્ર દીક્ષા લીધી છે! (એવું કહીને અપમાન ન કરે)

તેથી આ પ્રમાણે સમત્વ દૃષ્ટિની પ્રજ્ઞાવડે સંસાર ભ્રમણ રૂપ કષાયને દૂર કરી સમતા ધારણ કરીને તે મુનિ સંસાર સાગર તરેલો છે તેજ સર્વ સંગથી મુક્ત છે, તેજ સર્વ સાવદ્ય અનુષ્ઠાનથી છુટેલ જિનેશ્વરે વર્ણવ્યો છે, પણ બીજો નહિં. એવું સુધર્માસ્વામી કહે છે.

પ્ર૦—હવે તે પ્રમાણે જે સંસાર શ્રેણીને ત્યાગી સંસાર સાગર તરેલો મુક્ત વરણવ્યો તેવા ઉત્તમ સાધુને અરતિ પરાભવ કરે કે નહિ. ?

ઉ—કર્મના અચિંત્ય (વિચિત્ર) સામર્થ્યથી પરિભવે પણ ખરી ! તેજ કહે છે—

**विरयं भिक्खुं रीयंतं चिरराओ सियं अरई तत्थ किं विधारए?, संधेमाणे समुट्ठिए, जहासे दीवे असंदीण एवं से धम्मे आरियपदे सिए, ते अणव-क्खमाणा पाणे अणइवाए माणा जइया मेहाविणो पंडिया, एवं तेसिं भगवओ अणुट्ठाणे जहा से दिया पोए एवं ते सिस्सा दिया य राओ य अणुपुव्वेण वाइय त्तिबेमि ( सू० १८७ ) धुताध्ययने तृतीयो-द्देशकः ॥ ६–३ ॥**

અસંયમથી બચેલ ભિક્ષાથી નિર્વાહ કરનાર તથા અપ્રશસ્ત સ્થાન રૂપ અસંયમથી નીકળી ગુણોને ઉત્કૃષ્ટપણે આસ કરવાથી ઉપર ઉપરના પ્રશસ્ત ગુણ સ્થાન રૂપ સંય-

ભમાં વર્ત્તતા સાધુને શું સ્ખલાયમાન કરે ? અર્થાત્ તેવા ઉત્તમ સાધુને અરતિ મોક્ષમાં જતાં જતાં અટકાવી શકે કે ? ઉ. હા દુર્બળ અને અવિનય વાળી ઇંદ્રિયો છે. તેને અચિંત્ય મોહ શક્તિ અને વિચિત્ર કર્મ પરિણતિ શું ન કરે ? (અર્થાત્ કુમાર્ગે લઈ જાયજ ) કહ્યું છે કે—

**"कम्माणि णूणं घणचिक्कणाइ गरुयाइं वइरसाराइं। णाणट्ठिअंपि पुरिसं पंथाओ उप्पह णिंति ॥ १ ॥"**

નિશ્ચે કર્મ ઘણાં ચીકણાં વધારે પ્રમાણમાં વજ્રસાર જેવાં ભારે હોય; તો, જ્ઞાનથી ભૂષિત હોય; તેવા પુરૂષને પણ સારા માર્ગથી કુમાર્ગે લઈ જાય છે.

અથવા આક્ષેપમાં આ 'किम्' શબ્દ છે તેનો પરમાર્થ આ છે કે, અરતિ તેવા ઉત્તમ સાધુને ધારી શકે કે ? ઉ. નજ ધારી શકે. કારણકે, આં ઉત્તમ સાધુ ક્ષણે ક્ષણે વધારે વધારે નિર્મળ ચારિત્રના પરિણામથી મોહના ઉદયને રોકેલો હોવાથી લઘુકર્મવાળો છે, તેથી તેને અરતિ કુમાર્ગે ન દોરી શકે; તે બતાવે છે. ક્ષણે ક્ષણે વિનાવિલંબે સંયમસ્થાનના ચડતા ચડતા કંડકને ધારણ કરતો સમ્યગ્પ્રકારે ચારિત્ર પાળતો રહેલ છે. અથવા, ચડતા ચડતા ગુણસ્થાનને પામતો યથાખ્યાત-ચારિત્રના સંમુખ જતો હોવાથી તેને અરતિ કેવી રીતે અટકાવી શકે ? ( ન અટકાવે. )

અને આવો સાધુ પોતાના આત્માનેજ અરતિથી રક્ષણ કરનાર છે, એમ નહીં પણ, બીજાઓની પણ અરતિ દૂર

કરનાર હોવાથી રક્ષક છે, તે બતાવે છે. બંને બાજુએ જેમાં પાણી છે તે દ્વીપ છે; તે દ્રવ્ય, અને ભાવ એમ બે ભેદે છે. તે દ્રવ્યદ્વીપમાં આશ્વાસ ( વિશ્રાંતિ ) લે છે, તેથી તે આશ્વાસ લેવાને માટે જે દ્વીપ હોય; તે આશ્વાસદ્વીપ છે, તે નદી સમુદ્રના ઘણા મધ્યભાગમાં ( નદીની પહોળાઈ વિશેષ હોય તેમા બંને બાજુએ પાણી વહેતું હોય અને વચમાં ખાલી જગ્યા હોય; તો, તે બેટ કહેવાય છે. તેજ પ્રમાણે સમુદ્રમાં જગ્યા ઉપસેલી હોય તો વરસાદ લીધે તે ઉપસેલી જગ્યાના મેદાનમાં ફળદ્રુપ જગ્યા થાય છે, ત્યાં ) વહાણ કોઇ પણ કારણે નદી સમુદ્રમાં ભાંગી જતાં ડૂબતાં માણસો આશ્રય લે છે. આ બેટ પણ બે પ્રકારે છે. જે પખવાડીએ અથવા મહીને પાણીથી ભરાઇ જાય તે સંદીન કહેવાય, અને તેવો બેટ જો ભરતીના પાણીથી ભરાઇ ન જાય તો અસંદીન કહેવાય . જેમકે સિંહલદ્વીપ વિગેરે છે. અને વહાણવાળા તે દ્વીપનો આશ્રય લે છે. અને પાણી વિગેરેનો ઉપયોગ કરે છે. અને તે બેટથી તેમને આશ્રય મળે છે. તેવીજ રીતે ઉત્તમ રીતે વર્તતા સાધુને જોઇને ભવ્ય જીવો તેનો આશ્રય લે છે.

અથવા દ્વીપને બદલે દીપ (દીવો) પ્રકાશ આપનાર લઇએ તો તે પ્રકાશને માટે હોવાથી પ્રકાશ દીપ છે. અને તે સૂર્ય ચંદ્રમણિ વિગેરે અસંદીન છે. અને બીજો વિજળી ઉલ્કાપાત વિગેરેનો સંદીન છે. ( સૂર્ય ચંદ્ર પ્રકાશ આપે પણ

તે પ્રકાશ સ્થાયી અને ઉપકારક હોવાથી લોકો આશ્રય લે છે. પણ તેવા ગુણથી રહિત વિજળીનો પ્રકાશ નકામો છે અથવા દુઃખદાયી છે. તેવીજ રીતે કુસાધુ અસ્થિર ચારિત્ર-વાળો લોકોને ધર્મથી ભ્રષ્ટ બનાવે છે. ) અથવા ઘણાં લાકડાં એકઠાં કરી સળગાવ્યાથી ઇચ્છિત રસોઇ વિગેરે બનાવવામાં ઉપયોગી હોવાથી અસંદીન છે. અને ઘાસના ભડકા જેવો અગ્નિનો પ્રકાશ સંદીન છે. ( તેજ પ્રમાણે સુસાધુ અને કુસા-ધુના દૃષ્ટાંત સમજવાં ) જેમ આ સ્થપુટ વિગેરેના બતાવવાથી હેય ઉપાદેયને છોડવું, ગ્રહણ કરવું, એવા વિવેકને વાંચ્છનારા ભવ્ય જીવોને ખુલ્લુ બતાવવાથી તે ઉત્તમ સાધુ ઉપયોગી છે તે પ્રમાણે કોઇ સમુદ્રના અંદર રહેલા પ્રાણીઓને વિશ્રાંતિ આપનાર છે. તેજ પ્રમાણે જ્ઞાન મેળવવા ઉદ્યત થયેલો પરિ-સહ ઉપસર્ગમાં દીનતા ન લાવવાથી અ સંદીન છે. તે સાધુ વિશેષ પ્રકારે ઉત્તમ બોધ આપવાના કારણે બીજા જીવોને પણ ઉપકાર માટે થાય છે.

બીજા આચાર્યો ભાવદ્વીપ અથવા ભાવદીપને બીજી રીતે વર્ણવે છે: તે આ પ્રમાણે ભાવદ્વીપ તે સમ્યક્ત્વ છે, અને તે પાછું જવાનું બતાવવાથી ઔપશમિક અને ક્ષાયોપ-શમિક સંદીન ભાવદ્વીપ છે, અને ક્ષાયિક સમ્યક્ત્વને મેળવીને સંસાર ભ્રમણની હદ આવી જવાથી પ્રાણીઓને ધૈર્ય આવે છે (કે હવે આ દુઃખ અમુક કાળ સુધીનુંજ છે )

પણ સંદીન ભાવ દીપ તો શ્રુતજ્ઞાન છે, અને અસંદીન તે કેવળજ્ઞાન છે, તેને મેળવીને પ્રાણીઓ અવશ્યે ધૈર્ય મેળવે છે, અથવા ધર્મને સારી રીતે ધારણ કરી ચારિત્ર પાળતો છતો અરતિના વશમાં તે સાધુ જતો નથી એવું વર્ણન કરતાં કોઇ વાદી પૂછે કે-

કેવો આ ધર્મ છે કે જેના સંધાનને માટે આ સાધુ ઉઠયો છે? તેનો ઉત્તર જૈનાચાર્ય આપે છે.

જેમ આ અસંદીન દ્વીપ પાણીથી ન ભીંજાયલો ભાગેલાં વહાણના માણસો તથા બીજા ઘણા જીવોને શરણ આપવાથી વિશ્રાંતિ આપવા યોગ્ય છે, તેમ આ જિનેશ્વરે કહેલો ધર્મ કષ તાપ છેદ નિર્ઘટિત એમ ચાર પ્રકારે પરીક્ષા કરતાં અસંદીન દ્વીપ સમાન આશ્રય આપનાર છે, (સોનાની પરીક્ષા કષ લેવાથી સારો કષ આપે, તાપમાં નાંખવાથી કાળું ન પડે, પણ વિશેષ ચળકાટ આપે, છીણીથી કપાતાં અંદરથી પણ ઉત્તમ જાતિ ઓળખાવે, તથા ઘડવાથી ભાગી ન જતાં ચીકણાશથી હથોડીના ઘા પડતા છતાં વિશાળ થતું ચાલે. તેમ જૈન ધર્મી જીવને કોઇ તિરસ્કાર કરે, સંતાપે, હાથ પગ છેદે. ઘાણીમાં ઘાલીને પીલે, અથવા અણઘટતો અતિશય માર મારે, પ્રાણ લે, તોપણ ઉત્તમ સાધુ પોતાના આત્મધર્મથી વિમુખ થતો નથી.)

અથવા કુતર્કવડે પોતે ગભરાતો નથી, પણ યોગ્ય

ઉત્તર આપવાથી પ્રાણીઓને રક્ષણ માટે આશ્વાસ ભૂમી છે

પ્ર૦-તે ધર્મ આર્ય પુરૂષોએ કહેલો હોવાથી તે પ્રમાણે વર્તનારા શું ખરેખર અનુષ્ઠાન કરનારા છે? ઉ-હા, અમે કહીએ છીએ,

પ્ર૦-જો તે હોય તો તે કેવાં છે? ઉ. તે સાધુઓ નિર્મળ ભાવ ચાલુ રાખતા સંયમમાં અરતિના પ્રણોદક (દૂર કરનાર) છે. મોક્ષની સમિપમાં રહી ભોગની ઇચ્છા છોડીને ધર્મમાં સારી રીતે ઉદ્યમ કરે છે.

આ પ્રમાણે બધે સમજવું. કે તેઓ પ્રાણીઓને હણતા નથી. તેમ બીજાં મહાવ્રત પાળનારા જાણવા. તથા કુશળ અનુષ્ઠાન કરવાથી સર્વ લોકોના દયિત (રક્ષક) છે. તથા મેધાવી એટલે સાધુની મર્યાદામાં રહેલા છે, પાપના કારણોને છોડવાથી સમ્યગ્ રીતે પદાર્થને જાણનારા પંડિત સાધુઓ ધર્મ ચારિત્ર પાળવા માટે ઉઠેલા છે.

પણ જેઓ તેવું નિર્મળ જ્ઞાન ધરાવતા નથી, તેઓ સમ્યગ્ વિવેકના અભાવથી હજુ સુધી પણ તેઓ તેવું ચારિત્ર પાળવા તૈયાર નથી, તેવા જ્ઞાન રહિત સાધુઓને પૂર્વે બતાવેલા નિર્મળ બોધવાળા આચાર્ય વિગેરેએ સુબોધ આપીને જ્યાંસુધી તેઓ જ્ઞાને કરીને વિવેકવાળા થાય ત્યાં સુધી પાળવા જોઇએ, તે બતાવે છે. ઉપર બતાવેલી વિધિએ ઓછું જ્ઞાન મેળવેલા અસ્થિર ગતિ વાળાને ભગવાન મહા-

વીરના ધર્મમાં સારી રીતે તેઓ ન જોડાયા હોય; તો, સુબોધના ઊપદેશવડે તેમનું પાલન કરીને સ્થિરમતિવાળા બનાવવા. અહીં દ્રષ્ટાંત કહે છે:—

જેમકે:—દ્વિજ તે પક્ષી છે, તેનું પોત (બચ્ચું) તે દ્વીજપોત છે, તે બચ્ચાંને તેની મા ગર્ભના પ્રસવથી લઇને ઇંડું મુકે; ત્યારપછી, અનેક અવસ્થાઓ આવે; તે બધામાં જ્યાંસુધી તે બચ્ચું પુરૂં ઊડવાયોગ્ય મજબુત પાંખોવાળું થાય; ત્યાંસુધી પાળે છે. તેજ પ્રમાણે આચાર્ય પણ નવા ચેલાને દીક્ષા આપીને તેજ દિવસથી સાધુની દશ પ્રકારની સમાચારીનો ઉપદેશ, તથા અધ્યાપન (ભણાવવાવડે) જ્યાંસુધી તે ગીતાર્થ થાય; ત્યાંસુધી પાળે; પણ જે ચેલો આચાર્યના ઉપદેશને ઉલ્લંઘીને પોતાની ઇચ્છા પ્રમાણે સ્વતંત્ર વિચરી કંઇપણ ક્રિયા કરે; તો, તે (લાભ મેળવવાને બદલે) ઉજયંન નગરના રાજકુમારની માફક દુઃખ પામે તે બતાવે છે.

ઉજયન નામનું નગર છે તેમાં જીતશત્રુ નામનો રાજા છે, તેને બે પુત્રો છે. મોટા પુત્રે ધર્મઘોષ આચાર્ય પાસે સંસારની અસારતા સમજીને દીક્ષા લીધી. અનુક્રમે આચારાંગ વિગેરે શાસ્ત્રો ભણીને તેનો પરમાર્થ સમજીને જીનકલ્પને સ્વીકારવાની ઇચ્છાથી બીજી સત્વભાવનાને ભાવે છે, તે ભાવના પાંચ પ્રકારની છે. (૧) ઉપાશ્રયમાં (૨) તેની બહાર (૩) તથા (૪) શૂન્યઘરમાં, તથા પાંચમી ભાવના મસાણમાં છે, તે પાંચમી ભાવનાને ભાવતો હતો.

તે સમયે મોટાભાઈના પ્રેમથી નાનો ભાઇ ખેંચાઇને આચાર્ય પાસે આવીને બોલ્યો કે:—મારો મોટોભાઇ ક્યાં છે? સાધુએ કહ્યું:—તારે શું કામ છે? તેણે કહ્યું કે:—મારે દીક્ષા લેવી છે. આચાર્યે કહ્યું:—તું પ્રથમ દીક્ષા લે. પછી તારો ભાઈ દેખીશ. તેણે દીક્ષા લીધી; અને પૂછ્યું. મોટો ભાઇ ક્યાં છે? આચાર્યે કહ્યું:—દેખવાની શું જરૂર છે? કારણકે, તે કોઇથી બોલતો નથી, અને તે જીનકલ્પ ધારણ કરવા ઇચ્છે છે.

નાનાભાઇએ કહ્યું:—તોપણ, હું તેને જોઇશ. ઘણો આગ્રહ કરવાથી મોટોભાઇ બતાવ્યો. તે ચૂપ બેઠેલો નાનાભાઇએ વાંદ્યો. પછી, મોટાભાઇ ઉપર ઘણો પ્રેમ હોવાથી આચાર્યે ના પાડી. ઉપાધ્યાયે રોક્યો; સાધુઓએ પકડીરાખ્યો; અને તે નાનાભાઇને બોલ્યા:—કે આ સ્મશાનમાં રહેવાનું તારે અમુક સમય સુધી શોભવાનું છે, કારણકે, તારા જેવાને એ કઠણ, અને વિચારમાં પડવાનું છે. આવું સમજાવ્યા છતાં પણ, તેણે કહ્યું:—હું પણ, તેજ બાપથી જન્મ્યો છું. (મારામાં પણ તેટલીજ હીંમત છે.) એવું ઓઠું લઇને મોહથી તે પણ, તેમજ મસાણમાં મોટાભાઈ માફક બેઠો. મોટાભાઇને દેવીએ વાંદ્યો, પણ નવા સાધુને ન વાંદ્યો, તેથી અસ્થિર મતિના કારણે તે દેવી ઉપર કોપાયમાન થયો. દેવતાએ પણ તેના અવિધિના કૃત્યથી કોપ યમાન થઇને લાત મારીને તેની બે આંખોના ડોળા બહાર કાઢી નાંખ્યા.

વ. દેવીએ કહ્યું, જીવના પ્રદેશોથી જુદા જોડાય તેમ નથી, સાધુએ કહ્યું, નવા બનાવ, સંધાય તેવું નથી, એમ વિચારીને દેવીએ મારેલા એલ (બકરા) ની આંખોના બે ી આંખો નવી બનાવી.

ઉપદેશથી બહાર વર્તનારને દુઃખ થાય શિષ્યે હંમેશાં આચાર્યની આજ્ઞામાં વર્ત્તવું. પણ હંમેશાં પરોપકારની વૃત્તિ રાખીને થોકત વિધિએ પાળવા તેજ બતાવે છે. બચ્ચાંને માબાપ પાળે તેમ આચાર્યે પણ ને પાળવા અનુક્રમે વાચના આપવી, શિક્ષા- વા કાર્યમાં ધૈર્યતાવાળા કરવા કે જેથી તેઓ , સંસારથી પાર ઉતરવા સમર્થ થાય છે. મ કહે છે.

ત્રીજો ઉદ્દેશો સમાપ્ત

ચોથો ઉદ્દેશો કહે છે.

ા કહ્યા પછી ચોથો કહે છે. તેનો આ . ગયા ઉદ્દેશામાં શરીર ઉપકરણનો મમત્વ

ત્યાગ બતાવ્યો અને તે ત્રણ ગૌરવને ધારણ કરનારને સંપૂર્ણ ન હોય, તેથી તે ગૌરવ ત્યાગવા આ ઉદ્દેશો કહે છે. તેના આ સંબંધથી આવેલા ઉદ્દેશાનું પહેલું સૂત્ર આ છે.

**एवं ते सिस्सा दिया य राओ य अणुपुव्वेण वाइया तेहिं महावीरेहिं पन्नाणमन्तेहिं तेसिमंतिए पन्नाणमुवलब्भ हिच्चा उवसमं फारुसियं समाइयंति वसित्ता बंभचेरंसि आणं तं नोत्ति, मन्नमाणा आघायं तु सुच्चा निसम्म, समणुन्ना जीविस्सामो एगे निक्खमंते असंभवंता विडज्झमाणा कामेहिं गिद्धा अज्झोववन्ना समाहिमाघाय मजोसयंता सत्थारमेव फरुसं वयंति (सू० १८८)**

ઉપર બતાવેલ પક્ષીના બચ્ચાના વધવાના ક્રમથીજ તે શિષ્યો પોતાને હાથે દીક્ષા આપેલા અથવા વડી દીક્ષા આપેલા તથા ભણવા આવેલા સાધુઓને દીવસ અને રાત્રે ક્રમથીજ ભણાવેલા હોય.

તેમાં કાલિક સૂત્ર દિવસની પહેલી તથા ચોથી પોરસીમાં ભણાવાય છે પણ જે ઉત્કાલિક છે તે સંધ્યાસમયની કાળ વેળા છોડીને આખો દિવસ રાત ગમે ત્યારે ભણાય છે, તેનું અધ્યાપન આચારાંગ વિગેરે ક્રમથી કરાય છે, અને આચારાંગસૂત્ર ભણાવવાનું ત્રણ વરસના પર્યાયવાળાને છે,

વિગેરે ક્રમથી ભણાવેલા ચારિત્ર લીધેલા સાધુઓ હોય છે, તેમને ઉપદેશ આપેલો છે કે, યુગ માત્ર દૃષ્ટિએ જવું. કાચબા માફક અંગને સંકોચીરાખવાં. આ પ્રમાણે શિખામણ આપેલા, અને ભણાવી તૈયાર કરેલા સાધુઓ હોય છે,

પ્રઃ—કોણે ભણાવેલા છે ?

ઉઃ—તે તીર્થંકર ગણધર-આચાર્ય વિગેરે મહાવીર પુરૂષોએ ભણાવ્યા છે.

પ્રઃ—તે ભણાવનાર કેવા છે ?

ઉઃ—જ્ઞાનીઓ છે. કારણકે, તેમનો કહેલો ઉપદેશજ અસર કરે છે. (માટે, જ્ઞાનીનું વિશેષણ આપેલ છે,) અને તે શિષ્યો, બંને પ્રકારે પ્રેક્ષા પૂર્વકારી છે. તેઓ આચાર્ય પાસે રહિને ( પ્રકર્ષથી જણાય; તે પ્રજ્ઞાન. ) શ્રુતજ્ઞાન ભણે છે. કારણકે, તે શ્રુતજ્ઞાનના પ્રતાપથીજ નવો નવો બોધ થાય છે, તેથી તે બહુ શ્રુત બનીને પ્રબળમોહનાઉદયને લીધે આચાર્યના સદ્ઉપદેશને ઉત્કટ મદથી દૂર કરીને ઉપશમ છોડીને દુઃખી થાય છે. તે ઉપશમ દ્રવ્ય, અને ભાવ એમ બે ભેદે છે. દ્રવ્યથી ઉપશમ તે, કતક નામની વનસ્પતિ ( એક જાતનું બીજ આવે છે, તે ) તેને ચુરીને જો ગારાવળા પાણીમાં નાખેલ હોય; તો, પાણી ગારો નીચે બેસતા નિર્મળ થાય છે. ભાવઉપશમ તે, જ્ઞાન વિગેરેથી ત્રણ પ્રકારનું છે. (૧) જ્ઞાનવડે જે ક્રોધ ન કરે; તે જ્ઞાનઉપશમ છે. તે આ

એમાણે આક્ષેપણી વિગેરે કોઇપણ પ્રકારની ધર્મકથાવડે કોઇ જીવ શાંતિ ધારણ કરે તે, જ્ઞાનઉપશમ છે.

(૨) શુદ્ધ સમ્યગ્દર્શનથી તેવા ક્રોધીને શાંતિ પમાડે. જેમકે—શ્રેણિક રાજાએ જે દેવતા અશ્રદ્ધાવાળો હતો, તેને બોધ કરીને શાંત પમાડ્યો (પોતાના દૃઢ સમ્યકૃત્વથી તે દેવતા શ્રદ્ધાવાળો થયો;) અથવા આઠ દર્શનપ્રભાવકોથી કોઇ જીવ સંમતિ વિગેરેથી શાંત પામે છે, અને ચારિત્ર-ઉપશમ તો, ક્રોધ વિગેરેનો ઉપશમ છે, તેનામાં વિનયથી નમ્રતા હોય છે.

તેમાં કેટલાક ક્ષુદ્ર સાધુઓ જ્ઞાનસમુદ્રમાં અંદરનું રહસ્ય ન જાણવાથી સમુદ્રના ઉપરજ ડુબકી મારનારા હોય છે. તેઓ ઉપર કહેલ ઉપશમ છોડીને તે જ્ઞાનનો લેશ હાથમાં આવતાં અહંકારી બનીને કઠોરતા ગ્રહણ કરે છે (અહંકારી બને છે,) તે બતાવે છે. પરસ્પર સૂત્ર તથા ગાથા ગણતાં; અથવા અર્થ વિચારતાં એક બીજાને કહે છે. "જે તેં કહ્યું; તે અર્થ આ શબ્દનો નથી. તેથી, તું જાણતો નથી. વળી. બોલે છે કે—મારા જેવા શબ્દના અર્થનો નિર્ણય કરવામાં સમર્થ કોઇકજ હોય છે, પણ બધા નથી.

"પૃષ્ટા ગુરવઃ સ્વયમપિ પરીક્ષિતં નિશ્ચિતં ધનાદિવસૈઃ।
વાદિનિ ન મહઃ ક્ષુભ્યે ન માદૃશોઽન્યોઽસ્તિ તત્કલ્પઃ॥ ૧॥"

ગુરૂઓને પૂછેલ, અને પોતે પણ આ નિશ્ચય કરેલો

છે, એવું અમારૂં આ કથન છે. તથા વાદિઓમાં વિદ્વાન, અને સુભટમાં મહારા જેવો કોઈકજ બીજો હશે. બીજો સાધુ કહે છે કે, ખરેખર, હશે (પણ) અમારા આચાર્ય તો, આ પ્રમાણે કહે છે. તેથી તે ફરીથી બોલે છે કે, તે આચાર્ય બોલવામાં કુંઠ (બુઠા) જેવો બુદ્ધિહીણ શું જાણે? તું પણ, પોપટની માફક ભણાવેલો વિચાર કર્યા વિનાનો છે. આ પ્રમાણે બીજાં કેટલાંક વાકયો તે દુષ્ટ બુદ્ધિએ ગ્રહણ કરેલ થોડા અક્ષરનું જ્ઞાન ધરાવનાર સાધુ બોલે છે, તેથી એમ જાણવું કે, મહાન્ ઉપશમનું કારણ જે જ્ઞાન છે, તેને વિપરીતપણે પરિણામતાં તે આવું બોલે છે. કહ્યુ છે કેઃ—

"अन्यैः स्वेच्छारचितानर्थविशेषान् श्रमेण विज्ञाय।
कृत्स्नं वाङ्मयमित इति खादत्यङ्गानि दर्पेण ॥१॥"

બીજાઓએ ઇચ્છાનુસાર રચેલા કોઈપણ અર્થને શ્રમથી જાણીને પોતે જાણે કે, સંપૂર્ણ સિદ્ધાતનો પરંગામી હોય; તેમ, અહંકારવડે અંગોને ખાય છે. (બીજાનુ અપમાન કરે છે.)

"क्रीडनकमीश्वराणां कुक्कुटलावकसमानवाक्स्वयः
शास्त्राण्यपि हास्यकथां लघुतां वा क्षुल्लको नयति॥२॥"

શ્રીમંતોની ક્રીડા સમાન વસ્તુને કુકડાના લાવક સમાન જેવો બનીને પવિત્ર શાસ્ત્રોને પણ, હાસ્ય કથા જેવી લઘુતાને ક્ષુદ્ર સાધુ પમાડે છે. (ઉત્તમ જાતીનું મોતી જે શ્રીમંતોનું મન રીઝાવે; તેવા મોતીને ન સમજનાર કુક-

[ કાતું બચ્ચું જુવારનો દાણો સમજી લેવા જતાં; કદર ન થવાથી ફેંકી દે છે. તેજ પ્રમાણે ક્ષુદ્ર સાધુ ગંભીર સૂત્રના પરમાર્થને ન સમજવાથી હાંસીના વાક્ય તરીકે માની લે છે.) વિગેરે. અથવા બીજી પ્રતિમા ' हिच्चा उवसमं अहेगे फारुसियं समारुहंति" પાઠ છે, તેનો અર્થ આ છે કે—ઉપશમ છોડીને બહુ શ્રુત બનેલા કેટલાક (બધા નહીં) કઠોરતાને સ્વીકારે છે. તેથી, તેમને બોલાવવાથી, અથવા પૂછવા જતાં કાં તો, ચુપ રહે છે. અથવા, હુંકાર શબ્દ બોલીને માથું વિગેરે હલાવીને જવાબ આપે છે.

વળી, કેટલાક બ્રહ્મચર્ય જે સંયમ રૂપ છે તેમાં રહીને; અથવા, આચારાંગસૂત્ર ભણીને તેનો અર્થ બ્રહ્મચર્ય છે, તેમાં રહીને આચારાંગના વિષયને અનુસાર અનુષ્ઠાન કરવા છતાં પણ, તેનો તિરસ્કાર કરીને તીર્થંકરના ઉપદેશ રૂપ આજ્ઞાને કંઇક માને કંઇક ન માને; પરંતુ, શાતાગૌરવનાં બાહુલ્યપણાથી તીર્થંકરનાં વચનને બહુ માન આપતા નથી; પણ શરીરની બાકુશપણાને અવલંબે છે. ( શરીરની શોભા કરવામાં વીતરાગની આજ્ઞા ઉલંઘે છે. )

અથવા, અપવાદને આશ્રીને વર્તતાં ઉત્સર્ગ માર્ગનો ઉપદેશ આપતાં તેઓ એકાંત પકડે છે કે, " તે ઉત્સર્ગ માર્ગ જિનેશ્વરનો કહેલો નથી. "

હવે, સમજવા માટે અપવાદ બતાવે છે.

कुज्जा भिक्खू गिलाणस्स, अगिलाए समाहियं;

નિરોગી ભિક્ષુ ( સાધુ ) માંદા સાધુની સમાધિ માટે યોગ્ય રીતે વૈયાવચ્ચ કરે. જે કારણે (રોગે) સાધુ માંદો હોય; તે રોગ દૂર કરવા આધાકર્મી આહાર વિગેરે પણ લાવી આપે.

પ્રઃ—ઠીક તેમ હશે; પણ, કુશીલ સાધુઓ જેઓ તીર્થંકરના વચનની આશાતના કરે તેમને દીર્ઘ સંસાર થાય છે, તેમને થવાનાં ભવિષ્યનાં દુઃખો કેમ બતાવ્યાં નથી.

ઉ—એજ અમે બતાવ્યું, કે જે શરીર શોભા વિગેરે માટે કુશીલતા સેવે છે, તેમને થવાના કડવા વિપાક વિગેરે સૂચવ્યા, તેવું હિત શિક્ષાનું વચન ગુરૂ પાસે સાંભળીને તે કુશીલીયા સાધુઓ તે ગુરૂનેજ કડવાં વચન સંભળાવે છે.

પ્રઃ—ત્યારે કુશીલીઆ સાધુ શા માટે ગુરૂ પાસે સિદ્ધાંત સાંભળતા હશે. ?

ઉ—સમનોજ્ઞ ( લોકમાં સંમત ) બનીને માન મેળવી અમે જીવન ગુજારીશું, આવા હેતુથી સિદ્ધાંતના ગૂઢ રહસ્યના પ્રશ્નોના ખુલાસા માટેજ શબ્દ શાસ્ત્રાદિ ( વ્યાકરણ વિગેરે ) શાસ્ત્રો ભણે છે.

અથવા આ ઉપાય વડે લોકમાં માનીતા થઈને અમે જીવીશું, એટલા માટેજ કેટલાક દીક્ષા લઈને, પછવાડે કુશીલીયા બને છે.

અથવા સમનોજ્ઞ તે પ્રથમ દીક્ષા લેતાં વિચારે કે અમે

ઉદ્યુક્ત વિહારી બનીને સંયમ જીવિત વડે જીવીશું. અને દીક્ષા લઈ પાછળથી મોહના ઉદયથી ચારિત્ર બરોબર ન પાળે, તેઓ ગૌરવત્રિક (ઋદ્ધિ રસ સાતા)ના કારણે અથવા તેમાંથી કોઈપણ એકના કારણે જ્ઞાનાદિક મોક્ષ માર્ગમાં સારી રીતે વર્ત્તતા નથી, તેમ ગુરૂના ઉપદેશમાં વર્ત્તતા નથી, અને જુદી જુદી જાતની ઇચ્છાઓથી ગૃદ્ધ થઈને ચિત્તમાં બળતા ગૌરવ ત્રિકમાં ધ્યાન રાખીને વિષયોમાં રકત બની ઇંદ્રિયોને સ્થિર કરવા રૂપ જે તીર્થંકર વિગેરેએ પાંચ યમો (મહાવ્રતો) બતાવેલા છે તેને બરોબર ન પાળીને પોતાની મેળે પંડિત માની બનીને આચાર્ય વિગેરેએ વીતરાગના શાસ્ત્ર પ્રમાણે પ્રેરણા કર્યા છતાં તે કુસાધુઓ તે ગુરૂને કડવાં વચન સંભળાવે છે. અને બોલે છે કે " આ વિષયમાં તમે શું જાણો ?'

કારણ કે જેવી રીતે સૂત્રના અર્થને વ્યકરણને ગણિતને અથવા નિમિત્તને હું જાણું છું. તેવી રીતે બીજો કોણ જાણે છે ? આ પ્રમાણે આચાર્ય વિગેરેને કુસાધુ કડવાં વચન કહે છે.

અથવા ધર્મોપદેશક તીર્થંકર વિગેરે છે તેમને પણ કડવાં વચન કહે છે તે બતાવે છે. કોઈ વખત તે સાધુ ભૂલ કરે, ત્યારે આચાર્ય ઠપકો આપે ત્યારે કુસાધુ કહે, કે તીર્થંકર અમારૂં શું ઠપકાથી વધારે બીજું શું કહે

નાર છે ? વિગેરે અનુચિત વચન બોલે છે. અને વિદ્યાના ખોટા મદના અવલેપથી મદાંધ બનીને શાસ્ત્ર રચનાર ગણુધર ભગવંતોને પણ દૂષણ આપે છે. વળી, આચાર્યોને દૂષણ આપે છે, એટલુંજ નહિ; પણ, બીજા સાધુઓને પણ કડવાં મ્હેણાં સંભળાવે છે.

**सीलमंता उवसंता संखाए रीयमाणा असीला अणुवयमाणस्स बिइया मंदस्स बालया (सू० १८९)**

શીલ તે અઢાર હજાર ભેદવાળું છે, અથવા મહાવ્રતો પાળવાનું છે, તથા પાંચ ઇંદ્રિયોનો જય કરવાનું છે. કષાયનો નિગ્રહ છે, ત્રણ ગુપ્તિ પાળવાની છે. એવું નિર્મળ શીળ પાળે તે શીળવંત છે, તથા કષાયને શાંત કરવાથી ઉપશાંત છે.

શંકા—શીળવાન ગ્રહણ કરવાથી ઉપશાંત તેમાં સમાઇ ગયા. ત્યારે, ફરી કેમ કહ્યું ?

ઉ:—કષાયના નિગ્રહનું પ્રધાનપણું બતાવવા માટે, સમ્યક્ રીતે જેનાવડે કહેવાય; તે સંખ્યા અથવા પ્રજ્ઞા છે, તેના વડે સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ કરનારા આચાર્યો હોય; છતાં, કોઇ સાધુના નબળા ભાગ્યથી સદાચાર રહિત એ આચાર્યો છે. એવી નિંદા કરનારા, અથવા પછવાડે નિંદા કરનારા, અથવા મિથ્યા દૃષ્ટિ વિગેરે બોલે કે તેઓ કુશીલ છે, એવું કહેતા પાસત્થા વિગેરેની આચાર્યને ખોટાં વચન કહેવા રૂપ આ બીજી મૂર્ખતા છે.

એટલે, કુસાધુ પ્રથમ તો, પોતે સારા ચારિત્રથી રહિત છે, અને પોતે સારૂ ચારિત્ર પાળનાર ઉધુક્ત વિહારી ઉત્તમ સાધુને નિંદે છે. આ તેમની બીજી મૂર્ણતા છે.

અથવા, જે શીળવંતો છે તે ઉપશાંત છે. એવું બીજાએ કહે છતે, તે કુસાધુ બોલે કે " એ ઘણો ઉપકાર કરનારા આચાર્ય વિગેરેમાં તમારા કહેવા મુજબ ક્યાં શીલ અને ઉપશાંતતા છે ? " આ પ્રમાણે બોલતા દુરાચારી સાધુની બીજી મૂર્ખતા થાય છે. પણ, બીજા કેટલક સાધુઓ વીર્યાંતરાય કર્મના ઉદયથી જો કે, પોતે પુરૂં ચારિત્ર ન પાળતા હોય; છતાં પણ, બીજા ઉત્તમ સાધુઓની પ્રશંસા કરતા રહીને પોતે પણ બીજાને સારા આચાર બતાવે છે. તે કહે છે:—

**निग्घट्टमाणा वेगे आयारगोअर माइक्खंति,**
**नाणब्भट्ठा दंसणलूसिणो ( सू० १९० )**

અશુભ કર્મના ઉદયથી સંયમથી દૂર થાય, અથવા લિંગ મુકી દે, અર્થાત્ કેટલાક સાધુઓ મોહના ઉદયથી ચારિત્ર ન પાળી શકે, ત્યારે કોઈ સાધુનો વેષ મુકી દે, અથવા વેષ રાખે તો પણ પોતે સાધુનો જેવો આચાર હોય, તેવો લોકોને બતાવે છે. અને પોતાની નિંદા કરતા રહે છે, કે તેવો ઉત્તમ આચાર પાળવાને અમે સમર્થ નથી, આ કારણથી ચારિત્ર ન પાળ્યું, તેજ તેમની મૂર્ખતા છે. પણ તમામ સારું બોલવાથી બીજી મૂર્ખતા થતી નથી,

તેઓ એવું ખોટું નથી બોલતા, "કે અમે જે કરીએ છીએ તેવોજ અમારો આચાર છે." (પોતાની ભૂલ કબુલ કરે છે.) વળી આમ ન બોલે કે "હવે આ દુઃખમ કાળના અનુભાવથી બળ વિગેરે ઓછું થવાથી મધ્યમ વર્તન એજ કલ્યાણનું કારણ છે. હમણાં ઉત્સર્ગનો અવસર નથી ( આવું ખોટું ન બોલે). કહ્યું છે કે—

" नात्यायतं न शिथिलं, यथा युञ्जीत सारथिः ।
तथा भद्रं वहन्त्यश्वा, योगः सर्वत्र पूजितः ॥१॥ "

ન જોરથી, ન ધીરે, એમ સારો હાંકનાર ઘોડા વિગેરેને હાંકે તે હાંકનારો ડાહ્યો ગણાય, તથા ઘોડા પણ તે પ્રમાણે મધ્યમ ચાલે તો તે યોગ બધે માનનીય થાય છે. વળી

जो जत्थ होइ भग्गो, ओवासं सो परं अविंदंतो ।
गंतुं तत्थऽचयंतो, इम पहाणंति घोसेति ॥ १ ॥

જે જ્યાં ભાંગ્યો હોય તો તે બીજા અવકાશને ન જાણતો અને ત્યાં જવાને અસમર્થ હોવાથી પોતે પોતાની કુટેવને પણ પ્રધાન બતાવે છે. (આવું કુસાધુનું વર્તન છે, તે તેની બેવડી મૂર્ખતા છે.)

પ્રઃ—તેઓ શામાટે આવા કુશીળનું સમર્થન કરતા હશે?

ઉઃ—સારા માઠાના વિવેકનું જે જ્ઞાન છે, તેનાથી તેઓ ભ્રષ્ટ થયેલ છે, તથા સમ્યક્ દર્શનથી દૂર રહી અસત્ ( ખોટું ) અનુષ્ઠાન કરવા વડે પોતે નાશ પામેલા છે, અને

શંકા ઉત્પન્ન કરાવીને તેઓ બીજાને સારા માર્ગથી ભ્રષ્ટ કરે છે. વળી બીજા કેટલાક પોતે બાહ્ય ક્રિયા કરવા છતાં પણ, ( અંદરની શ્રદ્ધા વિના ) પોતાના આત્માનું અહિત કરે છે, તે બતાવે છે.

**नममाणा वेगे जीवियं विप्परिणामंति पुट्ठा वेगे नियट्टंति जीवियस्सेव कारणा, निक्खंतंपि तेसिं दुन्निक्खंतं भवइ, बालवयणिज्जा हु तेनरा पुणो पुणो जाइं पकप्पिंति अहे संभवंता विद्दायमाणा अहमंसीति विउक्कसे उदासीणे फरुसं वयंति पलियं पकथे अदुवा पकथे अतहेहिं तं वा मेहावी जाणिज्जा धम्म ( सू० १९१ )**

તે કુસાધુઓ આચાર્ય વિગેરેને શ્રુત જ્ઞાન મેળવવા માટે દ્રવ્યથી દેખવા માત્ર જ્ઞાન વિગેરેના ભાવ વિનય શિવાય નમવા છતાં પણ, તેઓમાંના કેટલાક અશુભ કર્મના ઉદયથી સંયમ જીવિતને વિરાધે છે. અર્થાત્ ઉત્તમ ચારિત્રથી આત્માને દુર રાખે છે. વળી, બીજું શું છે ? તે કહે છેઃ—

ચારિત્રમાં અસ્થિર મતિવાળા ત્રણ ગારવના બંધાયેલા બની પરીષહો થી ડરતાં સંયમ અથવા સાધુ વેષથી તેઓ દુર થાય છે.

પ્રઃ—શા માટે ?

ઉઃ—અસંયમ નામના જીવિતના નિમિત્તથીજ. અર્થાત્ હવે, અમે સુખેથી સંસારમાં જીવીશું, એમ વિચારીને સાવદ્ય અનુષ્ઠાન કરીને સંયમથી દુર થાય છે, તેવા જીવોનું શું થાય છે? તે કહે છે. તે કુસાધુઓ ઘરવાસથી નીકળ્યા છતાં જ્ઞાન દર્શન ચારિત્રના મૂળ ઉત્તર ગુણુમાં કંઇ પણ ખામી આવવાથી તેને દીક્ષા પાળવી મુશ્કેલ થાય છે, તેવા ભ્રષ્ટ સાધુઓનું જે થાય; તે કહે છે (હુ અવ્યય હેતુના અર્થમાં છે.) જેથી અસમ્યગ્ અનુષ્ઠાનથી દીક્ષા છોડેલા સાધુ બાળ બુદ્ધિવાળા જે સામાન્ય પુરૂષો છે, તેમનાથી પણ નિંદાય છે. (જ્યાં હોય; ત્યાં તિરસ્કાર પામે છે.)

વળી, તેઓ સંયમ મુકવાથી કુત્તાના અરહટ્ટના ન્યાયે વારંવાર નવી જાતિ (જન્મ) મેળવે છે.

પ્રઃ—તેઓ કેવા છે?

ઉઃ—અધઃસંયમ સ્થાનમાં વખતે રહેલા હોય; અથવા અવિદ્યાથી નિચે (કુમાર્ગે) વર્તતા હોય; છતાં, પોતે પોતાને વિદ્વાન માનતા લઘુતાથી આત્માને ઉંચે ચડાવે છે. (પોતાને હાથે પોતાની સ્તુતિ કરે છે.) વળી, પોતે થોડું ભણેલો હોય; તોપણ, માનથી ઉંચો બનીને રસ અને સાતા ગૌરવની બહુલતાથી માને છે. કે, હું બહુશ્રુત છું, અને આચાર્ય જે જાણે છે, તે મેં તત્વને થોડાજ કાળમાં જાણી લીધું છે. એવું માનીને આત્માને અહંકારી બનાવે છે.

તે આત્મશ્લાઘાથીજ સંતોષ પામતો નથી; પણ, બીજા ઉત્તમ સાધુઓની નિંદા કરે છે તે બતાવે છે.

'ઉદાસીન તે રાગદ્વેષ રહિત મધ્યસ્થ સાધુઓ ઘણું ભણેલા હોવાથી શાંત હોય છે, તેવા આચાર્ય વિગેરે જ્યારે તે સાધુની ભૂલ પડે; ત્યારે કહે તો, તેમની પણ નિંદા કરે છે અને બોલે છે કે, તમે તો, પ્રથમ કૃત્ય અકૃત્યને જાણો; અને પછી બીજાને ઉપદેશ આપજો.

વળી તે કડવું બોલે છે તે સૂત્ર વડે બતાવે છે. 'पलियं' અનુષ્ઠાન છે તેના વડે તૃણ હાર વિગેરેથી બોલે, ( તું આ તણખલા જેવો છે. ) અથવા કુંટ, મંટ, વિગેરે ગુણોથી અથવા મુખના વિકાર વગેરેથી કુચેષ્ટા કરીને ગુરૂનું અપમાન કરે, તથા ખોટાં આળ ચઢાવીને ગુરૂનો તિરસ્કાર કરે. હવે સમાપ્ત કરતાં કહે છે, તે વાચ્ય અવાચ્ય અથવા શ્રુત ચારિત્ર નામનો ધર્મ ઉત્તમ સાધુ જે ગુરૂ આજ્ઞામાં રહેલ હોય તે સારી રીતે જાણે.

અને જે અસભ્યવાદમાં બાળ સાધુ વર્તતો હોય તો ગુરૂ વિગેરે એ તેને શિખામણ આપવી તે બતાવે છે.

**अहम्मट्ठी तुमंसि नाम बाले आरंभट्ठी अणुवयमाणे हण पाणे घायमाणे हणओ यावि समणुजाणमाणे, घोरे धम्मे, उदीरिए उवेहइ णं अणाणाए, एस विसन्ने वियद्दे वियाहिए तिबेमि ( सू० १९२ )**

અર્થ જેને હોય, તે અર્થી અને તે અધર્મનો અર્થી તે અધર્માર્થી છે, એવા અધર્માર્થીને પણ શીખામણ દેવાય છે,

પ્ર૦—તે અધર્માર્થી કેવી રીતે છે ?

ઉ૦—તે બાળ છે,

પ્ર૦—શા માટે બાળ છે, ?

ઉ૦—સાવદ્ય આરંભમાં વર્ત્તે છે.

પ્ર૦—કેવી રીતે આરંભમાં વર્ત્તે છે ?

ઉ૦—પ્રાણીઓને દુઃખ દેવારૂપ વાદોને બોલતો આ પ્રમાણે કહે છે.

" જીવો ને હણો, " એ પ્રમાણે બીજા પાસે હણાવી અને હણુતાને અનુમોદતો ત્રણ ગૌરવથી બંધાયલો રાંધવા રંધાવવાની ક્રિયામાં પ્રવર્ત્તેલા ગૃહસ્થીઓ આગળ તેમના પિંડનો વાંછક બનીને આ પ્રમાણે કહે છે.

" આમાં શું દોષ છે ! કારણ કે શરીર વિના ધર્મ બની શકે નહીં; માટે ધર્મના આધારરૂપ શરીરને યત્નાથી પાળવું જોઇએ, " કહ્યું છે કે.

**शरीरं धर्मसंयुक्तं, रक्षणीयं प्रयत्नतः**
**शरीराज्जायते धर्मो, यथा बीजात्सदंकुरः ॥ १ ॥**

ધર્મથી જોડાયલું શરીર પ્રયત્નથી બચાવવું. કારણ કે જેમ બીજ હોય, તો સારો અંકુરો થાય, તેમ શરીર

( સારૂં ) હોય, તો ધર્મ થાય છે, ( ત્યારે આચાર્ય તેને શીખામણુ આપે કે હે ભવ્ય !) તું શા માટે એવું બોલે છે ?

સાંભળ ! ધર્મ છે, તે ઘોર ભયાનક છે, કારણુ કે બધા આશ્રવોનો તેમાં નિરોધ છે, અને તેથી તે દુરનુગર છે, એવું તીર્થંકર વિગેરેએ ઉદીરિત ( કહેલું ) છે, તેવા અધ્યવસાય વાળો તું બન, અને એવા ઉત્તમ સંયમ અનુષ્ઠાનની અવગણુના જે કરે છે ( ણું વાકયની શોભા માટે છે ) અને સાવદ્ય અનુષ્ઠાન કરે, તે તીર્થંકર ગણુ-ધરના ઉપદેશથી બહાર જઇ સ્વેચ્છાથી વર્તે છે.

પ્ર૦—કોણુ એવો હોય ?

ઉ૦—ઉપર બતાવેલો અધર્માર્થી બાળ આરંભનો અર્થી બનીને પ્રાણીઓનો ઘાત કરે, કરાવે હણુનારને અનુમોદ-નારો ધર્મની અવગણુના કરનારો, તથા કામ ભોગમાં ખેદ પામેલો (કામાંધ) વિવિધ પ્રકારે તર્દ ( હિંસા ) કરનારો (તર્દ ધાતુનો અર્થ હિંસા છે) અથવા સંયમમાં પ્રતિકૂલ તે વિતર્દ છે. એવા સ્વરૂપવાળો બાળ સાધુ જિનેશ્વરે કહેલો છે. એવું સુધર્માસ્વામી પોતાના શિષ્યોને કહે છે. કે તું મેધાવી છે. માટે ધર્મને જાણ, વળી હવે પછીનું પણ હું કહું છું, તે બતાવે છે.

किमणेण भो ! जणेण करिस्सामिति मन्नमाणे एव एगे वइत्ता मायरं पियरं हिच्चा नायओ य प-

रिग्गहं वीरायमाणा समुट्ठाए अविहिंसा सुव्वया दंता पस्स दीणे उप्पइए पडिवयमाणे वसट्टा कायरा जणा लूसगा भवंति अहमेगेसिं सिलोए पावए भवइ, से समणो भवित्ता विब्भंते २ पासहेगे समन्नागएहिं सह असमन्नागए नममाणेहिं अनममाणे विरएहिं अविरए दविएहिं अदविए अभिसमिच्चा पंडिए मेहावी निट्ठियट्ठे वीरे आगमेणं सया परिक्कमिज्जासि त्तिबेमि ( सू० १९३ ) इति धूताध्ययने चतुर्थोद्देशकः ६–४ ॥

કેટલાક સાધુઓ તત્વ સમજીને સમ્યગ્ ઉત્થાનથી તૈયાર થઈ વીર માફક વર્ત્તતા પાછળથી પ્રાણીની હિંસા કરનારા થાય છે.

પ્ર૦—તે કેવી રીતે તૈયાર થયેલ હતા ?

ઉ૦—તે વિચારે છે કે હે ભાઇ ! મારે આ સ્વાર્થમાં તત્પર એવા માતા પિતા પુત્ર કલત્ર (સ્ત્રી) વિગેરે જેઓ પરમાર્થ દ્રષ્ટિએ જોતાં અનર્થ રૂપ છે. તેમની જોડે હું શું કરીશ ? કારણ કે તેઓ મારૂં કાંઇપણ કાર્ય કરવું કે રોગ દૂર કરવામાં સમર્થ નથી, તેથી તેના વડે હું શું કરીશ ? એમ જાણીને દીક્ષા લે છે. અથવા કોઈ દીક્ષા લેનારને કોઇએ કહ્યું, કે હે ભાઇ ! રેતીના કોળીઆ ખાવા

એવી નિઃસાર દીક્ષા લેવા વડે શું કરીશ? પણ પૂર્વના ભાગ્યે મળેલું ભોજન વિગેરે (સુખેથી) ભોગવ! એમ કહેતાં તે દીક્ષા લેનાર વૈરાગ્યથી રંગાયેલો હોવાથી બોલે, કે હે અંધો! હું આ ભોજન વિગેરેથી હવે શું કરીશ? મેં આ સંસારમાં ભમતાં અનેકવાર ભોગવ્યું, તો પણ તૃપ્તિ ન થઇ, તો હમણાં આ ભવમાં શું થવાનું છે? એ પ્રમાણે વિચારતા કેટલાક પુરૂષો સંસાર સ્વભાવને જાણનારા દીક્ષા લેવા તૈયાર થઇને માબાપ તથા બીજાં સગાંને તથા ધન ધાન્ય હિરણ્ય બે પગવાળાં દાસ દાસી તથા ચાર પગવાળાં પશુ વિગેરેને છોડવામાં (સિંહ માફક) વીર માફક આચરણ કરનારા બનીને યોગ્ય રીતે સંયમ અનુષ્ઠાનમાં તત્પર થયલા હોય છે, અને હિંસા ત્યાગી વિહિંસ (દયાળુ) તથા શોભન વ્રત ધારણ કરીને સુવ્રત બનેલા છે, તથા ઇંદ્રિયો દમીને દાંત છે, આવું નિર્મળ વર્ત્તન કરનારા છે. આના સંબધમાં નાગાર્જુનીયા કહે છે:—

**समणा भविस्सामो अणगारा अकिंचणा अपुत्ता अपसुया अविहिंसगा सुव्वया दंता परदत्त भोइणो पावं कम्मं न करेस्सामो समुट्ठाए ॥**

અમે આગાર (ઘર) રહિત અણગાર થઇશું; તેમ, અકિંચન અપુત્ર અપશુ (સ્ત્રી વિનાના) દયાળુ સારા વ્રત-વાળા, ઇંદ્રિ દમન કરનારા ગોચરીથી નિર્વાહ કરનારા બનીને

પાપ કર્મ નહીં કરશું. એમ જાણીને દીક્ષા લે છે. ( સુગમ સૂત્ર હોવાથી ટીકા નથી. ) આ પ્રમાણે પ્રથમ સિંહ જેવા બની દીક્ષા લે છે, અને પછી દીન ( રાંક ), શીયાળીયા જેવા વિહાર કરવામાં ઢીલા બનીને ત્યાગેલા ભોગોને પાછા ગ્રહણ કરી પતિત થયેલાને તું જો. પ્રથમ તેઓ દીક્ષા લે છે, અને પછી પાપના ઉદયથી દીક્ષા મુકી દે છે. ( ગુરૂએ પોતાના શિષ્યને સ્થિર કરવા શિથિળતાનો આવો દષ્ટાંત આપેલ છે. )

પ્ર:—તેઓ શા માટે દીન થાય છે?

ઉ:—તેઓ ઇંદ્રિયોના વિષયો તથા કષાયોથી પર વશ થવાથી વશાર્ત્ત છે, તેવા શિથિલને કર્મનો બંધ થાય છે. તે કહે છે:—

**सोयंदिय वसट्टेणं भंते ! कइ कम्म पगडीओ बंधइ ? गोयमा ! आउअ वज्जा ओ सत्तकम्म पगडीओ जाव अणुपरि अट्टइ, कोह वसट्टेणं भंते ! जीवे एवं चेव ॥**

ગોતમનો પ્રશ્ન:—હે ભગવન ! કાનને વશ થઇને જીવ કેટલી કર્મ પ્રકૃતિઓ બાંધે ?

ઉ:—આયુ છોડીને સાત.

પ્ર:—ક્રોધને વશ થઇને કેટલી ?

ઉ:—એજ પ્રમાણે.

આ પ્રમાણે માન વિગેરેમાં પણ સમ જવું, વળી તે ઢીલા

સાધુઓ પરીસહ ઉપસર્ગ આવતાં કાતર બને છે, અથવા વિષયના રસીઆ કાતર (બીકણ) બને છે.

પ્ર૦—તેઓ કોણ છે ? અને શું કરે છે ?

ઉ૦—તેઓ ઢીલા મનવાળા બનીને વ્રતોના વિધ્વંસક બને છે, આવું અઢાર હજાર શીલાંગવાળું બ્રહ્મચર્ય કોણ ધારી શકે ! આવું વિચારીને દ્રવ્ય લિંગ અથવા ભાવલિંગ ત્યજીને જીવોના વિરાધક બને છે, તે લિંગ ત્યજેલાનું પછી શું થાય છે તે કહે છે. ( અથનો અર્થ પછી છે ) કેટલાક વ્રત લઇને ભાંગી નાંખે છે, તેમને (પાપના ઉદયથી) વખતે અંતર્મુહુર્ત્તમાંજ મરણ આવે છે, કેટલાકની પાપરૂપ નિંદા થાય છે, પોતાના સાધુ કે બીજા સાધુઓમાં તેની અપકીર્ત્તિ થાય છે, તે કહે છે. તે આ પતિત સાધુ મસાણના લાકડા જેવો ભોગનો અભિલાષી દીક્ષા લે છે, અને મુકી દે છે માટે તેનો વિશ્વાસ ન કરવો, કારણકે તેને અકર્ત્તવ્યનું ભાન નથી ! કહ્યું છે કે-

परलोक विरुद्धानि, कुर्वाणं दूरतस्त्यजेत् ॥
आत्मानं यो न सन्धत्ते, सोऽन्यस्मै स्यात् कथं हितः ॥२॥

જે પરલોક વિરૂદ્ધ અકૃત્ય કરે છે, તેને દૂરથી તજવો, જે આત્માને ચારિત્રમાં સ્થિર નથી રાખતા, તે બીજાને હિતકારક કેવી રીતે થાય ? વિગેરે સમજવું.

અથવા સૂત્ર વડેજ તેની અશ્લાઘા બતાવવા કહે છે, તે આ સાધુ બનીને વિવિધ રીતે ભમતો સાધુપણાથી ભ્રષ્ટ થયલો છે. વીપ્સા (          ) વડે અત્યંત જુગુપ્સા (નિંદા) બતાવે છે. વળી, (ગુરૂ શિષ્યને કહે છે.) તમે જુઓ. કર્મની પ્રબળતા કેવી છે? કે, જેમનું નશીબ ફુટેલું છે, તેવા ઉદ્યુતવિહારી (ઉત્તમ સાધુ) સાથે રહેવા છતાં પણ, હજુ તેઓ શિથિળ વિહાર બની રહ્યા છે, તથા સંયમ અનુષ્ઠાન વડે વિનયશીળ બનેલા સાથે રહીને તેઓ નિર્દય બનેલા પાપ અનુષ્ઠાન કરનારા છે, તથા વિરત સાથે અવિરત, દ્રવ્ય, ભૂત સાથે અદ્રવ્ય ભૂત પાપનાં કલંકથી અંકિત થવાથી એવા ઉત્તમ સાધુઓ સાથે વસતાં પણ સુધરતા નથી. (અર્થાત્ જગત્માં સારા સાધુઓ નજરે જોવા છતાં પણ, ઢીલા સાધુ સુધરતા નથી.) આવા ઢીલા સાધુને જાણીને શું કરવું? તે કહે છેઃ—હે સાધુ! તું પંડિત છે. જ્ઞાત જ્ઞેય છે, મર્યાદામાં રહેલ મેધાવી છે, વિષય સુખની તૃષ્ણા તેં દૂર કરી છે, તથા તું વીર હોવાથી કર્મ વિદારણ કરવામાં શક્તિવાન છે, તેથી સર્વજ્ઞપ્રણીત ઉપદેશના અનુસારે સર્વદા સંયમ અનુષ્ઠાનમાં વર્ત્તજે. આ પ્રમાણે સુધર્માસ્વામિ કહે છેઃ—

ધૂત અધ્યયનનો ચોથો ઉદ્દેશો સમાપ્ત.

## ધૂત અધ્યયન પંચમ ઉદ્દેશો.

ચોથો કહીને પાંચમો કહે છે. તેનો આ સંબંધ છે. ગયા ઉદ્દેશામાં કર્મ દૂર કરવા ત્રણ ગૌરવ છોડવાનું બતાવ્યું; અને તે કર્મ વિધૂનન ઉપસર્ગ વિધૂનન વિના સંપૂર્ણ ભાવને અનુભવતું નથી; તથા સત્કાર પુરસ્કાર રૂપ સન્માનના વિધૂનન વિના ગૌરવ ત્રિકની વિધૂનના સંપૂર્ણતાને ન પામે; એથી ઉપસર્ગ સન્માનને વિધૂનન કરવા આ ઉદ્દેશો કહે છે. આ સંબંધે—આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે. અસ્ખલિતાદિ ગુણ યુક્ત ઉચ્ચાર્યું તે કહે છે:—

सेगिहेसु वागिहंतरेसुवा गामेसुवा गामंतरेसुवा नगरेसुवा नगरंतरेसुवा जणवएसुवा जणवयंतरेसुवा गामनयरंतरेवा गामजणवयंतरेवा नयरजणवयंतरेवा संतेगइया जणा लूसगा भवंति अदुवा फासा फुसंति ते फासे पुट्ठे धीरो अहियासए, ओए समिय दंसणे, दयं लोगस्स जाणित्ता पाईणं पडीणं दाहिणं उदीणं आइक्खे, विभए किट्टे वेयवी, से उट्ठिएसु वा अणुट्ठिएसु वा सुस्सूसमाणेसु पवेयए संतिं विरइं उवसमं निव्वाणं सोयं अज्जवियं मद्दवियं लाघवियं अणइवत्तियं सव्वेसिं पाणाणं

**सव्वेसिं भूयाणंसव्वेसिं सत्ताणं सव्वेसिं जीवाणं अणुवीइ भिक्खु धम्म माइक्खिज्जा ( सू० १९४ )**

તે પંડિત મેધાવી નિષ્ઠિત અર્થવાળો વીર સાધુ સદા સર્વજ્ઞ પ્રણીત ઉપદેશ પ્રમાણે વર્તનારો ગૌરવત્રિકથી અપ્રતિબદ્ધ નિર્મમ નિષ્કિંચન નિરાશ એકાકી વિહારપણે (જીનકલ્પી જેવો) ગામ ગામ વિચરતો ક્ષુદ્ર તીર્યંચ નર, દેવે કરેલા ઉપસર્ગ પરિસહોથી દુઃખના સ્પર્શો ભોગવતો છતાં નિર્જરાનો અર્થી બનીને સારી રીતે સહન કરે.

પ્ર૦—કઈ જગ્યાએ તેને તેવા પરિસહ ઉપસર્ગો દુઃખ દે? તે કહે છે. આહાર વિગેરે માટે ઘરમાં જતાં ( ઉંચ નીચ મધ્યમ જાતિનાં ઘરો હોય માટે બહુ વચન સૂત્રમાં છે) તથા ઘરોના વચમાં જતાં તથા (બુદ્ધિ વિગેરે ગુણોને ખાઈ જાય તે ગામ) ગામમાં ગામાંતરમાં તથા કર વિનાનાં નગરોમાં અથવા અંતરાળે જતાં થાય છે, તથા જ્યાં લોકોને રહેવાનાં સ્થાન તે જનપદ છે, તે અવતિ (માળવો) વિગેરે છે, તે દેશો સાધુને વિહાર યોગ્ય સાડા દેશ છે (તે આર્ય દેશ છે બાકીના ૩૧૯૭૪ાા અનાર્ય છે. ) નીચે ટીપણુમાં બીજા સૂત્રનો પાઠ મુકયો છે.

पुरच्छिमेण कप्पइ निग्गंथाणवा निग्गंथीणवा जाव मगहाओ एत्तए, दक्खिणेणं कप्पइ निग्गंथाणवा निग्गंथीण वा जाव कोसंबीओ एत्तए पच्छि-

मेणं जाव थुणा विसओ, उत्तरेणं जाव कुणाला विसओ, ताव आरिए खित्ते नोकप्पइत्तो बाहिंत्ति, अस्यां च आर्यभूमिकायां सार्द्ध पंचविंशतिर्जन· पदा धर्मक्षेत्राण्यर्हद् भिरुक्तानि ॥

તે સમયે સાધુઓને વિચરવા યોગ્ય ક્ષેત્રની બંધાયલી હદ નીચે પ્રમાણે હતી.

પૂર્વ દિશામાં સાધુ સાધ્વીને મગધ દેશ સુધી વિચરવું કલ્પે, દક્ષિણમાં કોશંબી, પશ્ચિમમાં થુણા દેશ સુધી અને ઉત્તરમાં જાવ કુણાલા દેશ સુધી આર્ય ક્ષેત્ર છે, તેની બહાર જવું સાધુ સાધ્વીને ન કલ્પે, ઉપર બતાવેલ હદમાં આર્ય ભુમિમાં રપાા દેશ છે, તે જિનેશ્વરે ધર્મ ક્ષેત્ર તરીકે વર્ણવ્યા છે.

તે દેશોની વચમાંના ભાગમાં સાધુ વિચરે, અથવા ગામ નગરના અંતરાલે અથવા ગામ દેશના વચમાં તેજ પ્રમાણે નગર દેશના વચમાં અથવા ઉદ્યાનમાં અથવા તેના આંતરે વિચરતાં અથવા જતાં આવતાં અથવા તે ભિક્ષુને ગામ વિગેરેમાં રહેતાં કાઉસગ્ગ વિગેરે કરતાં કેટલાક પાપ રૂપ કાળાશથી મલિન અંતઃકરણવાળા જે માણસો લુચ્ચા (ક્લિષ્ટ) હોય; તે સાધુને દુઃખ દે છે. (ચાર ગતિમાં ભમતા જીવોમાં) સાધુને નારકી દુઃખ દેવાને અશક્ત છે. નિર્ગ્રંથ અને [illegible] માર્ગ [illegible] પાર થાય; તેથી

મનુષ્યોથીજ પ્રાયે સાધુને ઉપસર્ગ થાય છે. માટે, જન (માણસ) શબ્દ લીધો છે. અથવા, જેઓ જન્મે; તે જન છે, અને તેથી જન શબ્દનો અર્થ તિર્યંચ નર, અને અમર લીધો છે. એટલે, સાધુઓને વિહાર વિગેરેમાં આ ત્રણે અનુકૂળ તથા પ્રતિકૂળ એક અથવા બંને પ્રકારે ઉપસર્ગ કરે છે, તેમાં દેવતાના ઉપસર્ગ ચાર પ્રકારના છે. (૧) હાસ્યથી. (૨) દ્વેષથી. (૩) વિમર્શથી. (૪) પ્રથક્ વિમાત્ર ( )થી છે. તેમાં પ્રથમનો ક્રીડામાં તત્પર કોઇ વ્યંતર દેવ હાસ્યથીજ વિવિધ ઉપસર્ગોને કરે. જેમકે—ભિક્ષા માટે આવેલા નાના સાધુઓએ ભિક્ષાના લાભને માટે પલલ ( ) વિકટ તર્પણુ ( ) વિગેરેથી યાચતા વ્યંતરને મળ્યા. પછી, ભિક્ષા પ્રાપ્ત થયા પછી તેણે તે ચીજો માગી; તેથી, તે વ્યંતરને ખુશી કરવા ત્યાંથી તે ચીજ લાવીને તેમણે આપી. તે વ્યંતરે પણ ક્રીડામાંજ તે નાના સાધુઓ ક્ષીબા ( ) માફક બનાવ્યા.

(૨) દ્વેષથી ભગવાન મહાવીરને મહા મહિનામાં ખરી ઠંડમાં તાપસીનું રૂપ ધારીને વ્યંતરીએ પોતાના ચોટલામાં ઝાડની છાલનું વસ્ત્ર પાણીથી ભીંજાવીને તેના વડે પાણીનો ઠંડો છંટકાવ કર્યો. (૩) વિમર્શથી આ સાધુ ધર્મમાં દૃઢ છે કે નહિ? તે જોવા અનુકૂળ પ્રતિકૂળ ઉપ-

ત્રણેથી પરીક્ષા કરે તે બતાવે છે. જેમકે—સંવિગ્ન સાધુની ભક્ત બનેલી કોઇ વ્યંતરીએ સ્રીનો વેષ ધારીને ઉજ્જડ દેવળમાં બેઠેલા સાધુને અનુકૂળ ઉપસર્ગોથી ચલાયમાન કરવા ધાર્યું; પણ તે ચલાયમાન ન થવાથી આ દૃઢ ધર્મી છે. એમ જાણીને ભક્તિથી વાંદ્યા. (૪) જુદી જુદી રીતે હાસ્યથી, દ્વેષથી કે, વિમર્શથી કોઇ પણ એકથી પરીક્ષા કરે. જેમકે—ભગવાન મહાવીરને સંગમ નામના એકજ દેવતાએ વિમર્શથી શરૂ કર્યા; અને દ્વેષથી પરિષહ પુરા કર્યા. એટલે, આ ઉપસર્ગમાં પ્રારંભ અને અંત જુદી જુદી રીતે થાય છે.

માણસથી પણ સાધુને ચાર પ્રકારે ઉપસર્ગ થાય છે. (૧) હાસ્યથી (૨) દ્વેષથી, (૩) વિમર્શથી, (૪) કુશીળતાના સેવન માટે. તેમાં હાસ્યથી દેવસેનાગણીકાએ નાના યુવક સાધુને કુમાર્ગે દોરવા સતાવ્યો; ત્યારે સાધુએ દાંડાથી તાડના કરી, વેશ્યાએ રાજા પાસે ફરીયાદી કરી. નાના સાધુને રાજાએ બોલાવ્યો. યુવકે શ્રીગૃહનાં દૃષ્ટાંતથી સમજાવ્યો કે, હે રાજન્! તારો ખજાનો લુટે; તો તું શું કરે? ઉ૦ શિક્ષા કરૂં. સાધુએ કહ્યું કે:—તેજ રીતે મેં ઘણી સમજાવી કે, સાધુઓનું ધન નિર્મળ શીળ છે. માટે તું દૂર થા. પણ તેણે કાંઇ મને ન માન્યું. માટે, મારે શિક્ષા કરવી પડી છે. (૨) દ્વેષથી સોમભૂતિ સા-

રાએ ગજસુકુમારને માથા ઉપર બળતા અંગારા ભર્યા. (૩) વિમર્શથી ચાણાક્ય મંત્રીની પ્રેરણાથી ચંદ્રગુપ્ત રાજાએ ધર્મની પરીક્ષા કરવા પોતાની રાણીઓ પાસે ધર્મ સંભળાવતા સાધુને ઉપસર્ગ કરાવ્યો. સાધુએ પણ બીજો કોઇ ઉપાય છેવટ સુધી ન જોવાથી થોડી તાડનાથી દૂર કરી, રાણીઓએ ફરીયાદ કરી. સાધુએ રાજના ભંડારનો દાખલો આપી રાજાને પ્રતિબોધ્યો. (૪) કોઇ દુરાચાર માટે પ્રાર્થના કરે. જેમકે—ઇર્ષ્યાળુ શેઠના ઘરમાં ધણીના અભાવમાં કોઇ પણ સંજોગોથી ત્યાં એક સાધુ રાત રહ્યો. તેમને ચાર જુવાન સ્ત્રીઓએ ધણીના અભાવે વારાફરતી તેમને આખી રાત પજવ્યા; પણ. દરેક પહોરમાં તે ન લોભાતાં મેરૂ પર્વત માફક નિશ્ચળ રહ્યા. તિર્યંચના પણ ભય, દ્વેષ, આહાર. અને બાળક રક્ષણના માટે ચાર પ્રકારેજ ઉપસર્ગ છે. (૧ ભયથી સાપ વિગેરે ચમકીને કરડે છે. દ્વેષથી ભગવાન મહાવીરને ચંડકોશીએ ઉપસર્ગ કર્યો. આહાર માટે સિંહ વાઘ વિગેરે મારે છે. અને અપત્ય રક્ષણ માટે કાકી (          ) વિગેરે પીડે છે.

ઉપર બતાવ્યા પ્રમાણે ઉપસર્ગ કરવાથી ( ઉપર બતાવેલા અર્થ પ્રમાણે જનો સાધુઓના લૂષક (દુઃખ દેનારા) છે.

અથવા તેવા તેવા ગામ વિગેરે સ્થાનમાં જતાં દુઃખના સ્પર્શો આત્માને પીડનારા થાય છે. તે ચાર પ્રકારના છે.

જેમકે આંખમાં કણુ વિગેરે પડવાથી ઘટ્ટનતા થાય છે. અને ભમેલની મૂર્છા વિગેરેથી પતનતા ( પડવું ) થાય છે. વાયુ વિગેરેથી સ્તંભનતા ( રોકાણ ) થાય છે અને તાળવા વિગેરેમાં અંગુળી વિગેરે ઘાલવાથી શ્લેષણતા (         ) થાય છે.

અથવા વાત પિત્ત શ્લેષ્મ વિગેરેના ક્ષોભથી કડવા સ્પર્શો થાય છે. અથવા નિષ્કિંચનપણાથી તૃણ સ્પર્શ ડાંસ મચ્છર તથા ઠંડ તાપ વિગેરેના પીડારૂપ સ્પર્શો કોઇ વખત થાય છે.

તેવા કોઈ પણ પરીસહો આવે તો તેના દુઃખના સ્પર્શોથી સાધુ પોતે ધીર બનીને સહન કરે. મનમાં ચિંતવે, કે આથી પણ વધારે દુઃખો નારકી વિગેરેમાં કર્મના અવશ્યપણાથી બાંધેલાં ઉદયમાં આવતાં પછી પણ ભોગવવાનાં રહેશે, માટે હમણાંજ ભોગવવાં ઠીક છે, એમ વિચારી સહે.

કેવો મુની સહન કરે ? ઉ—કહે છે.

અથવા ઉપર બતાવેલ સાધુ પોતાના ઉત્તમ ગુણોથી પરીસહો સહીને પોતાનોજ રક્ષક છે. એમ નહીં પણ ગુણોવડે બીજાઓનો પણ રક્ષક છે. તે બતાવે છે. ઓજઃ એટલે રાગ વિગેરેથી રહિત સારી રીતે દર્શનને પામેલો તે સમિત દર્શન છે અથવા સમ્યગ્દૃષ્ટિ છે, અથવા ઉપશમને પામેલા, દર્શનવાળો, અર્થાત્ દૃષ્ટિ તે જ્ઞાન છે. તે સમિત દર્શન છે. એટલે ઉપશાંત અધ્યવસાયવાળો જાણવો.

અથવા સમતાને પામેલા દર્શનવાળો અર્થ દૃષ્ટિ લેતાં સમદૃષ્ટિ જાણવો એટલે એવા ઉત્તમ ગુણોને ધારણ કરનાર સાધુ પરીસહોને સહે અથવા (પછીના ક્રીયાપદ સાથે સંબંધ લેતાં) તે ધર્મને કહે.

પ્ર૦—શું આલંબન લઇને ?

ઉ૦—કહે છે. તે જંતુલોક (જીવમાત્ર) ઉપર દ્રવ્યથી દયા જાણીને ધર્મ કહે. (કે એ જીવો કોઇપણ રીતે તરો) ક્ષેત્રથી પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર તથા બીજી પણ દીશાના વિભાગોમાં (બધી જગ્યાએ) જોઇને સર્વત્ર દયા કરતો તે સાધુ ધર્મ ઉપદેશ કરે છે. કાળથી આખી જીંદગી સુધી દયા પાળે છે. ભાવથી રાગદ્વેષ ત્યાગીને મધ્યસ્થ પણે ધર્મ કહે છે.

પ્ર૦—કેવી રીતે કહે ?

ઉ૦—બધા જીવો દુઃખના દ્વેષી સુખના ચાહનારા પોતાના આત્માની માફક સદા જાણી લેવા કહ્યુ છે કે—

**न तत्परस्य संदध्यात्, प्रतिकूलं यदात्मनः ।**
**एष सङ्ग्राहिको धर्म्मः, कामादन्यः प्रवर्त्तते ॥१॥**

જે પોતાને ગમતું નથી, તેવું બીજાને ન કરવું. એજ સંગ્રાહિક (સાર રૂપ) ધર્મ છે. તે કામ (ઇચ્છાઓ)થી જુદો પ્રવર્ત્તે છે. (પોતે દુઃખ ભોગવીને પણ બીજાને સુખ આપવું) વિગેરે છે. તે પ્રમાણે ધર્મને કહેતાં પોતે પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવના ભેદો વડે અથવા આક્ષેપણી વિગેરે ચાર

પ્રકારની કથાઓ વડે પોતે પણ જીવ હિંસા જુઠ ચોરી કુસંગ પરિગ્રહ અને રાત્રી ભોજન વિગેરે અકાર્યથી દૂર રહી ધર્મ પાળે.

અથવા આ પુરૂષ કોણ છે? કયા દેવને માને છે? તેનો અભિપ્રાય કેવો છે? અથવા અભિપ્રાય વિનાનો છે? એવું બધું વિચારીને સાંભળનારની યોગ્યતા પ્રમાણે વ્રતો તથા સંયમ અનુષ્ઠાનનું ફળ બતાવે.

પ્ર—આવો ધર્મ કોણ કહે?

ઉ—વેદ (જૈન આગમ) જાણનારો હોય તે. આ સંબંધમાં નાગાર્જુનીયા આ પ્રમાણે કહે છે.

जे खलु समणे बहुस्सुए बज्झागमे आहरणहेउकुसले धम्मकहालद्धिसम्पन्ने खेत्तं कालं पुरिसं समासज्ज केऽयं पुरिसे कं वा दरिसणमभिसम्पन्नो? एवं गुणजाइए पभू धम्मस्स आघवित्तए"

જે નિશ્ચયે સાધુ બહુશ્રુત આગમનો જાણ દૃષ્ટાંત હેતુ બતાવવામાં કુશળ ધર્મ કથાની લબ્ધિવાળો ક્ષેત્રકાળ પુરૂષ એ બધાનો વિચાર કરે કે આ પુરૂષ કોણ છે. તેનું મંતવ્ય શું છે. એ પ્રમાણે ગુણોની જાતિએ યુક્ત હોય તેજ ધર્મ કહેવાને સમર્થ છે.

પ્ર૦—તે કેવા નિમિત્તોમાં ધર્મ કહે?

ઉ૦—તે આગમનો જાણ પોતાના તથા બીજા મતના સિદ્ધાંતને જાણનારો ભાવઉત્થાન વડે ઉઠેલા સાધુઓમાં ધર્મ કહે. (વા શબ્દનો સંબંધ બીજા પક્ષનો પ્રકાશ કરે છે.) એટલે પાર્શ્વનાથ ભગવાનના મોક્ષ ગયા પછી પણ તેમના સાધુઓ તે સમયના રિવાજ પ્રમાણે ચાર મહાવ્રત પાળતા વિચરે, તેમને સમય બદલાતાં મહાવીર પ્રભુના શાસનમાં રહેલ ગણધરો પાંચ મહાવ્રતનો ધર્મ બતાવે (જેમ કેશી ગણધરના શિષ્યોને ગૌતમ સ્વામિના શિષ્યોનો મેળાપ થયો, અને બંનેમાં શંકા થતાં બંનેના ગુરૂઓ ભેગા થતાં ગૌતમ સ્વામિએ કેશી ગણધરને પંચ મહાવ્રતનો ધર્મ સમજાવ્યો. અને તેમણે સ્વીકાર્યો.)

અથવા પોતાના શિષ્યો જેઓ વિનયથી સાંભળવા ઉભા થયા હોય તેમને નવું તત્વ જાણવા માટે ધર્મ સંભળાવે, અથવા દીક્ષા ન લીધેલા શ્રાવક વિગેરે જેઓ ધર્મ સાંભળવાની ઇચ્છાવાળા બની ગુરૂ વિગેરેની સેવા (વૈયાવચ્ચ) કરતા હોય; તેમને સંસારથી પાર ઉતારવા ગુરૂ ધર્મ કહે છેઃ—

પ્રઃ—કેવો ધર્મ કહે ?

ઉઃ—શમન (શાંતિ અહિંસા) તેવા જીવ દયાના ધર્મને કહે; તથા જીવ રક્ષા કરવા વિરતિ સમજાવે. આ વિરતિના સૂચનથી જુઠ વિગેરેની વિરતિ જાણવી એટલે, પાંચે મહાવ્રત સમજાવે; તથા ઉપશમ ક્રોધના જયનું સ્વ-

રૂપ બતાવે; તેથી ઉત્તર ગુણોનો પણ ઉપદેશ કરે એમ જાણવું; તથા નિર્વૃત્તિ ( નિર્વાણ ) મોક્ષનું સ્વરૂપ બતાવે. કે, મૂળ ગુણ અને ઉત્તર ગુણ બરોબર પાળવાથી આ લોકમાં બહુ માન, અપૂર્વ શાંતિ, અને પર ભવમાં સ્વર્ગનું સુખ, અને છેવટે મોક્ષ મળે છે.

તથા શૌચ એટલે બધી ઉપાધીથી રહિત પવિત્ર મતનું ધારવું, તથા માયાની વક્રતા ત્યાગવાથી આર્જવ છે, તથા માન સ્તબ્ધ પણું ત્યાગવાથી કોમળતા છે. તથા બાહ્ય અભ્યંતર ગ્રંથ ત્યાગવાથી લાઘવ છે, તે કેવી રીતે કહે છે. તે બતાવે છે યથાવસ્થિત વસ્તુ જેવી રીતે આગમમાં કહી હોય તેવી રીતે ઓલંઘ્યા વિના કહે છે.

પ્ર:—કોને કહે છે?

ઉ:—દશ પ્રકારના પ્રાણને ધારનારા પ્રાણીઓ તે સામાન્યથી સંજ્ઞી પંચેદ્રિયોને કહે છે. તથા મુક્તિ ગમન યોગ્ય જે ભવ્યપણે ભુત (રહેલા) છે, તેમને કહે છે. તથા સંયમ જીવિત વડે જીવે છે. અને જીવવાની ઇચ્છાવાળા જીવો છે. તથા તિર્યંચ નર, અમર, જેઓ સંસારમાં દુઃખ પામતા રહેલા છે. અને દયાને પાત્ર છે, તેવા બધા સત્વોને ધર્મ કહે છે, અથવા પ્રાણી ભૂત જીવ સત્વ એ ચારે એક અર્થવાળા છે. તેવા જીવોને તેમની યોગ્યતા પ્રમાણે ક્ષાંતિ વિગેરે દશ પ્રકારનો ધર્મ પૂર્વે બતાવેલો છે, તે કહે છે. અને

શાંતિ વિગેરે પદોમાં બતાવેલ તત્વને વિચારીને સ્વ અને પરના ઉપકાર માટે ભિક્ષુ જે ધર્મ કથાની લબ્ધિવાળો હોય તે કહે છે. અને તે ધર્મ જેવી રીતે કહે છે, તે બતાવે છે.

**अणुवीइ भिक्खू धम्म माइक्खमाणे नो अत्ताणं आसाइज्जा नो परं आसाइज्जा नो अन्नइं पाणाइं भूयाइ जीवाइं सत्ताइं आसाइज्जा, से अणासायए अणासायमाणे वज्झमाणाणं पाणाण भूयाणं जीवाणं सत्ताणं जहासे दीवे असंदीणे एवं से भवइ सरणं महा मुणी, एवंसे उट्ठिए ठियप्पा अणिहे अचले चले अबाहिल्लेसे परिव्वए संक्खाय पेसलं धम्मं दिट्ठिमं परिनिव्वुडे, तम्हा संगंति पासह गंथेहिं गढिया नरा विसन्ना कामक्कता तम्हा लूहाओ नो परिवित्तासिज्जा, जस्सिमे आरंभा सव्वओ सव्वप्पयाए सुपरिन्नाया भवंति जेसिमे लूसिणो नो परिवित्त संति, सेवंता कोहंच माणंच मायंच लोभंच एसतुट्ट विग्याहिए तिबेमि ( सू० १९५ )**

તે મુમુક્ષુ ભિક્ષુ–ધર્મને પૂર્વા પર વિચાર કરીને, અથવા સાંભળનાર પુરૂષની પૂર્વા પર સ્થિતિ વિચારી જેને જેવું કથન યોગ્ય હોય; તેવો ધર્મ તેને કહે છે. ( આ ઉપસર્ગ મર્યાદાના અર્થમાં છે તેથી, ) મર્યાદા વડે સમ્યગ્ દર્શન

વિગેરેનું જેવું અનુષ્ઠાન હોય; તેથી શાતના (વિરૂદ્ધ) કરતાં અશાતના થાય છે માટે, તેવી આશાતનાથી આત્માને દોષિત ન કરે. અર્થાત્ જેમ આશાતના ન થાય; તેમ ધર્મ કહે; અથવા આત્માની આશાતના બે પ્રકારે છે. દ્રવ્યથી તથા ભાવથી. દ્રવ્યથી જેમ, આહાર ઉપકરણ વિગેરે દ્રવ્યની કાલ અતિ પાતાદિ સંબંધી આશાતના (બાધા) ન થાય; તેમ કહે. (લોકોને જમવાનો વખત હોય; તેટલી મોડી વાર સુધી કથા કહે; તો, લોકોને શરમથી ન ઉઠતાં જમતાં અંતરાય થાય; અથવા શિષ્યોને ગોચરી લાવતાં વહેંચતાં મોડું થતાં, પોતાને તથા બાળવૃદ્ધ તપસ્વી માંદાને કાળ ઉલ્લંઘતાં બાધા થાય) તે આહાર વિગેરે દ્રવ્યની બાધાથી પોતાના શરીરને પણ પીડા થાય; તેથી ભાવ મલિન થતાં ભાવાશાતના પણ થાય; અથવા કહેતાં ગાત્ર ભંગ રૂપ ભાવ આશાતના ન થાય; તેમ કહે: તથા સાંભળનારની હીલના (નિંદા) ન કરે; કે, સાંભળનારને ક્રોધ ચડતાં આહાર ઉપકરણ અથવા સાધુના શરીરની કોઈ પણ રીતે પીડા કરવામાં તત્પર થાય તેમ કથા ન કરે, એમીજ સાંભળનારની આશાતના વર્જીને ધર્મ કહે, અથવા અન્ય પ્રાણી ભુત જીવ સત્વોને બાધા ન કરે, તે મુનિ પોતાની મેળે પોતાનો રક્ષક હોવાથી અનાશાતક છે. તેમ બીજાને ક્રોધી ન બનાવવાથી પોતે બીજાની આશાતના કરતો નથી. તેમ

કોઇ આશાતના કરે તો તેની અનુમોદના ન કરતો (બીજા) મરાતા પ્રાણીઓ ભૂતો જીવો સત્વોને પોતાના તરફથી કે પારકા તરફથી પીડા ન થાય તેવો ધર્મ કહે. જેમકે કોઈ લૌકિક કુપ્રાવચનિક પાસત્થા વગેરેને દાન આપવાની પ્રશંસા કરે, અથવા કુવા તળાવ બનાવવાની પ્રશંસા કરે તો પૃથ્વીકાય વિગેરેને દુઃખ થાય, તેનો દોષ સાધુને લાગે, તથા તે દાનની નિંદા કરે તો તે બીજા જીવોને દાન ન મલવાથી સાધુને અંતરાય કર્મ બંધાવાનો વિપાક ભોગવવો પડે. કહ્યું છે કે—

**जे उ दाणं पसंसंति, वहमिच्छंति पाणिणं।**
**जे उ णं पडिसेहिंति, वित्तिच्छेअं करिंति ते ॥ १ ॥**

જેઓ સાધુ થઇને અસાધુના દાનની પ્રશંસા કરે છે. તે સાવદ્ય હોવાથી સાધુઓને પ્રાણીઓના વધનો દોષ લાગે છે. અને તે દાનની નિંદા કરે તો દાન લેનારની વૃત્તિનો છેદ કરે છે.

તેથી તે દાન તથા કુવા તળાવ સંબંધી વિધિ નિષેધમાં મધ્યસ્થ ભાવ રાખીને યથાવસ્થિત શુદ્ધ દાનની પ્રરૂપણા કરે, તથા સાવદ્ય અનુષ્ઠાનનું સ્વરૂપ બતાવે, ( કે આ પાપ ન કરવાં જોઇએ. ) આ પ્રમાણે ઉપયોગ રાખી બોલનારો સાધુ બંને દોષને ત્યાગનારો જીવોને આશ્વાસ ભૂમિ આપનારો થાય છે. આ બાબતને દૃષ્ટાંતથી સમજાવે છે.

કે પૂર્વે બતાવેલ અસંદીન દ્વીપ (ભરતીના પાણીથી ન ડુબતો) શરણુ રૂપ થાય છે. તેમ આ મહામુની જીવોના રક્ષણનો ઉપાય બતાવવાથી મરનારા જીવોની રક્ષા કરનાર તથા મારનાર હિંસકને તેના પાપી વિચારથી બચાવવાથી વિશિષ્ટ ગુણુ સ્થાન મેળવવાથી શરણુ લેવા યોગ્ય થાય છે. તે કહે છે. પૂર્વે કહ્યા પ્રમાણે વિધિએ જે ધર્મ કથાને કહે, તે કેટલાક જીવોને દીક્ષા અપાવે છે. કેટલાને શ્રાવકો બનાવે છે. કેટલાકને સમ્યગ્ દર્શનવાળા કરે છે, અને કેટલાકને મિથ્યાત્વથી હટાવી ભદ્ર પરિણામવાળા બનાવે છે.

પ્ર–કેવા ગુણુવાળો આ સાધુ દ્વીપ માફક શરણુ યોગ્ય થાય છે? ઉ. હવે પછી કહેવાતા ભાવ ઉત્થાનવડે સંયમ અનુષ્ઠાન કરતો ઉત્કૃષ્ઠથી તૈયાર હોય; તથા જ્ઞાનાદિક રૂપ મોક્ષના માર્ગમાં સ્થિત હોય તથા સ્નેહ રહિત હોય, તથા રાગદ્વેષ છોડવાથી અપ્રતિબદ્ધ હોય, તથા પરિસહ ઉપસર્ગમાં ચલાયમાન ન થાય, માટે અચળ છે. અને એક જગ્યાએ ચડી ન રહેતાં યોગ્ય વિહાર કરવાથી ચલ પણુ છે તથા સંયમથી જેની લેશ્યા (અધ્યવસાય) બહાર ન હોય, તે અબહિર્લેશ્યાવાળો કહેવાય. એવો મુની બધી રીતે સંયમ અનુષ્ઠાનમાં વર્તે, પણુ કોઈ જગ્યાએ ફસાય નહિ, પ્ર. તે શામાટે સંયમ અનુષ્ઠાનમાં વર્તે ' સંખ્યાય' એટલે શોભન ધર્મને વિચારી અવિપરીત દર્શન (દષ્ટિ)વાળો થાય, અથવા

સદનુષ્ઠાનરૂપ દૃષ્ટિવાળો (દૃષ્ટિમાન) બને, અને તેનું કારણ તેના કષાયો કાંતો શાંત હોય છે, કાં તો ક્ષય હોય છે, તેથી પોતે પરિનિવૃત શીતીભૂત (ઠંડા સ્વભાવનો) છે, પણ તેવા ગુણવાળો ન હોય, તે મિથ્યા દૃષ્ટિ જીવ પેશલ ધર્મને પામતો નથી, તે બતાવે છે, (ઇતિ અવ્યય હેતુના અર્થમાં છે) જેથી મિથ્યા દૃષ્ટિનું વિપરીત દર્શન હોવાથી સંગ (પ્રેમ)વાળો મોક્ષમાં ન જાય, તેથી તેના માતા પિતા પુત્ર સ્ત્રી સંબંધી અથવા ધન ધાન્ય વિગેરેથી થતા સંગ વિપાક ને તમે જુઓ ! વિવેકથી હૃદયમાં વિચારો, ! સૂત્રથીજ સંગ કહે છે, તે સંગવાળા નરો બાહ્ય અભ્યંતર ગ્રંથથી ગુંથાયેલા ગદ્ધ થએલા ગ્રંથના સંગમાં ઇચ્છિત ન થતાં ખેદ પામતા છતા સંગ્રહ નિમગ્ન ઈચ્છા મદન કામથી આક્રાંત (અવષ્ટબ્ધ, ખુંચેલા) બનેલા મોક્ષમાં જતા નથી.

પ્રઃ—જો એમ છે તો શું કરવું ?

ઉઃ—જેકામથી આસક્ત (પ્રેમી) ચિત્ત થઈને સગાં તથા ધન ધાન્ય વિગેરેમાં મૂર્છા પામેલા કામ સંબંધી શરીર મન વિગેરેનાં દુઃખોથી પીડાયેલા છે, તેનાથી હે શિષ્ય ! તું લુખા દેખાતા સંગ દૂર કરવા રૂપ સંયમથી ત્રાસ ન પામીશ, સંયમ અનુષ્ઠાનથી કંટાળતો નહિ, કારણકે સંયમના દુઃખ કરતાં પ્રભૂત (અતિશે) દુઃખ ભોગવનારા સંસાર સંગી જીવો છે.

પ્ર૦—કયા સાધુને સંયમથી ન ડરવાનો સંભવ છે ?

ઉ૦—જે મહામુનિએ સારી રીતે સંસાર મોક્ષનાં પૂર્વે કહેલાં કારણો જાણ્યાં છે, તેને આ સંગ રૂપ આરંભો અવિગાન (એક સરખા) પણ બધા માણસે આચરેલ છે, અને તે પ્રત્યક્ષ હોવાથી ઇદમ્ (આ) શબ્દ વડે બતાવ્યા છે, તે આરંભો સર્વે પ્રકારે જાણીતા છે, પ્ર૦ તે આરંભો કેવા છે ?

ઉ૦—જેમાં ગ્રંથના ગુંથાયેલા વિષણ્ણ ચિત્તવાળા કામ ( ઇચ્છા ) ઓના ભરથી ફસાયેલા માણસો હિંસક બનેલા અજ્ઞાન મોહના ઉદયથી પાપ કરતાં ત્રાસ પામતા નથી, પણ જે ઉપર બતાવેલા આરંભોને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગે છે. તેણેજ આરંભો સારી રીતે જાણેલા સમજવા.

પ્ર૦—જે આરંભોનો પરિજ્ઞાતા છે, તે બીજું શું કરે ? તે કહે છે.

તે મહા મુની પૂર્વે બતાવેલા ઉત્તમ ગુણવાળો છે, તે ક્રોધ માન માયા લોભને ત્યાગીને મોહનીય કર્મ તોડે; ('ત્યાગીને' એ અવ્યય પ્રથમ લેવાનું કારણ એ છે કે તે ક્રોધ વિગેરે ચારે કષાયો બધા ભેદ સહિત ત્યાગવાના છે. અને ક્રોધને પ્રથમ લેવાનું કારણ તેનો સંબંધ માન સાથે છે. એટલે માનીને ક્રોધ થાય છે. તથા લોભને માટે માયા થાય, માટે પ્રથમ માયા લીધી છે. અને બધા દોષોનો

આશ્રય તથા સૌથી મોટો અને છેવટ સુધી રહેતો હોવાથી લોભને છેલ્લો લીધો છે.

અથવા ક્ષપણા તે કર્મની નિર્જરામાં તે પ્રમાણે ક્રમ છે. 'ચકાર' નિશ્ચયથી જુદી જુદી અપેક્ષા માટે સમુચ્ચય અર્થમાં છે ) તેથી એ પ્રમાણે ક્રોધ વિગેરે મોહને ત્યાગનારો સંસાર સંતતિ (ભવભ્રમણ)થી ત્રુટ્ટ (છુટેલો) તીર્થંકર વિગેરે એ વર્ણવ્યો છે. એવું સુધર્માસ્વામિ કહે છે. અથવા હવે પછીનું પણ તેઓ કહે છે, તે બતાવે છે.

**कायस्स विघायाए एस संगामसीसे वियाहिए सेहुपारंगमे मुणी, अविहम्ममाणे फलगावयट्ठी कालोवणीए कंखिज्ज कालं जाव सरीरभेउ त्तिबेमि धूताध्ययनं ( सू० ११६ ) ६–५ ॥**

ઔદારિક વિગેરે ત્રણ શરીર અથવા ચાર ઘાતિ કર્મનો નાશ કરવા માટે તે મુની સંગ્રામના મથાળે ઉભેલો વર્ણવ્યો છે. અથવા (ચિ ધાતુનો અર્થ એકઠું કરવાનો છે તે એકઠું થાય છે.) તે કાયને આયુષ્યના ક્ષય સુધી ઘાત કરનારો બને, (કાયાનો મમત્વ મૂકી કર્મ તોડવા જીંદગી સુધી પ્રયાસ કરે. તેજ મુનિ પારંગામી જાણવો.)

જેમ સંગ્રામને મોખરે શત્રુના સૈન્ય સામે તિક્ષ્ણ તલવારની પ્રભાથી ઉગતા સુરજની માફક વિજળીના ચમત્કારા માફક દેખાવ કરી જોનારની આંખોમાં ચમત્કાર કરા–

વનાર અને પોતાનું કાર્ય કરવા છતાં પણ, તે સુભટ ચિત્તનો વિકાર ( કોઇ વખત ) કરે છે. તેજ પ્રમાણે મરણ સમય આવે છતે, સ્થિર મનવાળો હોય; તો પણ, કોઇ વખત સંજોગોને આધારે તેનો ભાવ બગડી પણ જાય; તેથી કહે છે કેઃ—જે મરણ કાળે અનેક દુઃખ આવે છતે પણ મોહ પામતો નથી. તેજ મુનિ સંસારનો પારગામી અથવા કર્મનો, અથવા પોતે લીધેલા મહાવ્રતના ભારનો પર્યંત યાયી ( છેવટ સુધી પહોંચનારો વિજયી ) છે.

વળી, જુદા જુદા પરિષહ ઉપસર્ગો વડે હણાયલો છતાં, કંટાળો ન ખાતાં ઉંચેથી પડીને અથવા ગાર્દ્ધપૃષ્ઠ ( આપઘાત ) અથવા બીજી કોઇ પણ રીતે આપઘાત ન કરે.

અથવા હણાતાં પણ બાહ્ય અભ્યંતર તપ તથા પરિષહ ઉપસર્ગો વડે ધૈર્ય રાખી પાટીયા માફક સ્થિર રહે; પણ, મરવાના ભયથી દીનતા ન લાવે. તેજ પ્રમાણે કાળે પરવશતા પમાડેલો ( જીર્ણ શરીર થતાં ) બાર વરસની સંલેખના વડે આત્માને દુર્બળ કરી પહાડની ગુફા વિગેરેમા જગ્યા નિરવદ્ય જોઇને પાદપોપગમન ઇંગિન મરણ અથવા ભક્ત પરિજ્ઞા એ ત્રણમાંથી કોઇ પણ અવસ્થાવાળું અણસણ કરીને મરણની અવસ્થા સુધી આયુનો ક્ષય થાય; અને શરીરથી જીવ જુદો પડે, ત્યા સુધી સ્થિરતા રાખે. આજ ખરી રીતે મૃત્યુનો સમય છે. અથવા, શરીરનો ભેદ છે. આજ જીવનો

વિનાશ છે. પણ, સર્વથા જીવનો વિનાશ નથી; એવું સુધર્માસ્વામી કહે છે. આ પ્રમાણે—પાંચમો ઉદ્દેશો સમાપ્ત થતાં, ધૂતાખ્ય નામનું છઠ્ઠું અધ્યયન પણ સમાપ્ત થયું. ( ટીકાના શ્લોક ૮૩૫ છે. )

છઠ્ઠું અધ્યયન સમાપ્ત.

છઠ્ઠા પછી સાતમું અધ્યયન કહેવું જોઇએ, પણ તે વિચ્છેદ જવાથી આઠમું વિમોક્ષ નામનું અધ્યયન કહે છે.

# अथाष्टमं विमोक्षाध्ययनम्

સાતમું અધ્યયન મહાપરિજ્ઞા નામનું હતું, તે વિચ્છેદ જવાથી તેને મુકી છઠ્ઠા સાથે આઠમાનો સંબંધ કહેવો જોઇએ, તે આ પ્રમાણે છે. છઠ્ઠા અધ્યયનમાં પોતાનાં કર્મ શરીર, ઉપકરણ તથા ગૌરવત્રિક તથા ઉપસર્ગ સન્માનના વિધૂનન વડે નિઃસંગતા બતાવી, પણ જો અંતકાળે સમ્યગ નિર્યાણ થાય તોજ તે સફળતા પામે તેથી સમ્યગ્ નિર્યાણ (સમાધિ મરણ) બતાવવા માટે આ આરંભ કરે છે.

અથવા નિઃસંગ વિહારી સાધુએ અનેક પ્રકારના પરિસહ ઉપસર્ગો સહન કરવા, એવું છઠ્ઠામાં બતાવ્યું, તેમાં મારણાંતિક ઉપસર્ગ આવે છતે અદીન મનવાળા બનીને સમ્યગ્ નિર્યાણજ કરવું, એ વિષય બતાવવા આ આઠમું અ-

ધ્યયન છે; આ સબંધે આવેલા આ અધ્યયનના ઉપક્રમ વિગેરે ચાર અનુયોગ દ્વાર થાય છે, તેમાં ઉપક્રમ દ્વારમાં આવેલા અર્થ અધિકાર બે પ્રકારનો છે, તેમાં અધ્યયનનો પૂર્વે કહ્યો છે, અને ઉદ્દેશાનો અર્થાધિકાર નિર્યુક્તિકાર કહે છે.

असमणुन्नस्स विमुक्खो, पढमेबिइए अकप्पिय
विमुक्खो;
पडिसेहणाय कहस्स, चेव सब्भाव कहणाय; ॥२५३॥
तइअंमि अंगचिट्ठा, भासिय आसंकिए य कहणाय;
सेसेसु अहीगारो उवगरण शरीर मुक्खेसु ॥२५४॥
उद्देसंमि चउत्थे, वे हाणस गिद्ध पिट्ठमरणं च
पंचमए गेलन्नं, भत्तपरिन्ना य बोधव्वा ॥ २५५ ॥
छट्टंमि उ एगत्तं, इंगिणि मरणं चहोइ बोधव्वं;
सत्तमए पडिमाओ, पायवगमणंच नायव्वं ॥२५६॥
अणु पुव्वि विहारिणं, भत्त परिन्ना य इंगिणीमरणं
पायव गमणंच तहा अहिगारो होइ अट्ठमए ॥२५७॥

પહેલા ઉદ્દેશામાં આ પ્રમાણે અર્થાધિકાર છે—

અ સમનુજ્ઞ (પાસત્થા)વાળા અસમનોજ્ઞ (સ્વછંદા-ચારી) અથવા બૌદ્ધ વિગેરે અન્યવાદીઓનો વિમોક્ષ (પરિત્યાગ) કરવો, તેજ પ્રમાણે તેમનો આહાર ઉપધિ શય્યા

તથા તેમનું મંતવ્ય ત્યાગવું, તેમાં પ્રથમ ભગવાનની આજ્ઞા બહાર વર્ત્તે તે પાસત્થા વિગેરે છે, અને અસમનોજ્ઞ તે ચારિત્ર તપ અને વિનયમાં હીન તથા યથાચ્છંદ સાધુ તે જ્ઞાનવિગેરે પાંચે આચારમાં હીન હોય, તેવાની સંગતિ ન કરવી; (ત્રણસેંત્રેસઠ એકાંત વાદીનો પણ ત્યાગ કરવો)

બીજા ઉદ્દેશામાં અકલ્પનીય તે આધાકર્મી' વિગેરે દોષિત વસ્તુનો ત્યાગ કરવો, અથવા આધાકર્મી આહારવડે કોઇ નિમંત્રણા કરે, તો તેનો નિષેધ કરવો અને તેનો નિષેધ કરતાં દાન દેનારને ક્રોધ ચડે, તો તેને સિદ્ધાંતનું તત્વ સમજાવવું કે આવા નિર્દોષ આહારનું અમને દાન આપે તો તને તથા અમને ગુણકારી છે.

## ત્રીજા ઉદ્દેશાનો અધિકાર,

ગોચરી ગયેલા સાધુને ઠંડ વિગેરેથી અંગ ધ્રૂજતાં ગૃહસ્થને આવી શંકા થાય કે' ઇંદ્રિયોની ઉન્મત્તતાથી પીડાયેલા અને શૃંગાર ભાવમાં રમેલા ચિત્તવાળા આ સાધુને કંપારો થાય છે, આવું બોલે, અથવા તેને શંકા પડે, તો તે શકા દૂર કરવા ખરી વાત સમજાવવી (અને તેને શાંત કરવો)

બીજા પાંચ ઉદ્દેશાનો અધિકાર.

ઉપકરણ તથા શરીરનો મોક્ષ (ત્યાગ) કરવો, તે સંક્ષેપથી તથા ખુલાસાથી કહે છે, એટલે ચોથા ઉદ્દેશામાં

આ અધિકાર છે, કે વેહાનસ તે ઉદ્બંધન (ફાંસો ખાવો) ગાર્દ્ધ પૃષ્ઠ તે બીજાને માંસ વિગેરેના હૃદયના ન્યાસથી (બીજાને પોતાનું માંસ અર્પણ કરવું તે) ગૃદ્ધ (ગીધ) વિગેરેથી પોતાનો નાશ કરાવવો.

એ બે પ્રકારના મરણ (આપઘાત)નું વર્ણન.

પાંચમા ઉદ્દેશામાં—ગ્લાનતા અને ભક્ત પરિજ્ઞા સમજવી, છઠ્ઠામાં એકત્વ ભાવના તથા ઇંગિત મરણ જાણવું.

સાતમામાં માસ વિગેરેની ભિક્ષુકની પ્રતિમાઓ બતાવી છે તથા પાદપોપગમનનું વર્ણન છે, આઠમામાં અનુપૂર્વે વિહાર કરનારા દીર્ઘ સંયમ પાળનારા શાસ્ત્રાર્થ ગ્રહણના સ્વીકાર પછી તેનાથી નિવૃત્તિ લેવા સંયમ અધ્યયન તથા અધ્યાપન (શીખવવું) તથા નિર્મળ ક્રિયા કરનારા સાધુઓ તૈયાર થયા પછી (ઉત્કૃષ્ટ તપ વડે) કાયાને દુર્બળ બનાવીને (આચાર્ય કે ગચ્છનાયક) ભક્ત પરિજ્ઞા, ઇંગિત મરણ અથવા પાદપઉપગમન એ ત્રણમાંથી કોઇ પણ સ્વીકારે તેનું વર્ણન છે.

આ પ્રમાણે પાંચ ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો, અને વિસ્તારથી તો દરેક ઉદ્દેશામાં કહેવાશે, નિક્ષેપ ત્રણ પ્રકારે છે, ઓઘ નિષ્પન્ન નામ નિષ્પન્ન અને સૂત્રાલાપક નિષ્પન્ન છે, ઓઘમાં અધ્યયન છે; નામમાં વિમોક્ષ છે, તે વિમોક્ષના નિક્ષેપા નિર્યુક્તિકાર કહે છે.

**नामं ठवण विमुक्खो, दव्वे खित्तेय काल भावेय;**
**एसो उ विमुक्खस्सा निक्खेवो छव्विहो होइ ॥२५८॥**

નામ સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ વિમોક્ષ એમ છ પ્રકારે છે, સંક્ષેપથી કહ્યા, અને વિશેષથી કહેવા નામ સ્થાપના સુગમને છોડી દ્રવ્યાદિ વિમોક્ષ બતાવવા કહે છે.

**दव्व विमुक्खो नियला इएसु खित्तंमि चारयाईसुं;**
**काले चेइय महिमा, इएसु अणघायमाईओ ॥२५९॥**

દ્રવ્ય વિમોક્ષ આગમ અને નો આગમ એમ બે ભેદે છે, આગમથી જ્ઞાતા પણ તેમાં તેનો ઉપયોગ ન હોય.

નો આગમથી જ્ઞ શરીર ભવ્ય શરીરથી વ્યતિરિક્ત (જુદો) નિગડાદિક વિષયભૂત (બેડીમાંથી) જે છુટકારો થાય તે દ્રવ્ય વિમોક્ષ છે, (અથવા માગધીમાં સાતમી વિભક્તિ છે તેનો અર્થ પાંચમી વિભક્તિમાં લઈએ તો) બેડી વિગેરે દ્રવ્યથી છુટવું, તે દ્રવ્ય વિમોક્ષ છે, (અપર કારક વચનનો સંભવતો અર્થ ભણેલાએ પોતાની મેળે વિચારીને યોજવો તે બતાવે છે જેમકે) દ્રવ્ય વડે, કે દ્રવ્યથી, એટલે સચિત્ત અચિત્ત મિશ્ર દ્રવ્યથી મોક્ષ તે દ્રવ્ય વિમોક્ષ વિગેરે સમજવો.

ક્ષેત્ર વિમોક્ષ તે જે ક્ષેત્રમાં પોતે ચારક વિગેરેથી પકડાએલો હોય, તેમાંથી છુટકારો થાય, તે ક્ષેત્ર વિમોક્ષ છે.

અથવા ક્ષેત્રના દાનથી અથવા જે ક્ષેત્રમાં મોક્ષનું વર્ણન આવે તે ક્ષેત્ર વિમોક્ષ છે. અને કાળ વિમોક્ષ ચૈત્ય મહિમા

વિગેરેમાં જેટલો કાળ અમારી પટહ વગડાવે. અને આરંભ જીવહિંસા વિગેરે બંધ થાય. તે અથવા જે કાળે મોક્ષનું વર્ણન ચાલે, તેને આશ્રયી કાળ મોક્ષ છે. આ ગાથાનો અર્થ છે.

હવે ભાવ વિમોક્ષ બતાવે છે.

**दुविहो भावविमुक्खो देसविमुक्खो य सव्वमुक्खो य।**
**देसविमुक्खा साहू सव्वविमुक्खा भवे सिद्धा।२६०।**

ભાવ વિમોક્ષ બે પ્રકારે છે. આગમથી જ્ઞાતા અને ઉપયોગ રાખનાર છે. અને નોઆગમથી બે પ્રકારે છે. દેશથી તથા સર્વથી છે. દેશથી અવિરત સમ્યગ્ દૃષ્ટિ જીવોને અનંતાનુબંધીની ચોકડી ક્ષય ઉપશમ થવાથી તથા દેશ વિરતીને અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાની ચોકડીઓ ક્ષય ઉપશમ થવાથી છે. અને સાધુઓને પ્રથમના બાર કષાયો (સંજ્વલનની ચોકડી સિવાય) ક્ષય ઉપશમ થવાથી અને ક્ષપક શ્રેણીમાં જેને જેટલો કાળ કષાયો ક્ષીણ થાય, તેને તેટલાનો ક્ષય થવાથી દેશ વિમુક્તિ છે, તેથી સાધુઓ દેશ વિમુક્ત છે, ભવસ્થ કેવળી સાધુઓ પણ ભવ ઉપગ્રાહિક કર્મના સદ્ભાવથી દેશ વિમુક્તજ છે, અને સર્વથા વિમુક્ત તો સિદ્ધ ભગવંતોજ થાય છે. ( ગાથાર્થ )

શંકા—મોક્ષની પૂર્વે બંધપણું હોય છે, જેમકે નિગડ (હેડ) વિગેરે બંધ હોય તો તેના મોક્ષનો સંભવ થાય, તે શંકા દૂર કરવા માટે બંધ અભિધાન પૂર્વક મોક્ષ બતાવે છે.

**कम्मय दव्वे हिं समं, संजोगो होइ जोउ जीवस्स**
**सो बंधो नायव्वो, तस्स विओगो भवे मुक्खो ॥२६१॥**

કર્મ વર્ગણાના દ્રવ્ય ( પુદ્દગલો ) સાથે જે જીવનો સંયોગ છે, તે પ્રકૃતિ સ્થિતિ અનુભાવ અને પ્રદેશ રૂપ બદ્ધ સ્પૃષ્ટ નિધત્ત નિકાચન અવસ્થાવાળો બંધ જાણવો. કારણ કે આત્માનો એકેક પ્રદેશ અનંત=અનંત કર્મ પુદ્દગલો વડે બંધાયલો છે, અને અનંત અનંત નવા બંધાઇજ રહ્યા છે, કારણ કે બાકીના અગ્રહણ યોગ્ય છે.

પ્ર૦—આઠ પ્રકારનો કર્મ કેવી રીતે બંધાય છે?

ઉ૦—મિથ્યાત્વના ઉદયથી—કહ્યું છે, કે.

" कहं ण भंते! जीवा अट्ठ कम्मपगडीओ बंधंति?, गोअमा? णाणावरणिज्जस्स कम्मस्स उदएणं दरिसणावरणिज्जं कम्मं निअच्छन्ति, दंसणमोहणिज्जस्स कमस्स उदएणं मिच्छत्तं णियच्छन्ति, मिच्छत्तेणं उइन्नेणं एवं खलु जीवे अट्ठ कम्मपगडीओ बंधइ" यदि वा–" णेहतुप्पिअगत्तस्स; रेणुओ लग्गई जहा अंगे तह रागदोसणेहा लियस्स कम्मंपि जीवस्स ॥ १ ॥"

પ્ર૦—હે ભગવન્ જીવો આઠ પ્રકારના કર્મો કેવી રીતે બાંધે છે?

ઉ૦—હે ગૌતમ ? જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણીય કર્મ બંધાય છે, તેથી મિથ્યાત્વનો ઉદય થાય છે. અને તેથી આઠે કર્મ પ્રકૃતિ બંધાય છે. અથવા સ્નેહ (ઘી તેલ)થી ચીકણા બનેલા શરીરવાળાને જેમ શરીરમાં ઝીણી રેતી ચોંટે છે. તેવી રીતે રાગદ્વેષની ચીકણાસથી જીવોને કર્મ ચોટે છે, એ આઠે પ્રકારના કર્મના આસ્રવના નિરોધથી અથવા તપ વડે અપૂર્વકરણ ક્ષપક શ્રેણીના અનુક્રમથી અથવા શૈલેશી અવસ્થામાં જે કર્મનો વિયોગ થાય છે. તેજ કર્મક્ષય રૂપ મોક્ષ છે. એનું પુરૂષના બધા અર્થોમાં પ્રધાનપણું હોવાથી પ્રારંભેલ તલવારની ધારા માફક મહાવ્રતોના અનુષ્ઠાનનું મુખ્ય ફળ હોવાથી તથા બીજા મત વાળાની સાથે તેનો ભેદ હોવાથી જેવું મોક્ષનું સ્વરૂપ જીનેશ્વરે સાચું બતાવ્યું છે. તે કહે છે. અથવા પ્રથમ કર્મના વિયોગના ઉદ્દેશ વડે મોક્ષનું સ્વરૂપ બતાવ્યું. હવે જીવ વિયોગના ઉદ્દેશ વડે મોક્ષનું સ્વરૂપ બતાવે છે.

जीवस्स अत्तजणियाहिं चेव कम्मेहिं पुव्वबद्धस्स ।
सव्वविवेगो जो, तेण तस्स अह इस्सओ मुक्खो
॥ ६२ ॥

જીવ અસંખ્યાત પ્રદેશવાળો છે. તેને પોતાની મેળે (પોતાનુંજ) અનંતુંજ્ઞાન સ્વભાવથીજ છે, તેને પોતાનો આત્મા જે મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગનાં પરિ-

ણુત થવાથી જે કર્મો પોતાનાથી બંધાય છે, તે કર્મને પૂર્વે બાંધેલ હોવાથી તેનો પ્રવાહ. અનાદિ કાળની અપેક્ષાથી ચાલુ છે. તે કર્મનો સર્વથા અભાવ રૂપ વિવેક કરવો, અર્થાત્ આત્માને તેનાથી નિર્લેપ કરવો. તેજ જીવને તેટલોજ મોક્ષ છે. પણ બીજા નિર્વાણ પ્રદીપ ( બુઝાએલા દીવા ) માફક કલ્પેલો મોક્ષ નથી ભાવ વિમોક્ષ કહ્યો, અને જેને તે મોક્ષ થાય છે, તેણે સર્વથા મોક્ષ પ્રાપ્ત કરવા અવશ્યે ભક્ત પરિજ્ઞા વિગેરે ત્રણ મરણ (અણસણ)માંથી કોઇપણ સ્વીકારવું જોઇએ. અને કાર્યમાં કારણનો ઉપચાર કરવાથી તે મરણજ ભાવ વિમોક્ષ છે. તે બતાવે છે.

**भत्त परिन्ना इंगिणि पायवगम णं च होइ नायव्वं।**
**जो मरइ चरिममरणं भावविमुक्खं वियाणाहि॥२६३॥**

ભક્ત (ભોજન)ની પારજ્ઞા (પચ્ચખ્ખાણ) અણસણ તે ભક્ત પરિજ્ઞા છે, તેમાં ત્રણ પ્રકારનો આહાર ત્યાગીને ફક્ત અચિત્ત પાણીની છુટ રાખીને અણસણ કરે, પણ તે શરીરની વૈયાવચ્ચ કરવા દે, અને તે ધૈર્યતા તથા મજબુત સંઘયણવાળો હોય, તે જેમ પોતાને સમાધિ રહે તેમ અણસણ કરે.

તથા ઇંગિત પ્રદેશમાં મરણ પામવું તે ઇંગિત મરણ છે. તે ચાર પ્રકારના આહારની નિવૃત્તિ રૂપ છે. અને તે જેનું સંઘયણ મજબુત હોય, તે પોતાની મેળેજ પાસું

ફેરવવું વિગેરે ક્રિયા કરે; એમ જાણવું. તે પ્રમાણે ચાર પ્રકારનો આહાર છોડીને તથા બધી ક્રિયાઓ તથા ચેષ્ટાઓ છોડીને એકાંતમાં શરીરની વૈયાવચ્ચ કરાવ્યા વિના ઝાડની માફક સ્થિર શરીર કરવું. તે પાદપ ઉપગમન જાણવું.

પણ જે ભવ સિદ્ધિક જીવ છે. તે છેલ્લા અણુસણને આશ્રયીને મરે છે. અને તેથી ઉત્તમ સાધુ જે મોક્ષની ઇચ્છાવાળો છે તે ઉપર બતાવેલા ત્રણ અણુસણમાંથી કોઇ પણ એક સ્વીકારે છે, પણ તે વૈહાનસ વિગેરે બાળ મરણ (આપઘાત)થી મરતો નથી, અને ત્રણ અણુસણમાં થોડો ભેદ હોવાથી ત્રણ પ્રકારનું ભાવ મોક્ષ એવું તું જાણ, હવે તેજ મરણને સપરાક્રમ અને અપરાક્રમ એવા બે ભેદે બતાવે છે.

**सपरिक्कमे य अपरिक्कमए य वाघाय आणु पुव्वीए ।**
**सुत्तत्थ जाणएणं समाहिमरणं तु कायव्वं ॥२६४॥**

પરાક્રમ (સામર્થ્ય બળ) જેને હોય તે સપરાક્રમી કહેવાય, અને તેવી રીતે મરે તો સપરાક્રમ મરણ છે, તેના ઉલટાપણામાં અપરાક્રમ છે. એટલે જંઘા બળ ક્ષીણ થતાં ભક્ત પરિજ્ઞા ઇંગિત મરણ અને પાદપ ઉપગમન એમ ત્રણ ભેદવાળું અણુસણ છે. છતાં પણ તે પરાક્રમ સહિત અને પરાક્રમ રહિત એમ દરેક બે પ્રકારનું છે. અને તે દરેક ભેદ પણ વ્યાઘાત અને તે રહિત છે. તેમાં સિંહ અને

વાઘ વિગેરેથી જે નાશ થાય તે વ્યાઘાત છે. અને તે સિવાયનો અવ્યાઘાત છે. એટલે દીક્ષા લીધા પછી સૂત્ર અર્થ ગ્રહણ કરીને અનુક્રમે વિપકિત્રમ (મરણ ન આવેલું) એવી અવસ્થાને ભોગવતો જે છે. તે અવ્યાઘાત છે.

અહીંયા અનુપૂર્વી શબ્દ છે તેનો પરમાર્થ બતાવતાં સમાપ્ત કરે છે. વ્યાઘાત વડે અનુક્રમે અથવા સપરાક્રમ અથવા અપરાક્રમવાળા સાધુને મરણ આવે છતે સૂત્ર અર્થના જાણનારે કાળ આવેલો જાણીને સમાધિ મરણે મરવું. ભક્ત પરિજ્ઞા ઇંગિત મરણ પાદપ ઉપગમન એ ત્રણમાંથી કોઇ પણ એક મરણ પોતાને જેમ સમાધિ રહે તેમ કરવું. પણ બાળ મરણ ન કરવું. (ગાથા અર્થ)

તેમાં સપરાક્રમ મરણ દૃષ્ટાંત વડે બતાવે છે.

**स परक्कममाणसो जह मरणं होइ अज्ज वइराणं।**
**पायवगमणं च तहा एयं सपरक्कमं मरणं ॥२६८॥**

પરાક્રમ સહિત તે સપરાક્રમ મરણનો આદેશ આચાર્યની પરંપરામાં સંભળાતો આવેલો વૃદ્ધ વાદ આ પ્રમાણે છે, તે કહે છે, (યથા શબ્દ ઉદાહરણના ઉપન્યાસ માટે છે) એટલે આ પ્રમાણે તે આ દેશ જાણવો. આર્ય વજ્રસ્વામિનું મરણ પાદપ ઉપગમન છે. અને તે સપરાક્રમ મરણ છે. તે પ્રમાણે બીજે પણ સમજવું. (ગાથા અર્થ) તેનો ભાવાર્થ કથાથી જાણવો, અને તે કથા પ્રસિદ્ધજ છે.

જેમ આર્ય વજ્રસ્વામિએ પોતે દવા માટે સુંઠનો ગાંગડો કાનમાં રાખેલો, તે વાપરવો ભૂલી જવાથી પોતે જાણ્યું કે આવો પ્રમાદ મને થયો છે. તેથી તેમણે મરણ નજીક આવેલું જાણીને સપરાક્રમી બનીને રથાવર્ત્ત પર્વત ઉપર પાદપ ઉપગમન અણસણ કર્યું. હવે અપરાક્રમ મરણ બતાવે છે.

**अपरक्कमसमाएसो जह मरणं होइ उदहि नामाणं ।**
**पाओवगमेऽवि तहा एयं अपरक्कमं मरणं ॥२६६॥**

પરાક્રમ ન હોય તો અપરાક્રમ કહેવાય તેવું મરણ જેને જંઘાબળ સર્વથા ક્ષીણ થયેલું હોય તેવા ઉદધિ (સાગર) નામના તે આર્ય સમુદ્ર મુનિનું મરણ થયેલું છે. તેનો વૃદ્ધવાદ આ પ્રમાણે છે. તે પ્રમાણે પાદપ ઉપગમન અણસણ વડે તેમનું મરણ થયેલ છે. જેવી રીતે આર્ય સમુદ્રનું અપરાક્રમ મરણ છે. તેવું બીજે સ્થાને પણ જાણવું. (ગાથા અર્થ)

તેનો ભાવાર્થ કથાથી જાણવો. આર્ય સમુદ્ર નામના આચાર્ય સ્વભાવથીજ દુર્બળ હતા, પછીથી જંઘા બળે સર્વથા ક્ષીણ થતાં શરીરથી બીજો લાભ ન જાણીને તેને તજવાની ઇચ્છાથી પોતાના ગચ્છમાં રહીને ઉપાશ્રયના એક ભાગમાં આહાર રહીત પાદપ ઉપગમન અણસણ કર્યું, હવે વ્યાઘાતવાળું અણસણ કહે છે.

**वाघाइय माएसो अवरद्धो हुज्ज अन्नतरएणं ।**
**तोसलि माहिसीहि हओ, एयं वाघाइयं मरणं ॥२६७॥**

વિશેષથી આઘાત તે સિંહ વિગેરેએ કરેલો વ્યાઘાત છે એટલે શરીરનો નાશ થાય છે. તેના વડે જે અણસણ સમાપ્ત થાય અથવા તેવું મરણ થાય તો તે વ્યાઘાતિમ અણસણ છે. એટલે કોઈ સાધુને સિંહ વિગેરેએ ઘેર્યો હોય, અને તેનાથી મરણ થાય, તે વ્યાઘાતિમ છે તેના માટે વૃદ્ધવાદ આ પ્રમાણે છે. કે તોસલી નામના આચાર્યને ભેંસોએ ઘેર્યા, અને મરણ વખતે તેમણે ચાર પ્રકારનો આહાર ત્યાગીને અણસણ કર્યું તે વ્યાઘાતિમ મરણ છે. તેનો ભાવાર્થ કથાર્થી જાણવો તે કહે છે.

તે દેશમાં ભેંસો ઘણી થાય છે. તોસલી નામના આચાર્યને જગલી ભેંસોએ ઘેર્યા, તેમણે પીડાતાં બીજો ઉપાય ન જોઈને ચાર પ્રકારના આહાર ત્યાગવાનું અણસણ કર્યું. હવે અવ્યાઘાતિમ અણસણ બતાવવા કહે છે.

**अणुपुव्विगमाएसो पव्वज्जा सुत्त अत्थकरणं च ।**
**वीसज्जिओ (य) निन्तो मुक्को तिविहस्स नीयस्स**
**॥ २६८ ॥**

અનુપૂર્વી (ક્રમ) ને પામે, તે અનુપૂર્વીગ છે.

પ્ર૦—તે આ દેશ કયે છે? (આ દેશનો અર્થ વૃદ્ધવાદ છે) તે વૃદ્ધવાદ આ પ્રમાણે છે.

પ્રથમ આત્માર્થી જીવને દીક્ષા આપવી, પછી સૂત્ર ભણાવવાં છેવટે અર્થ આપવો. તે બન્નેમાં પ્રવિણ થયેલો અને ગુરૂએ સુપાત્ર જોઇને સૂત્રાર્થ ભણાવ્યા પછી તેને આજ્ઞા આપે તો પોતે કોઇપણ જાતનું અણુસણ કરવા તૈયાર થઈને નીકળે. તે પ્રથમ આહાર ઉપધિ શય્યા એમ ત્રણેનો ત્યાગ કરે છે. અને પોતે પ્રથમ રોજ ભોગવતો તેનાથી પોતે મુકાય છે. તેમાં જો આચાર્ય હોય તો તેવું અણુસણ કરવા પહેલાં શિષ્યોને તૈયાર કરીને બીજો આચાર્ય સ્થાપીને પોતે નિવૃત થઇને બાર વરસની (ઉત્કૃષ્ટ તપસ્યા) સંલેખના વડે અનુભવ કરીને પોતે ગચ્છની અનુજ્ઞા (સંમતિ) લઇને ગચ્છને છોડીને અથવા પોતે નીમેલા આચાર્યની સંમતિ લઇને અણુસણ કરવા બીજા આચાર્યની પાસે જાય છે. તેજ પ્રમાણે ઉપાધ્યાય પ્રવર્ત્તક સ્થવિર ગણાવચ્છેદક, અથવા સામાન્ય સાધુ હોય તે આચાર્યની રજા લઇને સંલેખના વડે પરિકર્મ કરીને ભક્ત પરિજ્ઞા વિગેરે અણુસણ ન સ્વીકારે. તેમાં પણ, ભાવ સંલેખના કરે કારણ કે દ્રવ્ય સંલેખના જો, એકલી હોય; તો, રોગનો સંભવ છે. તે કહે છેઃ—

पडिचोइओ य कुविओ, रण्णो जह तिक्ख सीय-
ला आणा ।
तंबोले य विवेगो घट्टणया जा पसाओ य ॥ २६१॥

આચાર્યે પ્રેરણા કરેલો કે તું ફરી સંલેખના કર,

એવું કહેવાથી ક્રોધાયમાન થએલા શિષ્યને જેમ રાજાની આજ્ઞાતીક્ષ્ણ હોય છે. પછી શીતળ થાય છે. તેમ આચાર્યે પણ બીજાઓના રક્ષણ માટે પ્રથમ ત્યાગ કરવો જોઇએ. વળી નાગરવેલનું સડેલું પાન જેમ બીજાં પાન બચાવવાં માટે દૂર કરવું જોઇએ. તેમ કુશિષ્યને પ્રથમ શિક્ષા કરી પછી તે માફી માગે તો તેના ઉપર દયા લાવી રાખવો જોઇએ. (ગાથા અર્થ), ભાવાર્થ કથાથી જાણવો.

એક સાધુએ બાર વરસની ઉત્કૃષ્ટ તપસ્યાથી સંલેખના કરી, અને આચાર્ય પાસે અણસણની યાચના કરી, આચાર્યે કહ્યું, તુ હજુ પણ સંલેખના કર, તેથી આ શિષ્યે કોપાયમાન થઇને ફક્ત ચામડી અને હાડકું રહેલ એવી માંસ લોહી વિનાની આંગળી ભાંગીને દેખાડી, કે હવે બાકી શું અશુદ્ધ રહ્યું છે ? આચાર્યે પોતાના હૃદયનો અભિપ્રાય પ્રગટ કર્યો, કે તું ક્રોધને લીધે અશુદ્ધ છે. કે વચનની કડવાસથી શીઘ્ર તારી આંગળી તેં ભાંગીને ભાવની અશુદ્ધતા દેખાડી છે. તેથી તેને બોધ કરવાને માટે દૃષ્ટાંત કહ્યું, કે કોઇ રાજાની બે આંખો રોજ પાણીથી ઝરતી હતી, રાજાના વૈદ્યોએ ઘણી દવા કરી પણ સારૂં ન થયું. એક વખત કોઇ પરદેશી વૈદ્ય આવ્યો તેણે કહ્યું, જો તું એક મુહુર્ત્ત સુધી વેદના સહન કરે, અને મને ન મરાવે, તો તને સારો કરૂં. રાજાએ કબુલ કર્યું. અંજન (સૂરમો) આંખમાં નાંખ્યા

પછી ઉત્પન્ન થયેલી તીવ્ર વેદનાથી મારી આંખો ગઈ; એવી વાણી બોલીને રાજાએ મારવાની આજ્ઞા કરી; તેથી રાજાની આજ્ઞા તીક્ષ્ણ થઈ; અને પૂર્વે ન મારવાનું વચન આપવાથી શીતળ આજ્ઞા કરવી પડી; પણ જ્યારે મુહુર્ત્ત પછી વેદના દૂર થતાં સારી આંખોવાળો થતાં તેજ રાજાએ ખુશ થઈ વૈદ્યની પૂજા કરી. એ પ્રમાણે આચાર્યની આજ્ઞા પણ તીક્ષ્ણ છે. એટલે. શિષ્યની ભૂલ દેખાતાં કડવાં વચનની આજ્ઞા કરે; પણ શિષ્યનું અંતરંગ તપાસી તેનાં કાર્યથી પ્રસન્ન થાય; એટલે, પરિણામે શિષ્યને હિતકર હોવાથી તે આજ્ઞા શીતળ છે. આવું સમજાવ્યા છતાં પણ ક્રોધથી શિષ્ય શાંત ન થાય; તો, બીજાઓના રક્ષણ માટે કોહેલા પાનની માફક તેને દૂર કરવો.

જો ગુરૂની આજ્ઞા શિષ્ય માને; તો, ગચ્છમાંજ રહેવા દઈને દુર્વચનથી તેનો તિરસ્કાર કરી પરીક્ષા કરવી. જો, તેમ કરતાં ન કોપે, તો તે શુદ્ધ છે એમ જાણીને તેને અણશણની આજ્ઞા આપે; તથા તેને આર્તધ્યાન વિગેરે ન થાય; માટે, તેની ખબર રાખી ગુરૂ પ્રસાદ કરે.

પ્રઃ—આ પ્રમાણે કેવો, અને કેટલો કાળ અને કેવી રીતે આત્માને સંલેખે ? તેવા હૃદયમાં વિચારીને કહે છેઃ—

निप्पाइऊण य सीसा सउणी जह अंडयं पयत्तेणं ।
बारस संवच्छरियं सो संलेहं अह करेइ ॥२७०॥

चत्तारि विचित्ताइं विगई निज्जूहियाइं चत्तारि ।
संवच्छरे य दुन्नि उ एगं तरियं तु आयामं ॥२७१॥
नाइ विगिट्ठो उतवो, छम्मासे परिमियं तु आयामं ।
अन्नाऽवि य छम्मासे होइ विगिट्ठं तवो कम्मं ॥२७२॥
वासं कोडीसहियं आयामं काउ आणु पुव्वीए ।
गिरिकंदरंमि गंतुं, पायवगमणं अह करेइ ॥२७३॥

સૂત્ર અર્થ તથા બંને પ્રકારે પોતાના શિષ્યોને તથા ભણુવા આવેલા બીજા સાધુને ભણાવીને જેમ શકુની પક્ષી ઈંડાને સેવીને તૈયાર કરે તેમ પ્રયત્નથી તૈયાર કરવા જોઇએ. ત્યારપછી આચાર્ય બાર વરસની સંલેખના કરે તે આ પ્રમાણે.

ચાર વરસ સુધી જુદા જુદા તપનાં અનુષ્ઠાન કરે છે. એટલે એક બે ત્રણ ચાર પાંચ ઉપવાસ વિગેરે કરીને પારણું કરે છે પારણામાં વખતે વિગય વાપરે. અને નપણ વાપરે, પાંચમા વરસથી બીજાં ચાર વરષ તેવો તપ કરીને પારણામાં વિગઈ ન વાપરે નવમા દશમા વરસમાં ઉપવાસને પારણે આંબેલ એમ કરે અગ્યારમા વરસમાં પહેલા છ મહીના સુધી અતિ વિકૃષ્ટ તપ ન કરે અથવા એક બે ઉપવાસ કરીને પરિમિત આંબેલથી પારણું કરે (ઉણોદરી તપ કરે) બીજા છ માસમાં વિકૃષ્ટ તપ અને પારણામાં

આંબેલમાં ઉણોદરી તપ કરે બારમા વરસે કોટી સહિત આંબેલ કરે એટલે રોજ આંબેલથી ખાય. એટલે આંબેલની કોટી કોટી મળે માટે કોટી સહીત કહ્યું છે ચાર માસ બાકી રહે ત્યારે તેલના કોગળા અસ્ખલિત નમસ્કાર વિગેરે શિખવા માટે વાયુ દૂર કરીને મૂખ યંત્રના પ્રચાર માટે વારંવાર કરે. આ પ્રમાણે બાર વરસ સુધી અનુક્રમે બધું કરીને સામર્થ્ય હોય તો ગુરૂની આજ્ઞા લઈને પહાડની ગુફામાં જઈને નિર્દોષ જગ્યા જોઈને પાદપઉપગમન અણસણ કરે ઇંગિત મરણ અથવા ભક્ત પ્રત્યાખ્યાન જેમ સમાધિ રહે તેમ કરે. આ પ્રમાણે બાર વરસની સંલેખના કર્મ વડે આહાર ઓછો કરતાં આહારની અભિલાષાનો ઉચ્છેદ થાય છે તે બે ગાથાવડે બતાવે છે.

कहनाम सो तवोकम्मपडिओ जो न निच्चुजुत्तप्पा।
लहुवित्ती परिक्खेवं वच्चइ जे संतओ चेव ? ॥२७४॥
आहारेण विरहिओ, अप्पाहारो य संवरनिमित्तं।
ह्रासंतो ह्रासंतो, एगाहारं निरुंभिज्जा ॥ २७५ ॥

કેવી રીતે એ સાધુ તપ કરવામાં પંડિત થાય? જે નિત્ય ઉદ્યુક્ત આત્મા બનીને બત્રીસ કોળિયાના પરિમાણવાળી વૃત્તિ ન રાખે? એટલે દિવસે દિવસે લઘુ વૃત્તિનો પરીક્ષેપ ન કરે; તો તપ કર્મમાં પંડિત કેવી રીતે થાય? (જે, ગોચરીમાં લોલુપતા રાખી વધારે વધારે ખાય;

તો, તે તપ કરવામાં નિપુણ ન થાય; ) તથા આહાર વડે બે ત્રણ દિવસ સુધી વિયોગ કરે. અર્થાત્ બે ત્રણ પાંચ છ ઉપવાસે કરી; પછી પારણું કરે તો, શા માટે અલ્પાહારી ન થાય? ( થાયજ. )

પ્રશ્નઃ—શા માટે તપ કરે?

ઉઃ—અણુસણ કરવા માટે. આ પ્રમાણે ઉપવાસ કરતો તથા દરેક પારણામાં અલ્પઆહારને લીધે ઓછો ઓછો કરતાં ટેવ પડતાં ઉપર બતાવેલી વિધિએ ભક્ત પચ્ચખ્ખાણનું અણુસણ કરે. નામ નિક્ષેપો કહ્યો. હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિત વિગેરે ગુણયુક્ત સૂત્ર કહેવું. તે કહે છેઃ—

**से बेमि समणुन्नस्स वा असमणुन्नस्स वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा वत्थं वा पडिग्गहं वा कंबलं वा पाय पुंच्छणं वा नो पादेज्जा नो निमंतिज्जा नो कुज्जा वेयावडियं परं आढायमाणे त्तियेमि ( सू० ११७ )**

સુધર્માસ્વામિ કહે છે. જે—મેં ભગવાન પાસે સાંભળ્યું; તે કહું છું, અને હવે, કહેવાતું પણ ભગવાનનું વચન છે. એટલે, સમનોજ્ઞ, અથવા અમનોજ્ઞ હોય; એટલે, દષ્ટિ ( સમ્યગ્ દર્શન, ) તથા લિંગથી સમનોજ્ઞ એટલે ઉત્તમ શ્રદ્ધાવાળો હોય; પણ, ભોજન વિગેરેમાં ત્યાગી ન હોય; અને અમનોજ્ઞતે બૌદ્ધ મત વિગેરેના સાધુને

ચાર પ્રકારના આહાર વિગેરેની નિમંત્રણા ન કરે; તે કહે છે. અશન ( ભોજન ) તે, ભાત વિગેરેનું છે, અને પાણી તે, દ્રાક્ષ વિગેરેનું છે, અને થોડા ટેકા રૂપ નાળીયેર ( કોપરૂં ) વિગેરે છે, અને સ્વાદ માટે કપુર, લવંગ, વિગેરે છે. તેજ પ્રમાણે વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, આ બધાં પોતાનાં ઉપકરણ કુસાધુને વાપરવા ન આપે. તેજ પ્રમાણે તેમની વૈયાવચ્ચ ન કરે; અને ઘણા આદરવાળો બનીને તેમને તેવી વસ્તુનું આમંત્રણ ન કરે; તેમ થોડી ઘણી વૈયાવચ્ચ પણ ન કરે. હવે, પછીનું પણ હું કહું છું.

**सुत्तं चेयं जाणिज्जा असणं वा जाव पाय पुछणं वा लभिया नो लभिया भुंजिया नो भुंजिया पंथं विउत्ता विउक्कम्म विभत्तं धम्मं जोसेमाणे समेमाणे चलेमाणे पाइज्जा वा निमंतिज्ज वा कुज्जा वेयावडियं परं अणाढायमाणे त्तिबेमि (सू० १०८)**

તે બૌદ્ધ વિગેરે મતના કુશીળવાળા સાધુઓ અશન વિગેરે બતાવીને એવું બોલે કે, આ નિશ્ચય જાણો કે, અમારા મઠમાંથી તમે ભોજન વિગેરે મેળવશો એટલે બીજે જગ્યાએ મળે ન મળે અથવા ખાઈને અથવા વિના ખાધે અમારી ધીરજને માટે તમારે અવશ્ય આવવું, જો નમળે તો લેવા માટે અને મળે તો વધારે ખાવા માટે વારંવાર ભોજન માટે

ન ખાધું હોય તે વખતે સવારનો નાસ્તો કરવા અમારી ધીરજ માટે કોઈ વખત પણ આવવુ અથવા જ્યારે તમને જે કલ્પે તેવું અમે તમને આપશું વળી અમારો મઠ તમારા રસ્તામાંજ છે કદાચ તમે બીજે રસ્તે જતા હોતો થોડો ફેરો ખાઈને પણ આડા માર્ગે બીજે ઘેરે જઈને પણ અમારે ત્યા આવવું આ આગમનમાં ખેદ માનવો નહી (આ પ્રમાણે પ્રેમ ધરાવી જૈન સાધુને બૌધ વિગેરેના સાધુ આમંત્રણ કરે) પ્ર૦ શામાટે આવુ બૌધ સાધુ કરે છે? ઉ૦ તે કહે છે વિભક્ત (જુદા' ધર્મને પાળતા અને કદાચ જૈન સાધુના ઉપાશ્રયમાં આવીને અથવા રસ્તામાં જતાં નિમત્રણ કરે અથવા પોતાની પાસેનુ ભોજન વિગેરે આપે અથવા ભોજન આપવાની નિમંત્રણા કરે અથવા ભક્ત માફક વૈયાવચ્ચ કરે આ બધુ જૈન સાધુને કુશીલ સાધુનું ન કલ્પે તેમ તેનો પરિચય પણ ન કરે કેવી રીતે જૈન સાધુ રહે? ઉ—તે કુશીલ સધુ બહુ માનથી સાધુનો આદર કરે તોપણ પોતે તેમાં ગૃદ્ધ ન થાય તોજ દર્શન શુદ્ધિ સાધુની રહે છે. 'જો તેવા કુશીલની સોબત કરે તો જૈન સાધુને પોનાના કઠણ સંયમમાં અનાદર થાય અને પોતે પણ તેવું કુશીલ આચરે.) અથવા હવે પછીનું પણ સુધર્માસ્વામી કહે છે.

इहमेगेसिं आयारगोयरे नो सुनिसंते भवति

ते इह आरंभट्ठी अणुवयमाणा हण पाणे घायमाणा हणओ यावि समणुजाणमाणा अदुवा आदिन्नमाययंति अदुवा वायाउ विउज्जंति, तंजहा—अत्थि लोए नत्थि लोए धुवे लोए अधुवे लोए साइए लोए अणाइए लोए सपज्जवसिए लोए अपज्जवसिए लोए सुकडेत्ति वा दुक्कडेत्ति वा कल्लाणेति वा पावेत्ति वा साहुत्ति वा असाहुत्ति वा सिद्धित्ति वा असिद्धित्ति वा निरएत्ति वा अनिरएत्ति वा, जमिणं विप्पडिवन्ना मामगं धम्मं पन्नवेमाणा इत्थवि जाणह अकस्मात् एवं तेसिंनो सुयक्खाए धम्मे नो सुपन्नत्ते धम्मे भवइ ( सू० १९९ )

આ મનુષ્ય લોકમાં કેટલાક પૂર્વે કરેલ અશુભ કર્મનો વિપાક જેઓને છે, તેવા નિર્ભાગી જીવોને મોક્ષ માટે જે અનુષ્ઠાન રૂપ આચાર છે, તે સારી રીતે હૃદયમાં ઠસ્યો નથી; તે અપરિણત આચારવાળા જેવા હોય, તે કહે છેઃ—

તે આચારનું સ્વરૂપ ન જાણનારા ગોચરીમાં નાહ્યા વિના પરસેવાના મેલના પરિષહથી કંટાળેલા જે સાધુઓ છે; તેમને શુભ વિચાર કરનારા બૌદ્ધ મત વિગેરેના સાધુઓએ પોતાના જેવા વિચારવાળા બનાવેલા છે. તેથી, જૈન-સાધુઓ પણ, તેની સોબતથી સંયમમાં શિથિલ થઈ આરં-

ભના અર્થી બને છે, અથવા તે શાક્ય વિગેરેના સાધુ, અથવા જે કુશીળ છે, તેઓ સાવદ્ય આરંભના અર્થી છે. તેજ પ્રમાણે મઠ, આરામ, તળાવ, કુવા બનાવવા પોતાને માટે રાંધેલું ખાનારા વિગેરે સાધુઓ બોલે છે કે, પ્રાણીઓને મારો, આ પ્રમાણે બીજા પાસે મરાવતા; અને મારનારની અનુમોદના કરતા; અથવા બીજાનું દ્રવ્ય લેવાથી કડવું ફળ છે, તેને વિસરીને, તથા જેના શુભ અધ્યવસાયો ઢંકાઈ ગયા છે. તેઓ ચોરીનું દ્રવ્ય લે છે. વળી, પહેલા ત્રીજા વ્રતમાં થોડું કહેવાનું હોવાથી તેને પ્રથમ કહીને બીજા મહાવ્રતનું વધારે કહેવાનું હોવાથી બીજા વ્રતનો ઉપન્યાસ હવે કરે છે. (અથવા એ અવ્યય બીજો પક્ષ બતાવે છે, તે કહે છે.) એટલે, અદત્ત લે છે. અથવા, નાના પ્રકારની યુક્તિઓ યોજે છે. તે બતાવે છે કે, સ્થાવર જંગમ સ્વરૂપવાળો લોક છે, તેમાં નવ ખંડવાળી પૃથ્વી છે અથવા સાત દ્વીપવાળી પૃથ્વી છે. બીજા મતમાં માને છે કે, બ્રહ્માના અંડામાં પૃથ્વી અંદર રહેલી છે. વળી બીજા મતવાળા કહે છે કે બ્રહ્માના અંડા જેવી પાણીમાં રહેલી ભીંજાતી એવી સેંકડો પૃથ્વીઓ પાણીમાં રહે છે તથા જેઓ પોતાના કર્મના ફળને ભોગવનારા છે પરલોક છે બંધ મોક્ષ છે પાંચ મહાભૂત છે (આવા જુદા જુદા અનેક મત છે.)

નાસ્તીકો કહે છે કે આ બધો લોક જે દેખાય છે તે બધું માયા (જુઠ) ની ઈંદ્ર જળ જેવું તથા સ્વપ્નમાં દેખ્યા જેવું છે અને અવિચારીત રમણીયપણે ભૂતનો અભ્યુગમ (સ્વીકાર) કરવા છતાં પરલોકનો અનુયાયી જીવ પણ નથી, શુભ અશુભ ફળ—નથી પણ જેમ કિણુ વિગેરેમાંથી જેમ નસો ઉત્પન્ન થાય છે, તેમ ભૂતોમાંથી ચેતન્ય થાય છે આ બધું માયાકાર ગંધર્વ નગરના જેવું છે. કારણ કે પૂન્ય પાપ વિગેરે યુક્તિથી સિદ્ધ થતાં નથી. વળી ચાર્વાક કહે છે.—

**“ यथा यथाऽर्थाश्चिन्त्यन्ते, विविच्यन्ते तथा तथा।**
**यद्येतत्स्वयमर्थेभ्यो, रोचते तत्र के वयम् ॥ १ ॥**
**भौतिकानि शरीराणि, विषयाः करणानि च।**
**तथापि मन्दैरन्यस्य, तत्त्वं समुपदिश्यते ॥ २ ॥**

જેમ જેમ અર્થો વિચારીએ તેનું વિવેચન કરીએ તેમ તેમ જે જે અર્થ તરફ રૂચે તેમાં આપણે કઈ ગણત્રીમાં (જેમ જેમ વિચાર કરીયે તેમ તેમ આ બધું વિષય તરફ ખેંચાઇ જાય ત્યારે આપણે વિચાર કરવાની શું જરૂર. !)

આ શરીર તથા વિષય અને ઇંદ્રિયો બધું ભૂતમાંથી બનેલું છે. તોપણ મંદ બુદ્ધિવાળાએ બીજા જીવોને ફસાવવા તત્વ તરિકે કહાવી દીધું છે.

વળી સાંખ્ય વિગેરે મતવાળા કહે છે, લોક નિત્ય છે. કારણ કે પ્રકટ થવું, લય થવું એટલુજ માત્ર ઉત્પાત અને વિનાશનું સ્વરૂપ છે. કારણ કે જે નથી તેનું ઉત્પાદન નથી. તથા જે છે તેનો નાશ નથી. અથવા ધ્રુવ તે નદી સમુદ્ર પૃથ્વી પર્વત આકાશ એ બધાંનું નિશ્ચયપણું હોવાથી તે ધ્રુવ છે (માટે તેમના મત પ્રમાણે બધું નિત્ય છે )

બૌદ્ધ વિગેરે કહે છે લોક અનિત્ય છે કારણ કે દરેક ક્ષણે તેનો સ્વભાવ ક્ષય થવારૂપ છે. વિનાશના હેતુના અભાવથી અને નિત્ય વસ્તુના અનુક્રમથી કે એક સાથે અર્થ ક્રિયામાં અસામર્થ્યપણું છે. (આ પ્રમાણે તેમનું માનવું છે કે બધું અનિત્ય છે.) અથવા અધ્રુવ તે ચળ છે જેમકે ભૂગોળ (પૃથ્વીનો ગોળો) કેટલાકના કહેવા પ્રમાણે નિત્ય ચલાયમાન છે. (તેઓ માને છે કે પૃથ્વી ફરે છે) અને સૂર્ય સ્થિર છે તેમાં સૂર્ય મંડળ દૂર હોવાથી જેઓ પૂર્વમાંથી જુએ છે તેમને સૂર્યનો ઉદય દેખાય છે. અને સૂર્યના મંડળના નિચે રહેલાને મધ્યાન્હ દેખાય છે. અને જેઓને સૂર્ય દૂર થવાથી ન દેખાય તેઓને આથમેલો જણાય છે. વળી બીજા મતવાળા એવું માને છે કે લોકની આદિ છે. તેઓ કહે છે.

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम् ।
अप्रतर्क्यमविज्ञेयं, प्रसुप्तमिव सर्वतः ॥ १ ॥

આ બધું પૂર્વે અંધારારૂપ, અંજાણ્યું, લક્ષણ રહિત વિચારાય નહીં તેવું, ન જણાય તેવું, બધી રીતે સૂતેલા જેવું હતું.

**तस्मिन्नेकार्णवीभूते, नष्टस्थावरजंगमे ।**
**नष्टामरनरे चैव, प्रनष्टोरगराक्षसे ॥ २ ॥**

તે એક સમુદ્રરૂપ બનેલું સ્થાવર જંગમનો તથા દેવતા મનુષ્યનો નાશ હતો તેમ નાગ તથા રાક્ષસનો પણ નાશ હતો (ત્યારે કેવું હતું તે કહે છે)

**केवलं गह्वरीभूते, महाभूत विवर्जिते ।**
**अचिन्त्यात्मा विभुस्तत्र, शयानस्तप्यते तपः ॥३॥**
**तस्य तत्र शयानस्य, नाभेः पद्मं विनिर्गतम् ।**
**तरुणरविमण्डलनिभं, हृद्यं काञ्चनकर्णिकम् ॥४॥**
**तस्मिन् पद्मे तु भगवान् दण्डी यज्ञोपवीतसंयुक्तः ।**
**ब्रह्मा तत्रोत्पन्नस्तेन जगन्मातरः सृष्टाः ॥ ५ ॥**
**अदितिः सुरसङ्घानां दितिरसुराणां मनुर्मनुष्याणाम् ।**
**विनता विहङ्गमानां माता विश्वप्रकाराणाम् ॥ ६ ॥**
**कद्रूः सरीसृपाणां सुलसा मात तु नागजातीनाम् ।**
**सुरभिश्चतुष्पदानामिला पुनः सर्व बीजानाम् ।७।**

ફકત ગહવર ( પોલાણ ) ના આકારવાળું મહાભૂતોથી રહિત હતું તેમાં અચિંત્ય આત્મા વિભુ ( ઇશ્વર ) પોતે સુતેલો તપ કરે છે. (૩)

તે ત્યાં સુતેલા વિભુની નાભીમાંથી એક કમળ ઉત્પન્ન થયું તે ઉગતા સૂર્યના મંડળ જેવું સોનાની કર્ણિકાવાળું રમણિક હતું (૪)

તે પદ્મમાંથી ભગવાન દંડ ધારણ કરેલ જનોઇ પહેરેલો બ્રહ્મા ઉત્પન્ન થયો તેણે જગતની માતાઓને રચી છે. (૫)

દેવતાઓના સમૂહની માતા અદિતિ છે, અને અસૂરોની માતા દિતિ છે. મનુષ્યનો મનુ છે. પક્ષીઓની માતા વિનતા છે. આ પ્રમાણે વિશ્વના પ્રકારોની માતાઓ બ્રહ્માએ બનાવી. (૬)

સરીસૃપની માતા કદ્રૂ છે. અને નાગની જાતીઓની માતા સુલસા છે. તેમ બધાં ચોપગાં પ્રાણીની મા સુરભિ છે. અને સર્વ બીજોની માતા ઇલા છે. ( આ પ્રમાણે પુરાણવાદીઓ બોલે છે, તેમ બીજા ધર્મવાળા પણ પોતાની બુદ્ધિ પ્રમાણે કલ્પના કરે છે, તેમ સમજવું.

બીજા મતવાળા કેટલાક અનાદિ લોક માનનારા છે જેમકે શાક્ય મતવાળા કહે છે હે ભિક્ષુઓ !

અનવ દગ્ર (અનાદિ) આ સંસાર છે તેની પૂર્વ કોટી જણાતી નથી, નિરાવરણ સત્વોને અવિદ્યા નથી, તેમ જીવોનો ઉત્પાદ નથી,

વળી અંતવાળો આ લોક છે જગતના પ્રલયમાં બધાનો નાશ થાય છે, તથા અંત વિનાનો લોક છે કારણ કે વિદ્યમાન વસ્તુનો સર્વથા નાશનો અસંભવ છે. કારણ કે એવું નથી (અર્થાત્ છેજ) કેટલાક તો બંનેને પણ માને છે તે બતાવે છે.

**“ द्वावेव पुरुषौ लोके, क्षरश्चाक्षर एव च ।**
**क्षरः सर्वाणि भूतानि, कूटस्थोऽक्षर उच्यते ॥१॥**

બેજ પુરૂષો લોકમાં પૂર્વે હતા, એક ક્ષર (નાશવંત) બીજો અક્ષર (અનાશવંત) તેમાં ક્ષરમાં સર્વ ભૂતો છે. અને અક્ષર તે કૂટસ્થ કહેવાય છે.

આ પ્રમાણે પરમાર્થને નહીં જાણનારા લોક છે. વિગેરે સ્વિકારવા વડે વિવાદ કરતા જુદી જુદી વાણી કાઢે છે તેજ પ્રમાણે આત્માને પણ જુદી જુદી રીતે બતાવે છે જેમકે સારૂં કર્યું, તે સુકૃત માને અથવા દુષ્કૃત માને એમ ક્રિયાવાદીઓ માને છે. એટલે કોઇ બોલે કે સર્વ સંગનો ત્યાગ કરવાથી મહાવ્રત ગ્રહણ કર્યું, તે સારૂં કર્યું. તથા બીજા બોલે છે કે હે ભાઇ! આ સરળ મૃગલોચનવાળી સ્ત્રીને પુત્ર ઉત્પન્ન કર્યા વિના તેં ત્યાગી. તે ખોટું કર્યું. તથા જે દીક્ષા લેવા તૈયાર થયો હોય, તેને કહે. કે આ કલ્યાણ છે. તેનેજ બીજો કહે કે આ તો પાખંડીઓના તાબામાં ફસાઓ! કઠીણ છે! ગૃહાશ્રમ પાળવાને અસમર્થ છે! વિના

પુત્રે દીક્ષા લીધી, તેથી પાપરૂપ છે તથા આ સાધુ છે, અસાધુ છે એમ પોતાની મતિએ કલ્પના કરી ઇચ્છાનુસાર બોલે છે તથા સિદ્ધિ છે અથવા સિદ્ધિ નથી, અથવા નરક છે અથવા નથી એ પ્રમાણે બીજું પણ પોતાના આગ્રહ પ્રમાણે પકડી વિવાદ કરે છે તે બતાવે છે કે આ પૂર્વે બનાવેલું લોક વિગેરેને આશ્રયી જુદું જુદું માનનારા તે વિપ્રતિપન્ન વાદીઓ છે તે કહે છે.

**इच्छंति कृत्रिमं सृष्टिवादिनः सर्वमेव मितिलिङ्गम् ।**
**कृत्स्नं लोकं माहेश्वरादयः सादि पर्यन्तम् ॥२ ॥**

સૃષ્ટિના વાદીઓ માહેશ્વર વિગેરે બધુંજ મિતિલિંગ ( ) અને કૃતિમ માને છે, અને બધા લોકને સાદિ પર્યંત માને છે.

**नारीश्वरजं केचित्, केचित् सोमाग्नि संभवं लोकं ।**
**द्रव्यादि षड्विकल्पं, जगदेतत् कोचिदिच्छन्ति ॥**

નારી તથા ઇશ્વરથી ઉત્પન્ન થએલું માને છે, કેટલાક મતવાળા સોમાગ્નિથી લોક ઉત્પન્ન થયેલું માને છે. તથા દ્રવ્યગુણ વિગેરે છ વિકલ્પવાળું જગત્ કેટલાક માને છે.

**ईश्वरप्रेरितं कोचितं, कोचिद् ब्रह्मकृतं जगत् ।**
**अव्यक्त प्रभवं सर्वं, विश्वमिच्छंति कापिलाः ॥३॥**

કેટલાક ઇશ્વરની પ્રેરણાથી થએલું માને છે, કેટલાક બ્રહ્માએ જગત્ કરેલું માને છે, એને કપિલ મતવાળા અવ્યક્તથી બધું વિશ્વ થએલું માને છે.

**यादृच्छिक मिदं सर्वं, केचिद् भूत विकारजं**
**केचिच्चानिक रूपं नेतु, बहुधा संप्रधाविता: ॥४॥**

કેટલાક યાદૃચ્છિક (સ્વભાવિક) બધું માને છે, કેટલાક ભૂતોના વિકારથી થએલું માને છે, કેટલાક મતવાળા અનેક રૂપવાળું જગત્ માને છે, આ પ્રમાણે અનેક પ્રકારે મતવાદીઓ પોતાના વિચાર બતાવવા દોડેલા છે.

આ પ્રમાણે જેમણે સ્યાદ્‌વાદ સમુદ્ર અવગાહન કર્યો નથી તેવા એકાંશ ગ્રહણ કરી મતિના ભેદવાળા બનેલા પરસ્પર દોષિત બનાવે છે, તેજ કહ્યું છે—

**लोकक्रियाऽऽत्मतत्त्वे, विवदन्ते वादिनो विभिन्नार्थं**
**अविदित पूर्वं येषां, स्याद्‌वाद विनिश्चितं तत्त्वं ॥१॥**

લોક, ક્રિયા, આત્મા, તથા તત્ત્વ સંબંધી જુદા જુદા વિષયને બતાવવા તેજ વાદીઓ ઝઘડા કરે છે કે જેમણે સ્યાદ્‌વાદથી વિશેષ પ્રકારે નિશ્ચય કર્યા વિના તત્ત્વનું વર્ણન કરેલ છે; પણ જેમણે સ્યાદ્‌વાદ મતનો નિશ્ચય કર્યો છે, તેઓને અસ્તિત્વ નાસ્તિત્વ વિગેરે અર્થનો નયના અભિપ્રાય પ્રમાણે કથંચિત્ ( કોઈ અંશે ) આશ્રય કરવાથી તેમને વિવાદનો અભાવજ છે.

ગ્રંથ વધી જવાના ભયથી અહીં બહુ કહેવાનું છે, છતાં કહેતા નથી, તથા તેનું વર્ણન સૂત્રકૃત વિગેરે સૂત્રમાં વિસ્તારથી કહ્યું છે.

તે બધા પરસ્પર વિવાદ કરતા પોતાના તત્ત્વનો આગ્રહ કરી તેનું સમર્થન કરતા પોતે નાશ પામ્યા છે, અને બીજાનો નાશ કરે છે, તે બતાવે છે—

કેટલાક સુખથી ધર્મને ઇચ્છે છે, બીજા દુઃખથી ધર્મ માને છે, કેટલાક સ્નાનથી ધર્મ માને છે તથા મારોજ ધર્મ મોક્ષ આપનાર છે, બીજો બોલવા જેવોજ નથી, એમ બોલનારા અપુષ્ટ ( તુચ્છ ) ધર્મવાળા પરમાર્થ નહિ જાણનારા ( ભોળા જીવો ) ને ફસાવે છે, હવે તેમનો ઉત્તર જૈનાચાર્ય આપે છે. લોક છે અથવા નથી વિગેરેમાં તમે જાણો.

અકસ્માત (માગધ) દેશમાં આ શબ્દ ગોવાળણી સુધાં પણ સંસ્કૃતમાં બોલે છે, તેથી તેજરૂપે લીધો છે એટલે કસ્માદ્ (તે હેતુ છે અને અ સાથે લેવાથી અકસ્માદ્ તે અહેતુ છે) તેમાં તે હેતુના અભાવથી બનતું નથી, તેમાં એમ સમજવું કે દરેકમાં હેતુ રહેલ છે, જો તેમ ન માનીને એકાંતથીજ " લોક છે, " એવું માનીએ તો તે અસ્તિ (છે), શબ્દ સાથે સમાન અધિકરણપણે થવાથી જગતમાં જે જે છે, તે બધું લોક થશે, અને તેમ માનતાં તેનો પ્રતિ પક્ષ પણ 'અલોક' અસ્તિ (છે), તેથી લોકજ અલો

થશે, અને વ્યાપ્યના સદ્ ભાવમાં વ્યાપકનો સદ્ભાવ થતાં અલોકનો અભાવ થશે, અને તેના અભાવમાં તેના પ્રતિ પક્ષ લોકનો પ્રથમજ અભાવ થશે. અથવા લોકનું સર્વ ગતપણું સિદ્ધ થશે.

અથવા "લોક અસ્તિ" પણ લોક ન ભવતિ (નથી) લોક પણ નામજ છે, અને લોક નથી લોકનો અભાવ છે. એ પ્રમાણે થશે, આ બધું અનિષ્ટ છે, અને અસ્તિનું વ્યાપકપણું હોવાથી લોક સાથે અસ્તિ એકાંત લાગવાથી ઘટ પટ વિગેરેમાં પણ લોકપણાની પ્રાપ્તિ થશે કારણ કે વ્યાપ્યના વ્યાપકના સદ્ભાવ સાથે અંતરપણું નથી વળી અસ્તિ લોક આ પ્રતિજ્ઞા પણ લોક એમ માનવાથી હેતુનું પણ અસ્તિત્વપણું છે, તેથી "પ્રતિજ્ઞા અને હેતુ" બંનેમાં એકત્વ પ્રાપ્તિ થશે, અને તે એક થતાં હેતુનો અભાવ થશે, અને હેતુના અભાવમાં કોણ કેનાથી સિદ્ધ થશે, અથવા એમ માનીએ કે "અસ્તિત્વથી અન્ય લોક છે, તો પ્રથમ કરેલી પ્રતિજ્ઞાની હાનિ થશે, તેથી એ પ્રમાણે એકાંતથીજ લોક અસ્તિત્વ માનતાં હેતુનો અભાવ બતાવ્યો, એજ પ્રમાણે નાસ્તિત્વની પ્રતિજ્ઞામાં પણ સમજવું, તે બતાવે છે, કોઈ એમ કહે કે "લોક નથી" આવું બોલનારને પૂછવું કે તમે છો કે નહિ? અને જો તમે છો તો લોકમાં કે લોક બહાર જો લોકમાં છો, તો લોક નથી એવું

કેમ બોલો છો ? અને લોક બહાર એમ બોલશો, તો ખર, વિષાણ ( ગધેડાનું શીંગડા ) માફક અસત્ય સિદ્ધ થયા, તેથી મારે કોને ઉત્તર આપવો ? આ પ્રમાણે દરેક વિદ્વાને પોતાની મેળે વિચારીને એકાંત વાદીઓનું સમાધાન કરવું,

एवं-જેમ અસ્તિત્વ નાસ્તિત્વ વાદ તેમને માનેલો આકસ્મિક નિર્યુક્તિક ( યુક્તિ વિનાનો ) છે, એજ પ્રમાણે ધ્રુવ અધ્રુવ વિગેરે વાદો પણ નિર્યુક્તિકજ છે, પણ અમારા જૈન સ્યાદ્વાદવાદીના જૈનમતમાં કથંચિત્ ( કોઈ અંશે ) ના સ્વીકારથી ઉપર બતાવેલા દોષનો પ્રસંગ નથી, કારણ કે સ્વપર સત્તાના ઉપાદાન વ્યુદાસથી વસ્તુનું વસ્તુપણું ઉપાધ છે. એથી સ્વ દ્રવ્ય ક્ષેત્ર કાળ સ્વભાવથી વસ્તુનું અસ્તિપણું છે, અને પરદ્રવ્ય ક્ષેત્ર કાળ સ્વભાવથી નાસ્તિપણું છે, કહ્યું છે કે—

**सदेव सर्वं को नेच्छेत्, स्वरूपादिचतुष्टयात्**
**असदेव विपर्यासान् न चेन्न व्यवतिष्ठते ॥१॥**

સ્વરૂપ વિગેરે ચાર ( દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ ) થી બધા પદાર્થોને સત્ તરીકે કોણ ન ઇચ્છે ?, અને તેથી ઉલટું તે બીજાના દ્રવ્યાદિ ચતુષ્ટયથી પોતે અસત્ છે, જો તેમ ન માનીએ તો વસ્તુની વ્યવસ્થા રહે નહિ. વિગેરે જાણવું, કારણ કે સૂત્રના સંબંધના લીધે આ પ્રયાસ થોડામાં

આવે તેમને આ પ્રમાણે કહેવું. જેમ તમારા બધામાં પણ પૃથ્વી પાણી અગ્નિ વાયુ વનસ્પતિનો આરંભ કરવો, કરાવવો, અનુમોદવો એમ સંમતિ આપી છે. એથી બધી જગ્યાએ આ પાપ અનુષ્ઠાન છે. એમ અમારો મત છે. અર્થાત્ તમે તે હિંસાને પાપ માનતા નથી, પણ જીવોને દુઃખરૂપ હોવાથી અમે તેમને જૈનમત પ્રમાણે પાપ માનીએ છીએ. ને કહે છે.

તદ્દેવ આ પાપ અનુષ્ઠાન છોડીને હું રહ્યો છું. એજ મારો વિવેક છે. (જે બીજાને દુઃખ દેવાનું છોડે છે, તેજ પોતે પાપથી બચેલો છે. અને તેજ ધર્મ કહેવાને યોગ્ય છે) તેથી હું બધાથી અપ્રતિસિદ્ધ આસ્રવદ્વારોવાળા સાથે કેવી રીતે ભાષણ કરૂં. (જે જીવોને બચાવવા ચાહે તે હિંસકોની સાથે કેવી રીતે વાદ કરી શકે?) તેથી વાદ કરવો દૂર રહ્યો. એ પ્રમાણે અસમનુજ્ઞ (અસંમતિ) નો વિવેક કરે છે.

પ્ર૦ અન્ય તીર્થિઓ પાપની સંમતિવાળા અજ્ઞાની મિથ્યા દૃષ્ટિ ચારિત્ર રહિત અને અતપસ્વી છે તેવું કેવી રીતે માનો છો? કારણ કે તેઓ ન ખેડાએલી ભૂમિ ઉપર જે વન છે તેમાં વાસ કરનારા છે. કંદમુળ ખાનારા છે. અને ઝાડ વિગેરેના આશ્રયે રહેનારા છે અહીં જૈનાચાર્ય કહે છે.

ઉ—અરણ્યવાસથીજ ધર્મ નથી પણ જીવ અજીવના સંપુર્ણ જ્ઞાનથી તથા તેમની રક્ષાનાં અનુષ્ઠાન કરવાથી ધર્મ છે અને તેવો ધર્મ તેમનામાં નથી, તેથી તેઓ અસમનોજ્ઞ

છે ( ઉત્તમ સાધુ નથી ) વળી સારા માઠાનો વિવેક જેમાં હોય તે ધર્મ છે અને તેવો ધર્મ ગામમાં પણ થાય અને અરણ્યમાં પણ થાય પણ ધર્મનું નિમિત્ત કે ધર્મનો આધાર ગામ કે અરણ્ય નથી, જેથી ભગવાને રહેવાસને આશ્રયી કે બીજી રીતનો આશ્રય લઇને ધર્મ બતાવ્યો નથી, તેમનું કહેવું એ છે કે પ્રથમ જીવાદિ તત્વનું જ્ઞાન મેળવવું અને સમ્યગ્ અનુષ્ટાન કરવાં (કે સર્વ જીવોને અભયદાન મળે તે ધર્મ છે.) તે ધર્મને તમે ખરોખર જાણો એવું ભગવાન મહાવીરે કહ્યું છે પ્રઃ—ભગવાન કેવા છે? ઉઃ—મનન તે બધા પદાર્થોનું પરિજ્ઞાન છે તેજ મતિ છે અને તે મતિવાળા (કેવળ જ્ઞાની) ભગવાને કહ્યું છે પ્ર-કેવો ધર્મ કહ્યો છે? ઉઃ—યામ તે મહાવ્રતો છે તેમાં ત્રણ બતાવ્યા છે. જીવ હિંસા જુઠ અને પરિગ્રહ તે ત્રણેનો ત્યાગ તે યામ છે. તે પરિગ્રહમાં અદત્તાદાન અને મૈથુન સમાવ્યા છે માટે પાંચને બદલે ત્રણ સંખ્યા કહી છે. અથવા યામ તે વય (ઉમર) ની અવસ્થા છે. જેમકે આઠ વરસથી ત્રીસ અને ત્યારથી સાઠ સુધી બીજી અને ત્યારપછી ત્રીજી એમાં દિક્ષા લેવાને અયોગ્ય એવા તદ્દન નાના આઠ વરસની અંદરના અને છેકજ બુઢ્ઢાનો સમાવેશ ન કર્યો. (જુદા કાઢ્યા) અથવા જેનાવડે સંસાર ભ્રમણ વિગેરે દૂર થાય તે યામ તે જ્ઞાન-દર્શન ચારિત્ર છે. એમ યામનો ત્રણ પ્રકારે ત્રણની સંખ્યાનો

અર્થ કર્યો. ( એટલે મહા વ્રત પાળવાં ત્રણ અવસ્થામાં ધર્મ કરવો. અને રત્નત્રય જ્ઞાન વિગેરે પ્રાપ્ત કરવાં )

જો આ પ્રમાણે છે તો શું કરવું. તે ત્રણ અવસ્થામાં અથવા જ્ઞાન વિગેરેમાં આર્ય દેશમાં ઉત્પન્ન થયેલા અથવા પાપ ધર્મો દૂર કરનારા બોધ પામેલા ચારિત્ર પાળવા તૈયાર થયેલા સાધુઓ છે. તેઓ કેવા છે.? તે બતાવે છે.

જેઓ ક્રોધ વિગેરે દૂર કરીને શાંત થયેલા છે અને પાપ કર્મમાં જેઓ વાસના રાખતા નથી તેજ ઉત્તમ સાધુઓ ( મોક્ષના અધિકારીઓ ) છે.

પ્ર૦ તેઓ કઇ જગ્યાએ પાપ કર્મમાં વાસના રહિત છે.? તે બતાવે છે.!

उड्ढं अहं तिरियं दिसासु सव्वओ सव्वावंति च णं पाडियक्कं जीवेहिं कम्मसमारम्भे णं तं परिन्नाय मेहावी नेव सयं एएहिं काएहिं दंडं समारंभिज्जा नेवन्ने एएहिं काएहिं दंडं समारंभाविज्जा नेवन्ने एएहिं काएहिं दंडं समारंभंतेऽवि समणु जाणेज्जा जेवऽन्ने एएहिं काएहिं दंडं समारंभंति तेसिंपि वयं लज्जामो तं परिन्नाय मेहावी तं वा दंडं अन्नं वा नो दंडभी दंडं समारंभिज्जासि त्तिबेमि ( सू० २०१ ) विमोक्षाध्ययनोद्देशकः ८-१ ॥

ઉંચે નીચે કે તિરછી દિશામાં બધા પ્રકારે જે જે દિશાઓ છે. અને च શબ્દથી વિદિશા ( ખુણા ) છે, તેમાં એકેંદ્રિય સૂક્ષ્મ બાદર વિગેરેમાં જે કર્મોનો સમારંભ છે. અર્થાત્ જીવોને દુઃખ દેવા રૂપ જે ક્રિયાઓનો સમારંભ (સંસારી કૃત્ય) છે. તે બધા કર્મ સમારંભને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરવા.

પ્ર૦ કોણ ત્યાગ કરે. ?

ઉ૦ મર્યાદામાં રહેલો બુદ્ધિમાન સાધુ.

પ્ર૦ કેવી રીતે ત્યાગે ?

ઉ૦ પોતે પોતાના આત્માથીજ ચૌદ ભૂતગ્રામમાં રહેલા પૃથ્વીકાય વિગેરે જીવોને દુઃખ રૂપ આરંભ ન કરે. પણ બીજા પાસે પણ આરંભ ન કરાવે. તેમ આરંભ કરનારાની અનુમોદના ન કરે.

( સૂત્રમાં છઠ્ઠી વિભક્તિ છે. તેનો અર્થ ત્રીજીમાં લઇએ તો ) તે હિંસાના કરનારાઓથી અમે શરમાઇએ છીએ. એવો ઉત્તમ વિચાર કરીને સાધુ પોતે મર્યાદામાં રહીને તથા કર્મનો સમારંભ મોટા અનર્થ માટે છે, એમ જાણીને પોતે તે કર્મ સમારંભ છોડે. તથા જુઠ વિગેરે દંડથી પોતે ડરે. તેથી દંડભીવાળો સાધુ જીવોને દુઃખ રૂપ દંડનું કંઇ પણ કાર્ય ન કરે. અર્થાત્ કરવું કરાવવું અનુમોદવું, તે ત્રણ કરણ અને મન વચન કાયા એ ત્રણ યોગ છે. તેના વડે ત્યાગે. આ પ્રમાણે સુધર્માસ્વામિ કહે છે.

પહેલો ઉદ્દેશો સમાપ્ત.

## બીજો ઉદ્દેશો.

પહેલો ઉદ્દેશો કહ્યો. હવે બીજો કહે છે તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં પાપ રહિત સંયમ પાળવા માટે કુશીલનો પરિત્યાગ બતાવ્યો આ પરિત્યાગ અકલ્પનીયના પરિત્યાગ વિના સંપૂર્ણપણાને ન પામે. માટે સાધુને અકલ્પનીયના પરિત્યાગનો વિષય બતાવનાર આ ઉદ્દેશો કહે છે.

એવા સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે.

से भिक्खू परिक्कमिज्ज वा चिट्ठिज्ज वा निसीइज्ज वा तुयट्टिज्ज वा सुसाणंसि वा सुन्नागारंसि वा गिरिगुहंसि वा रुक्खमूलंसि वा कुंभाराययणंसि वा हुरत्था वा कहिंचि विहरमाणं तं भिक्खूं उवसंकमित्तु गाहावई बूया-आउसंतो समणा! अहं खलु तव अट्ठाए असणं वा पाणं वा खाइमं वा साइमं वा वत्थं वा पडिग्गहं वा कंबलं वा पायपुच्छणं वा पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारम्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छिज्जं अणिसट्टं अभिहडं आहट्टु चेएमि आवसहं वा समुस्सिणोमि से भुंजह वसह, आउसंतो समणा! भिक्खू तं गाहावइं समणसं सवयसं पडियाइक्खे-आउसतो!

गाहावई नो खलु ते वयणं आढामि नो खलु ते वयणं परिजाणामि, जो तुमं मम अट्ठाए असणं वा ४ वत्थं ४ पाणाइं वा ४ समारम्भ समुद्दिस्स कीयं पामिच्चं अच्छिज्जं अणिसट्ठं अभिहडं आहट्टु चेएसि आवसहं वा समुस्सिणासि, से विरओ आउसो गाहावई ! एयस्स अकरणयाए (सू० २०२)

સામાયિક ઉચ્ચરેલો તે સાધુ સર્વ સાવદ્ય અનુષ્ઠાન છોડવાથી મંદર ( મેરૂ ) પર્વતે ચડવા સમાન પ્રતિજ્ઞા કરેલો ભિક્ષાથી જીવન ગુજારનાર સાધુ–ભિક્ષા લેવા કે બીજા કાર્ય માટે પરાક્રમ ( વિહાર ) કરે, અથવા ધ્યાનમાં લીન થઈને ઉભો રહે, અથવા ભણવું ભણાવવું, અથવા સાંભળવું કે સંભળાવવું હોય ત્યારે બેસે, તથા કોઈ જગ્યાએ માર્ગમાં થાકતાં આડો પડે ( સુઈ રહે ) પ્ર૦ આ બધું કઈ જગ્યાએ કરે ? તે બતાવે છે— મશાણ. એટલે જ્યાં મુડદાં દાટે બાળે તે સ્થાન, ( જેનું બીજું નામ પિતૃવન ) છે, તેમાં સુવાનું સંભવે નહિ, માટે યથાયોગ્ય જ્યાં ઘટે, તે લેવું, તે વિચારતાં ગચ્છ વાસીઓને તે મશાણ વિગેરે સ્થાન કલ્પતાં નથી, કારણ કે તેવા સ્થાનમાં રહી પ્રમાદ થતાં વ્યંતર વિગેરેનો ઉપદ્રવ થાય છે, તથા જિનકલ્પી મુનિ થવાની સત્વ ભાવનાને ભાવનાર સ્થવિર કલ્પી મુનિને પણ મસાણમાં નિવાસ કરવાની

સંમતિ આપી નથી, પણ પ્રતિમાધારી મુનિને તો જ્યાં સૂર્ય આથમે ત્યાંજ રહેવાનું છે, તેવાને આશ્રયી અથવા જિનકલ્પી મુનિને આશ્રયી મસાણનું સ્થાન સૂત્ર પ્રમાણે સમજવું, એ પ્રમાણે જ્યાં જેનો સંભવ થાય. ત્યાં તે યોજવું. શૂન્યાગાર (ઉજ્જડ ઘરમાં) રહે; અથવા, પર્વતની ગુફામાં અથવા ઝાડ નીચે અથવા, કુંભારનાં સ્થાનમાં અથવા, ગામની બહાર કોઈ પણ જગ્યાએ તે સાધુ કોઇ વખત વિહાર કરે; તેને ઘરનો માલિક આવીને સાધુની જગ્યામાં જઇને બોલે. જે બોલે તે બતાવે છે.

મસાણ વિગેરે સ્થાનમાં પરિક્રમણ વિગેરે ક્રિયાને કરતા સાધુ પાસે કોઇ ત્યાં પહેલાં ઉભો રહેલ કોઇ માણસ સ્વભાવથી ભદ્રક જીવ અથવા સમકીત ધારી શ્રાવક ગૃહસ્થ હોય; તે સાધુના આચારમાં અજાણ હોય; તે સાધુને ઉદ્દેશીને કહે. આ આપેલો આહાર ખાનારા છે. આરંભ છોડેલા છે. અનુકંપા લાવવા યોગ્ય છે અને એટલું છતાં, તેઓ સત્ય શુચિવાળા ( સ્નાન રહિત ) છે. માટે, એમને આપેલું અક્ષય ફળ આપનાર છે માટે, હું તેમને દાન આપીશ. એમ વિચારીને સાધુ પાસે આવે અને બોલે. હે આયુષ્માન ! હે સાધુ ! હું સંસારસમુદ્ર તરવાની ઇચ્છાવાળો તમારે માટે ભોજન, પાણી ખાદિમ, તથા સ્વાદિમ વસ્તુ લાવું; અથવા વસ્ત્ર, પાત્રાં, કાંબળ, રજોહરણ, વિગેરે બનાવીને

લાવું. અર્થાત્ આમ કહીને તે ગૃહસ્થ શું કરે ? તે કહે છે. પંચેંદ્રિય જેઓ શ્વાસ લે છે, તે પ્રાણીઓ છે. તથા ત્રણે કાળમાં થયા, થાય છે અને થશે. તે ભૂત છે, તથા જીવતા હતા, જીવે છે, અને જીવશે; તે જીવો છે. તથા સુખ દુઃખમાં સક્ત છે તે સત્ત્વો છે. તેમનો આરંભ કરીને લાવે; તેમાં ભોજન વિગેરેના આરંભમાં પ્રાણીનું ઉપમર્દન અવશ્ય થવાનું છે. આ ગૃહસ્થોનું કહેલું બધું અથવા થોડું, કોઇ સાધુ સ્વીકારી લે. માટે ખુલાસો કરે છે. આ અવિશુદ્ધિ કોટિ લીધી છે તે બતાવે છે.

**आहा कम्मुद्देसिअ मीसज्जा बायरा य पाहुडिआ।**
**पूइअ अज्झोयरगो उग्गमकोडी अ छब्भेआ ॥१॥**

આધાકર્મી ઉદ્દેશીક મિશ્ર, અને બાદર પ્રાભૃતિક પૂતિ, અને અધ્યવ પૂરક, આ છ ભેદો તે, અવિશુદ્ધિ કોટિ છે.

( આ દશ વૈકાલિક સૂત્રની પાંચમા અધ્યયનની નિર્યુક્તિની ગાથા છે. તેમાં સૂચવ્યું કે, જે કાર્યમાં જીવોને સાક્ષાત્ હણે; તે સાધુ નિમિત્તે થવાથી અવિશુદ્ધિ કોટિ છે. ) હવે, વિશુદ્ધિ કોટિ બતાવે છે. મૂલ્યથી લીધેલું, ઉધારે લીધેલું, છીનવી લીધેલું. જેમ કોઇ રાજા ગૃહસ્થ પાસેથી સાધુને આપવા માટે છીનવી લે. તથા પારકાનું બદલે લીધેલું આવું કોઇ સાધુને દાન દેવા માટે કરે; તથા પોતાનાં ઘરથી સાધુના સામે લાવીને આપે; તે વિશુદ્ધ કોટી છે. (આમાં સાક્ષાત્ જીવ હિંસા સાધુ માટે થતી નથી. માટે, વિશુદ્ધ

કોટી છે.) આ પ્રમાણે સાધુને આપવા કોઇ બોલે; તથા હું તમારે માટે ઉપાશ્રય બનાવીશ; અથવા સુધરાવીશ. એવું બોલે; અને તે ગૃહસ્થ હાથ જોડીને માથું નમાવીને આહાર વિગેરેની નિમંત્રણા કરે અને બોલે. હે સાધુ! આ ભોજન વાપરો; મારાં સુધારેલાં ઘરમાં રહો; તે વખતે સાધુ જે સૂત્ર અર્થનો ભણેલો વિદ્વાન હોય; તેણે દીનતાવાળું મન ન કરતાં તેને ના પાડવી; તે માટે ગુરૂ શિષ્યને કહે છેઃ—હે આયુષ્મન! હે સાધુ! હે ભિક્ષુ! તે ગૃહસ્થ બુદ્ધિમાન હોય; મિત્ર હોય; અથવા બીજો કોઇ હોય; તેને સાધુએ કેવો ઉત્તર આપવો? તે બતાવે છે, હે આયુષ્મન! હે ગૃહસ્થ! તમારૂં એ વચન હું સ્વીકારતો નથી. (ખલુ અપિના અર્થમાં છે, અને તે સમુચ્ચયના અર્થમાં છે.) મારે સાધુનો આચાર જે પાળવાનો છે, તેનું જ્ઞાન મને હોવાથી હું સ્વીકારૂં નહીં. તું મારે માટે જીવોને દુઃખ દેવા રૂપ ભોજન વિગેરે બનાવે અથવા, ઉપાશ્રય બનાવે; તો મને તે કલ્પે નહીં. કારણકે, હે આયુષ્મન! હે ગૃહપતિ! તેવા આરંભ કરાવવા રૂપ અનુષ્ઠાનથી હું મુક્ત થયેલ છું.

માટે જાણી જોઇને હું કેવી રીતે સ્વીકારૂં? માટે હું સ્વીકારતો નથી. આ પ્રમાણે ભોજન વિગેરેના સંસ્કારનો સાધુએ નિષેધ કર્યો. પણ જો, કોઇ ગૃહસ્થ પ્રથમથી તેવો સાધુનો અભિપ્રાય જાણીને છાનુંજ તેવું ભોજન, વિગેરે

કરે અને સાધુને આપે; તો પણ, સાધુએ બુદ્ધિ બળથી કોઇ પણ રીતે જાણીને તેનો નિષેધ કરવો તે બતાવે છે.

**से भिक्खुं परिक्कामिज्ज वा जाव हुरत्था वा क॰ हिंचि विहरमाणं तं भिक्खुं उवसंकमित्तु गाहावई आयगयाए पेहाए असणं वा ४ वत्थं वा ४ जाव आहट्टु चेएइ आवसहं वा समुस्सिणाइ भिक्खू प॰ रिघासेउ, तं च भिक्खू जाणिज्जा सह सम्मइयाए पर वागरणेणं अन्नेसिं वा सुच्चा–अयं खलु गाहावई मम अट्ठाए असणं वा ४ वत्थं वा ४ जाव आवसहं वा समुस्सिणाइ, तं च भिक्खू पडिलेहाए आगमित्ता आणविज्जा अणासेवणाए त्तिबेमि ( सू॰ २०३ )**

તે સાધુને મસાણ વિગેરેમાં કોઇ સ્થાને વિચરતાં કોઈ ગૃહસ્થ મળતાં તે હાથ જોડીને પ્રકુતિથી ભદ્ર હોય; તે મનમાં વિચારે કે, હું આ સાધુને ગુપ્ત રીતે આરંભ કરીને ગોચરી વિગેરે આપીશ.

પ્ર:—શા માટે?

ઉ:—તે સાધુને આહાર કરવા માટે આપીશ; અથવા, સાધુઓને રહેવા માટે મકાન બનાવી આપીશ. તે સાધુ માટે બનાવેલ આહાર વિગેરે દોષિત છે એમ સાધુ જાણી લે.

प्र:—કેવી રીતે જાણે?

પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી અથવા, તીર્થંકરે બતાવેલા ઉપાયોથી અથવા, બીજા માણસો એટલે, તેના નોકર ચાકર વિગેરેને પૂછીને જાણી લે કે, આ ગૃહસ્થ મારે માટે આરંભ કરીને આહાર વિગેરે અથવા, ઉપાશ્રય આપે છે. આવું બીજા પાસે સાધુ સાંભળે તો, તે વાતની ખાત્રી કરીને તે સાધુ કહે કે, આ અમારે માટે બનાવેલું છે તેથી કલ્પતું નથી; માટે, હું નહીં લઉં. જો, આવું કરનાર શ્રાવક હોય; તો, તેને ટુંકાણમાં પિંડ નિર્યુક્તિનું સ્વરૂપ સમજાવવું. બીજે, ભદ્રક સ્વભાવનો હોય તો, તેને નિર્દોષ ભોજનના દાનનું ફળ બતાવે; તથા ગોચરીના સોળ ઉદ્ગમ વિગેરે દોષ બતાવે; તથા યથાશક્તિ તે સંબંધી ધર્મકથા કહે છે:—

काले देयं कल्प्यं श्रद्धायुक्तेन शुद्धमनसा च ।
सत्कृत्य च दातव्यं दानं प्रयतात्मना सद्भ्यः ॥१॥
दानं सत्पुरुषेषु स्वल्पमपि गुणाधिकेषुविनयेन ।
वटकणिकेव महान्तं न्यग्रोधं सत्फलं कुरुते ॥२॥
दुःखसमुद्रं प्राज्ञास्तरन्ति पात्रार्पितेन दानेन ।
लघुनेव मकरनिलयं वणिजः सद्यानपात्रेण ॥ ३ ॥

યોગ્ય કાળ દેશમાં સાધુને કલ્પે તેવું શ્રદ્ધા સહિત શુદ્ધ મનથી ઉદ્યમવાળા થઈને આમુક દાન ઉત્તમ સાધુઓને આપવું. (૧)

ઉત્તમ પુરૂષો જે ગુણમાં અધિક છે, તેમને વિનય વડે થોડું પણ, આપેલું દાન મોટું ફળ આપે છે. જેમ—વડની કણિકા (          ) નાની છતાં, વડનું ઝાડ સારાં ફળવાળું બનાવે છે. ( २ )

તીક્ષ્ણ બુદ્ધિવાળા પાત્રમાં યોગ્ય દાન આપીને દુઃખ સમુદ્રને તરે છે. જેમ—મગરનાં સ્થાનવાળો મોટો સમુદ્ર હોય; તેને વેપારીઓ નાનાં વહાણ વડે તરી જાય છે. ( ૩ )

આ પ્રમાણે સુધર્મા સ્વામિ કહે છે, અને હવે પછીનું પણ તેઓ કહે છેઃ—

**भिक्खुं च खलु पुट्ठा वा अपुट्टा वा जे इमे आहच्च गंथा वा फुसंति, से हंता हणह खणह छिंदह दहह पयह आलुपह विलुंपह सहसाकारेह विप्परामुसह, ते फासे धीरो पुट्ठो अहियासए अदुवा आयारगोयरमाइक्खे, तक्किया णमणेलिस अदुवा वइगुत्तीए गोयरस्स अणुपुव्वेण संमं पडिलेहए आयतगुत्ते बुद्धेहिं एयं पवेइयं ( सू० २०४ )**

( च સમુચ્ચયના અર્થમાં છે. खलु વાક્યની શોભા માટે છે. ) તે ભિક્ષાના આચારવાળા સાધુને કોઇ કહે—હે સાધુ ! હું તમારે માટે ભોજન વિગેરે અથવા ઉપાશ્રય વિગેરે તૈયાર કરાવીશ, અથવા સુધરાવીશ. સાધુએ તેને

સંમતિ ન આપી હોય; તો પણ, તે કરાવે; અને મીઠાં વચન, અથવા બળાત્કારથી હું સાધુ પાસે ગ્રહણ કરાવીશ એવું માને; અને બીજો કોઇ ગૃહસ્થ સાધુના થોડા આચારને જાણતો હોય; તે પૂછ્યા વિનાજ છાનું કાર્ય કરે; અને વિચારે કે, હું તેમને ભોજન વિગેરે આપીશ. હવે તે ન ભોગવવાથી શ્રદ્ધાનો ભંગ થવાથી અથવા, મધુર સંકટો વચનના આગ્રહથી, અથવા ક્રોધના આવેશથી નિશ્ચયથી સુખ દુઃખ પણે અવલોક જાણનારો આ સાધુ છે. એમ જાણીને પશ્ચાત્તાપ પૂર્વક રાજાની આજ્ઞા લઇને ન્યક્કાર ભાવના પામેલો દ્વેષી બનીને તે સાધુને મારે પણ ખરો તે બતાવે છે, અને એક બતાવવાથી ઘણાનો આદેશ છે તેથી જેઓ, આ પૂછીને અથવા વિના પૂછે આહાર વિગેરે લાવવામાં ઘણું દ્રવ્ય ખરચીને સાધુને અર્પણ કરે; અથવા દ્રવ્ય ખરચી બનાવેલું ભોજન વિગેરે સાધુઓ ન લે: તો, તેમને તે ગૃહસ્થ ક્રોધી બનીને પીડા કરે છે.

પ્રઃ—કેવી રીતે ?

ઉઃ—કહે છે. તે શેઠ વિગેરે ક્રોધી બનીને પોતે સાધુને મારે છે. અથવા, મારવા માટે બીજાને પ્રેરણા કરે છે, અને બોલે છે કે—આ સાધુને દંડા વિગેરેથી મારો; તથા એના હાથ પગ કાપીને ઘાયલ કરો; તથા અગ્નિ વિગેરેથી બાળો; તથા તેમના સાથળનું માંસ પકાવો: તેનાં

વસ્ત્રો વિગેરે લુંટી લ્યો; તથા તેનું બધું છીનવી લ્યો. એકદમ બધું પ્રહાર વડે કરાવો; શીઘ્ર પંચત્વ ( મરણ ) પમાડો; તથા, દુઃખ દેવાના જુદા જુદા વિચાર કરો; જુદી જુદી પીડાથી બાધા કરો. આ પ્રમાણે હુકમ કરવાથી તે સાધુને બીજાઓ અનેક પ્રકારે દુઃખના સ્પર્શો કરે; તો પણ, ધીર બનીને તે ફરસોને ફરશી શાંતિથી સહન કરે. તથા બીજા ભૂખ તરસ વિગેરેના પરિષહો આવે; તે પણ સહે; પણ, પરિષહ ઉપસર્ગ આવેથી કંટાળીને વિકલવતા ( ખેદ ) પામીને તેનો ઉદ્દેશિક વિગેરે દોષિત આહારની અભિલાષા ન કરે; અથવા, સાંત્વવાદ ( મીઠાં વચન ) વિગેરે અનુકુળ ઉપસર્ગોથી લલચાવતાં પણ, અશુદ્ધ આહાર ન લે. જિન કલ્પી મુનિ તો, આચાર પાળે; પણ, તેનાથી જુદા સ્થવિર કલ્પી સાધુ પણ સામર્થ્ય હોય; તો, પોતાનો નિર્દોષ સંયમ પાળે. તે કહેઃ—જુદા જુદા ઉપસર્ગોથી થતી પીડાઓને સહે; અથવા, સાધુઓના આચારનો વિષય ( અનુષ્ઠાન ) જે મૂળ ગુણ ઉત્તરગુણના ભેદ સંબંધી છે તે સમજાવે; પણ, તે સમયે નયો વડે દ્રવ્ય વિચાર સમજાવવા ન બેસે; તેમાં પણ, મૂળ ગુણોની સ્થૈર્યતા માટે ઉત્તર ગુણોને ( વિશેષ પ્રકારે ) સમજાવે; અને તેમાં પિંડેષણાની વિશુદ્ધિ સમજાવે; અને આ સ્થળે પિંડેષણા સૂત્રોને સમજાવવાં જોઇએ. વળી, કહેવું કેઃ—

यत्स्वयमदुःखितं स्यान्न, न च परदुःखे निमित्त-
-भूतमपि ।
केवलमुपग्रहकरं, धर्मकृतेतद् भवेद्देयम् ॥१॥

જેથી, પોતે દુઃખી ન થાય; તેમ, બીજાનાં દુઃખમાં પોતે નિમિત્તભૂત પણ ન થાય. ફક્ત ધર્મ કરવા માટે આશ્રય આપનારૂં નિર્દોષ ભોજન વિગેરે હોય; તેજ સાધુઓને આપવાનું છે.

શું બધા પુરૂષોને આ બધું કહેવું?

ઉઃ—ના. આવનાર પુરૂષ સંબંધી વિચાર કરીને કહેવું કે—આ પુરૂષ કોણ છે? કોને માને છે? આગ્રહવાળો છે, આગ્રહ રહિત છે? મધ્યસ્થ છે? ભદ્રક છે? એમ બધું વિચારીને યથા શક્તિ કહે અને શક્તિ હોય; તો, પાંચ અવયવ અથવા, બીજી રીતે એ પ્રસિદ્ધ કરે કે, સ્વપક્ષની સ્થાપના થાય; અને પર પક્ષની યોગ્ય રીતે ભૂલો બતાવી તેને સુધારે; એવાં અનન્ય સદશ વચન કહે. પણ, સાધુ પોતે સામર્થ્ય રહિત હોય; અથવા, સામેનો માણસ તત્વની વાત સંભળાવતાં વધારે કોપે તેમ હોય; અથવા, અનુ[illegible]નો પ્રત્યનીક હોય: તો વાક્ ગુપ્તિ (મૌન) રાખવી તે કહે છે. એટલે સાધુ બુદ્ધિમાન હોય; અને સાંભળ-નાર બુદ્ધિશાળી હોય: તો, સાધુનો નિર્દોષ સંયમ બતાવશે. પણ તેમ ન હોય તો, મૌન રાખીને પોતાના આત્માનું હિત

વિચારતો પિંડ વિશુદ્ધિ વિગેરે આચારના વિષયને ઉદ્‌ગમ દોષ વિગેરેથી દોષિત છે કે નહિ ? એમ બીજાથી પૂછી લઈને સમ્યક્ શુદ્ધિ વિચારે.

પ્રઃ—કેવો બનીને ?

ઉઃ—આત્મ ગુપ્ત તે, સદા પોતાના સંયમમાં ઉપયોગ રાખનારો બનીને વિચરે. આ મેં નથી કહ્યું તેવું સુધર્માસ્વામિ કહે છે. बुद्धैः તે કલ્પ્ય અકલ્પ્યની વિધિ જાણનારા તીર્થંકર વિગેરેએ ઉપર બતાવેલું કહ્યું છે. તથા, હવે પછીનું પણ તેમનું કહેલું છે.

**से समणुन्ने असमणुन्नस्स असमणं वा जाव नो पाइज्जा नो निमंतिज्जा नो कुज्जा वेयावडियं परं आढायमाणे त्तिबेमि (सू० २०५)**

ફક્ત, ગૃહસ્થ અથવા કુશીલીયા પાસેથી અકલ્પ્ય એમ જાણીને આહાર વિગેરે ન લે. તેમજ, ઉત્તમ સાધુ ઢીલા સાધુને પૂર્વે બતાવેલ આહાર વિગેરે પોતે પણ જે શુદ્ધ લાવેલો હોય તે ન આપે; અથવા, તેવા પતિતો બહુ આદરમાનથી આહાર વિગેરે આપે; અથવા બીજી રીતે લલચાવે; તો પણ, તેમની વૈયાવચ્ચ ન કરે; ત્યારે પોતે કેવો બને ? અને કોની વૈયાવચ્ચ કરે તે કહે છે—

**धम्ममायाणह पवेइयं माहणेण मइमया सम-**

**णुन्ने समणुन्नस्स असणं वा जाव कुज्जा वेयावडियं परं आढायमाणे (सू० २०६) त्तिबेमि ॥८–२॥**

ગુરૂ કહે છે—હે શિષ્યો ! તમે કેવળી વર્દ્ધમાન સ્વામીએ કહેલા દાન ધર્મને જાણો, જેમ સમનોજ્ઞ સાધુ તે યોગ્ય વિહાર કરનારો હોય તે અપર સમનોજ્ઞ ચારિત્રધારી સંવિગ્ન હોય, સમાચારીમાં રહી સાથે ગોચરી કરતો હોય, તેવાને અશન વિગેરે ચાર પ્રકારનો આહાર, વસ્ત્ર પાત્ર વિગેરે ચાર પ્રકારનું દ્રવ્ય આપે, તથા તે આપવા માટે નિમંત્રણા કરે, અથવા પેશલ વૈયાવચ્ચ કરે અર્થાત્ અંગમર્દન (ચોળવું ચાંપવું) વિગેરે પણ કરે, પણ એથી વિરૂદ્ધ આચારવાળા જે ગૃહસ્થો કુતીર્થિઓ પાસત્થાઓ અસંવિગ્ન અસમનોજ્ઞ સાધુઓ હોય, તેમને આપે નહિ, પરંતુ સમનોજ્ઞનેજ પોતે આપે, તથા અતિશે આદર સત્કાર કરીને તથા તે વસ્તુ માટે સીદાતો હોય, અથવા તપેલો હોય, તો તેની યોગ્ય રીતે વૈયાવચ્ચ કરે, આથી એમ બતાવ્યું, કે ગૃહસ્થ તથા કુશીલીયા સાધુની વૈયાવચ્ચ ન કરવી, આહાર વિગેરે ન આપવા. પણ આટલું વિશેષ છે, કે ગૃહસ્થ પાસે જે કલ્પનીય છે તે લેવું અને અકલ્પનીય નોજ નિષેધ છે, પણ અસમનોજ્ઞ સાધુ પાસેથી તો સર્વથા લેવાનો નિષેધ કર્યો. આ પ્રમાણે સુધર્માસ્વામી કહે છે. વિમોક્ષ અધ્યયનમાં બીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

## ત્રીજો ઉદ્દેશો.

બીજો કહ્યા પછી ત્રીજો ઉદ્દેશો કહે છે. તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં અકલ્પનીય આહાર વિગેરેનો નિષેધ કહ્યો. તથા તેના નિષેધથી અપમાન માનીને કોઇ કોપ કરીને મારવા તૈયાર થાય, તેને દાન કેવી રીતે દેવું તે યથાવસ્થિત દાન વિધિની પ્રરૂપણા સાધુએ કરવી, તેમ આ ઉદ્દેશામાં પણ આહાર વિગેરે નિમિત્ત માટે ઘરમાં પેઠેલા સાધુનું અંગ ઠંડ વિગેરેથી કંપતું દેખીને ગૃહસ્થને ઉલટું સમજાય કે આ સાધુ કામ ચેષ્ટાદિના કારણ ધ્રૂજે છે, તેવા ગૃહસ્થને યથાવસ્થિત સ્વરૂપ બતાવીને ગીતાર્થ સાધુએ તેની ખોટી શંકા દૂર કરવી. આ પ્રમાણે આવા સંબંધે આવેલા ઉદ્દેશાનું સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારવું જોઈએ તે કહે છે.

**मज्झिमेणं वयसावि एगे संबुज्झमाणा समुट्ठिया, सुच्चा मेहावी वयणं पंडियाणं निसामिया समियाए धम्मे आरिएहिं पवेइए ते अणवकंखमाणा अणइवाएमाणा अपरिग्गहेमाणा नो परिग्गहावंती सव्वावंति चणं लोगंसि निहाय दंडं पाणेहिं पावं कम्मं अकुव्वमाणे एस महं अगंथे वियाहिए, ओए जुइमस्स खेयन्ने उववायं चवणं च नच्चा (सू० २०७)**

અહીં ત્રણ અવસ્થાઓ છે. જુવાની મધ્યમ વય, અને

વૃદ્ધાવસ્થા છે, તેમાં મધ્યમ વયવાળો પરિપક્વ ( સ્થિર ) બુદ્ધિવાળો હોવાથી ધર્મને યોગ્ય છે, તે પ્રથમ બતાવે છે, કેટલાક મધ્યમ વયમાં બોધ પામેલા ધર્મ ચરણ માટે તૈયાર થએલા તે સમુત્થિત જાણવા. જો કે યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં દીક્ષા લેનાર હોય છે, છતાં પણ, બાહુલ્ય-તાથી તથા પ્રાયે મધ્યમ અવસ્થામાં ભોગ તથા કુતુહલની ઇચ્છા દૂર થયેલ હોવાથી અવિઘ્નપણે ધર્મનો અધિકારી થાય છે. માટે, મધ્યમ વય લીધી છે.

પ્રઃ—કેવી રીતે બોધ પામેલા તૈયાર થયા છે ?

ઉ:—કહે છે. અહીં ત્રણ પ્રકારના બોધ પામનારા જાણવા. (૧) સ્વયં બુદ્ધ, (૨) પ્રત્યેક બુદ્ધ, (૩) બુદ્ધબોધિત. તે ત્રણમાં અહીં બુદ્ધબોધિતનો અધિકાર છે, તે કહે છે, 'મેધાવી' તે મર્યાદામાં રહેલ બુદ્ધિમાન સાધુ પંડિતો (તીર્થંકર) વિગેરેનું હિત શ્રવણ કરવું; અહિત છોડવું; એ વચન પ્રથમ સાંભળીને પછી વિચારીને સમતાને ધારણ કરે.

પ્ર:—શા માટે ?

ઉ:—કારણ કે સમતા એટલે મધ્યસ્થ પણું ધારીને આર્ય તીર્થંકર વિગેરે એ પ્રકર્ષથી મુનિ ચારિત્રરૂપ ધર્મ કહ્યો છે. અને મધ્યમ વયમાં તેમનો ધર્મ સાંભળીને બોધ પામીને ચારિત્ર લેવા તૈયાર થયેલા છે. તે શું કહે

તે કહે છે. તેઓ દીક્ષા લઇને મોક્ષ તરફ પ્રયાણ કરી કામ ભોગોને ત્યાગી તથા જીવોને દુઃખ ન દઇને પરિગ્રહને ધારણ ન કરતા વિચરે. (પહેલું છેલ્લું લેવાથી વચલાં ત્રણ આવે છે.) તેથી જુઠ ન બોલતા ચોરીને ત્યાગી બ્રહ્મચર્ય પાળતા વિચરે એવા સાધુઓ પોતાના દેહમાં પણ મમત્વ ત્યાગે છે. એમજ બધા લોકને વિષે કોઇપણ જાતનો પરિગ્રહ તેઓ રાખતા નથી. (ચ સમુચ્ચયના અર્થમાં છે. અને તે ભિન્ન ક્રમ બતાવે છે. ણું વાકયની શોભા માટે છે.) વળી પ્રાણીઓને દંડે તે દંડ છે. અને તે દંડ બીજા જીવને પરિતાપ કરનાર છે. તે દંડને પ્રાણી તરફ અથવા પ્રાણી વિષે નાંખવાથી પાપ થાય કર્મ બંધાય. તેથી તે પાપ રૂપ કર્મ તે અઢાર પ્રકારનું છે. તેને પોતે ઉત્તમ સાધુ આચરતો નથી. તથા બાહ્ય અભ્યંતર ગ્રંથ છે તેને ત્યાગવાથી તેવા સાધુને તીર્થંકર ગણધર વિગેરેએ અગ્રંથ (નિર્ગ્રંથ) કહ્યો છે.

પ્રઃ—આવો કોણ થાય ?

ઉઃ—ઓજઃ તે અદ્વિતીય એટલે રાગદ્વેષ રહિત હોય છે. તથા ધતિવાળો એટલે સંયમ અથવા મોક્ષ છે તેના ખેદને જાણનારો છે. અને તે નિપુણ હોવાથી દેવલોકમાં પણ ઉપપાત ચ્યવન છે. એમ જાણીને વિચારે છે કે બધાં સંસારી સ્થાન અનિત્ય છે. એવી બુદ્ધિથી પોતે પાપ કર્મને વર્જનારો થાય છે. કેટલાક પુરૂષો તો મધ્યમ વયમાં પણ

ચારિત્ર લીધેલા પરિસહ તથા ઇંદ્રિયોથી ગ્લાનતા પામે છે. તે બતાવે છે.

**आहारोवचया देहा परीसहपभंगुरा पासह ए-गे सव्विंदिएहिं परिगिलायमाणेहिं ( सू० २०८ )**

આહારથી ઉપચય થાય તે આહારોપચય છે.

પ્ર:—તે કોણ છે ?

ઉ:—દેહો છે. તે દેહો આહારના અભાવમાં ઝાંખાશ લાવે છે અથવા તે નાશ પામે છે. તે પ્રમાણે પરિસહો આવેથી ભંગુર છે. તેથી આહારથી દેહો પુષ્ટ થયા છતાં પણ પરિસહો આવતાં અથવા વાયુ વિગેરેના અટકાવથી ગ્લાની પામે છે. એટલે ગુરૂ શિષ્યને કહે છે. હે શિષ્યો તમે જુઓ કે કેટલાક બધી ઇંદ્રિયો ઝાંખી પડતાં ક્ષીણતાને પામે છે. તે બતાવે છે. ભૂખથી પીડાએલો દેખતો નથી, સાંભળતો નથી, સુંઘતો નથી, વિગેરે જાણવું. તેમાં આહાર વિના કેવળીનું પણ શરીર ગ્લાન ભાવ પામે છે. તો તે સિવાયના બીજા જે સ્વભાવથીજ ભંગુર શરીરવાળા છે તેનું શું કહેવું ?

પ્ર:—કેવળી વિનાના સાધુઓ અકૃતાર્થ છે, અને ક્ષુધા વેદનીયનો સદ્ભાવ છે. તેથી તેઓ આહાર કરે છે અને દયા વિગેરે ગુણોને પાળે છે એ માનવું ઠીક છે પણ, કેવળી તો નિયમથી મોક્ષમાં જનાર છે. ત્યારે શા માટે શરીરને ધારે છે ? અને તે ધારણ કરવા શું કામ ખાય છે ?

ઉઃ—તેને પણ, ચાર અઘાતિ કર્મનો સદ્‌ભાવ છે. તેથી એકાંતથી કૃતાર્થતા નથી, અને તેની ખાતર શરીર ધારે છે! અને આહાર વિના તેનું ધારણ ન થાય; તથા તેમને ક્ષુધા વેદનીય કર્મનો સદ્‌ભાવ છે માટે ખાય છે. તે કહે છેઃ— વેદનીયના સદ્‌ભાવથી તેના કરેલા ૧૧ પરિષહો પણ, કેવળીને ઓછા કે બધા પરિષહો ઉદયમાં આવે છે તેથી કેવળી પણ ખાય છે. એ સિદ્ધ થયું; અને તેથીજ આહાર વિના ઇંદ્રિયોની ગ્લાનતા છે એમ બતાવ્યું. આ પ્રમાણે તત્ત્વને જાણનારો પરિષહથી પીડાતો હોય, છતાં પણ શું કરે? તે કહેછેઃ—

**ओए दयं दयइ, जे संनिहाण सत्थस्स खेयन्ने से भिक्खू कालन्ने बलन्ने मायन्ने खणन्ने विणयन्ने समयन्ने परिग्गहं अममायमाणे कालेणुट्ठाइ अपडिन्ने दुहओ छित्ता नियाइं ( सू० २०९ )**

ઓજ—તે એકલો રાગ દ્વેષ રહિત બનીને ભૂખ તરસનો પરિષહ આવે છતે પણ, દયા ( કૃપા ) પાળે ( ધારણ કરે ) પણ પરિષહથી પીડાતાં દયા છોડી ન દે.

પ્રઃ—કયો પુરૂષ દયાને પાળે છે?

ઉઃ—જે લઘુકર્મા હોય તે. ( જેના વડે સમ્યક્ રીતે નારકી વિગેરે ગતિમાં રખાય તે) સંનિધાન કર્મ છે, તેના સ્વરૂપને જણાવનાર શાસ્ત્ર છે, તેનો નિપુણ ખેદજ્ઞ છે, અથવા

સંનિધાન કર્મ છે, તેનું શસ્ત્ર સંયમ છે, તેના ખેદને જાણનારો છે. અર્થાત્ સમ્યક્ સંયમનો જાણનારો છે, અને જે સંયમની વિધિ જાણનારો છે, તે ભિક્ષુ કાળજ્ઞ તે ઉચિત અનુચિત અવસરનો જાણ છે. આ બધાં સૂત્રોનો અર્થ 'લોક વિજય' નામના બીજા અધ્યયનના પાંચમા ઉદ્દેશામાં બતાવેલ હોવાથી ત્યાંથી જાણી લેવું; તથા બલજ્ઞ, માત્રજ્ઞ, ક્ષણજ્ઞ, વિનયજ્ઞ, સમયજ્ઞ, બધી બાબતમાં નિપુણ સાધુ પરિગ્રહનો મમત્વ ત્યાગીને કાલમાં ઉત્થાયી તથા અપ્રતિજ્ઞ (કદા ગ્રહ રહિત) બનીને ઉભયથી (દ્રવ્ય ભાવથી) મમતાને છેદનારો બનીને તે સાધુ સંયમ અનુષ્ઠાનમાં નિશ્ચયથી વર્તે; તેને સંયમ અનુષ્ઠાનમાં વર્ત્તતાં શું થાય તે કહે છેઃ—

तं भिक्खुं सीयफासपरिवेवमाणगायं उवसंकमित्ता गाहावई बूया आउसंतो समणा ? नो खलु ते गामधम्मा-उव्वाहंति ? आउसंतो गाहावई ? नो खलु मम गामधम्मा उव्वाहंति, सीय फासं च नो खलु अहं संचाएमि अहियासित्तए, नो खलु मे कप्पइ अगणिकायं उज्जालित्तए वा (पज्जालित्तए वा) कायं आयावित्तए वा पयावित्तए वा अन्नेसिं वा वयणाओ, सिया स एवं वयंतस्स परो अगणिकायं उज्जालित्ता पज्जालित्ता कायं आया-

**विज्ज वा पयाविज्ज वा, तं च भिक्खू-पडिलेहाए आगमित्ता आणविज्जा अणासेवणाए त्तिबेमि ( सू० २१० ) ॥ ८-३ ॥**

અંતપ્રાંત આહારથી તેજ રહિત બનેલા નિષ્કિંચન તથા ભિક્ષાથી નિર્વાહ કરનારા સાધુને ગરમ અવસ્થાની ચુવાની જતાં ચોગ્ય વસ્ત્ર ઠંડ રોકવા જોઈએ; તે ન મળવાથી ઠંડથી કંપતા શરીરવાળાને નજીક ગૃહસ્થ મળતાં શું થાય ? તે કહે છેઃ—તે ગૃહસ્થ ઐશ્વર્યની ગરમીથી અહંકારી છે. કસ્તુરીથી લેપ કર્યો છે. ઉત્તમ જાતિના કેસરના જાડા રસથી ગાત્ર લીંપેલું છે. મીન મદ ( ) આગુરૂ ઘન સાર ધૂપિત રલ્લિકા ( ) થી લેપેલા શરીરવાળો છે, અને જુવાન સુંદરીઓના સંદોહથી વીંટાયેલો છે. અને શીત સ્પર્શનો અનુભવ જેને નાશ પામ્યો છે તેવો શેઠીયો તેવા કંપતા મુનિને જોઈ વિચારે કે આ મુનિ મારી સુંદર સ્ત્રીઓ જે દેવાંગનાની રૂપ સંપદાને હસી કાઢે છે, તેને જોઈને સાત્વિક ભાવને પામેલો ધ્રૂજે છે કે ઠંડના લીધે ? આવી રીતે શંકામાં પડેલો શેઠ બોલે, કે હે આયુષ્મન ! હે શ્રમણ ! પોતાના આત્માની કુલીનતાને પ્રકટ કરતો પ્રતિષેધ દ્વારવડે પૂછે છે કે તમને શું ઇંદ્રિયોની ઉન્મત્તતા દુઃખ દે છે ? આવું ગૃહસ્થ પૂછે, તો તેનો

અભિપ્રાય જાણીને સાધુએ કહેવું, કે આ ગૃહસ્થને પોતાના આત્માના અનુભવ વડે અંગના (સ્ત્રી)ના અવલોકનના પ્રકટ કરેલ ભાવથી ખોટી શંકા થઈ છે, તો હું તેની શંકા દૂર કરૂં આવું વિચારી સાધુ બોલે હે આયુષ્મન્! હે ગૃહસ્થ! મને ઇંદ્રિયોની ઉન્મત્તતા નથીજ બાધતી; પણ, તમે મારૂં શરીર જે, કંપતું જોયું છે, તે ફક્ત ઠંડુંજ કારણ છે, પણ તે કામદેવનો વિકાર નથી. અતિ ઠંડનો સ્પર્શ સહન કરવાને હું શક્તિવાન નથી. આ પ્રમાણે સાધુ બોલે ત્યારે, તે ગૃહસ્થ ભક્તિ અને કરૂણા રસથી ભિંજાચલા હૃદયવાળો બનીને કહે કેઃ—શીઘ્ર ઠંડ ઉડાડનાર સારા બળેલા અગ્નિને કેમ સેવતો નથી? મુનિ કહેઃ—મને અગ્નિ કાય સેવવો કલ્પતો નથી; તથા સળગાવવો પણ કલ્પતો નથી; તથા કોઈએ સળગાવેલો હોય તો, ત્યાં થોડો ઘણો તાપ લેવો પણ મને કલ્પતો નથી; તેમ, બીજાનાં વચનથી પણ, એમ કરવું મને કલ્પતું નથી: અથવા બીજાને અગ્નિ બાળવાનું કહેવું પણ મને કલ્પતું નથી. તે સાધુને આવું બોલતો જાણીને તે ગૃહસ્થ કદાચ આવું કરે તે કહે છેઃ—

તે ગૃહસ્થ આવું મુનિ પાસે સાંભળીને (પોતાની ભક્તિથી) અગ્નિ સળગાવીને ભડકો કરીને સાધુની કાયાને થોડી અથવા ઘણી તપાવે, તે અગ્નિ સળગાવ્યો મુનિ દેખે, તે પોતાની સુબુદ્ધિથી અથવા તીર્થંકરના વચનોથી અથવ.

બીજા પાસે તત્વ સમજીને તે ગૃહસ્થને સમજાવે, કે આ અગ્નિ સેવવો મને કલ્પતો નથી, પણ તમે સાધુ ઉપર ભક્તિ અને અનુકમ્પાથી પુણ્યનો સમૂહ ઉપાર્જન કર્યો છે. આ પ્રમાણે સુધર્માસ્વામી કહે છે. ત્રીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

## ચોથો ઉદ્દેશો.

ત્રીજો કહ્યા પછી ચોથો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે, ગયા ઉદ્દેશામાં ગોચરી ગયેલા સાધુને ઠંડથી શરીર કંપતાં ગૃહસ્થને ખોટી શંકા થાય, તો સાધુએ દૂર કરવી, પણ જો ગૃહસ્થના અભાવમાં જુવાન સીને સાધુના ઉપર કામ ચેષ્ટાની ખોટી શંકા થાય, અને કુચાલની ઇચ્છાથી સ્પર્શ કરવા આવે, તો ગળે ફાંસો ખાઈને અથવાગાર્ધપૃષ્ઠ વિગેરે આપઘાતનું મરણ પણ સ્વીકારવું; (પણ ખોટું કામ કરવું નહિં.) આવું ઉપસર્ગનું કારણ ન હોય તો આપઘાત ન કરવો, તે બતાવવા આ ઉદ્દેશો કહે છે. આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પહેલું સૂત્ર છે.

जे भिक्खू तिहिं वत्थेहिं परिवुसिए पायचउत्थेहिं तस्स णं नो एवं भवइ-चउत्थं वत्थं जाइस्सामि, से अहेसणिज्जाइं वत्थाइं जाइज्जा अहापरिग्गहियाइं वत्थाइं धारिज्जा, नो धोइज्जा नो धोय-

**रत्ताइं वत्थाइं धारिज्जा, अपलिओवमाणे गामंतरेसु ओमचेलिए, एयं खु वत्थधारिस्स सामग्गियं ( सू० २११ )**

અહીં પ્રતિમા ધારી અથવા જિન કલ્પી જે અછિદ્ર હાથ (લબ્ધિ) વાળો મુનિ જાણવો. કારણકે, તેનેજ પાત્ર નિર્યોગ યુક્ત પાત્ર, તથા કલ્પત્રય (વસ્ત્રની) આવી ઓઘ ઉપધિ હોય છે; તેને ઓપગ્રહિક (સંથારીઉં વિગેરે) ઉપધિ હોતી નથી; તેમાં ઠંડમાં શિશિર વિગેરે ઋતુમાં ક્ષોમિક (સુત્રનાં) બે કપડાં (૨॥) હાથ લાંબાં પહોળાં હોય છે, અને ત્રીજું ઉનનું હોય છે, તેવા મુનિને ઠંડ વિશેષ હોય; તો પણ. તે સાધુ બીજું કપડું ઇચ્છતો નથી તે બતાવે છે. જે ભિક્ષુ ત્રણ કપડાંથી નિર્વાહ કરનારો છે. તે ઠંડમાં એક કપડું ઓઢે છે. જો ઠંડ વધારે લાગે; અને સહન ન થાય તો, બીજું ઓઢે. તે બંનેથી પણ, ઘણી ઠંડના લીધે ન સહાય તો, ત્રીજું ઉનનું કપડું પણ તે બંને ઉપર ઓઢે છે. ઉનના કપડાને બહારના ભાગમાં સર્વથા રાખવું; અંદર તો, સુત્રનુંજ રાખવું. એ ત્રણ વસ્ત્રો કેવાં છે? તે બતાવે છે. पात्र चतुर्थः પડતા આહારને ન પડવા દે તે પાત્ર છે, અને તે પાત્ર ના લેવાથી પાત્રનો નિર્યોગ સાત પ્રકારનો પણ લીધો જાણવો કારણકે તેના વિના પાત્ર લેવાય નહીં. તે આ પ્રમાણે છે:—

**पत्तं पत्ताबंधो, पायट्ठवणं च पायकेसरिआ ।**
**पडलाइ रयत्ताणं च गोच्छओ पायणिज्जोगो ॥१॥**

(૧) પાત્ર (૨) પાત્રાનું બંધ (          ) (૩) પાત્રાનું સ્થાપન (               ) (૪) પાત્ર કેશરિકા (પૂંજણી) (૫) પડલા (૬) રજ સ્રાણુ (               ) (૭) ગુચ્છો આ સાત પાત્રોનો નિર્યોગ છે. આ પ્રમાણે સાત પ્રકારનો પાત્ર નિર્યોગ તથા કલ્પ ત્રણ, તથા રજોહરણ (ઓઘો) મુખવસ્ત્રિકા (મુહપત્તિ) એ પાંચ મેળવતાં બાર પ્રકારનો ઉપધિ છે. આ બાર પ્રકારની ઉપધિ ધારણ કરનારને આવો વિચાર ન થાય, કે મને આ ઠંડી ઋતુમાં ત્રણ વસ્ત્રોથી ઠંડ દૂર થતી નથી, માટે ચોથું વસ્ત્ર હું યાચી લાવું. આમ અધ્યવસાયનો નિષેધ કરવાથી યાચવું તો દૂરથીજ કાઢી નાંખ્યું. જો ત્રણ કલ્પ ન હોય, અને ઠંડી ઋતુ આવી પહોંચી, તો આ જિન કલ્પી વિગેરે મુનિ યથા એષણીય (નિર્દોષ) વસ્ત્રોની યાચના કરે. ઉત્કર્ષણ અપકર્ષણ રહિત અપરિ કર્મવાળાં યાચે તેમાં (૧) ઉદ્દિઠ્ઠ, (૨) પહે, (૩) અંતર, (૪) ઉજ્ઝિય ધમ્મા એ ચાર વસ્ત્રની એષણા છે, તેમાં પાછલી બેનો અગ્રહ છે, બાકીની બે લેવાય છે, તેમાં કોઇપણ એકનો અભિગ્રહ હોય છે. યાચના કરતાં શુદ્ધ વસ્ત્રો મળે, તો લે અને જેવાં લીધાં તેવાંજ પહેરે, પણ તેને ઉત્કર્ષણ કે ધોવું વિગેરે પરિકર્મ ન કરે તેજ બતાવે છે. અચિત્ત જળ વડે પણ

ન ધુએ, સ્થવિર કલ્પીને તો વર્ષાદ આવ્યા પહેલા અથવા મંદવાડમાં અચિત્ત પાણીથી યતનાથી ધોવાની અનુજ્ઞા (સંમતિ) છે, પણ જિન કલ્પીને તેમ ધોવું ન કલ્પે, તેમ પ્રથમ ધોઇને પછી રંગેલાં કપડાં હોય તે પણ ન પહેરે, તથા બીજા ગામે જતાં વસ્ત્ર સંતાડયા વિના ચાલે, અર્થાત્ અંત પ્રાંત (તદન સાદાં જીર્ણ જેવાં) વસ્ત્ર ધારે, કે તેને ચોરાવાના ડરથી ઢાંકી રાખવાં ન પડે તેથીજ જિન કલ્પી મુનિ અવમ ચેલિક છે: તેને ચેલ ( વસ્ત્ર ) પ્રમાણથી તથા મૂળથી અવમ ( ઓછી કીંમતનું ) હોય; તેથી અવમ ચેલિક છે. ( ખુ અવધારણના અર્થમાં છે. ) આ પ્રમાણે વસ્ત્ર ધારી જિન કલ્પિ મુનિને વિકલ્પવાળી અથવા બાર પ્રકારની ઓઘ ઉપધિવાળી સામગ્રી હોય છે. પણ બીજી ઉપધિ ન હોય; અને ઠંડ દૂર થતાં તે વસ્ત્રો પણ ત્યજી દેવાનાં છે, તે બતાવે છે.

**अह पुण एवं जाणिज्जा उवाइक्कंते खलु हेमंते गिम्हे पडिवन्ने अहापरिजुन्नाइं वत्थाइं परिट्ठविज्जा अदुवा संतरुत्तरे अदुवा ओमचेले अदुवा एगसाडे अदुवा अचेले ( सू० २१२ )**

જો, તે વસ્ત્રો બીજા શીયાળા સુધી ચાલે તેવાં હોય, તો બંને વખતે પડિલેહણા કરી ધારણ કરે; અથવા, યત્ને રાખે. પણ જો જીર્ણ જેવાં થઈ ગયાં હોય તેવું

જાણે તો, તે ત્યજી દે તે આ સૂત્ર વડે બતાવે છે. પછી તે સાધુ એમ જાણે કે, નિશ્ચે હવે હેમંત ઋતુ (શિયાળો) ગયો; અને ઉનાળો આવ્યો છે. ઠંડ પણ દૂર થઈ છે, અને આ વસ્ત્રો પણ જીર્ણ થઇ ગયાં છે. એવું જાણીને તે વસ્ત્રો ત્યાગ કરે. જો બધાં જીર્ણ થયેલાં ન હોય; તો જે જે જીર્ણ હોય તે પરઠવી દે, અને ત્યાગીને નિ:સંગ થઈને વિચરે. પણ જો, શિશિર (પોષ માઘ) વીત્યા પછી કોઇ ક્ષેત્ર કાળ કે પુરૂષને આશ્રયી શીત (ઠંડી) વધારે લાગતી હોય તો શું કરવું ? તે કહે છેઃ—શીત જતાં વસ્ત્રો ત્યાગવાં અથવા ક્ષેત્રાદિના ગુણથી હિમ પડનારો વાયરો ઠંડો વાય તો, આત્માની તુલના તથા ઠંડની પરીક્ષા કરવા સાન્તર ઉત્તર વસ્ત્રવાળો થાય. અર્થાત્ તેમાંથી કાંઇક તો ઓઢે; કાંઇક બાજુએ રાખે પણ, ઠંડની શંકાથી ત્યજી ન દે. અથવા અવમ ચેલ (ઓછાં વસ્ત્ર વાળો) તે એક કલ્પના ત્યાગવાથી બે વસ્ત્ર ધારણ કરે, અને ધીરે ધીરે ઠંડ જતાં બીજું વસ્ત્ર પણ દૂર કરે, તેથી એક સાડો (ચાદર)થી શરીર ઢાંકનારો બને, અથવા તદન શીતનો અભાવ થાય તો તે પણ ત્યજીદે, અને પોતે અચેલ (વસ્ત્ર રહિત) બને એટલે તેની પાસે માત્ર મુહપત્તિ અને રજોહરણ (ઓઘો) એ બેજ માત્ર ઉપધિ રહે.

પ્રઃ—એ એક વસ્ત્ર પણ શા માટે ત્યજી દે ! તે કહે છે.

लाघवियं आगममाणे, तवे से अभिसमन्नागए भवइ ( सू० २१३ )

લઘુનો ભાવ લાઘવ જેને હોય તે લાઘવિક છે, તેવી લાઘવિક (લઘુતા) ને પોતે ધારણ કરવા એક પણ વસ્ત્ર ત્યજી દે, અથવા શરીર અને ઉપકરણના કર્મમાં લાઘવ પણાને પામીને વસ્ત્ર ત્યાગ કરે, તેવા ત્યાગીને શું થાય? તે કહે છે. તે વસ્ત્રનો પરિત્યાગ કરનાર સાધુને તપની પ્રાપ્તિ થાય છે. કારણ કે કાયાને કલેશ આપવો તે પણ બાહ્ય તપનો ભેદ છે. કહ્યું છે કે—

"पंचहिं ठाणेहिं समणाणं निग्गंथाण अचेलगत्ते पसत्थे भवति तंजहा, । अप्पा पडिलेहा १ वेसासिए रूवे २ तवे अणुमए ३ लाघवे पसत्थे ४ विउले इंदियनिग्गहे ५"

પાંચ કારણે સાધુ નિર્ગ્રંથને અચેલકપણું પ્રશંસવા યોગ્ય છે. (૧) અલ્પપડિલેહણા (૨) વિશ્વાસવાળું રૂપ, (૩) તપની અનુમતિ (૪) પ્રશસ્ત લાઘવ, (૫) અતિશે ઇંદ્રિયનો નિગ્રહ આ જિનેશ્વરે કહ્યું છે, તે બતાવે છે—

जमेयं भगवया पवेइयं तमेव अभिसमिच्चा ।
सव्वओ सव्वत्ताए समत्तमेव समभि जाणिज्जा
( सू० २१४ )

આ બધું વીર વર્દ્ધમાન સ્વામીએ કહેલું છે એમ જાણીને બધા પ્રકારેથી સર્વ આત્માથી સમ્યકત્વ અથવા સમત્વ પણું ધારે, અર્થાત્ સચેલ અચેલ અવસ્થાની તુલનાને પોતે જાણે, અને આ સેવન પરિજ્ઞાથી પાલન કરે; પણ જે સાધુની શક્તિ તેવી ન હોય, તો તે પ્રભુનો માર્ગ બરોબર ન જાણી શકે, તો તે સાધુ હવે જે બતાવે છે, તેવા અધ્યવસાયવાળો થાય, તે કહે છે.

**जस्स णं भिक्खुस्स एवं भवइपुट्ठो खलु अहमंसि नालमहमंसि सीयफासं अहियासित्तए, से वसुमं सव्वसमन्नागय पन्नाणेणं अप्पाणेणं केइ अकरणयाए आउट्टे तवस्सिणो हु तं सेयं जमेगे विहमाइए तत्थावि तस्स कालपरियाए, सेऽवि तत्थ विअंतिकारए, इच्चेयं विमोहाय तणं हियं सुहं खमं निस्सेसं आणुगामियं तिबेमि ( सू० २१९ ) ८–४ ॥ विमोक्षाध्ययने चतुर्थ उद्देशकः ॥**

(ણું વાકયની શોભા માટે છે) જે ભિક્ષુને મંદ સંહનનના કારણે આવો અધ્યવસાય થાય, કે હું રોગ આતંકથી અથવા ઠંડ વિગેરેના કારણે અથવા સ્ત્રી વિગેરેના ઉપસર્ગથી મારૂં આ શરીર ત્યાગવું તે શ્રેય છે, પણ ઠંડ વિગેરેનું દુઃખ કે ભાવ ઠંડ તે સ્ત્રી વિગેરેનો ઉપસર્ગ સહન કરવા હું શક્તિમાન

નથી; તેથી, મારે ભક્ત પરિજ્ઞા ઇંગિત મરણ અથવા પાદપ ઉપગમન ઉત્સર્ગથી મરણ કરવા યોગ્ય છે. પણ, મારે આ અવસરે ; તેવું કરવું બની શકે તેવું નથી. કારણકે, તેમાં અમુક સમય સુધી કાળ ક્ષેપ કરવો જોઇએ. તે ઉપસર્ગ મારાથી સહન થાય તેમ નથી; અથવા, રોગની વેદના ઘણો કાળ સહેવાને હું શક્તિમાન નથી. તો મારે હમણા અપવાદનું વેહાનસ અથવા ગાર્દ્ધ પૃષ્ઠ મરણ સ્વીકારવું યોગ્ય છે. પણ, જે ઉપસર્ગથી પીડાયલો હોય તે પાપ સેવવું તેને યોગ્ય નથી તેવું બતાવવા કહે છે:—

સ તે સાધુને વસુ-દ્રવ્ય (સંયમ) છે, તે સંયમવાળો હોય તે વસુમાન્ છે. તેને અનુક્રમે સિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત થવા છતાં, કોઈ સ્ત્રીના કટાક્ષનો ઉપસર્ગ સંભવ થતાં પણ, તે ન સેવવાથી आवृतो (આ સમંતાત્ વ્યવસ્થિત ચારે બાજુથી મર્યાદામાં રહેલો તે) આવૃત છે, અથવા વાયુ વિગેરેથી થયેલ ઠંડો સ્પર્શ જે દુઃખ આપનાર છે, તેની ચિકિત્સા ન કરવાથી વસુમાન સિદ્ધાંતથી પ્રાપ્ત કરેલ જ્ઞાનવાળા આત્મા વડે વ્યવસ્થિત છે, તેવો ઉપસર્ગ આવતાં વાયુ વિગેરેની ઠંડી વેદનાને સહન ન કરી શકવાથી શું કરે ? તે કહે છે. (तु અવ્યય હેતુના અર્થમાં છે.) જેથી, ઘણો કાળ વાયુ વિગેરેની ઠંડી વેદનાને સહન ન કરી શકવાથી અથવા, જે કારણથી જુવાન સ્ત્રી ઉપસર્ગ કરવા આવેલી છે, તે વિષ ભક્ષણથી કે, ફાંસો

ખાઈને મરવાનું બતાવ્યાં છતાં પણ ન મુકે; તેથી, તે તપસ્વીએ ઘણો કાળ જુદા જુદા ઉપાયો વડે કરેલી તપસ્યાના ધનવાળા સાધુને મરવું તેજ શ્રેય છે, જેમકે કોઈ સાધુને તેના સગાંએ સ્ત્રીવાળા ઓરડામાં પ્રવેશ કરાવ્યો, અને પ્રેમવાળી પત્નીએ ઘણીવાર પ્રાર્થના કર્યા છતાં સાધુએ ધૈર્ય રાખ્યું. પણ અંતે નીકળવાનો બીજો ઉપાય ન જોવાથી ફાંસો ખાધો, તેમ ફાંસો ખાવા માટે ઉંચે લટકવું, અથવા વિષ ભક્ષણ કરવું, અથવા ઉંચેથી પડવું, તેજ પ્રમાણે ઘણો કાળ ઠંડ વિગેરે સહન ન થવાથી સુદર્શન માફક પ્રાણ ત્યાગવા.

શંકા—ફાંસો ખાવો વિગેરે બાળ મરણ છે, અને તે અનર્થ માટે છે, ત્યારે તેનો કેવી રીતે તમે ઉપદેશ કર્યો ? કારણ કે સિદ્ધાંતમાં કહ્યું છે કે—

**" इच्चेएणं बालमरणेणं मरमाणे जीवे अणंतेहिं नेरइयभवग्गहणेहिं अप्पाणं संजोएइ जाव अणाइयं चणं अणवयग्गं चाउरंतं संसारकंतारं भुज्जो भुज्जो परियट्टइ त्ति "**

ઉ:—આ દોષ અમારા આર્હંત (જિનેશ્વર)ના મતમાં નથી, કારણ કે કંઇપણ એકાંતથી નિષેધ કર્યો છે, કે સ્વીકાર્યું છે, તેવું નથી ફક્ત એક મૈથુનમાં જૂઠું છે; અને સિવાય દરેકમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને આશ્રયીને જે પ્રથમ નિષેધ કર્યો હતો, તેજ સ્વીકારાય છે, ઉત્સર્ગ માર્ગ પણ કોઈ વખત અગુણ

( નુકશાન ) માટે છે અને અપવાદ પણ ગુણને માટે કાળ ( સમય ) જાણનારા સાધુને થાય છે, તેજ બતાવે છે. દીર્ઘ કાળ સંયમ પાળીને સંલેખના વિધિ એ કાળના પર્યાય વડે ભક્ત પરિજ્ઞા વિગેરેનું મરણ ગુણને માટે છે, અને સ્ત્રી વિગેરેના ઉપસર્ગમાં વેહાનસ ગાર્ધ્ર પૃષ્ઠ વિગેરેથી મરણ થાય તેમાં કાળ પર્યાયજ છે. અર્થાત્ જેવી રીતે ભક્ત પરિજ્ઞા વિગેરેનું મરણ ગુણવાળું છે, તેમ આ કાળ પર્યાયના મરણ જેવું વેહાનસ વિગેરે મરણ લાભદાયી છે. ઘણા કાળ પર્યાયમાં જેટલું કર્મ આ સાધુ ખપાવે છે, તેટલુંજ આવા સમયમાં થોડા કાળમાં કર્મ ક્ષય કરી નાંખે છે તે બતાવે છે. સોડવિ વેહાનસ વિગેરેથી મરનારો પણ ફક્ત ભક્ત પરિજ્ઞા વિગેરે કરનારો નહિ પણ આ સાધુ વેહાનસ વિગેરે મરણમાં ( विअंति कारए ति ) વિશેષ પ્રકારે અંત- ક્રિયા કરનારો તે વ્યંતિકારક છે તેવાને તેવા સમયમાં વેહાનસાદિ મરણ ઉત્સર્ગજ માર્ગ છે. કારણ કે, આવું અકાળ મરણ જે અપવાદ રૂપ છે, તેના વડે મરેલા અનંતા સિદ્ધો પૂર્વે થયા અને થશે. ઉપસંહાર કરવા કહે છે કે, આ ઉપર બતાવેલું વેહાનસ વિગેરે મરણ મોહ દૂર થયેલા સાધુઓની કર્ત્તવ્યતાથી આયતન (આશ્રય) છે, અને સંસાર દૂર કરતું હોવાથી હિત છે. જન્માંતરમાં પણ સુખ આપ- નાર હોવાથી સુખ છે. તથા કાળ આવેલો હોવાથી ક્ષમ ( યુક્ત ) છે. તથા, કર્મ ક્ષય કરનાર હોવાથી નિઃશ્રેયસ છે. તથા, પુણ્યનો અનુગમ ઉપાર્જન કરવાથી આનુગમિક છે, આ પ્રમાણે સુધર્મા સ્વામી કહે છે:—ચોથો ઉદ્દેશો સમાપ્ત.

## પાંચમો ઉદ્દેશો.

ચોથો ઉદ્દેશો કહીને હવે પાંચમો કહે છે. તેનો આ પ્રમાણે સંબંધ છે ગયા ઉદ્દેશામાં ગાર્ધપૃષ્ટ વિગેરે બાળમરણ બતાવ્યું પણ આ ઉદ્દેશામાં તો તેથી ઉલટું ભક્ત પરિજ્ઞા નામનું મરણ ગ્લાન ભાવ પામેલા સાધુએ સ્વીકારવું તે કહે છે. તેથી આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે.

**जे भिक्खू दोहिं वत्थेहिं परिवुसिए पायतइएहिं तस्स णं नो एवं भवइ तइयं वत्थं जाइस्सामि, से अहेसणिज्जाइं वत्थाइं जाइज्जा जाव एवं खुतस्स भिक्खुस्स सामग्गियं, अह पुण एवं जाणिज्जा-उवाइक्कते खलु हेमंते गिम्हे पडिवण्णे, अहा परिजुन्नाइं वत्थाइं परिट्ठविज्जा, अहा परिजुन्नाइं परिट्ठवित्ता अदुवा संतरुत्तरे अदुवा ओमचेले अदुवा एगसाडे अदुवा अचेले लाघवियं आगममाणे तवे से अभिसमन्नागए भवइ जमेयं भगवया पवेइयं तमेव अभिसमिच्चा सव्वओ सव्वत्ताए सम्मत-मेव समभिजाणिया, जस्सणं भिक्खुस्स एवं भवइ पुट्ठो अबलो अहमंसि नालमहमंसि गिहंतरसंक-मणं भिक्खायरियं गमणाए, से एवं वयंतस्स परो**

अभिहडं असणं वा ४ आहट्टु दलइज्जा, से पुव्वामेव आलोइज्जा-आउसंतो ! नो खलु मे कप्पइ अभिहडं असणं ४ भुत्तए वा पायए वा अन्ने वा एयप्पगारे सू० २१६)

તેમાં ત્રણ કલ્પમાં રહેલ સ્થવિરકલ્પી અથવા જિન કલ્પી મુનિ હોય, પણ બે કલ્પ (વસ્ત્ર) ધારણ કરનાર અવશ્યે જિનકલ્પી હોય, અથવા પરિહાર વિશુદ્ધિક અથવા યથાલંદિક કે પ્રતિમા ધારી તેમાંનો કોઈ પણ હોય, આ સૂત્રમાં બતાવેલ જે જિનકલ્પી વિગેરે બે વસ્ત્રો ધારણ કરનારો હોય, આમાં વસ્ત્ર શબ્દ સામાન્યથી લીધો છે, માટે એક સૂત્રનું બીજું ઉનનું એમ બે વસ્ત્ર ધારણ કરી સંયમમાં રહેલ છે, કેવાં બે કલ્પ વસ્ત્ર છે ? ઉત્તર—પાત્ર ત્રીજું ધારણ કરેલો, સાધુ છે. તેણે પૂર્વના સૂત્ર પ્રમાણે જાણવું, તે ઠંડથી પીડાયા સુધીનું જાણવું, તે પ્રમાણે અહીં કહે કે હું વાયુ વિગેરેના રોગથી પીડાયેલ નિર્બળ હોવાથી, એક ઘરથી બીજે ઘેર જવા અસમર્થ છું તેથી ભીક્ષા માટે જવા હું અશક્ત છું, આવું બોલનાર સાધુ પાસે કોઈ ગૃહસ્થ ઉભો હોય, તે સાધુનું બોલવું સાંભળીને અથવા બોલ્યા વિના પણ તેને અશક્ત જાણીને પર (બીજો) ગૃહસ્થ વિગેરે અનુકંપા તથા ભક્તિના રસથી કોમળ હૃદયવાળો બનીને અભિહૃત તે સાધુને ઉદ્દેશ કરી બનાવેલું અશન પાન ખાદિમ સ્વાદિમ લાવીને

તે સાધુને આપે, તે સમયે ગ્લાન સાધુએ સૂત્રાર્થને અનુસારે જીવિતને નહિ વાંછતાં મરવું બહેતર ! એમ વિચારીને તેણે શું કરવું તે કહે છે, પૂર્વે બતાવેલા જિન કલ્પી વિગેરે ચારેમાંથી કોઇ પણ એક સાધુએ પ્રથમ વિચારવું, કે ઉદ્ગમ વિગેરે ક્યા દોષથી આ દૂષિત છે ? તેમાં અભ્યાહૃત જાણીને તેનો નિષેધ કરવો, તે આ પ્રમાણે હે આયુષ્મન્ ! હે ગૃહપતે ! આ મારા સામે આણેલું કે અણાવેલું અશન ખાવાને પાણી પીવાને અથવા તેવું બીજું આધાકર્મ વિગેરે દોષથી દુષ્ટ અમને કલ્પતું નથી, આ પ્રમાણે તે દાન આપતા ગૃહસ્થને સમજાવે, બીજી પ્રતિમાં—

**" तं भिक्खुं केइ गाहावई उव संकमित्तु वूया, आउसंतो समणा ! अहन्नं तव अट्टाए असणं वा ४ अभिहडं दलामि, से पूव्वामेव जाणेज्ञा—आउसंतो गाहावई ! जन्नं तुमं मम अट्टाए असणं वा ४ अभिहडं चेतेसि, णोय खलु मे कप्पइ एयप्पगारं असणं वा ४ भोत्तए वा पायए वा अन्ने वा तहप्पगारोत्ति"**

આમાં પણ તેજ પાઠ છે કે કોઇ ગૃહસ્થ સાધુ પાસે આવીને કહે કે હું તમારે માટે ચાર પ્રકારના આહારમાંથી કોઇ પણ સામે લાવીને આપું ! તે સાધુ પ્રથમથી જાણે તો કહે કે ગૃહસ્થ ! તું મારે માટે કંઈ પણ સામે

લાવીને આપે તો મને ખાવા પીવાને કલ્પે નહિ. તેમ તેવું બીજું પણ ન કલ્પે.

આ પ્રમાણે નિષેધ કરેલો પણ શ્રાવક સમ્યગ્દૃષ્ટિ પ્રકૃતિ ભદ્રક અથવા મિથ્યા દૃષ્ટિમાંથી કોઇ પણ દયાળુ એવું ચિંતવે, કે આ ગ્લાન સાધુ ભિક્ષા લેવા જવાને અશક્ત છે, તેમ બીજાને લાવવા પણ કહી શકે નહિ, માટે તેનો નિષેધ કર્યો છતાં પણ હું કોઇ બાકાને લાવીને આપીશ એપ્રમાણે વિચારીને આહાર વિગેરે એમ લાવીને આપે, તો તે સમયે સાધુઓ તે આહાર ને અનેષણીય ( અયોગ્ય ) છે, એમ વિચારીને તે ગૃહસ્થને નિષેધ કરવો. વળી—

जस्स ण भिक्खुस्स अयं पगप्पे-अहं च खलु पडिन्नत्तो अपडिन्नत्तेहिं गिलाणो अगिलाणेहिं अभिकंख साहम्मिएहिं कीरमाणं वेयावडियं साइज्जिस्सामि. अहं वावि खलु अपडिन्नतो पडिन्नत्तस्स अगिलाणो गिलाणस्स अभिकंख साहम्मियस्स कुज्जा वेयावडियं करणाए आहट्टु परिन्नं अणुक्खिस्सामि आहटं च साइज्जिस्सामि १, आहट्टु परिन्नं आणक्खिस्सामि आहटं च नो साइज्जिस्सामि २, आहट्टु परिन्नं नो आणक्खिस्सामि आहटं च सा-

**इज्जिस्सामि ३ आहट्टु परिन्नं नो आणक्खिस्सामि आहडं च नो साइज्जिस्सामि ४ एवं से अहाकिट्टियमेव धम्मं समभिजाणमाणे संते विरए सुसमाहियलेसे तत्थावि तस्स कालपरियाए से तत्थ विअंतिकारए, इच्चेयं विमोहायं णं हियं सुहं खमं निस्सेसं आणुगामियं तिबेमि (सू० २१७) ॥८–५॥ विमोक्षाध्ययने पंचम उद्देशकः ॥**

(णं वाक्यनी शोभा माटे छे) जे भिक्षु परिहार विशुद्धि चारित्रवाळो अथवा यथालंदिक होय, तेने हवे पछी कहेवातो प्रकल्प (आचार) छे. ते आ प्रमाणे (खलु वाक्यनी शोभा माटे, च समुच्चयना अर्थमां छे) हुं बीजाए करेली वैयावच्चनी अभिलाषा राखीश, हुं केवो छुं! प्रतिज्ञस वैयावच्च करवाने बीजाए कहेलो छुं अर्थात् तेओ कहे छे, के अमे तमारी वैयावच्च यथा उचित करीशुं. ते बीजा केवा छे!

उः—अप्रतिज्ञप्त न कहेला; हुं केवो छुं! उः—विकृष्ट तपवडे कर्तव्यतामां अशक्त छुं अथवा वायु विगेरे रोगवाथी ग्लान छुं. बीजा कहेनारा केवा छे! अग्लान छे, उचित कर्तव्य करवाने शक्तिवान छे, तेमां परिहार विशुद्धि चारित्र वाळा तप करनारनी अनुपारिहारिक (वैयावच्च करनार) सेवा

કરે છે, તે વૈયાવચ્ચ કરનાર કલ્પમાં રહયો હોય, અથવા બીજો પણ હોય, હવે જો તે સેવા કરનાર પણ ગ્લાન (માંદા) હોય, તો તે બીજાની વૈયાવચ્ચ ન કરે, એ પ્રમાણે યથાસંદિક સાધુનું પણ જાણવું, પણ એટલું વિશેષ કે સ્થવિર કલ્પી સાધુ પણ તેની સેવા કરી શકે છે, તે બતાવે છે·

નિર્જરાને હ્રદયમાં વિચારીને સરખા કલ્પવાળા સાધર્મિક અથવા એક કલ્પમાં રહેલા બીજા સાધુઓથી કરાયેલી વૈયાવચ્ચને હું ઇચ્છીશ, જેનો આ આચાર છે, તે તેવા આચારને પાળતો ભક્ત પરિજ્ઞાવડે પણ જીવિતને છોડે, પણ આચારનું ખંડન ન કરે, આ ભાવાર્થ છે;

તેજ પ્રમાણે અન્ય સાધર્મિક વડે કરાયેલું વૈયાવચ્ચ અનુમતિ આપેલું છે. હવે બીજાની વૈયાવચ્ચ પોતે કરે તે બતાવે છે (ચ સમુચ્ચયના અર્થમાં અને અપિ પુનઃના અર્થમાં છે અને તે પૂર્વના કહેવાથી કંઇક વિશેષ બતાવવા માટે છે. ખલુ શબ્દ વાક્યની શોભા માટે છે) અને હું અપ્રતિજ્ઞપ્ત કહેવાયેલો છું અને જે બીજો પ્રતિજ્ઞપ્ત વૈયાવચ્ચ ન કરવાને માટે કહેવાયેલો છે તે ગ્લાન સાધુની હું અગ્લાન (શક્તિ) છું માટે નિર્જરાને ઇચ્છીને તેના કલ્પવાળા સાધર્મિક ની વૈયાવચ્ચ કરું;

પ્ર—શું જાણીને? [illegible] (શાન્તિ) ને માટે. તેથી આ પ્રમાણે પ્રતિજ્ઞા [illegible] ભક્ત પરિજ્ઞાએ પ્રાણોને છોડે

પણ પ્રતિજ્ઞાનું ખંડન ન કરે, (આ સૂત્રનો પરમાર્થ છે) હવે પ્રતિજ્ઞા વિશેષના દ્વારવડે ચોભંગી કહે છે. કોઇ એક આવી પ્રતિજ્ઞા કરે છે કે હું બીજા ગ્લાન સાધર્મિક સાધુને આહાર વિગેરે લાવી આપીશ; તથા હું વૈયાવચ્ચ પણ યોગ્ય રીતે કરીશ, તથા અપર (બીજા) સાધર્મિકે આણેલ આહાર વિગેરેને વાપરીશ, આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને વૈયાવચ્ચ કરે, (૧) તથા બીજો સાધુ આવી પ્રતિજ્ઞા કરે કે, હું બીજા માટે ગોચરી વિગેરે શોધીશ, પણ બીજાનો આહાર વિગેરે લાવેલો ખાઇશ નહિ, (૨) ત્રીજો આવી પ્રતિજ્ઞા કરે કે હું બીજાને નિમિતે આહાર વિગેરે શોધીશ નહિ પણ બીજાનો લાવેલો ખાઇશ, (૩) ચોથો આ પ્રમાણે પ્રતિજ્ઞા કરે, હું બીજાને નિમિતે આહાર વિગેરે શોધીશ નહિ, તેમ બીજાનું લાવેલું ખાઇશ પણ નહિ (૪) આ પ્રમાણે જુદી જુદી પ્રતિજ્ઞાઓ કરીને કોઈ જગ્યાએ ગ્લાયમાન (માંદો) પણ થાય, તો પણ જીવિતને ત્યાગ કરે, પણ પ્રતિજ્ઞાનો ભંગ ન કરે. હવે આ વિષયને સંપૂર્ણ કરવા કહે છે. આ પ્રમાણે કહેલી વિધિ એ તત્વને જાણનારો તે સાધુ શરીર વિગેરેનો મોહ છોડનારો બનીને યથાકીર્તિત ધર્મનેજ બરોબર જાણીને આસેવન પરિજ્ઞા વડે પાલતો તથા લાઘવિકને ઇચ્છતો વિગેરે ચોથા ઉદેશામાં જે કહ્યું, તે અહિં બધું જાણી લેવું, તથા પોતે કષાયના ઉપશમથી શાંત છે, અથવા અનાદિ સંસારમાં પર્યટન કરવાથી શ્રાંત છે, તે

સાવદ્ય અનુષ્ઠાનથી વિરત છે, શોભન લેશ્યા તે જેણે અંતઃકરણની નિર્મળવૃત્તિ તેજોલેશ્યા વિગેરે ધારણ કરવાથી તેજુસમાહૃત લેશ્યા વાળો છે, આવો બનીને પૂર્વે કહેલી પ્રતિજ્ઞા લઈને પાળવામાં સમર્થ છે, તે તપ અથવા રોગના કારણે ગ્લાન ભાવને પામેલો હોય, છતાં પણ તે પોતાની પ્રતિજ્ઞાનો લોપ ન કરતો શરીર ત્યાગવા ભક્ત પ્રત્યાખ્યાન કરે, અને તે ભક્ત પરિજ્ઞામાં પણ કાળ પર્યાયવડે અનાગત પરિજ્ઞા (બાર વર્ષની સંલેખનાનો સમય નથી, તેમાં પણ કાલ પર્યાય છે, જેણે શિષ્યોને ભણાવી ગણાવી તૈયાર કર્યા હોય, અને તપ વડે સંલિખિત દેહ વાળો હોય તેનો જે કાળ પર્યાય મૃત્યુનો અવસર પ્રશંસવા યોગ્ય છે, તેવો આ ગ્લાન થયેલા કલ્પધારીને પણ એજ અવસર છે. કારણકે બંનેમાં કર્મની નિર્જરા સમાન છે, તે કલ્પધારી ભિક્ષુ ગ્લાનપણાથી અણુશનના વિધાનમાં વ્યંતિકારક કર્માશય કરનારા છે આદીનું બધું પૂર્વ માફક જાણવું. પાંચમો ઉદ્દેશો સમાપ્ત થયો.

## છઠ્ઠો ઉદ્દેશો.

પાંચમો કહ્યો. હવે છઠ્ઠો ઉદ્દેશો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં બતાવ્યું, કે ગ્લાન સાધુએ ભક્ત પ્રત્યાખ્યાન કરવું, અને આ ઉદ્દેશામાં બતાવશે કે મુનિ

સંહનન વિગેરેથી બળવાળો સાધુ એકત્વ ભાવનાને ભાવીને ઇંગિત મરણ કરે- આ સંબંધે આવેલા આ ઉદ્દેશાનું પંહેલું સૂત્ર કહે છે.

**जे भिक्खु एगेण वत्थेण परिवुसिए पायबिईएण, तस्स णं नो एवं भवइ बिइयं वत्थं जाइस्सामि, से अहेसणिज्जं वत्थं जाइज्जा अहापरिग्गहियं वत्थं धारिज्जा जाव गिम्हे पडिवन्ने अहापरिजुन्नं वत्थं परिट्ठाविज्जा २ त्ता अदुवा एगसाडे अदुवा अचेले लाघवियं आगममाणे जाव सम्मत्तमेव समभिजाणिया (सू० २१८)**

જિનકલ્પી વિગેરે જે સાધુને એવો અભિગ્રહ હોય કે મારે એક વસ્ત્ર ધારણ કરવું અને બીજું પાત્ર રાખવું તેવા ઉત્તમ સાધુને મનમાં એમ ન આવે, કે બીજું વસ્ત્ર યાચું. તે પોતાને જરૂર પડતાં ફક્ત ઠંડી રૂતુમાં એકજ નિર્દોષ વસ્ત્ર યાચી લાવે, અને વિધિ પ્રમાણે લાવી પહેરે, પણ જ્યારે ઉનાળો આવે, ત્યારે જુનું વસ્ત્ર જીર્ણ થવાથી તેને પરઠવી દે, પણ બીજા શીયાળામાં ચાલે તેવું હોય તો પોતે તે એક સાટક (ચાદર) ને ધારણ કરે, અને જીર્ણ વસ્ત્ર પરઠવી દીધું હોય, તો પોતે વસ્ત્ર રહિત થઇને વિચરે, તે સ્થિર મતિવાળા સાધુનું આ લાઘવપણું આગમ અનુસારે

હોવાથી સમ્યક્ત્વ અથવા સર્વ પ્રાણી ઉપર સમભાવ પણું કે રાગદ્વેષ રહિત પણું જાણવું તથા તે સાધુને લઘુતા હોવાથી તેને એકત્વ ભાવનાનો અધ્યવસાય થાય તે બતાવે છે.

**जस्स णं भिक्खुस्स एवं भवइ-एगे अहमंसि नमे अत्थि कोइ न याहमवि कस्सवि, एवं से एगागिणमेव अप्पाणं समभिजाणिज्जा, लाघवियं आगममाणे तवेसे अभिसमन्नागए भवइ जाव समभिजाणिया (सू० २१०)**

(णं વાક્યની શોભા માટે છે) જે સાધુને આવા વિચાર થાય કે "હું એકલો છું, સંસારમાં ભ્રમણ કરતાં પરમાર્થ દ્રષ્ટિએ જોતાં મને ઉપકાર કરનાર બીજો કોઈ નથી, અને હું પણ બીજા કોઈના દુઃખને દૂર કરવામાં સહાયક નથી, કારણ કે પોતાના કરેલાં કર્મનું ફળ ભોગવવામાં સર્વ જીવોને પ્રવિર (સમર્થ) માનું છે ' આ પ્રમાણે આ સાધુ પોતાના આત્માને અંતરદ્રષ્ટિએ સમ્યગ રીતે એકલો જાણે, અને આ આત્માને નરક વિગેરેનાં દુઃખોથી બચાવવા શરણ રૂપ બીજો કોઈ નથી. એવું માનતો હોય ને પોતાને જે જે રોગ વિગેરે દુઃખ દેનારાં કારણો આવે, ત્યારે બીજાના શરણની ઇચ્છા કર્યા વિના "મેં કર્યું છે માટે મારેજ ભોગવવું" આવો વિચાર નિશ્ચય કરીને સમ્યગ રીતે ભોગવે છે.

પ્ર:—તે કેવી રીતે એમ સમતાથી સહન કરે ?

ઉ:—લાઘવિય વિગેરે ચોથા ઉદ્દેશા ૨૧૫ સૂ. માં બતાવ્યું તે "સમત્વપણું જાણવું" ત્યાંસુધી જાણવું, કે આ સાધુને કર્મની લઘુતા થવાથી આ લોક પરલોક બંનેમાં હિત સુખ નિશ્રેયસ માટે થાય છે અને પરંપરાએ મોક્ષ ફળ આપનાર છે—તેથી તેણે એકત્વ ભાવના ભાવવી આ અધ્યયનના બીજા ઉદ્દેશામાં ઉદ્દ્ગમ ઉત્પાદન એષણા બતાવી તે આ પ્રમાણે आउसंतो समणा ! अहं खलु तव अट्ठाए असणं वा ४ વિગેરે સૂ૦ ૨૦૨માં બતાવ્યું તે પ્રમાણે પાંચમાં ઉદ્દેશામાં ગ્રહણ એષણા બતાવી, सिया य से एवं वयं तस्सावि परो अभिहडं असणं वा ४ आहट्टु दलएजा इत्यादि (સૂત્ર ૨૧૬માં વચમાં આ પાઠ છે) આ સૂત્ર વડે ગ્રાસ એષણા બતાવી તેને હવે પછીના સૂત્રમાં વિશેષથી બતાવવા સૂત્ર કહે છે.

**से भिक्खू वा भिक्खुणी वा असणं वा ४ आहारेमाणे नो वामाओ हणुयाओ दाहिणं हणुयं संचारिज्जा आसाएमाणे दाहिणाओ वामं हणुयं नो संचारिज्जा आसाएमाणे, से अणासायमाणे लाघवियं आगममाणे तवे से अभिसमन्नागए भवइ, जमेयं भगवया पवेइयं तमेवं अभिसमिच्चा सव्वओ सव्वत्ताए समत्तमेव अ (सम) भिजाणीया (सू० २२०)**

તે પૂર્વે બનાવેલો સાધુ અથવા સાધ્વી અશન વિગેરે આહાર ઉદ્ગમ ઉત્પાદન એષણાથી શુદ્ધ અને પ્રત્યુત્પન્ન તે ગ્રહણ એષણા શુદ્ધ એટલે ૧૬ ગૃહસ્થ દાન દેનારના તથા સોળ લેનારના તથા દશ બંનેના ભેગા મળી કુલ ૪૨ દોષથી રહિત આહાર લાવીને ગોચરી કરતાં જે પાંચ દોષ અંગાર ધુમ્ર વિગેરે છે તેને વર્જીને આહાર કરે, તે અંગાર અને ધુમ્ર રાગદ્વેષના કારણે થાય છે તેમાં પણ સરસ નીરસ આહાર આવે તો રાગ દ્વેષ થાય છે, અને કારણનો અભાવ થતાં કાર્યનો પણ અભાવ છે, એમ જાણીને રસની ઉપલબ્ધિ (સ્વાદ)નું નિમિત્ત ત્યજવાનું બતાવે છે. તે સાધુ આહાર કરતાં ડાબી બાજુથી જમણી બાજુ સ્વાદ લેવા માટે ભોજન વિગેરે ન લઈ જાય તેજ પ્રમાણે સ્વાદ લેવા જમણી બાજુથી ડાબી બાજુ ન લઈ જાય, કારણકે સંસારના સ્વાદથી રસની પ્રાપ્તિમાં રાગદ્વેષનું નિમિત્ત છે, અને તે થીજ અંગાર તથા ધુમ્ર દોષ લાગે છે, જેથી ઉત્તમ સાધુ સાધ્વીઓ જે કંઈ સ્વાદિષ્ટ હોય તેનો સ્વાદ ન કરવો, બીજી પ્રતિમાં આ પ્રમાણે પાઠ છે, તેનો અર્થ આ છે, કે "આસ્વાદમાં આદરવાળો અરુચીવાળો શુદ્ધ ગણીને આહારને આમ તેમ ન ફેરવે"

સૂત્ર ([illegible]) આ આમ તેમ ડાબી જમણીમાં ન ફેરવવું, તેમ મોઢે પણ સ્વાદ લેવા નહિ તે બતાવે છે. સ

તે સાધુ ચારે પ્રકારના આહારને વાપરતો રાગદ્વેષ છોડીને ખાય, તેજ પ્રમાણે કોઇ નિમિત્તથી ડાબી જમણી બાજુ આહાર ફેરવવો પડે તો પણ પોતે સ્વાદ કર્યા વિના ફેરવે. પ્રઃ—શા માટે! ઉઃ—આહારની લાઘવતાને સ્વીકારતો આસ્વાદ ન કરે, આ પ્રમાણે આસ્વાદના નિષેધથી અંત પ્રાંત આહારનો સ્વીકાર પણ કહેલો સમજવો. આ પ્રમાણે સ્વાદ ન કરવાથી તે સાધુને કર્મની બહોળી નિર્જરા થાય છે, તે બધું પૂર્વ માફક છે, સમપણું સમત્વને પામે અથવા સમ્યકત્વ નિશ્ચળ થાય એ બધું પૂર્વ માફક સમજવું. તેવા ઉત્તમ સાધુ અથવા સાધ્વીને અંત પ્રાંત આહાર ખાવાથી માંસ લોહી ઓછા થવાથી જર્જરિત હાડકાં થવાથી સંયમ અનુષ્ઠાન શરીરથી બરોબર ન થવાથી ખેદ થાય, તેવી કાય ચેષ્ટાવાળાને શરીર ત્યાગવાની બુદ્ધિ થાય, તે બતાવે છે.

**जस्स णं भिक्खुस्स एवं भवइ—से गिलामि च खलु अहं इमंमि समए इमं सरीरगं अणुपुव्वेण परिवहित्तए, से अणुपुव्वेणं आहारं संवट्टिज्जा, अणुपुव्वेणं आहारं संवट्टिता कसाए पयणुए किच्चा समाहियच्चे फलगावयट्ठी उट्ठाय भिक्खु अभिनिवुडच्चे (सू० २२१)**

એકત્વ ભાવના ભાવનાર જે સાધુને આહાર ઉપકરણમાં લાઘવપણું પ્રાપ્ત થયું હોય, તેને આવો અભિપ્રાય

તે પૂર્વે બતાવેલો સાધુ અથવા સાધ્વી અશન વિગેરે આહાર ઉદ્દગમ ઉત્પાદન એષણાથી શુદ્ધ અને પ્રત્યુત્પન્ન તે ગ્રહણ એષણા શુદ્ધ એટલે ૧૬ ગૃહસ્થ દાન દેનારના તથા સોળ લેનારના તથા દશ બંનેના ભેગા મળી કુલ ૪૨ દોષથી રહિત આહાર લાવીને ગોચરી કરતાં જે પાંચ દોષ અંગાર ધૂમ વિગેરે છે તેને વર્જીને આહાર કરે, તે અંગાર અને ધૂમ રાગદ્વેષના કારણે થાય છે તેમાં પણ સરસ નીરસ આહાર આવે તો રાગ દ્વેષ થાય છે, અને કારણનો અભાવ થતાં કાર્યનો પણ અભાવ છે, એમ જાણીને રસની ઉપલબ્ધિ (સ્વાદ)નું નિમિત્ત ત્યજવાનું બતાવે છે. તે સાધુ આહાર કરતાં ડાબી બાજુથી જમણી બાજુ સ્વાદ લેવા માટે ભોજન વિગેરે ન લઈ જાય તેજ પ્રમાણે સ્વાદ લેવા જમણી બાજુથી ડાબી બાજુ ન લઈ જાય, કારણકે સંસારના સ્વાદથી રસની પ્રાપ્તિમાં રાગદ્વેષનું નિમિત્ત છે, અને તે બીજા અંગાર તથા ધૂમ દોષ લાગે છે, જેથી ઉત્તમ સાધુ સાધ્વીએ જે કંઈ સ્વાદિષ્ટ હોય તેનો સ્વાદ ન કરવો, બીજી પ્રતિમાં આહાપણં પાઠ છે, તેનો અર્થ આ છે, કે "આહારમાં આદરવાળો મૂર્છાવાળો લુબ્ધ બનીને આહારને આમ તેમ ન ફેરવે"

[illegible] ([illegible]) માં આમ તેમ ડાબી જમણીમાં ન ફેરવવું, તેમ બીજો પણ સ્વાદ લેવો નહિ તે બતાવે છે. સ

હિત અર્ચ” છે. ( નિયમિત કાયના વ્યાપાર વાળો છે, ) અથવા અર્ચા તે લેશ્યા છે, તે લેશ્યાને સંમ્યક્ રીતે સ્થાપી છે માટે અતિ વિશુદ્ધ અધ્યવસાય વાળો પોતે બન્યો છે, અથવા અર્ચા તે ક્રોધાદિ અધ્યવસાય રૂપ જવાળાને શાંત કરવાથી સમાહિત અર્ચા વાળો છે, તેવા સાધુએ કર્મ ક્ષય રૂપ ફળ ( તેને ક પ્રત્યય લગાડવાથી ફલક થયું ) ને સંસાર ભ્રમણ રૂપ આપદામાં અર્થ ( પ્રયોજન વાળો છે માટે તે ફળક આપદ્અર્થી કહેવાય છે. અથવા ફળક ( પાટીયા)ને બંને બાજુથી વાંસલા વિગેરેથી સરખું કરવા છોલે તેમ અહીં બાહ્ય અભ્યંતર અવકૃષ્ટ થવાથી ( આર્ષ વચન પ્રમાણે વિગ્રહ કરતાં ) 'ફલગાવયટ્ઠી' છે, અથવા દુર્વચન ( મહેણાં ) રૂપ વાંસલાથી છોલાવા છતાં કષાયના અભાવથી ફલક માફક રહે છે, તેવા સ્વભાવથી પોતે 'ફલકાવસ્થાયી' છે, અર્થાત પોતે 'વાસી ચંદન કલ્પ' જેવોછે, (આ પ્રમાણે માગધી સૂત્રના અર્થ કર્યા, કર્મ ક્ષય રૂપ ફળનો અર્થી, તે સંસાર ભ્રમણની આપદામાંથી છુટવાનો અર્થી, તથા ક્રોધાદિના ઓછા થવા થી પાટીયા જેવો મધ્યસ્થ રાગદ્વેષ રહિત બતાવ્યો) આવો ઉત્તમ સાધુ પ્રતિદિન સાકાર ભકત પ્રત્યાખ્યાન વાળો છે અને ઘણો બળવાન રોગ આવતાં શસ્ત્ર મરણ નો ઉદ્યમ કરનાર બની અભિ નિર્વૃત્ત અર્ચ્ચવાળો એટલે શરીર

થાય છે, ( સે શબ્દનો અર્થ તત્ છે અને તે વાક્યના ઉપન્યાસ માટે છે, च સમુચ્ચયના અર્થમાં છે, ખલુ અવધારણના અર્થમાં છે ) કે હું આ સંયમના અવસરમાં લુખા આહારથી અથવા રોગ ઉત્પન્ન થવાથી પીડાઇને ગ્લાનિ પામી અશક્ત થયો છું, લૂખા આહારથી કે તપથી શરીર અશક્ત થવાથી અનુપૂર્વિએ યોગ્ય રીતે આવશ્યક ક્રિયા કે પ્રતિલેખના વિગેરે ક્રિયા કરવામાં અશક્ત બની ગયો છું. અને શરીર દરેક ક્ષણે નબળું પડતું હોવાથી એક એ ઉપવાસ કે આંબીલ તપ વડે આહારનો સંક્ષેપ કરે. અર્થાત્ સાજા શરીરમાં બાર વર્ષ સુધી અનુક્રમે થોડા ઘણા તપે સંલેખના થતી હોય, તે અહીં ગ્રહણ ન કરે, પણ ગ્લાન સાધુને તેટલો કાળ સ્થિતિ ન રહે, માટે તેવી ટુંકા કાળની અનુપૂર્વી વાળી દ્રવ્ય સંલેખના માટે આહારને રોકે, આવી દ્રવ્ય સંલેખના કરીને બીજું શું કરે ? તે કહે છે—

એ ત્રણ ચાર પાંચ ઉપવાસ વિગેરેનો અનુક્રમે તપ કરીને આહારનો સંક્ષેપ કરે, અને કષાયોને ઓછા કરીને શરીરનો મોહ છોડે. કષાયો હંમેશાં ઓછા કરવા જોઇએ, પણ આ સંલેખનામાં તો અવશ્ય વિશેષ પ્રકારે ઓછા કરવા. જેથી તેમને વિશેષથી ઓછા કરી સમ્યક્ પ્રકારે સંપાદન કર્યું છે. શરીર (અર્ચા) જેનું તેવો મુનિ “ સમા-

હિત અર્ચ" છે. (નિયમિત કાયના વ્યાપાર વાળો છે, ) અથવા અર્ચ્ચા તે લેશ્યા છે, તે લેશ્યાને સંમ્યક્ રીતે સ્થાપી છે માટે અતિ વિશુદ્ધ અધ્યવસાય વાળો પોતે બન્યો છે, અથવા અર્ચ્ચા તે ક્રોધાદિ અધ્યવસાય રૂપ જવાળાને શાંત કરવાથી સમાહિત અર્ચ્ચા વાળો છે, તેવા સાધુએ કર્મ ક્ષય રૂપ ફળ (તેને ક પ્રત્યય લગાડવાથી ફલક થયું ) ને સંસાર ભ્રમણ રૂપ આપદામાં અર્થ ( પ્રયોજન વાળો છે માટે તે ફળક આપદ્અર્થી કહેવાય છે. અથવા ફળક (પાટીયા)ને બને બાજુથી વાંસલા વિગેરેથી સરખું કરવા છોલે તેમ અહીં બાહ્ય અભ્યંતર અવકૃષ્ટ થવાથી (આર્ષ વચન પ્રમાણે વિગ્રહ કરતાં) 'ફલગાવયટ્ઠી' છે, અથવા દુર્વચન ( મહેણાં ) રૂપ વાંસલાથી છોલાવા છતાં કષાયના અભાવથી ફલક માફક રહે છે, તેવા સ્વભાવથી પોતે 'ફલકાવસ્થાયી' છે, અર્થાત પોતે 'વાસી ચંદન કલ્પ' જેવોછે, (આ પ્રમાણે માગધી સૂત્રના અર્થ કર્યો, કર્મ ક્ષય રૂપ ફળનો અર્થી, તે સંસાર ભ્રમણની આપદામાંથી છુટવાનો અર્થી, તથા ક્રોધાદિના ઓછા થવા થી પાટીયા જેવો મધ્યસ્થ રાગદ્વેષ રહિત બતાવ્યો) આવો ઉત્તમ સાધુ પ્રતિદિન સાકાર ભક્ત પ્રત્યાખ્યાન વાળો છે અને ઘણો બળવાન રોગ આવતાં શાસ્ત્ર મરણ નો ઉદ્યમ કરનાર બની અભિ નિર્વત્ત અર્ચ્ચવાળો એટલે શરીર

સંતાપ રહિત બને, ધૈર્ય તથા સંઘયણ વિગેરેથી મુક્ત હોય, તે ભડા પુરૂષોએ આચરેલા ઇંગિત મરણ ને સ્વીકારે. પ્ર० કેવી રીતે ? તે કહે છે.

अणुपविसित्ता गामं वा नगरं वा खेडं वा कब्बडं वा मडंबं वा पट्टणं वा दोणमुहं वा आगरं वा आसमं वा सन्निवेसं वा नेगमं वा रायहाणिं वा तणाइं जाइज्जा तणाइं जाइत्ता से तमायाए एगंतमवक्कमिज्जा, एगंतमवक्कमित्ता अप्पंडे अप्पपाणे अप्पबीए अप्पहरिए अप्पोसे अप्पोदए अप्पुत्तिंग पणगदग मट्टिय मक्कडा संताणए पडिलेहिय २ पमज्जिय २ तणाइं संथरिज्जा, तणाइं संथरित्ता इत्थ विसमए इत्तरियं कुज्जा, तं सच्चं सच्चवाई ओएतिन्ने छिन्न कहं कहे आईयट्ठे अणाईए चिच्चाण भेउरं कायं संविहूय विरूवरूवे परीसहोवसग्गे अस्सिं विस्सं भइत्ता भेरव मणुचिन्ने तत्थावि तस्स कालपरियाए जाव अणुगामिय तिबेमि (सू० २२२) ॥८-६॥ विमोक्षाध्ययने षष्ठ उद्देशकः

બુદ્ધિ વિગેરે ગુણોનો ગ્રાસ કરે અથવા અઢાર કરો જ્યાં લેવાય, તે ગ્રામ છે, (બીજી વ્યાખ્યા એ વા શબ્દનો અર્થ

ગુજરાતીમાં અથવા લેવો) જ્યાં કર ન હોય તે ન કર (નગર) છે, ધૂળના ઢગલાથી કોટ બનાવ્યો હોય તે ખેટ (ખેડુ) છે નાના કોટથી વીટાયેલું તે કર્બટ છે, ૨ા ગાઉને આંતરે ગામ હોય તે મડંબ છે, પત્તન (પાટણ) બે પ્રકારે છે. જલ પત્તન તે કાનન દ્વીપ વિગેરે છે, સ્થળ પત્તન તે મથુરા છે, દ્રોણ મુખ તે જળ કે સ્થળ માર્ગે નીકળવા તથા પેસવાના રસ્તા હોય જેમકે ભરૂચ ખંભાત ( બંદર ) છે, સોના ચાંદી વિગેરેની ખાણ ને અ કર છે, તાપસ વિગેરેનો મઠ તે આશ્રમ ( આશ્રય ) છે, યાત્રા નિમિત્તે મળેલાં માણસોનો જ્યાં જમાવ થતો હોય તે સંનિવેશ છે, ઘણા વાણીયા (વેપારી) નું રહેઠાણ તે 'નેગમ' છે, રાજાને રહેવાનું નગર તે રાજ્યધાની છે. આંમાંથી કોઈપણ જગ્યાએ જઈને ઘાસની યાચના કરે

પ્ર:— શા માટે ?

ઉ:—પોતાને સંથારો કરવા માટે સુકું નિર્જીવ ઘાસ દર્ભ વીરણ વિગેરેને કોઈ ગામ વિગેરેમાં જઈને તેના માલિકની આજ્ઞા લઈને પોલું સડેલું લીલું છોડીને સુકું ઘાસ લે, તે લઈને ધામ એકાંત સ્થળ પહાડની ગુફા વિગેરેમાં જઈ મહા સ્થંડિલ શોધે તે કહે છે, જેમાં કીડી વિગેરેનાં ઇડાં ન હોય, જેમાં બે ઇંદ્રિય જીવો ન હોય, તથા નીવાર શ્યામાક વિગેરે બીજો ન હોય, તથા લીલું ઘાસ દરો

વિગેરે ન હોય, તથા ઉપર કે અંદર ઠારનું પાણી પડેલું ન હોય (અર્થાત્ છાંટા પડેલા ન હોય,) તથા વરસાદનું કે નીચેનું પાણી તેમાં પડેલું ન હોય, તેજ પ્રમાણે કીડી-યારૂં, પાંચ વર્ણની સેવાળ, તુર્તની પાણીથી પળાળેલી માટી કરોળીયાનાં જાળા રહિત નિર્દોષ જગ્યા હોય, તેવા મહા સ્થંડિલમાં ઘાસને પાથરે. પ્ર:—કેવી રીતે ? તે કહે છે. તે જગ્યાને આંખથી બરોબર જોઇને પછી રજો હરણથી બરોબર પૂંજીને (દરેકમાં બબે વાર લેવાનું કારણ બરો-બર જુએ) સંથારો પાથરીને ઝાડા પેશાબની જમીન બરો-બર જોઇને પૂર્વ દિશાના મોઢે સંથારા ઉપર બેસી હથેળી અને લલાટમાં રજોહરણ ફરસાવીને સિદ્ધ ભગવંતને નમસ્કાર કરીને પંચ પરમેષ્ઠિને યાદ કરી (અપિ શબ્દનો અન્યત્ર અર્થ છે) આગમમાં મુકરર કરેલા સ્થાનનાં ઇંગિત મરણ કરે, (ઇત્વર શબ્દનો અર્થ પાદપોપગમનની અપેક્ષા માટે છે તેથી) પાદપોપગમન અણસણ અથવ કરે, (પણ ઇત્વરનો અર્થ સકાર અમુક કાળ સુધીનું એવો અર્થ ન લેવો) કારણ કે જિન કલ્પી વિગેરે મુનિને જીવિત કાળમાં પણ સાકાર પ્રત્યાખ્યાનનો સંભવ નથી, તો પ્રત્યાખ્યાન જેવા અંતિમ વખતે સાકારનો સંભવ ક્યાંથી હોય ? કારણ કે ઇત્વર તે અમુક કાળનું પચ્ચખાણ રોગી શ્રાવક કરે, કે જો આ રોગથી પાંચ દીવસમાં મુકાઇશ,

તો પછી ભોજન કરીશ, તે શિવાય નહીં કરૂં વિગેરે ઇત્વર પચ્ચક્ખાણ છે, પણ ઇંગિત મરણ તો ધૈર્ય સંહનન વિગેરેના બળ વાળો પોતાની મેળેજ પાસું ફેરવવાની વિગેરે ક્રિયા કરનારો આખી જીંદગી સુધી ચારે આહારનો ત્યાગ કરે છે. કહ્યું છે કેઃ—

**पच्चक्खइ आहारं, चउव्विहं णियमओ गुरुसमीवे;**
**इंगियदेसंमि तहा, चिट्ठंपि हु नियमओ कुणइ ॥१॥**

**उव्वत्तइ परिअत्तइ, काइगमाईऽवि अप्पणा कुणइ;**
**सव्वमिह अप्पणाच्चिअ ण, अन्नजोगेण धितिबलिओ ॥२॥**

ચારે પ્રકારના આહારનું ગુરૂ પાસે નિયમથી પ્રત્યાખ્યાન કરે, અને ઇંગિત ( મુકરર કરેલા ) ભાગમાં ચેષ્ટા પણ નિયમથી કરે છે, (૧) પાસું બદલે, બાજુએ જાય અથવા ઠલ્લો માતરૂં કરે, તે પણ જાતે કરે, તે ધૈર્ય તથા બળવાળો પોતાના સિવાય બીજા પાસે ન કરાવે—

પ્ર૦ ઇંગિત મરણ કેવું છે ? અને કોણ કરે ? તે કહે છે. સંત પુરૂષોનું હિત કરે તેથી તે ઇંગિત મરણ સત્ય છે, અને સુગતિ માર્ગે લઇ જવામાં તે અવિસંવાદપણે હોવાથી તથા સર્વજ્ઞના ઉપદેશથી તે ઇંગિત મરણ સત્ય ( તથ્ય ) છે. તથા પોતે પણ સત્ય બોલનાર હોવાથી સત્ય-

વાદી છે, કારણ કે આખી જીંદગી સુધી યથોક્ત અનુષ્ઠાન કરવાની પ્રતિજ્ઞા લીધેલી તે ભાર ઉપાડવા સમર્થ હોવાથી અને તેમજ પાળવાથી સત્યવાદી છે, તથા 'ઓજ' પોતે રાગદ્વેષ રહિત છે, તથા સંસાર સાગરને તર્યો છે, અને ભુતકાળ માફક ભવિષ્યમાં પણ તરવા માટે તેવો ઉપચાર કરવાથી આવતીર્ણ છે, તથા જેણે રાગ વિગેરેની વિકથા કોઇ પણ રીતે ન કરવાનું નહી કરવાથી છિન્ન કથંકથ છે. અથવા આ ઇંગિત મરણની પ્રતિજ્ઞા કેવી રીતે પાર ઉતારીશ? એવી કથા જેણે છેદી નાંખી, માટે છિન્ન કથંકથ છે. કારણ કે દુષ્કર અનુષ્ઠાન કરનારો તેજ કથંકથી છે. પણ તે મહા પુરૂષપણે હોવાથી તે વ્યાકુળતાને પામતો નથી, તેજ પ્રમાણે આ સાધુને બધી રીતે અતિશયથી જીવાદિ પદાર્થો જાણી લીધાથી તે અતીત અર્થ છે, અથવા આહત્ત અર્થ છે.

અથવા બધી રીતે અર્થો અતિક્રાંત કર્યા છે. અર્થાત જેને પ્રયોજન હવે કશું બાકી નથી તે ઉપરત વ્યાપાર વાળો છે. તેજ પ્રમાણે બધી રીતે 'ઇત' તે અતીત, અને ફેરો નથી માટે સંસારાતીત છે, અથવા અનાદિ સંસાર ફરનારો તે. સંસાર સમુદ્રના પારગામી બન્યો છે. ગાઢ નિઃસ્પૃહી સાધુ ઇંગિત મરણ સ્વીકારે છે, તે સાધુ વિધિએ અતિ ઘણું દુઃખ પામતા ભિદુર શરીરનો મોહ છોડીને જે

ઔદારિક શરીર કર્મ સંબંધથી આવેલું છે, તેને વોસિ-રાવે છે. અને જે પરિસહ ઉપસર્ગો જુદા જુદા આવે, તેનું મંથન કરે. સમ્યગ રીતે સહન કરી આ સર્વજ્ઞ પ્રણીત આગમમાં વિશ્વાસ રાખીને અવિસંવાદના અધ્યવસાય પણાથી ભયાનક અનુષ્ઠાન જે કલીબ પુરૂષોથી ન વિચારાય, તેવું ઇંગિત મરણ પોતે સ્વીકાર્યું છે, જો કે રોગના કારણે આ તેણે સ્વીકાર્યું છે છતાં પણ તેનો લાભ કાલ પર્યાય આગત જેટલોજ છે, તે બતાવે છે, રોગ પીડાના કારણે મરણ સ્વીકાર્યું છતાં તેનો લાભ લાંબા કાળ જેટલોજ છે. એટલે કાળ પર્યાયમાંજ લાભ થાય. તેમ અહીં પણ થાય છે, તે કાળજ્ઞ સાધુને આજ કાલ પર્યાય છે, કર્મનો ક્ષય બન્નેમાં સમાનજ છે. કહ્યું છે કેઃ—सेवि तत्थ वियंत कारए तेनो અર્થ પૂર્વ માફક છે, અને સમજાય તેમ છે કે અહીં પણ પુષ્કળ નિર્જરા છે. ( આ ઉદ્દેશામાં રોગી સાધુ ઇંગિત કે પાદપોપગમન અણસણ કરે તો તેટલા થોડા કાળમાં સમભાવે ઘણું દુઃખ સહેવાથી ગચ્છમા રહી જે કર્મ ખપાવે તેટલુંજ આ થોડા કાળમાં ખપાવે.)

છઠ્ઠો ઉદ્દેશો સમાપ્ત.

પાળે, અને વસ્ત્રરહિત સંયમ પાળતાં તેને તૃણના ફરશો ફરશે, તથા ટાઢ તાપ ડાંસ મચ્છરના ફરશો દુઃખ દે તેવા એક જાતના કે જુદી જુદી જાતના ભોગવવા છતાં પોતે અચેલ રહી કર્મનું લાઘવપણું માને, અને તેમાંજ સમત્વ માને, વળી પ્રતિમાધારી સાધુજ વિશેષ અભિગ્રહ ધારણ કરે, તે આ પ્રમાણે કે હું બીજા પ્રતિમાધારી મુનિઓને કિંચિત આપીશ, અથવા તેમની પાસેથી લઈશ એવો કોઈ પણ જાતનો અભિગ્રહ ધારણ કરે, તેની ચોભંગી કહે છે,

जस्स णं भिक्खुस्स एवं भवइ—अहं च खलु अन्नेसिं भिक्खूणं असणं वा ४ आहट्टु दलइस्सामि आहडं च साइज्जिस्सामि १ जस्स णं भिक्खुस्स एवं भवइ—अहं च खलु अन्नेसिं भिक्खूणं असणं वा ४ आहट्टु दलइस्सामि आहडं च नो साइज्जिस्सामि २ जस्स णं भिक्खुस्स एवं भवइ अहं च खलु असणं वा ४ आहट्टु नो दलइस्सामि आहडं च साइज्जिस्सामि ३ जस्स णं भिक्खुस्स एवं भवइ अहं च खलु अन्नेसिं भिक्खूणं असणं वा ४ आहट्टु नो दलइस्सामि आहडं च नो साइज्जिस्सामि ४, अहं च खलु तेण अहाइरित्तेण अहेसणिज्जेण अहापरिग्गहिएणं

**असणेण वा ४ अभिकंख साहम्मियस्स कुज्जा वेयावडियं करणाए, अहं वावि तेण अहाइरित्तेण अहेसणिज्जणं अहापरिग्गहिएणं असणेण वा पाणेण वा ४ अभिकंख साहम्मिएहिं कीरमाणं वेयावडियं साइज्जिस्सामि लाघवियं आगममाणे जाव सम्मत्तमेव समभि जाणिया (सू० २२५)**

આ બધું પૂર્વે સૂ ૨૧૭ માં આવી ગયું છે, તેથી સંસ્કૃત વડે કહે છે, જે ભિક્ષુને આવો અભિગ્રહ હોય, કે હું બીજા સાધુઓ માટે આહાર લાવીને આપીશ, તથા તેમનું લાવેલું ખાઇશ (૧) બીજા સાધુને આવો અભિગ્રહ હોય કે બીજા સાધુઓને આહાર લાવીને આપીશ પણ બીજાનો લાવેલો ખાઇશ નહિ. (૨) કોઇને આવો અભિગ્રહ હોય કે બીજાને માટે આહાર લાવીને આપીશ નહિ, પણ તેમને લાવેલો ખાઇશ (૩) બીજાને માટે લાવીને આપીશ નહિ, તેમ લાવેલો ખાઇશ પણ નહિ. આચારમાનો કોઇ પણ અભિગ્રહ ધારણ કરે, અથવા પ્રથમના ત્રણમાંનો એક પદ વડેજ કોઇ અભિગ્રહ કરે તે બતાવે છે, જે સાધુને આવો અભિગ્રહ હોય, કે હું બીજા એ આહાર કરતાં વધેલા આહારનું ભોજન કરીશ, કારણ કે તે પ્રતિમા ધારીઓને તેવુંજ એષણીય ( ખાવા યોગ્ય ) છે, તે આ પ્રમાણે. પાંચ પ્રાભૃતિકામાં અગ્રહ છે, એનો અભિ-

તથા ઇરણુ તે ઇર્યા તે સુક્ષ્મ કાય વચન સંબંધી તથા મન સંબંધી પણ અપ્રશસ્તનું પચ્ચક્ખાણ કરે, અને તે પાદ-પોપગમન અણસણ સત્ય સત્યવાદી વિગેરે બધું ગયા ઉદ્દેશા પ્રમાણે જાણવું, (ઇતિ તથા બ્રવામિ શબ્દો પણ જાણીતા છે.)

સાતમો ઉદ્દેશો સમાપ્ત.

## આઠમો ઉદ્દેશો.

સાતમો કહીને હવે આઠમો કહે છે, તેનો સંબંધ આ પ્રમાણે છે, ગયા ઉદ્દેશાઓમાં કહ્યું કે રોગાદિ સંભવમાં કાળપર્યાયે આવેલું ભક્ત પરિજ્ઞા, ઇંગિત, કે પાદપોપગમન મરણ કરવું યુક્ત છે, અને અહીં તો અનુક્રમે વિહાર કરતા સાધુઓનું કાળ પર્યાયે આવેલું મરણ કહે છે, આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે.

અનુષ્ટુપ છંદ.

अणुपुव्वेण विमोहाइं, जाइं धीरा समासज्ज ।
वसुमंतो मइमंतो, सव्वं नच्चा अणेलिसं ॥१॥
दुविहंपि विदित्ताणं, बुद्धा धम्मस्स पारगा ।
अणुपुव्वीइ संखाए, आरंभाओ (य) तिउट्टई ॥२॥
कसाए पयणू किच्चा, अप्पाहारे तितिक्खए ।
अह भिक्खू गिलाएज्जा, आहारस्सेव अंतियं ॥३॥

**जीवियं नाभिकंखिज्जा, मरणं नोवि पत्थए**
**दुहओऽवि न सज्जिज्जा, जीविए मरणे तहा ॥४॥**

અનુક્રમે દીક્ષા લીધી. હિત શિક્ષા મળી, સૂત્રાર્થ મેળવી સ્થિર મતિ થયા પછી એકાકી વિહાર વિગેરે પ્રતિમા સ્વીકારી હોય, અથવા અનુપૂર્વી તે બાર વર્ષની સંલેખના વિધિ જેમાં ચાર વરસ વિકૃષ્ટ તપ વિગેરે અનુક્રમે પૂર્વે તપ બતાવ્યો, છે તે જાણવું ત્યારપછી મોહ રહિત તે જેમાંથી કે જેનાથી મોહ દૂર થયો, તેવાને ભક્ત પરિજ્ઞા ઇંગિત કે પાદપોપ ગમન અણસણ અનુક્રમે કરવનાં છે. તેમાં ધીર તે, ક્ષોભાયમાન ન થાય, તેવા વસુ (સંયમ) વાળા તથા મનન, તે મતિ હેય ઉપાદેય છોડવું લેવું તે સંબંધી વિચાર કરનાર મતિમંત છે, તથા સર્વે કૃત્ય અકૃત્ય જાણીને જે સાધુને ભક્ત પરિજ્ઞા વિગેરે કોઇ મરણ ઉચિત લાગે તથા પોતાની ધૈર્યતા સંઘયણ વિગેરે વિચારી અદ્વિતીય (ઉત્તમ) રીતે જાણીને તેવા મરણે સમાધિનું પાલન કરે, (૧) બે પ્રકારની અવસ્થા તથા તપની બાહ્ય અભ્યંતર અવસ્થાને વિચારી પાલન કરીને, અથવા મોક્ષાધિકારમાં બે પ્રકારનું સુકાવું છે, તેમાં પણ બાહ્ય તે શરીર ઉપકરણ વિગેરે, તથા અભ્યંતર રાગાદિ છે તેને હેયપણે જાણે અને ત્યાગીને આરંભથી દૂર થાય એટલે, જ્ઞાનનું ફળ હેયને ત્યાગવાનું છે, કોણ ત્યાગે ? બુદ્ધિમાન પુરૂષો, તે તત્વને જાણનારા શ્રુત ચારિત્ર નામનો

**અણાહારો તુયટ્ટિજ્જા, પુટ્ઠો તત્થઽહિયાસએ**
**નાઇવેલં ઉવચરે, માણુસેહિ વિપુટ્ઠવ ॥૮॥**

રાગદ્વેષની વચમાં રહે તે મધ્યસ્થ છે, અથવા જીવિત મરણની આકાંક્ષા રહિત તે મધ્યસ્થ છે, તે નિર્જરાની અપેક્ષા રાખનાર તે નિર્જરાપેક્ષી છે. તેવો સાધુ જીવન મરણની આશંસા રહિત સમાધિ જે અંત વખતની છે, તેનું પાલન કરે, અર્થાત કાલ પર્યાય વડે જે મરણ આવે તે સમાધિમાં રહી પાળે તથા અંદરના કષાયોને તથા બાહારના શરીર ઉપકરણ વિગેરેનેઃ મમત્વ છોડી દે, અને અધ્યાત્મ તે અંતઃકરણને શુદ્ધ કરે, એટલે મનમાં થતા રાગદ્વેષ વિગેરેનાં બધાં જોડકાં દૂર થવાથી વિસ્રોતસિકા ( ચંચળતા ) રહિત અંતઃકરણને વાછે, વળી ઉપક્રમણ તે ઉપક્રમ ઉપાય છે, તેવા કોઈ પણ ઉપાયને જાણે.

પ્ર૦—કોનો ઉપક્રમ? આયુષ્યનું કેમ તે સમ્યક્ પ્રકારે પાળવું.

પ્ર૦—કોના [illegible] તે આયુ છે?

ઉ૦—તે આચાર્યાનું—તેનો સન્માર્ગ આ છે. કે આત્મા પોતાના આયુષ્યનો ક્ષેમથી પ્રતિપાલન કરવા જે ઉપાયને જાણે તે તેને શીઘ્ર શીખે, એટલે બુદ્ધિમાન સાધુ તે પ્રમાણે વર્તે, પણ તે સંલેખનાના કાળમાં બાર વર્ષ પૂર્ણ થતા પહેલાં આયુષ્યમાં શરીરમાં વાયુ વિગેરેના ક્ષોભથી શીઘ્ર જીવ-

ક્ષેણ રોગ ઉત્પન્ન થાય તો સમાધિ મરણને વાંછતો તેના ઉપશમના ઉપાયને એષણીય વિધિએ તેલ ચોળવું વિગેરે કરે, અને ફરી પાછી સંલેખના શરૂ કરે, અથવા આત્માનું આયુ ( જીવિત ) ને કંઇ પણ આયુના પુદ્ગલોનું સંવર્ત્તન ( ઉપક્રમણ ) ઉત્પન્ન થએલું જાણે, તો તે સંલેખનાના તપમાંજ અનાકુલ મતિવાળો બનીને શીઘ્રજ ભક્ત પરિજ્ઞા વિગેરેને બુદ્ધિમાન સાધુ શીખવે (આદરે), (૬) પ્રસંલેખના વડે શુદ્ધ કાયવાળો બનીને મરણ કાળ આવેલો જાણીને શું કરે ? તે કહે છે.

ગ્રામ-શબ્દ જાણીતો છે. પણ તેનો અર્થ અહીં પ્રતિશ્રય (ઉપાશ્રય) બતાવ્યો છે, પ્રતિશ્રયજ તેને સ્થંડિલ (સંથારાની જગ્યા) છે. તેને જોઇને સંથારો કરે અથવા અરણ્ય એટલે ઉપાશ્રયની બહાર અર્થ બતાવ્યો, ઉદ્યાન અથવા પર્વતની ગુફામાં સંથારાની જગ્યા પ્રથમ નિર્જીવ જુએ. અને ગામ વિગેરેથી યાચી લાવેલા દર્ભ વિગેરેના સુકા ઘાસમાં યથા ઉચિત કાળનો જાણનારો સાધુ સંથારો કરે, ઘાસ પાથરીને શું કરે ? તે કહે છે—

આહાર રહિત તે અનાહારી બને, તેમાં શક્તિ અનુસારે ત્રણ અથવા ચારે આહારનું પ્રત્યાખ્યાન કરી પંચ મહાવ્રતનું ફરી સ્વયં આરોપણ કરી બધા પ્રાણી સમૂહને ખમાવેલો બની સુખ દુઃખમાં સમભાવ રાખી પૂર્વે મેળવેલા

પુણ્યના સમૂહવડે મરણથી ન ડરતો સંથારામાં પાસું ફેરવવું કરે પરિષહ ઉપસર્ગો આવે તેને દેહ મમત્વ છોડેલ હોવાથી સમ્યક્ પ્રકારે સહન કરે, તેમાં મનુષ્યના અનુકૂલ પ્રતિકૂલ પરીસહ ઉપસર્ગ આવતાં મર્યાદાનું ઉલંઘન ન કરે, તેમ પુત્ર સ્ત્રી વિગેરેના સંબંધથી આર્ત્ત ધ્યાનને વશ ન થાય, તેમજ પ્રતિકૂલ પરીસહ ઉપસર્ગોથી ક્રોધથી દુર્ધ્યાની ન થાય, તેજ બતાવે છે—

सन्नप्पगा य जे पाणा, जेय उड्ढमहाचरा ।
भुंजन्ति मंससोणियं, न छणे न पमज्जए ॥९॥
पाणा देहं विहिंसन्ति, ठाणाओ नवि उब्भमे ।
आसवेहिं विवित्तेहिं, तिप्पमाणोऽहियासए ॥१०॥
गन्थेहिं विवित्तेहिं, आउकालस्स पारए ।
पग्गहियतरगं चेयं, दवियस्स वियाणओ ॥११॥
अयं से अवरे धम्मे णायपुत्तेण साहिए ।
आयवज्जं पडीयारं; विजहिज्जा तिहा तिहा ॥१२॥

સંચરણ કરે, તે કીડી કોલ્હ (શિયાળ) વિગેરે જે પ્રાણીઓ છે, તથા ઉંચે ઉડનાર ગીધ વિગેરે છે, તથા બીલમાં નીચે રહેનાર સાપ વિગેરે છે, તથા સિંહ વાઘ વિગેરે પ્રાણીઓ માંસ ભક્ષણ કરે, તથા ડાંસ મચ્છર વિગેરે લોહી પીએ, તે સમયે તે જીવોને આહાર અર્થે આવેલા જાણીને

અવંતિ સુકુમાર માફક તેમને હણે નહીં. તેમ રજોહરણ વિગેરેથી ઉડાડીને ખાવામાં અંતરાય ન કરે, (૯) વળી આવેલાં પ્રાણીઓ મારી કાયાને હણશે, પણ મારાં જ્ઞાન દર્શન ચારિત્રને નહીં હણે, તેમ વિચારી કાયાનો મોહ છોડેલ હોવાથી તેને ખાતાં અંતરાયના ભયથી પોતે ન રોકે, અને તે સ્થાનથી પોતે ભયના કારણે બીજે ખસે નહિ,

પ્રઃ—કેવો બનીને ?

ઉઃ—પ્રાણાતિપાત વિગેરે પાંચ આશ્રવો અથવા વિષય કષાય વિગેરેથી દૂર રહીને શુભ અધ્યવસાય વાળો બનીને ડાંસ મચ્છર વિગેરેથી લોહી પીવાતો પણ અમૃત વિગેરેથી સિંચન થવા માફક તેઓની કરેલી પીડાને પોતે તપ્યા છતાં પણ સહન કરે; (૧૦) વળી બાહ્ય અભ્યંતર ગ્રંથ તથા શરીરના પ્રેમ વિગેરેથી પોતે દૂર રહી તથા અંગ ઉપાંગ વિગેરે જૈન આગમથી આત્માને ભાવતો શુકલ ધ્યાન ને ધર્મ ધ્યાનમાં રકત બની મૃત્યુ કાલનો પારગામી બને એટલે જ્યાં સુધી છેવટના શ્વાસોશ્વાસ હોય ત્યાં સુધી તેવી સમાધિ રાખે, આ ભકત પ્રત્યાખ્યાન મરણથી મોક્ષમાં જાય, અથવા દેવ લોકમાં જાય.

ભકત પરિજ્ઞા કહીને હવે ઇંગિત મરણ આઠમા શ્લોકથી કહે છે. પ્રકર્ષથી ગ્રહિત માટે પ્રકર્ષ ગ્રહિ છે, અને તે પ્રકર્ષથી લીધાથી પ્રગ્રહિત તર છે. (અનેક, પ્રત્યય લાગવાથી) પ્રગ્રહિત

નરક છે. હવે ઇંગિત મરણ કહે છે કારણ કે આ ભક્ત પ્રત્યાખ્યાનના નિયમથીજ ચાર આહારનું પ્રત્યાખ્યાન છે, તથા ઇંગિત પ્રદેશમાં સંથારાની જગ્યામાંજ વિહાર લેવાથી વિશિષ્ટતર ધૃતિ સંહનન વિગેરેથી યુક્ત હોય, તેજ પ્રકર્ષથી લે છે,

પ્રઃ—આ કોને હોય છે? દ્રવ્ય ( સંયમ ) જેને હોય તે દ્રવિક છે, અને તે ગીતાર્થનેજ છે, અને તે જઘન્યથી પણ નવ પૂર્વનું જ્ઞાન હોય તેવાને છે, બીજાને નથી, અહીં ઇંગિત મરણમાં પણ સંલેખનામાં કહેલ તૃણ સંથારો વિગેરે સમજવું. (૧૧)

આ અપર વિધિ છે? તે કહે છે. આ ઉપર બતાવેલો વિધિ ભક્ત પરિજ્ઞાથી જુદો ઇંગિત મરણનો વિધિ વિશેષ પ્રકારે વીર વર્દ્ધમાન સ્વામીએ સમ્યક્ પ્રકારે [illegible] છે, [illegible] કહેવાથી અને [illegible] કહેવાથી (ચ) 'ચ' વિશેષણ મૂકેલું છે, આ ઇંગિત મરણમાં પણ પ્રવ્રજ્યા વિગેરેનો વિધિ કહેવો, સંલેખના પૂર્વ માફક જાણવી, તેજ પ્રમાણે ઉપકરણ વિગેરે ત્યજીને સંથારાની જગ્યા પડિલેહણ કરીને આલોચના કરી પાપથી પાછા હઠીને પંચ મહાવ્રત ઉચરીને ચાર આહારનું પ્રત્યાખ્યાન કરીને સંથારામાં બેસે, અહીં આટલું વિશેષ છે.

[illegible] વિચાર વિશેષ પ્રકારે કરે. ત્રિવિધ ત્રિવિધ તે આ મન વચન કાયાથી

કરવું કરાવવું અનુમોદવું વિગેરે બધું આત્મ વેપાર શિવા-યનું ત્યાગે. જરૂર પડતાં પાસું ફેરવવું પડે હાલવું પડે અથવા પેશાબ વિગેરે કરવો હોય તો જાતેજ કરે, ( બીજાની મદદ ન લે ) વળી બધી રીતે પ્રાણીનું રક્ષણ વારંવાર કરવું તે બતાવે છે.

हरिएसु न निवज्जिज्जा, थंडिलं मुणिया सए
विओसिज्ज अणाहारो, पुट्ठो तत्थहियासए ॥ १३ ॥
इंदिएहिं गिलायंतो, समियं आहरे मुणी
तहावि से अगरिहे, अचले जे समाहिए ॥ १४ ॥
अभिक्कमे पडिक्कमे, संकुचए पसारए
काय साहारणट्ठाए, इत्थं वावि अचेयणो ॥ १५ ॥
परिक्कमे परिकिलन्ते, अदुवा चिट्ठे अहायए
ठाणे ण परिकिलन्ते, निसीइज्जा य अंतसो ॥१६॥

હરિત તે દ્રોના અંકુરા વિગેરેમાં ન સૂએ, પણ નિર્દોષ જગ્યા જોઈને સૂએ, તથા બાહ્ય અભ્યંતર ઉપધિ છોડીને અના-હારી બનીને પરિસહો તથા ઉપસર્ગથી ફરસાયલો પણ સંથારામાં બેઠેલો રહી સમ્યક પ્રકારે સહન કરે, (૧૩) વળી આહારના અભાવે મુનિ ઇંદ્રિયોથી ગ્લાન ભાવ પામે, તોપણ આત્માને સમાધિમાં રાખે, એટલે શમિનો ભાવ શમિતા એટલે સમ ભાવને ધારણ કરી આર્તધ્યાન ન કરે. તથા

જેમ સમાધાન રહે તેમ બેસે. એટલે સંકોચથી ખેદ પામે તો હાથ વિગેરે લાંબા કરે. તેનથી પણ ખેદ પામે તો સ્થિર ચિત્ત બેસે. અથવા મુકરર જગ્યામાં ફરે. તેમાં પણ આ પોતે ફુટ રાગેલી હોવાથી નિંદવા જોગ નથી તે કેવી છે, તે કહે છે. અચળ તે સમાધિમાં રહે તે ઇંગિત પ્રદેશમાં પોતાની મેળે શરીર ચલાવે. પણ ખેદથી કંટાળી અભ્યુદ્યત મરણથી ચલાયમાન ન થાય. તેથી તે અચળ છે. ( શરીરથી હાલે પણ શુભ ધ્યાનથી ચલાયમાન ન થાય. ) પોતે ધર્મ ધ્યાન કે શુક્લ ધ્યાનમાં મન રાખે. અને ભાવથી નિશ્ચળ રહીને ઇંગિત પ્રદેશમાં ચંક્રમણ વિગેરે કરે. (૧૪) તે બતાવે છે.

પ્રજ્ઞાપકની અપેક્ષાએ સંમુખ તે અભિક્રમણ છે. અર્થાત્ સંથારાથી દૂર જાય. તથા પ્રતીપ એટલે પાછો સંથારા તરફ આવે. પોતાના મુકરર ભાગમાં જતઆવ કરે તથા નિષણ્ણ અથવા નિપન્ન રહીને જેમ સમાધિ રહે તેમ ભુજ વિગેરેને સંકોચે અથવા લાંબા કરે.

પ્ર:—શા માટે?

ઉ:—તે બતાવે છે. શરીરની પ્રકૃતિના કોમળપણાથી [illegible] [illegible] [illegible] [illegible] પોતાની [illegible] ( શરીરના નેત્રો

સ્વભાવ હોવાથી તે કરવું પડે છે. પણ તેમને મહા સત્વ-પણું હોવાથી શરીરની પીડા થવાથી ચિત્તમા ખોટો ભાવ થાય તેમ ન જાણવું.) શંકા. જેણે કાયાનો બધો વ્યાપાર રોકેલો છે. તે સુકા લાકડા માફક અચેતન પણે પડેલો હોય. તેને પુન્યનો સમૂહ ઘણો એકઠો થયલો છે. તો શા માટે કાયાને હલાવે ?

ઉઃ—તેવો નિયમ નથી, શુદ્ધ અધ્યવસાયથી યથાશક્તિ ભારવહન કરવા છતાં તેની બરોબરજ કર્મ ક્ષય છે. અહીં વા અવ્યય હોવાથી જાણવું કે, પાદપોપગમનમાં અચે-તન અક્રિય માફક ઇંગિત મરણ વાળો સક્રિય હોય, તો પણ બંને સમાનજ છે. ( બંનેની ભાવમા સમાનતા છે. કાયા સંબંધિ ઇંગિત મરણમાં સક્રિય છે. અને પાદપોપ-ગમનમાં કાયાને હલાવવાની નથી. માટે અક્રિય છે.

અથવા ઇંગિત મરણમાં અચેતન સુકા લાકડા માફક સર્વ ક્રિયા રહિત જેમ પાદપોપગમન વાળો હોય તેમ પોતે શક્તિ હોય તો નિશ્ચળ રહે. (૧૫) તેવું સામર્થ્ય ન હોય તો આ પ્રમાણે કરે. તે કહે છે. જો બેઠે અથવા ન બેઠે. ગાત્ર ભંગ થાય તો ત્યાંથી ઉઠીને ફરે તે સમયે સરળ ગતિએ નિયમિત ભાગમાં આવજા કરે અને થાકી જાય તો જેમ સમાધિ રહે તેમ બેસે અથવા ઉભો રહે. જો સ્થાનમાં ખેદ પામે તો બેસે અથવા પસાંઠી સારીને અથવા અડધી

પલાંઠી મારીને અથવા ઉત્કુટુક આસને બેસે અને થાકે તો સીધો બેસે તેમાં પણ ઉત્તાનક ( સીધો ઉંચે મોઢું રાખીને ) સુવે અથવા પાસું ફેરવે અથવા સીધો સુવે અથવા લગંડશાયી સુવે જેમ સમાધિ રહે તેમ કરે (૧૬) વળી

आसीणेऽणेलिसं मरणं, इन्दियाणि समीरए।
कोलावासं समासज्ज, वितहं पाउरेसए ॥ १७ ॥
जओ वज्जं समुप्पज्जे, न तत्थ अवलंबए
तओ उक्कसे अप्पाणं, फासे तत्थ अहियासए ॥१८॥
अयं चाययतरे सिया, जो एवमणुपालए
सव्वगायनिरोहेऽवि, ठाणाओ नवि उब्भमे ॥१९॥
अयं से उत्तमे धम्मे, पुव्वट्ठाणस्स पग्गहे
अचिरं पडिलेहित्ता, विहरे चिट्ठमाहणे ॥ २० ॥

પ્ર—શું આદરીને?

ઉ—[illegible] મરણ [illegible] છે. અને તે સામાન્ય સાધુને [illegible] છે.

પ્ર—[illegible] [illegible] છે. [illegible] [illegible] (૧૭)

ઇંગિત મરણને આશ્રયી જે નિષેધ છે. તે કહે છે. આ અનુષ્ઠાનથી અથવા ટેકા વિગેરેથી વજ્ર માફક દૂર રહે અર્થાત્ કીડાને થતું દુઃખ સાધુને વજ્ર લેપ માફક ત્યાં દોષ લાગે માટે તે ઘુણવાળા લાકડાનો ટેકો વિગેરે લે નહીં. તથા ઉંચી નીચી કાયાને કરતાં અથવા ખરાબ વચનથી અથવા આર્તધ્યાન વિગેરે મનના યોગથી પોતાના આત્માને દોષ લાગતો જાણીને તેનાથી દૂર રહે અર્થાત્ પાપ લાગવા ન દે અને તેમાં ધૈર્ય અને સંહનન વિગેરે મજબુત હોય તો શરીરની વૈયાવચ્ચ ન કરે. અને ચડતા શુભ ભાવના કંડક-વાળો બની અપૂર્વ અપૂર્વ ભાવની ધારાએ ચઢીને સર્વજ્ઞના કહેલા આગમ અનુસારે પદાર્થના સ્વરૂપના નિરૂપણમાં પોતાની મતિ સ્થિર કરીને આ શરીર આત્માથી જુદું છે. માટે ત્યાગવા જોગ છે, એવો વિચાર કરીને બધા દુઃખના સ્પર્શોને તથા અનુકૂળ પ્રતિકૂળ આવેલા ઉપસર્ગ પરી-સહોને તથા વાતપિત્ત કફના દ્વંદ્વ અથવા જુદા રોગો આવે તો મારે કર્મક્ષય કરવાનો હોવાથી હું ઉઠયો છું માટે મારેજ આ પૂર્વે કરેલાં પાપને ભોગવવાં જોઇએ. આવો વિચાર કરીને દુઃખ સહે.

કારણ કે મેં જે શરીરને ત્યાગ્યું છે. એનેજ ઉપદ્રવ કરશે, પણ જે ધર્મ આચરણને કરવું છે, તેને બાધા લગાડે તેમ નથી. માટે તેવું વિચારીને સહે. (૧૮) ઇંગિત મરણ

કહ્યું હવે પાદપોપગમન અણુસણુ કહે છે. તે જોડાજોડ કહેલ હોવાથી આ વિશેષણુ વડે મરણુનો વિધિ બતાવ્યો છે. આ આયત તર છે તે બતાવે છે. મર્યાદાની વિધિમાં આ ઉપસર્ગ છે. તે સંપૂર્ણ યત્ન થતાં આયત શબ્દ છે. અને ઉપરના બે અણુશણુ કરતાં વધારે આયત છે, માટે આયત તર છે.

અથવા ઉપરના બંને અણુસણુથી અતિશય આત્ત છે. માટે આત્તતર છે અર્થાત્ યત્નથી અધ્યવસાયવાળો છે. પ્રથમ કહેલા બે અણુસણુ કરતાં પાદપોપગમન વધારે દઢતર છે એમાં પણુ ઈંગિત મરણુમાં કહ્યા મુજબ પ્રવજ્યા સંલેખના વિગેરે બધું બતાવવું, પ્ર૦—જો આ આયત તર છે તો શું કરવું ? ઉ૦—કહે છે. જે ભિક્ષુક આ કહેલી વિધિએજ પાદપોપગમન વિધિને પાળે તથા શરીરના બધા વ્યાપાર છોડવાથી કાયા તપે અથવા મૂર્છા પામે અથવા મરણુ સમુદ્ઘાત આદિ, અથવા સોઈ માંસ શિયાળીયા ગીધ કીડીઓ વિગેરેથી ખવાય, પીવાય તોપણુ મહા સત્વના ધારક [illegible] ધર્મ કે આ ઈંગિત [illegible] છે [illegible]
[illegible]
[illegible] (૧૯)
[illegible]
[illegible] છે. [illegible]

ગમન રૂપ મરણનો ધર્મ ( વિશેષ ) વિધિ છે. ઉત્તમ પણાના કારણો બતાવે છે. ( સૂત્રમાં છઠ્ઠી છે. તેનો પાંચમીમાં અર્થ લઇએ તો પૂર્વ સ્થાનથી એટલે ભક્ત પરિજ્ઞા તથા ઇંગિત મરણના રૂપથી આ પ્રકર્ષથી ગ્રહ છે; માટે પૂર્વ સ્થાન પ્રગ્રહ છે. અર્થાત્ પ્રગ્રહિતતર છે. તે પ્રમાણે જે ઇંગિત મરણમાં કાયાને હલાવવાની છુટ હતી તે પણ અહીયા નથી. ઝાડનું મૂળ જમીનમાં હોય, તે પોતે બળાતું કે છેદાતું સ્થાનથી ખસતું નથી તેમ પોતે સાધુ ઝાડ માફક ચેષ્ટા ક્રિયા રહિત દુઃખમાં આવેલો હોય તો પણ ચિલાતી પુત્ર માફક સ્થાનથી ખસતો નથી. પણ ત્યાંજ સ્થિર રહે છે તે બતાવે છે. અચિર સ્થાન તે પોતાના સંથારાની જગ્યા પ્રથમથી જોઇને કહેલી વિધિએ તેમાં રહે. આ પાદપઉ-પગમનના અધિકારથી વિહરણનો અર્થ વિહાર ન લેતાં પોતે વિધિએ પાલણ કરે એમ જાણવું. પણ સ્થાનથી ન ખસે, તેજ બતાવે છે. બધા ગાત્રના નિરોધમાં પણ સ્થિર રહે પણ ખસે નહીં.

પ્રઃ—આવો કોણ છે ?

ઉઃ—માહણ સાધુ છે. તે બેઠો હોય ઉભો હોય તો પણ શરીરની ખબર રાખ્યા વિના જેવી રીતે પોતે પ્રથમ કાયાને સ્થાપિ હોય તેમજ અચેતન માફક રહે હાલે નહી ( ૨૦ ) આજ વાતને બીજી રીતે કહે છે.

अचित्तं तु समासज्ज, ठावए तत्थ अप्पगं
वोसिरे सव्वसो कायं न मे देहे परीसहा ॥ २१ ॥
जावज्जीवं परिस्सहा, उवसग्गा इत्ति संखया
संवुडे देहभेयाए, इय पन्नेऽहियासए ॥२२॥
भेउरेसु न रज्जिज्जा, कामेसु बहुतरेसुवि
इच्छा लोभं न सेविज्जा, धुववन्नं सपेहिया ॥२३॥
सासएहिं निमंतिज्जा, दिव्वमायं न सद्दहे
तं पडिबुज्झ माहणे, सव्वं नूमं विहूणिया ॥२४॥

જીવ જેમાં ન હોય તે અચેતન (જીવ રહિત) છે અને તેવી સ્મશાનની જગ્યા અથવા પાટીયું વિગેરે જોઈને તેના ઉપર સમર્થ પુરૂષ જેમ અથવા કોઈ લાકડા ઉપર ત્યાં પોતાને સ્થાપન કરે અને આ પ્રકારનો આહાર ત્યાગીને [illegible]

માને (શત્રુને જીતવાથી આનંદ માને તેમ પરીસહોને જીતે) (૨૧)

પ્ર:—તે ક્યાં સુધી સહેવા ? આવી શંકા દૂર કરવા કહે છે. આખી જીદંગી સુધી પરિસહ અને ઉપસર્ગ સહેવા એમ જાણીને તેને સહન કરે અથવા મને આખી જીંદગી સુધી પરિસહ ઉપસર્ગો નથી એમ જાણીને સહે અથવા જ્યાં સુધી જીવિત છે ત્યાં સુધી પરિસહ ઉપસર્ગની પીડા થાય છે, તો થોડા આંખના પલકારા સુધી આ અવસ્થામાં હું રહેલ છું. તેવાને તો આ અલ્પ માત્ર છે એમ જાણીને કાયાને બરોબર સંવરીને શરીર ત્યાગ માટે ઉઠેલો છું એમ માનીને તે મુનિ ઉચિત વિધાનને જાણનારો કાયાને પીડા કરનારાં જે જે કષ્ટ આવે તે બરોબર સહે (૨૨)

આવા સાધુને જોઇને (આશ્ચર્ય પામીને) કોઈ રાજા વિગેરે ભોગોની નિમંત્રણા કરે તે બતાવે છે. એટલે જે ભેદાવાના સ્વભાવવાળા છે તે ભિદુર શબ્દ વિગેરે પાંચ કામ ગુણો છે. તેમાં રાગ ન કરે (મુનિ તેનાથી ન લલચાય) અથવા બીજી પ્રતિમા 'कामसु बहुलेसुवि' પાઠ છે. એટલે ઇચ્છા મદનરૂપ જે કામ છે, તે ઘણા પ્રમાણમાં હોય તેમાં ન લલચાય અર્થાત્ તે રાજા પોતાની કન્યાનું દાન વીગેરે આપવા લોભાવે. તો પણ તેમાં ગૃદ્ધ ન થાય તથા ઇચ્છા રૂપ લોભ તે ઇચ્છા લોભ છે તે મુની આ અણુસણનું

ફળ આવતા ભવમાં મને ચક્રવર્તીનું પદ અથવા ઈંદ્રની પદવી વિગેરે મળો તેવા અભિલાષનું નિયાણું પોતે નિર્જરાની અપેક્ષા રાખીને સેવે નહીં ( નિયાણું ન કરે. )

જેમ દેવતાની રિદ્ધિ સમાન સનત્કુમાર ચક્રવર્તીની રિદ્ધિ દેખીને બ્રહ્મદત્તે પૂર્વ ભવમાં નિયાણું કર્યું તેમ પોતે ન કરે તે પ્રમાણે આગમમાં કહ્યું છે.

આ લોકની આશંસા માટે તપ ન કરે (૧) તથા પરલોકની આશંસા માટે ન કરે (૨) તથા જીવિતની આશંસા ન કરે. (૩) મરણની આશંસા (૪) કામ ભોગની આશંસા (૫) માટે સંલેખના તપ ન કરે, વિગેરે છે.

વર્ણ—સંયમ અથવા મોક્ષ તે ગુણે કરીને જણાય છે. અથવા પાઠાંતરમાં ધ્રુવવર્ણ પાઠ છે તેનો અર્થ આ છે કે અવ્યભિચારી તે ધ્રુવ છે તે ધ્રુવ વર્ણ ( સંયમ ) ને અથવા શાશ્વતી યશકીર્તિને વિચારીને કામ મુચ્છા લોભને દૂર કરે. (૨૩)

વળી આણી જીંદગી સુધી ક્ષય ન થવાથી શાશ્વત છે અથવા પ્રતિદિન દાન દેવાથી શાશ્વત અર્થ છે. તેવા ધન વિભવ માટે કોઈ લલચાવે તો ગુરૂ શિષ્યને સમજાવે છે કે તારે તેમાં લલચાવું નહીં, પણ વિચારવું કે આ ધન શરીર માટે લેવાય પણ તે નાશવંત છે, માટે ધન નકામું છે.

તેજ પ્રમાણે કોઈપણ રીતે દેવતાની માયાથી ન લલ-

આય તે કહે છે. જો કોઈ દેવતા પરીક્ષા કરવા અથવા શત્રુ પણાથી અથવા ભક્તિથી અથવા કૌતુક વિગેરેથી જુદી જુદી રિદ્ધિઓ બતાવી લલચાવે તો પણ આ દેવ માયા છે એમ તું જાણ અને લલચાતો નહીં. કારણ કે જો એ માયા ન હોય તો આ પુરૂષ એકદમ ક્યાંથી આવે અને આટલું બધું દુર્લભ દ્રવ્ય આવા ક્ષેત્રમાં કાળમાં કે ભાવમાં કોણ આપે? આ પ્રમાણે દેવ માયાને તુ જાણી લે અથવા કોઇ દેવી દિવ્યરૂપ ધારણ કરીને લલચાવે તો પણ પોતે ન લલચાય. તેવું તું સમજ. હે સાધુ! તુ આ બધી માયાને અથવા કર્મ બંધને જાણીને દેવ વિગેરેની કપટ જાળને સમજીને લલચાતો નહીં; (૨૪)

सव्वट्ठेहिं अमुच्छिए, आउकालस्स पारए।
तितिक्खं परमं नच्चा, विमोहन्नयरं हियं ।२५। त्तिबेमि
विमोक्षाध्ययन मष्टम समाप्तम् उद्देशः ॥ ८–८ ॥

બધા અર્થો ઇંદ્રિયોના વિષયો પાંચ પ્રકારના છે. તે કામ ગુણ છે અથવા તેને પ્રાપ્ત કરાવનાર દ્રવ્ય સમૂહ છે. તેમાં તું મૂર્છા ન પામતો એટલે પ્રાપ્ત કરાવનાર દ્રવ્ય સમૂહ છે તેમાં પોતે મૂર્છા ન પામતો આયુ પહોંચે ત્યાં સુધી પોતે સ્થિર રહે. અને તેનો એટલે ક્ષય થાય ત્યાં સુધી રહે તે પારગ છે એટલે ઉપર બતાવેલી વિધિએ પાદપઉપગમન અણુસણમાં રહીને ચઢતા શુભ ભાવ વડે પોતાના આયુના કાળનો પાર

ફળ આવતા ભવમાં મને ચક્રવર્તીનું પદ અથવા ઇંદ્રની પદવી વિગેરે મળો તેવા અભિલાષનું નિયાણું પોતે નિર્જરાની અપેક્ષા રાખીને સેવે નહીં ( નિયાણું ન કરે. )

જેમ દેવતાની રિદ્ધિ સમાન સનત્કુમાર ચક્રવર્તીની રિદ્ધિ દેખીને બ્રહ્મદત્તે પૂર્વ ભવમાં નિયાણું કર્યું તેમ પોતે ન કરે તે પ્રમાણે આગમમાં કહ્યું છે.

આ લોકની આશંસા માટે તપ ન કરે (૧) તથા પરલોકની આશંસા માટે ન કરે (૨) તથા જીવિતની આશંસા ન કરે (૩) મરણની આશંસા (૪) કામ ભોગની આશંસા (૫) માટે સંલેખના તપ ન કરે, વિગેરે છે.

વસુ—સંયમ અથવા મોક્ષ તે દુઃખે કરીને જણાય છે. અથવા પાઠાંતરમાં ધુવવન્ન પાઠ છે તેનો અર્થ આ છે કે અવ્યભિચારી તે ધ્રુવ છે તે ધ્રુવ વર્ણ ( સંયમ ) ને અથવા મોક્ષની યશકીર્તિને વિચારીને કામ ઇચ્છા લોભને દૂર કરે. (૨૩)

વળી આખી જીંદગી સુધી ક્ષય ન થવાથી શાશ્વત છે અથવા પ્રતિદિન દાન દેવાથી શાશ્વત અર્થ છે. તેવા ધન વિભવ વડે કોઈ લલચાવે તો ગુરૂ શિષ્યને સમજાવે છે કે તારે તેમાં લલચાવું નહીં, પણ વિચારવું કે આ ધન શરીર માટે ઉપાય પણ તે નાશવંત છે, માટે ધન નકામું છે.

તેજ પ્રમાણે દેવ પણ કોઈ દેવતાની માયાથી ન લલ-

ચાય તે કહે છે. જો કોઈ દેવતા પરીક્ષા કરવા અથવા શત્રુ પણાથી અથવા ભક્તિથી અથવા કૌતુક વિગેરેથી જુદી જુદી રિદ્ધિઓ બતાવી લલચાવે તો પણ આ દેવ માયા છે એમ તું જાણ અને લલચાતો નહીં. કારણ કે જો એ માયા ન હોય તો આ પુરૂષ એકદમ ક્યાંની આવે અને આટલું બધું દુર્લભ દ્રવ્ય આવા ક્ષેત્રમાં કાળમાં કે ભાવમાં કોણ આપે? આ પ્રમાણે દેવ માયાને તું જાણી લે અથવા કોઇ દેવી દિવ્યરૂપ ધારણ કરીને લલચાવે તો પણ પોતે ન લલચાય. તેવું તું સમજ. હે સાધુ! તુ આ બધી માયાને અથવા કર્મ બંધને જાણીને દેવ વિગેરેની કપટ જાળને સમજીને લલચાતો નહીં, (૨૪)

**सव्वट्ठेहिं अमुच्छिए, आउकालस्स पारए।**
**तितिक्खं परमं नच्चा, विमोहन्नयरं हियं।२५। त्तिबेमि**
**विमोक्षाध्ययन मष्टम समाप्तम् उद्देशः ॥ ८–८ ॥**

બધા અર્થો ઇંદ્રિયોના વિષયો પાંચ પ્રકારના છે. તે કામ ગુણ છે અથવા તેને પ્રાપ્ત કરાવનાર દ્રવ્ય સમૂહ છે. તેમાં તું મૂર્છા ન પામતો એટલે પ્રાપ્ત કરાવનાર દ્રવ્ય સમૂહ છે તેમા પોતે મૂર્છા ન પામતો આયુ પહોંચે ત્યાં સુધી પોતે સ્થિર રહે. અને તેનો એટલે ક્ષય થાય ત્યાં સુધી રહે તે પારગ છે એટલે ઉપરે બતાવેલી વિધિએ પાદપઉપગમન અણસણમાં રહીને ચઢતા શુભ ભાવ વડે પોતાના આયુના કાળનો પાર

પહોંચનારો થાય. આ પ્રમાણે પાદપ ઉપગમનની વિધિ બતાવીને સમાપ્ત કરવા ભક્ત પરિજ્ઞા વિગેરે ત્રણે મરણોના કાળક્ષેત્ર પુરૂષની અવસ્થાને વિચારીને યોગ્યતા પ્રમાણે કરે તે કહેલા બે પદમાં બતાવ્યું છે. પરીસહ ઉપસર્ગથી જે દુઃખ આવે તે બધું સારી રીતે સહન કરવું. તે ત્રણે મરણમાં મુખ્ય છે તે વિચારીને મોહ રહિતનાં જે મરણો ભક્ત પરિજ્ઞા ઇંગિત મરણ પાદપ ઉપગમન છે. તે ત્રણેમાં કાળ ક્ષેત્ર વિગેરેને આશ્રયી ઉત્તમ ભાવે તે કરવાથી બધામાં સમાન રૂપ છે. માટે અભિપ્રેત અર્થ મેળવવાથી હિત છે, માટે યથાશક્તિ ત્રણમાનું કોઈ પણ પોતાની શક્તિ પ્રમાણે તે અવસરે કરવું. (હાલ તેવું સંઘયણ ન હોવાથી ત્રણે ન થાય તેમ આયુષ્યનો કાળ બતાવનાર જ્ઞાની સાધુના અભાવે તેવું અણસણ થતું નથી પણ યથાશક્તિ સાગારિક એક બે ઉપવાસનું અથવા કેટલાક બે કલાકનું અણસણ વિના-વગર કેટલાક માન સાધુની સ્થિરતા જોઈ કરાવે છે. તેથી તેમાં નિર્મળ ભાવની પ્રધાનતા હોવાથી [illegible] મરણ [illegible] છે.)

આ પ્રમાણે, [illegible] વિગેરે [illegible]

## ઉપધાન શ્રુત નામનું નવમું અધ્યયન.

આઠમું અધ્યયન કહ્યું, હવે નવમું કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. કે પૂર્વે આઠ અધ્યયનોમાં જે આચારનો વિષય કહ્યો હતો, તેવો શ્રી વીર વર્દ્ધમાન સ્વામીએ પોતે પાળેલો છે, તેથી તે નવમા અધ્યયનમાં કહે છે. તેનો આઠમા સાથે આ પ્રમાણે સંબંધ છે, કે તેમાં અભ્યુદ્યત મરણ ત્રણ પ્રકારનું બતાવ્યું, તેવા કોઈ પણ અણસણમાં રહેલો સાધુ આઠમા અધ્યયનમાં બતાવેલ વિધિએ અતિ ઘોર પરીસહ ઉપસર્ગ સહન કરી અને સન્માર્ગનો અવતાર પ્રકટ કરી ચાર ઘાતિ કર્મનો નાશ કરીને અનંતજ્ઞાન વિગેરે અતિશયોવાળું અપ્રમેય મહાવિષયોનું સ્વ તથા પરનું પ્રકાશક એવું કેવળજ્ઞાન મેળવનાર શ્રી મહાવીર પ્રભુને સમોસરણમાં બેઠેલા અને સત્વોના હિત માટે દેશના કરે છે તેમને પોતે ધ્યાનમાં ધ્યાવે, એટલા માટે આ અધ્યયન કહે છે. આવા સંબંધે આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વાર કહેવા, તેમાં ઉપક્રમ દ્વારમાં અર્થાધિકાર બે પ્રકારે છે, અધ્યયન અર્થાધિકાર તથા ઉદ્દેશાર્થ અધિકાર તેમાં અધ્યયનનો અર્થાધિકાર ટુંકાણમાં પહેલા અધ્યયનમાં કહેલ છે, અને તેનેજ ખુલાસાવાર નિર્યુક્તિકાર કહે છે—

जो जइया तित्थयरो, सो तइया अप्पणो य तित्थम्मि ।
वण्णेइ तवोकम्मं, ओहाणसुयंमि अज्झयणे ॥२७६॥

જે સમયે જે તીર્થંકર ઉત્પન્ન થાય છે, તે પોતના તીર્થમાં આચારનો વિષય કહેવાને છેવટના અધ્યયનમાં પોતે કરેલા તપનું વર્ણન કરે છે (કે બીજા જીવોને પણ તેમ કરવાની રૂચિ થાય) આ બધા તીર્થંકરોનો કલ્પ છે, અહીં તો ઉપધાન શ્રુત નામનું છેલ્લું અધ્યયન (તે વિષયનું) છે, તેથી તેને ઉપધાન શ્રુત કહે છે. કોઈને શંકા થાય કે જેમ બધા તીર્થંકરનું કેવળ જ્ઞાન સમાન છે, તેમ તપ અનુષ્ઠાન સમાન છે, કે ઓછું વધતું છે? તે શંકાનું નિવારણ કરવા કહે છે:

सव्वेसिं तवोकम्मं निरुवसग्गं तु वण्णियं जिणाणं;
नवरं तु वद्धमाणस्स, सोवसग्गं मुणेयव्वं; ॥२७७॥
तित्थयरो चउनाणी सुरमहिओ सिज्झियव्वय धुवंमि;
अणिगूहियबलविरिओ, तवोविहाणंमि उज्जमइ ॥ २७८ ॥
किं पुण अवसेसेहिं दुक्खक्खयकारणा सुविहिएहिं
होइ न उज्जमियव्वं स पच्चवायंमि माणुस्से ? ॥२७९॥

( ત્રણે ગાથાનો અર્થ સરળ હોવાથી ટીકા નથી તો પણ ટુંકામા લખીએ છીએ )

બધા તીર્થંકરોનો તપ શાસ્ત્રમાં ઉપસર્ગ રહિત બતાવ્યો છે ( પાર્શ્વનાથનો થોડો હોવાથી ગણ્યો નથી ) પણ વર્દ્ધમાન સ્વામીનો તપ ઉપસર્ગવાળો જાણવો. (તેમને સંગમ દેવતા વિગેરેના ઘણા ઉપસર્ગ આવેલા છે, ॥૨૭૭.

તીર્થંકર દીક્ષા લીધા પછી તુર્ત મન પર્યવ જ્ઞાન પ્રકટ થતાં ચાર જ્ઞાનવાળા થાય છે, દેવતાઓથી પૂજાય છે, નિશ્ચયે મોક્ષમાં જનારા છે, તોપણ પોતાનું બળ વીર્ય ન ગોપવતાં તપ વિધાનમાં ઉદ્યમ કરે છે, ॥૨૭૮॥ તો બીજા સામાન્ય ગીતાર્થ સાધુ વિગેરે એ (તપનો ફાયદો જાણ્યા પછી ) અને મનુષ્યપણાનું જીવન સોપક્રમ ( વિઘ્ન )વાળું હોવાથી શા માટે તપમાં યથાશક્તિ ઉદ્યમ ન કરવો ?

હવે અધ્યયનનો અર્થાધિકાર બતાવીને ઉદ્દેશાનો અર્થાધિકાર કહે છે—

चरिया १ सिज्जा य २ परीसहाय ३,
आयंकिया (ए) चिगिच्छा (४) य ॥
तव चरणेणऽहिगारो.
चउसुद्देसेसु नायव्वो ॥२८०॥

'ચરણ'ચરાય તે ચર્યા, એટલે 'વર્દ્ધમાન સ્વામીના વિહારને આ પહેલા ઉદ્દેશામાં વર્ણવ્યો છે.

બીજા ઉદ્દેશામાં શય્યા તે વસતિ ( રહેવાનું સ્થાન ) જેવું મહાવીરે વાપર્યું છે તેનું વર્ણન છે.

ત્રીજા ઉદ્દેશામાં પરીસહો આવેથી નિર્જરા માટે ચારિત્ર માર્ગથી ભ્રષ્ટ ન થતાં સાધુએ તેને સહન કરવા, અને તેના ઉપલક્ષણથી અનુકૂલ તથા પ્રતિકૂલ વર્દ્ધમાન સ્વામીને જે પરીસહો થયા તે બતાવે છે.

ચોથા ઉદ્દેશામાં ભૂખની પીડામાં વિશિષ્ટ અભિગ્રહની પ્રાપ્તિમાં આહારવડે ચિકિત્સા (ઉપાય) કરે, અને તપ ચરણનો અધિકાર તો ચારે ઉદ્દેશામાં ચાલે છે, ॥ ગાથાર્થ ॥

ત્રણ પ્રકારે નિક્ષેપો છે, ઓઘ નિષ્પન્ન, નામ, અને સૂત્ર લાપક તેમાં ઓઘમાં અધ્યયન, નામમાં ઉપધાન શ્રુત એવું બે પદનું નામ છે, તે ઉપધાન અને શ્રુતના યથાક્રમે નિક્ષેપા કરવા એ ન્યાયે ઉપધાન નિક્ષેપનું વર્ણન કરે છે.

**नामंठवणुवहाणं दव्वे भावे य होइ नायव्वं ।**
**एमेव य सुत्तस्सवि निक्खेवो चउव्विहो होइ ॥२८३॥**

નામ સ્થાપના દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે ઉપધાનના નિક્ષેપા છે, તેજ પ્રમાણે શ્રુતના પણ ચારજ છે, તેમાં દ્રવ્યશ્રુત અનુપયુક્ત ( ઉપયોગ વિના )નું છે. અથવા દ્રવ્ય મેળવવા માટે ભણેલનું છે.

અને ભાવ શ્રુત તે અંગ ઉપાંગમાં રહેલું જે શ્રુત છે.

તેમાં ઉપયોગ હોય તે, હવે સુગમ નામ સ્થાપના છોડીને દ્રવ્ય વિગેરે ઉપધાન બતાવવા કહે છે.

दव्युवहाणं सयणे भावुवहाणं तवो चरित्तस्स ।
तम्हा उ नाणदंसण तवचरणेहिं इहाहिगयं ॥२८०॥

સમીપમાં રહીને ધારણ કરાય તે ઉપધાન છે. દ્રવ્ય સંબંધી હોય તે દ્રવ્ય ઉપધાન છે. તે પથારી વિગેરેમાં સુખે સુવા માટે માથા નીચે ટેકો લેવા ઓશીકું વિગેરે મુકાય છે. તે દ્રવ્ય ઉપધાન છે.

અને ભાવનું ઉપધાન તે ભાવોપધાન છે. તે જ્ઞાન-દર્શન ચરિત્ર અથવા બાહ્ય અભ્યંતર તપ છે. કારણ કે તેનાવડે ચારિત્રમાં પરિણત થયેલા ભાવવાળાને ઉપષ્ટંભન (આધાર) કરાય છે. જેથી તે પ્રમાણે જ્ઞાન દર્શન તપ અને ચરણવડે અહીંયાં અધિકાર છે. (ગાથા અર્થ )

પ્ર૦ શામાટે ચારિત્રના આધાર માટે તપનું ભાવ ઉપધાન કહે છે ? ઉ. કહીએછીએ.

जह खलु मइलं वत्थं सुज्झइ उदगाइएहिं दव्वेहिं ।
एवं भावुवहाणेण सुज्झए कम्ममट्ठविहं ॥२८१॥

( યથા ઉદાહરણના ઉપન્યાસ માટે છે. જેમકે આ છે. એમ બીજું પણ જાણવું. ખલુ શબ્દ વાક્યની શોભા માટે છે. ) જેમ મેલું વસ્ત્ર પ્રથમ પાણી વિગેરેથી શુદ્ધ કરાય

બીજા ઉદ્દેશામાં શય્યા તે વસતિ (રહેવાનું સ્થાન) જેવું મહાવીરે વાપર્યું છે તેનું વર્ણન છે.

ત્રીજા ઉદ્દેશામાં પરીસહો આવેથી નિર્જરા માટે ચારિત્ર માર્ગથી ભ્રષ્ટ ન થતાં સાધુએ તેને સહન કરવા, અને તેના ઉપલક્ષણથી અનુકૂલ તથા પ્રતિકૂલ વર્દ્ધમાન સ્વામીને જે પરીસહો થયા તે બતાવે છે.

ચોથા ઉદ્દેશામાં ભૂખની પીડામાં વિશિષ્ટ અભિગ્રહની પ્રાપ્તિમાં આહારવડે ચિકિત્સા (ઉપાય) કરે, અને તપ ચરણનો અધિકાર તો ચારે ઉદ્દેશામાં ચાલે છે, ॥ ગાથાર્થ ॥

ત્રણ પ્રકારે નિક્ષેપો છે, ઓઘ નિષ્પન્ન, નામ, અને સૂત્રાલાપક તેમાં ઓઘમાં અધ્યયન, નામમાં ઉપધાન શ્રુત એવું બે પદનું નામ છે, તે ઉપધાન અને શ્રુતના યથાક્રમે નિક્ષેપા કરવા એ ન્યાયે ઉપધાન નિક્ષેપનું વર્ણન કરે છે.

**नामंठवणुवहाणं दव्वे भावे अ होइ नायव्वं ।**
**एमेव य सुत्तम्मिवि निक्खेवो चउव्विहो होइ ॥२८१॥**

નામ સ્થાપના દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે ઉપધાનના નિક્ષેપા છે, તેજ પ્રમાણે શ્રુતના પણ ચાર છે, તેમાં દ્રવ્યશ્રુત તાડપત્ર (ઉપયોગ વિના)નું છે. અથવા દ્રવ્ય ઉપધાન: સુવા માટે ઓસીકાનું છે.

અને ભાવ શ્રુત તે અંગ ઉપાંગમાં રહેલું જે શ્રુત છે.

તેમાં ઉપયોગ હોય તે, હવે સુગમ નામ સ્થાપના છોડીને દ્રવ્ય વિગેરે ઉપધાન બતાવવા કહે છે.

दव्वुवहाणं सयणे भावुवहाणं तवो चरित्तस्स ।
तम्हा उ नाणदंसण तवचरणेहिं इहाहिगयं ॥२८७॥

સમીપમાં રહીને ધારણ કરાય તે ઉપધાન છે. દ્રવ્ય સંબંધી હોય તે દ્રવ્ય ઉપધાન છે. તે પથારી વિગેરેમાં સુખે સુવા માટે માથા નીચે ટેકો લેવા ઓશીકું વિગેરે મુકાય છે. તે દ્રવ્ય ઉપધાન છે.

અને ભાવનું ઉપધાન તે ભાવોપધાન છે. તે જ્ઞાન-દર્શન ચરિત્ર અથવા બાહ્ય અભ્યંતર તપ છે. કારણ કે તેનાવડે ચારિત્રમાં પરિણત થયેલા ભાવવાળાને ઉપષ્ટંભન (આધાર) કરાય છે. જેથી તે પ્રમાણે જ્ઞાન દર્શન તપ અને ચરણવડે અહીંયાં અધિકાર છે. (ગાથા અર્થ)

પ્ર૦ શામાટે ચારિત્રના આધાર માટે તપનું ભાવ ઉપધાન કહે છે ? ઉ. કહીએછીએ.

जह खलु मइलं वत्थं सुज्झइ उदगाइएहिं दव्वेहिं ।
एवं भावुवहाणेण सुज्झए कम्ममट्ठविहं ॥२८८॥

( યથા ઉદાહરણના ઉપન્યાસ માટે છે. જેમકે આ છે. એમ બીજું પણ જાણવું. ખલુ શબ્દ વાક્યની શોભા માટે છે. ) જેમ મેલું વસ્ત્ર પ્રથમ પાણી વિગેરેથી શુદ્ધ કરાય

છે, તેમ જીવને પણ ભાવ ઉપધાન રૂપ બાહ્ય અભ્યંતર તપ વડે આઠે કર્મથી શુદ્ધ કરાય છે. અને અહીંયા કર્મ-ક્ષયના હેતુ માટે તપસ્યાનું ઉપધાન શ્રુતપણે લેવાથી પર્યાયો લેવા જોઇએ. ( તત્ત્વ ભેદ અને પર્યાયો વડે વ્યાખ્યા થાય છે. ) માટે પર્યાયો કહે છે. અથવા તપ અનુષ્ઠાન વડે અવધૂનન વિગેરે કર્મ ઓછાં થવાના જે વિશેષ ઉપાયો સંભવે છે તે બતાવે છે.

ओधूणण धूणण नासण विणासणं झवण खवण
सोहिकरं ।
छेयण भेयण फेडण, डहणं धुवणं च कम्माणं ॥२८४॥

તેમાં અવધૂનન, તે અપૂર્વકરણ વડે કર્મ ગ્રંથિ ભેદનું ઉપાદાન જાણવું. અને તે તપના કોઇ પણ ભેદના સામર્થ્યથી આ ક્રિયા થાય છે. એટલે બાકીના અગીયાર ભેદમાં પણ આ જાણવું તથા 'ધૂનન' ને ભિન્ન ગ્રંથિવાળાને અનિવૃત્તિ-કરણ વડે સમ્યક્ત્વમાં રહેવું, તથા 'નાશન' કર્મ પ્રકૃ-તિનું સ્તિબુક સંક્રમણ વડે એક પ્રકૃતિનું બીજી પ્રકૃતિમાં સંક્રમણ કરવું, 'વિનાશન' શૈલેશી અવસ્થામાં સંપૂર્ણ નાશ [illegible] 'ધ્યાપન' ઉપશાન્ત શ્રેણિમાં કર્મનું ઉદયમાં ન આવવું, ક્ષપણ, તે ક્ષયોપશમાદિ ક્રમ વડે [illegible] [illegible] કરવો, શુદ્ધિકરણ-અનં-તાનુબંધિના [illegible] સમ્યક્ત્વ મેળવવું,

'છેદન,' ઉત્તરોત્તર શુભ અધ્યવસાયમાં ચડવાથી સ્થિતિની ઓછાશ કરવી, 'ભેદન' તે બાદર સંપરાય અવસ્થામાં સંજવલનના લોભના ખંડ ખંડ કરી નાંખવા, (ફેડણ) ત્તિ—ચોઠાણીઆ રસવાળી અશુભ પ્રકૃતિને ત્રણ રસવાળી વિગેરે બનાવવી. 'દહન, તે કેવળિ સમુદ્ઘાત રૂપ ધ્યાન અગ્નિ વડે વેદનીય કર્મનું રાખતુલ્ય બનાવવું, અને બાકીના કર્મનું બળેલા દોરડા માફક બનાવવું, 'ધાવન' તે શુભ અધ્યવસાયથી મિથ્યાત્વ પુદ્ગલોનું સમ્યકૃત્વભાવે બનાવવું, આ બધી કર્મની અવસ્થાઓ પ્રાયે ઉપશમશ્રેણી ક્ષપકશ્રેણી કેવલિ સમુદ્ઘાત શૈલેશી અવસ્થા પ્રકટ કરવાથી પ્રભૂત રીતે પ્રકટ થાય છે, (આત્મા નિર્મળ કરવા કરાય છે) એટલા માટે પ્રક્રમાય (આરંભાય) છે, તેમાં ઉપશમ શ્રેણીમાં પ્રથમજ અનંતાનુબંધીઓની ઉપશમના કહેવાય છે, અહીં અસંયત સમ્યગ્ દૃષ્ટિ દેશવિરતિ પ્રમત્ત અપ્રમત્તમાંથી કોઈ પણ બીજા યોગમાં જતાં આરંભક હોય છે, તેમાં દર્શન સપ્તક એક વડે ઉપશમાય છે, તે કહે છે.

અનંતાનુબંધી ચોકડી, ઉપરની ત્રણ લેશ્યામાં વિશુદ્ધ હોવાથી સાકાર ઉપયોગવાળો અંતઃકોટી કોટી સ્થિતિની સત્તાવાળો પરિવર્ત્તન થતી શુભ પ્રકૃતિઓનેજ બાંધતો પ્રતિ સમયે અશુભ પ્રકૃતિઓના અનુભાગને અનંતગુણ હાનિએ ઓછી કરતો શુભ પ્રકૃતિઓને અનંત ગુણ વૃદ્ધિએ અનુભાગ

( ૨૬ ) માં વ્યવસ્થા કરતો પલ્યોપમના અસંખ્ય ભાગ હીન ઉત્તરોતર સ્થિતિબંધ કરતો કરણકાલથી પણ પહેલાં અંતર્મુહુર્ત્તમાં વિશુદ્ધ માન બનીને ત્રણ કરણ કરે છે, તે પ્રત્યેક અંતર્મુહુર્ત્તના છે. તે કહે છે—(૧) યથા પ્રવૃત્ત (૨) અપૂર્વ (૩) અનિવૃત્તિકરણ છે-અથવા ચોથી ઉપશાંતથી થાય છે. તેમાં યથા પ્રવૃત્ત કરણમાં હરેક સમયે અનંત ગુણ વૃદ્ધિ વાળી વિશુદ્ધિને અનુભવે છે. તેમાં સ્થિતિ ઘાત, રસઘાત, ગુણ શ્રેણિ, ગુણ સંક્રમણ આમાંથી કોઇ પણ હોતું નથી તેજ પ્રમાણે બીજા અપૂર્વકરણમાં છે. તેનો પરમાર્થ કહે છે કે તેમાં અપૂર્વ અપૂર્વ ક્રિયાને મેળવે છે. તેથી અપુર્વ કરણ છે. તેમાં પ્રથમ સમયેજ સ્થિતિ ઘાત રસ ઘાત ગુણશ્રેણિ ગુણ સંક્રમ અને અન્ય સ્થિતિ બંધ એ પાંચ પણ અધિકાર સાથે પૂર્વે ન હોતા, અને હવે છે, તેથી અપૂર્વ કરણ છે. તે પ્રમાણે અનિવૃત્તિકરણમાં અન્ય અન્યને પરિણામો ઉત્પન્ન થતા નથી. માટે તે અનિવૃત્તિ કરણ છે. તેનો સાર આ છે કે પહેલે સમયે જે જીવોએ આ કરણ કરેલ્યો તે બધાઓમાં તુલ્ય પરિણામ છે. એ પ્રમાણે બીજા સમયોમાં પણ જાણવું. અહીંયા પણ પૂર્વેજ બતાવેલા સ્થિતિઘાત વિગેરે, બધો પણ અધિકાર સાથે રહે છે તેથીજ આ ત્રણ કરણથી ઉપશમ પામે છે. ક્રમથી અનંતાનુબંધીના કષાયોને ઉપશમાવે છે.

## ઉપશમનનું વર્ણન.

જેમ ધૂળ પાણીથી છાંટીને લાકડાના થાળાવડે કુટ્ટો-કરતાં ચોંટી જવાથી વાયુ વિગેરેથી ઉડાડવા છતાં તે ધૂળ ઉડતી નથી, તેમ કર્મ ધૂળ પણ વિશુદ્ધિ ભાવરૂપ પાણીવડે ભિંજાવી અનિવૃત્તિ કરણ થાળાવડે હણતાં કર્મરજ શાંત થવાથી ઉદય ઉદીરણ સંક્રમ નિધત્ત નિકાચનારૂપ કરણોને અયોગ્ય થાય છે. ( ચીકણો કર્મ બંધ ન થાય ) તેમાં પણ પ્રથમ સમયે કર્મદલિક થોડું ઉપશાંત થાય. અને બીજા ત્રીજા વિગેરે સમયમાં અસંખ્યેય ગુણ વૃદ્ધિએ ઉપશમતાં અંતરમુહુર્ત્તમાં બધું શાત થાય છે. આ પ્રમાણે એક મતવડે અનંતાનુબંધીનો ઉપશમ બતાવ્યો.

## બીજા આચાર્યોનો મતભેદ.

અનંતાનુબંધીની વિસંયોજના બતાવે છે. તેમાં ક્ષાયો-પશમિક સમ્યગ્ દૃષ્ટિ જીવો ચાર ગતિમાં રહેલા છે. તેમાં પણ અનંતાનુબંધીના વિસંયોજકો છે. તેમાં નારક અને દેવ અવિરત સમ્યગ્ દૃષ્ટિઓ છે, તથા તિર્યંચો અવિરત દેશવિરત છે. મનુષ્યો અવિરત દેશ વિરત પ્રમત્ત અપ્રમત્ત છે.

એ બધા પણ યથા સંભવ વિશોધિ વિવેક વડે પરિણત થયલા અંનતાનું બંધિની વિસંયોજના માટે પૂર્વે કહેલ

કરણ ત્રણ કરે છે. તેમાં પણ અનંતાનુબંધીની સ્થતિને અપવર્તન કરતો પલ્યોપમના અસંખ્યેય ભાગ માત્ર બનાવે છે. અને પલ્યોપમના અસંખ્યેય ભાગ જેટલી મોહ પ્રકૃતિઓ જે બંધાય છે, તેને પ્રતિ સમયે સંક્રમાવે છે. તેમાં પણ પ્રથમ સમયે સ્તોક અને ત્યાર પછીના સમયોમાં અસંખ્યેય ગુણ સંક્રમાવે છે. એ પ્રમાણે છેલ્લા સમયમાં બધા સંક્રમ વડે આવલિકા જેટલાને છોડી બાકીની સર્વે સંક્રમાવે છે. અને પછી આવલિકામાં રહેલ પણ સ્તિબુક સંક્રમ વડે વેદાતી બીજી પ્રકૃતિઓમાં સંક્રમાવે છે. એ પ્રમાણે અનંતાનુબંધી કષાયો વિસંયોજિત થાય છે.

## દર્શન ત્રિકની ઉપશમના.

તેમાં મિથ્યાત્વનો ઉપશમક મિથ્યાદૃષ્ટિ છે અથવા વેદક સમ્યગ્દૃષ્ટિ છે પણ સમ્યક્ત્વ કે સમ્યગ મિથ્યાત્વનો વેદક તેજ ઉપશમક છે.

તેમાં મિથ્યાત્વનો ઉપશમ કરતો તેનું અંતર કરીને પ્રથમ સ્થિતિને વિપાક વડે ભોગવીને મિથ્યાત્વનો ઉપશમ કરતો, ઉપશાંત મિથ્યાત્વી બને છે. અને ઉપશમ સમ્યગ દૃષ્ટિ થાય છે. હવે વેદક સમ્યગ્ દૃષ્ટિ જીવ ઉપશમ શ્રેણીને સ્વીકારતો અનંતાનુબંધીને વિસંયોજીને સંયમમાં રહેલો આ વિધિએ દર્શનત્રિકને ઉપશમાવે છે તેમાં યથા પ્રવૃત્ત વિગેરે પહેલા બતાવેલ ત્રણ કરણોને કરીને અંતર-

કરણ કરતો વેદક સમ્યકૃત્વની પહેલી સ્થિતિને અંતર મૂહુર્તની બનાવે છે. અને બાકીની આવલિકા માત્ર બનાવે છે. ત્યાર પછી થોડી ઓછી એવી મુહુર્ત માત્રની સ્થિતિ ખંડ ખંડ કરીને બધ્યમાન પ્રકૃતિઓને સ્થિતિબંધ માત્ર કાળ વડે તે કર્મના દળિયાને સમ્યકૃત્વની પ્રથમ સ્થિતિમાં પ્રક્ષેપ કરતો આ પ્રક્રિયાવડે સમ્યકૃત્વના બંધના અભાવથી અંતર ક્રિયમાણ કરેલું થાય છે. મિથ્યાત્વ સમ્યક્ મિથ્યાત્વ પ્રથમ સ્થિતિ દલિકને આવલિકાના પરિમાણુ માત્ર સમ્યકૃત્વની પ્રથમ સ્થિતિમાં સ્તિબુક સંક્રમવડે સંક્રમાવે છે. તેમાં પણ સમ્યકૃત્વની પ્રથમ સ્થિતિ ક્ષીણ થતાં ઉપશાંત દર્શનત્રિકવાળો થાય છે. ત્યાર પછી ચારિત્ર. મોહનીયને ઉપશમાવતો પૂર્વ માફક ત્રણ કરણ કરે છે. એમાં વિશેષ આ છે. યથા પ્રવૃત્ત કરણ અપ્રમત્ત ગુણસ્થાનેજ થાય છે. અને બીજું અપૂર્વકરણ તો આઠમુંજ ગુણસ્થાન છે. તેના પ્રથમ સમયેજ સ્થિતિ ઘાત રસઘાત ગુણ શ્રેણિ ગુણ સંક્રમ અપૂર્વ સ્થિતિ બંધ એ પાંચ અધિકાર સાથે પ્રવર્ત્તે છે. તેમાં અપૂર્વકરણના સંખ્યેય ભાગ જતાં નિંદ્રા પ્રચલાના બંધનો વ્યવ છેદ થાય છે. તેમાં પણ ઘણાં હજાર સ્થિતિનાં કંડકો ગયે છતે છેલ્લા સમયમાં બીજા ભવની નામ પ્રકૃતિની ત્રીસ પ્રકૃતિના બંધનો વ્યવછેદ કરે તે આ પ્રમાણે છે.

(૧) દેવગતિ (૨) અનુપૂર્વી (૩) પંચેંદ્રિય જાતિ, (૪) વૈક્રિય (૫) આહારક શરીર અને તે (૬-૭) બંનેના અંગોપાંગ, (૮) તેજસ (૯) કાર્મણ શરીર (૧૦) સમચતુરસ્ર સંસ્થાન (૧૧થી૧૪) વર્ણ ગંધ રસ સ્પર્શ (૧૫) અગુરૂલઘુ (૧૬) ઉપઘાત (૧૭) પરાઘાત (૧૮) ઉચ્છ્વાસ (૧૯) પ્રશસ્ત વિહાયોગતિ (૨૦) ત્રસ (૨૧) બાદર (૨૨) પર્યાપ્ત (૨૩) પ્રત્યેક (૨૪) સ્થિર (૨૫) શુભ (૨૬) સુભગ (૨૭) સુસ્વર (૨૮) આદેય (૨૯) નિર્માણ (૩૦) તીર્થંકર નામ તેથી અપૂર્વ કરણના છેલ્લા સમયમાં હાસ્ય રતિ ભય જુગુપ્સાના બંધનો વ્યવચ્છેદ થાય છે. અને હાસ્યાદિ ષટ્કના ઉદયનો વ્યવચ્છેદ થાય છે. બધા કર્મનો અપ્રશસ્તનો ઉપશમ નિદ્ધત નિકાચના કરવાનું વ્યવચ્છેદ થાય છે. (ટીકાના કાઉંસમાં લખ્યું છે કે દેશના ઉપશમનો વ્યવચ્છેદ થાય છે) તેથી એ પ્રમાણે અસંયત સમ્યગ્ દૃષ્ટિ વિગેરેથી અપૂર્વ કરણના અંત સુધી સાત કર્મોનો ઉપશાંત મેળવાય છે. ત્યાર પછી અનિવૃત્તિકરણ છે. અને તે નવમો ગુણ (ગુણ સ્થાન) તેમાં રહેલો એકવીસ મોહ પ્રકૃતિનો અંતર કરીને નપુંસક વેદને ઉપશમાવે છે ત્યાર પછી સ્ત્રી વેદ પછી હાસ્યાદિ ષટ્ક પછી પુરુષ વેદના બંધ ઉદયનો વ્યવચ્છેદ થાય છે. ત્યાર પછી બે આવલિકામાં એક સમય ઓછે પું વેદનો ઉપશમ થાય છે.

ત્યાર પછી બે ક્રોધનો અને પછી સંજવલન ક્રોધનો, પછી એજ પ્રમાણે માનત્રિક અને માયાત્રિકનો ઉપશમ કરે છે. ત્યાર પછી સંજવલન લોભના સૂક્ષ્મ ખડો બનાવે છે. અને તે કરણુના કાળના ચરમ સમયમાં વચલા બે લોભને ઉપશમાવે છે. આ પ્રમાણે અનિવૃત્તિકરણુના અંતમાં સતાવીસ પ્રકૃતિ ઉપશાંત થાય છે, ત્યાર પછી સૂક્ષ્મ ખંડોને અનુભવતો સૂક્ષ્મસંપરાય વાળો થાય છે. ( દશમું ગુણ સ્થાન ફરસે છે. ) તેના અંતમાં જ્ઞાન અંતરાય દશક દર્શનાવર્ણ ચતુષ્ક યશકીર્તિ અને ઉંચ ગોત્ર એમ સોળ પ્રકૃતિના બંધનો વ્યવચ્છેદ થાય છે. એ પ્રમાણે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ સંજવલન લોભ ઉપશમાવતાં ઉપશાંત વીતરાગ થાય છે, ( અગીયારમું ગુણ સ્થાન ફરસે છે. )

અને તે જઘન્યથી એક સમય અને તે ઉત્કૃષ્ટથી અંતર્મુહુર્ત છે. અને તે ગુણસ્થાનેથી પડવાનું કારણ કાં તો મનુષ્ય ભવ સમાપ્ત થાય અથવા કાળ ક્ષય થાય. અને તે જેમ ચડેલો છે અને બંધાદિ વ્યવચ્છેદ કરે છે, તેજ પ્રમાણે પાછો પડતાં કર્મ બંધ બાંધે છે. અને તેમાંથી કોઈ પડતાં મિથ્યાત્વ નામના પહેલા ગુણસ્થાને પણ જાય છે.

અને જે ભવક્ષયથી પડે છે, તેને પહેલા સમયમાંજ બધા કરણો પ્રવર્તે છે. કોઇ તો એક ભવમાં પણ બે વાર ઉપશમ શ્રેણિ કરે છે.

## ક્ષપક શ્રેણીનું વર્ણન.

આ શ્રેણી કરનાર મનુષ્યજ આઠ વરસની ઉપરનો 'આરંભક' હોય છે. અને તે પ્રથમજ કરણ ત્રય પૂર્વક અનંતાનુબંધી કષાયોને વિસંયોજે છે. (દૂર કરે છે.) પછી કરણ ત્રણ પૂર્વકજ મિથ્યાત્વને અને તેમાં બાકી રહેલ ભાગને સમ્યગ્ મિથ્યાત્વમાં નાંખતો ખપાવે છે. એ પ્રમાણે સમ્યગ્ મિથ્યાત્વને પણ ખપાવે પણ વિશેષ એટલું છે કે તેમાં બાકી રહેલને સમ્યક્ત્વમાં નાંખે છે એજ પ્રમાણે સમ્યક્ત્વને ખપાવે છે અને તેના છેલ્લા સમયમાં વેદક (ક્ષય ઉપશમ) સમ્યગ્ દૃષ્ટિ થાય છે ત્યાર પછી ક્ષાયિક સમ્યગ્ દૃષ્ટિ થાય છે. આ સાત કર્મ પ્રકૃતિઓ અસંયત સમ્યગ્ દૃષ્ટિથી લઈને અપ્રમત્ત ગુણ સ્થાન સુધી ખપાવે છે અને આ સમ્યક્ત્વ પામ્યા પહેલા જો આયુ બાંધ્યું હોય તો ગતિક શ્રત માફક ત્યાંજ ટકે છે. પણ જેણે આયુ બાંધ્યું નથી અને ક્ષાયિક સમકિત મેળવ્યું છે. તેવો ક્ષપક અષ્ટકને ખપાવવા કરણત્રય પૂર્વક આરંભે છે. ત્યાં યથા પ્રવૃત્ત કરણ અપ્રમત્તનેજ હોય છે અપૂર્વ કરણમાં તો સ્થિતિઘાત વિગેરે પૂર્વની માફક નિદ્રાદિક અને દેવગતિ વિગેરે ત્રીસ તથા હાસ્યાદિ ચતુષ્કનો યથાક્રમ બંધ વ્યવચ્છેદ ઉપશમશ્રેણિના ક્રમ માફક કહેવો અને અનિવૃત્તિકરણમાં તો થીણદ્ધિ ત્રિક નરક તિર્યંચ ગતિ તેની આનુપૂર્વિ એકેંદ્રિય આદિ ચાર

જાતિ આતપ ઉદ્યોત સ્થાવર સૂક્ષ્મ સાધારણ એ સોળ પ્રકૃતિનો ક્ષય થાય છે. પછી આઠ કષાયનો ક્ષય થાય છે.

બીજા આચાર્યને મતે પ્રથમ કષાય અષ્ટકને ખપાવે છે. ત્યાર પછી ઉપર કહેલી સોળ પ્રકૃતિ ખપાવે છે. ત્યાર પછી નપુંસક વેદ ત્યાર પછી હાસ્યાદિ ષટક પછી પુરૂષ વેદ પછી સ્ત્રી વેદ ખપાવે છે. પછી અનુક્રમે ક્રોધથી માયા સુધી ત્રણ સંજ્વલન કષાયને ખપાવે છે. અને સંજ્વલન લોભના ખંડ ખંડ કરી તેમાંના બાદર ખંડોને ખપાવતો અનિવૃત્તિ બાદર ગુણ સ્થાન વાળો હોય છે. અને સૂક્ષ્મ ખંડોને ખપાવતો સૂક્ષ્મ સંપરાય હોય છે. તેના અંતમાં જ્ઞાનાવરણીયની દર્શનાવરણીની અંતરાયની તથા યશ-કીર્તિ ઉંચ્ચ ગોત્ર મળી સોળ પ્રકૃતિનો બંધ વ્યવચ્છેદ કરે છે. પછી ક્ષીણ મોહી બનીને અંતમુર્હુર્ત રહીને તેના અંતમાં છેલ્લા સમયના પહેલામાં બે નિદ્રાને ખપાવે છે. અંત સમયમાં જ્ઞાન આવરણ અને અંતરાય પંચક તથા દર્શન આવરણ ચતુષ્ક ખપાવીને આવરણ રહિત જ્ઞાન દર્શન વાળો કેવળી ( સર્વજ્ઞ ) બને છે. અને તે ફક્ત એકજ સાતા-વેદનીય કર્મને સયોગી ગુણસ્થાન સુધી બાંધે છે. આ ગુણસ્થાને જઘન્યથી કેવળી અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વ કોડીમાં થોડું ઓછું આયુ સુધી હોય છે. ત્યાર

આ કેવળી ભગવાનને માલમ પડે કે અંતર્મુહુર્ત આયુ બાકી છે. અને વેદનીય કર્મ ઘણું વધારે છે તો બંનેની સ્થિતિ સરખી કરવા કેવળી સમુદ્ઘાત અનુક્રમે કરે છે.

## કેવળી સમુદ્ઘાતનું વર્ણન.

ઔદારિક કાયના યોગ વાળો આ લોકના અંત સુધી ઉંચે નીચે પહોંચે ત્યાં સુધી શરીરના પરીણાહ (અવગાહનાના) પ્રમાણનો પ્રથમ સમયમાં દંડ આકાર બનાવે છે. બીજા સમયમાં તીર્છી દિશામાં લોકાંત પુરવા માટે કપાટ (કમાડ) માફક ઔદારિક કાર્મણ શરીરના યોગમાં રહીને બનાવે છે. ત્રીજા સમયમાં ખુણાઓ પુરવા માટે કાર્મણ શરીર યોગમાં રહીને મન્થાન (મથણી) માફક બનાવે છે અને તે સમ શ્રેણિ પછી શ્રેણિ લેવાથી લોકનો ઘણો ભાગ પુરાય છે. અને ચોથા સમયમાં કાર્મણ યોગવડેજ મંથાનના વચમાં રહેલા આંતરા પુરવા માટે નિષ્કુટ વડે પુરે છે તેજ પ્રમાણે ઉલટા ક્રમે બીજા ચાર સમયમાં તે વ્યાપને સંકેલતા તે તે યોગવાળો થાય છે. છેલ્લા પાંચમે સમયમાં મંથાનનો ઉપસંહાર કરતાં ઔદારિક મિશ્રયોગી થાય છે. તે પ્રમાણે કેવળી ભગવાન સમુદ્ઘાતને સંહરીને પછી ફલક વિગેરે પોતે જે ગૃહસ્થ પાસે લીધું હોય તે પાછું સોંપીને યોગનો નિરોધ કરે છે.

## યોગ નિરોધનું વર્ણન.

પ્રથમ બાદર મન યોગને રોકે છે. પછી વચન યોગને અને કાય યોગ જે બાદર હોય તેને રોકે છે. પછી એજ ક્રમે સૂક્ષ્મ મનો યોગ રોકે છે. પછી સુક્ષ્મ વચન યોગ રોકે છે. ત્યાર પછી સુક્ષ્મ કાય યોગને રોકતો અપ્રતિપાતિ નામના શુકલ ધ્યાનના ત્રીજા ભેદને આરોહે છે અને સૂક્ષ્મ ક્રિયાને રોકતો વિશેષે કરીને ક્રિયા રોકીને અનિવૃત્તિ નામના શુકલ ધ્યાનના ચોથા પાયાને આરોહે છે.

અને તેમાં આરૂઢ થયલો અયોગી કેવળી ભાવને પામેલો અંતર્મુહુર્ત જઘન્ય ઉત્કૃષ્ટથી રહે છે. તેમાં જે જે કર્મનો ઉદય આવેલ નથી તે તે કર્મોને સ્થિતિના ક્ષય વડે ખપાવતો અને વેદાતિ પ્રકૃતિને બીજી પ્રકૃતિમાં સંક્રમાવતો ખપાવતો છેવટના પહેલા સમયમાં આવે છે. તે વખતે દેવ ગતિ સાથેની કર્મ પ્રકૃતિઓ ખપાવે છે.

દેવ ગતિ અનુપૂર્વી વૈક્રિય આહારક શરીર બંનેનાં અંગોપાંગ અને બંધન અને સંઘાત તથા બીજી પ્રકૃતિઓ ખપાવે છે. ઔદારિક તેજસ કાર્મણ એ ત્રણ શરીર તેનાં બંધન અને સંઘાતન છ સંસ્થાન છ સંઘયણ ઔદારિક શરીરનાં અંગોપાંગ વર્ણ ગંધ રસ ફરસ મનુષ્ય અનુપુર્વી અગુરુલઘુ ઉપઘાત પરાઘાત ઉચ્છવાસ પ્રશસ્ત અપ્રશસ્ત વિહાયોગતિ તથા અપર્યાપ્ત પ્રત્યેક સ્થિર અસ્થિર શુભ અશુભ

સુભગ દુર્ભગ સુસ્વર-દુઃસ્વર અનાદેય, અયશ કીર્તિ નિર્માણ નીચ ગોત્ર કોઇ પણ એક વેદનીય કર્મ ખપાવે છે.

અને છેલ્લા સમયમાં તો ૧ મનુષ્ય ગતિ ૨ પચેંદ્રિય જાતિ ૩ ત્રસ ૪ બાદર ૫ પર્યાપ્ત ૬ સુભગ ૭ આદેય ૮ યશઃ કીર્તિ ૯ તિર્થંકર નામ ૧૦ કોઇ એક વેદનીય કર્મ ૧૧ આયુ ૧૨ ઉંચ્ચ ગોત્ર એ બાર પ્રકૃતિઓ તીર્થંકર ખપાવે છે, અને કોઇ આચાર્યને મતે અનુપૂર્વી સહિત તેર પ્રકૃતિઓ ખપાવે છે, અને તીર્થંકર ન હોય, તે પ્રથમ બતાવેલી બાર અથવા અગ્યાર ખપાવે છે, સંપુર્ણ કર્મ ક્ષય કર્યો પછી તુર્તજ અસ્પર્શ ગતિએ ઐકાંતિક આત્યંતિક અનાબાધ લક્ષણ વાળા સુખને અનુભવતો સિદ્ધ સ્થાન જે લોકના અગ્ર ભાગે છે, ત્યાં પહોંચે છે.

હવે ઉપસંહાર કરતાં તીર્થંકરના આ જીવનથી બીજા જીવોને પ્રયોગતના થાગ, તે બતાવવા કહે છે.

एयं तु समणुचिन्नं, वीरवरेणं महाणुभावेणं
जं अणुचरित्तु धीरा, सिवमचलं जन्ति निव्वाणं
॥ २८४ ॥

આ પ્રમાણે કહેલી વિધિએ જ્ઞાનાદિ ભાવ ઉપધાન નામના તપને વીરવર્દ્ધમાન સ્વામીએ સ્વયં આદર્યો છે, તો બીજા પણ મોક્ષાભિલાષીઓએ આદરવો ( આચર્યું )

બ્રહ્મચર્ય અધ્યયનની નિર્યુક્તિ સમાપ્ત થઈ.

હવે સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારવું તે કહે છે—

**अहासुयं वइस्सामि, जहा से समणे भगवं उट्ठाए संखाए तंसि हेमंते, अहुणो पव्वइए रीइत्था ॥१॥**

આર્ય સુધર્મા સ્વામીને પૂછવાથી જંબુસ્વામીને પોતે કહે છે, યથાશ્રુત અથવા યથા સૂત્ર હું કહીશ, તે આ પ્રમાણે—

તે શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી ઉદ્યત વિહાર સ્વીકારીને સર્વ અલંકાર (ભૂષણ) ત્યાગીને પાંચ મુઠી લોચ કરીને ઇંદ્રે આપેલા એક દેવ દૂષ્ય વસ્ત્ર ધારણ કરી સામાયિકની પ્રતિજ્ઞા ઉચ્ચરીને મન પર્યવ જ્ઞાન ઉત્પન્ન થએલા આઠ પ્રકારના કર્મ ક્ષય કરવા માટે અને તીર્થ પ્રવર્ત્તાવવા માટે ઉદ્યત વિહારવાળા બનીને તત્વને જાણીને તે હેમંત રૂતુમાં માગશર (ગુજરાતી કારતક) માસમાં વદ ૧૦ ના રોજ પ્રાચીન ગામિની છાયા (આથમતો સૂર્ય) થતાં દીક્ષા લઇને વિહાર કર્યો. અને કુંડ ગ્રામથી બે ઘડી દીવસ બાકી રહે કર્માર ગામે આવ્યા અને ત્યાં ભગવાન આવ્યા પછી અનેક પ્રકારના અભિગ્રહ ધારણ કરીને ઘોર પરીસહ સહન કરતા મહાસત્વપણે મલેચ્છોને પણ શાંતિ પમાડતા બાર વર્ષથી કાંઇક અધિક છદ્મસ્થ પણે મોનવ્રત લઇ તપ આદર્યો અહીંયાં ભગવાને સામાયક ઉચર્યું, ત્યારપછી ઇંદ્રે ભગવાન ઉપર દેવ દૂષ્ય વસ્ત્ર ખભે મુક્યું તેથી ભગવાને પણ નિઃસંગ અભિપ્રાય વડેજ ધર્મોપકરણ વિના બીજા

મુમુક્ષુઓથી પણ ધર્મ થવો અશક્ય છે. એ કારણની અપેક્ષાએ મધ્યસ્થ વૃત્તિએ તેજ પ્રમાણે ધારણ કર્યું, પણ તેના ઉપભોગની ઇચ્છા નથી, એમ જાણવું. તે બતાવવા કહે છે.

णो चेविमेण वत्थेण पिहिस्सामि तंसि हेमंते ।
से पारए आवकहाए, एयं खु अणुधम्मियं तस्स ॥२॥
चत्तारि साहिए मासे, बहवे पाणजाइया आगम्म ।
अभिरुज्झ कायं विहरिंसु, आरुसिया णं तत्थ हिं-
सिंसु ॥ ३ ॥
संवच्छरं साहियं मासं जं न रिक्कासि वत्थगं भगवं ।
अचेलए तओ चाइ तं वोसिज्ज वत्थमणगारे ॥४॥

ભગવાન વિચારે છે કે ઇંદ્રે આપેલા આ વસ્ત્ર વડે આ મારા શરીર આત્માને ઢાંકીશ નહીં. અથવા હેમંત (શીયાળા) ની ઋતુમાં તે વસ્ત્ર વડે શરીરનું રક્ષણ કરીશ નહીં. લજ્જા ઢાંકવા માટે વસ્ત્ર ધારણ નહીં કર્યું. તે ભગવાન કેવા છે! તે બતાવે છે.

તે ભગવાન પ્રતિજ્ઞાને પુરી કરે છે. અથવા ધર્મમાર્ગ અથવા સંસારથી પાર જાય છે.

પ્ર૦—કેટલો કાળ! તે કહે છે. ત્યાં જીવતાં સુધી

ઉ૦—આ માટે આગળ કહે છે.

ઉઃ—તે વસ્ત્ર ધારણ કરવાથી એમ બતાવ્યું કે પૂર્વના તીર્થંકરોએ તે પ્રમાણે વસ્ત્ર ધારણ કર્યું છે. ( ખુ અવધારણના અર્થમાં છે. અને તે ભિન્ન ક્રમ બતાવે છે ) બીજા તીર્થંકરોનું વસ્ત્ર ધારણ કરવું આગમ પાઠથી બતાવે છે.

**" से बेमि जे य अईया जे य पडुप्पन्ना जेय आगमेस्सा अरहंता भगवन्तो जे य पव्वयन्ति जे अ पव्वइस्सन्ति सव्वे ते सोवहीं धम्मो देसिअव्वोत्तिकट्टु तित्थधम्मयाए एसाऽणुधम्मिगत्ति एगं देवदूसमायाए पव्वइंसु वा पव्वयंति वा पव्वइस्सन्ति व " त्ति,**

તે હું કહું છું. પૂર્વે જે અનંતા તીર્થંકરો થયા જેઓ હાલ ઉત્પન્ન થાય છે. અને ભવિષ્યમાં થશે જેમણે દીક્ષા લીધી છે અને ભવિષ્યમાં લેશે. તેઓ બધાએ ઉપધિ વાળો ધર્મ શિષ્યો માટે બતાવવો એમ વિચારી પોતે આ ધર્મનો મારગ છે એમ જાણીને એક દેવ દૂષ્ય ઈંદ્ર પાસે દીક્ષામાં લીધું છે. વર્તમાનમાં લે છે અને ભવિષ્યમાં લેશે. વળી કહ્યું છે કે

**गरियस्त्वात्सचेलस्य, धर्मस्यान्यैस्तथागतैः ।**
**शिष्यस्य प्रत्ययाच्चैव, वस्त्रं दध्रे न लज्जया ॥१॥**

વસ્ત્ર સહિત સાધુના ધર્મનું વિશેષ પણું હોવાથી બીજા તીર્થંકરોએ પણ શિષ્યના વિશ્વાસ માટે વસ્ત્ર ધારણ કર્યું.

છે. પણ લજ્જાને માટે ધારણ કર્યું નથી. તથા ભગવાને દીક્ષા લીધા પછી જે દેવતા સંબંધી સુગંધ પટ લાગેલ હતો ( દેવતાઓ સુગંધીનું વિલેપન કર્યું હતું ) તેથી તેની સુગંધથી ખેંચાઈ આવેલા ભમરા વિગેરે ભગવાનના શરીરને દુઃખ આપતા હતા તે બતાવે છે. ચાર માસીનાથી પણ વધારે ઘણા પ્રાણીઓ ભમરા વિગેરે શરીરમાં ડંખ મારતા હતા અને માંસ લોહીના અર્થી બનીને ફરીને આમતેમ દુઃખ દેતા હતા. ( તે પ્રભુએ સમભાવે સહ્યું. )

પ્રઃ—ભગવાન પાસે ક્યાં સુધી તે દેવ દૂષ્ય વસ્ત્ર રહ્યું.

ઉઃ—તે ઇંદ્રે આપેલું વસ્ત્ર એક વરસથી કાંઈક અધિક માસ સુધી રહ્યું ત્યાં સુધી ભગવાન કલ્પમાં રહ્યા છે. માટે ત્યાગ્યું નહીં. ત્યાર પછી વસ્ત્રને ત્યાગનારા થયા અર્થાત્ ભગવાન વસ્ત્ર ત્યાગીને અચેલ થયા, અને તે સુવર્ણ વાલુકા નદીના પૂરમાં આવેલા કાંટામાં ભરાયલું બ્રાહ્મણે લીધું, વળી

अदु पोरिसिं तिरियं भित्तिं चक्खुमासज्ज अन्तसो झायइ ।
अह चक्खुभीया संहिया ते हन्ता हन्ता बहवे कंदिंसु ॥ ५ ॥
सयणेहिं वितिमिस्सेहिं, इत्थिओ तत्थ से परिन्नाय
सागारियं न सेवेइ य, से सयं पवेसिया झाइ, ॥६॥

**जे के इमे अगारत्था, मीसीभावं पहाय से झाई ।**
**पुट्ठोवि नाभिभासिंसु, गच्छइ नाइवत्तइ अंजू ॥७॥**
**णो सुकरमेयमेगेसिं नाभिभासे य अभिवायमाणे ।**
**हयपुव्वे तत्थ दंडेहिं, लूसियपुव्वे अप्पपुण्णेहिं ॥८॥**

પછી પુરૂષ પ્રમાણ પોરસી આત્મ પ્રમાણ વીથી (મારગ) જગ્યા શોધતા વિહાર કરે છે. અર્થાત્ સાધુને ચાલતાં તેજ ધ્યાન છે કે પોતાની ઉંચાઇ જેટલી જગ્યા શોધીને ચાલવું.

પ્રઃ—કેવી વીથી છે ?

ઉઃ—તીર્યંગ્ ભિત્તિ ગાડાની જુંસરી પ્રમાણ સોઢા આગળ સાંકડી અને પાછળ જતાં પહોળી હોય છે તે પ્રમાણે ભગવાન જુએ છે.

પ્રઃ—કેવી રીતે જુએ છે ?

ઉઃ—આંખે બરોબર ધ્યાન રાખીને તેમાં જુએ છે. તેવી રીતે ચાલનારને જોઇને કોઇ વખત કોઇ બાળક કુમાર વિગેરે પીડા કરે, તે બતાવે છે.

( અહીં ચક્ષુ શબ્દ દર્શનનો પર્યાય છે. એટલે તેમના દર્શનથીજ ડરેલા એકઠા થયલા ઘણા બાળક વિગેરે ધૂળની મુઠી વિગેરેથી હણી હણીને ચાળા પાડવા લાગ્યા. અને બીજા બાળકોને બોલાવીને કહ્યું——જુઓ ! આ નાગો મુંડીયો છે. તથા આ કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? અને આ કોના સંબંધી છે ? આવી રીતે કોલાહલ કર્યો. (૫)

વળી જેનામાં સુવાય તે શયન તે રહેવાનું સ્થાન છે. તેમાં કોઇ નિમિત્તથી ભેગા મળેલા ગૃહસ્થ અથવા બીજા દર્શન-વાળાઓથી ભેગા થતાં તેમને એકલ જોઇને કોઇ વખત સ્ત્રીઓ પ્રાર્થના કરે છે તેથી તેઓ શુભ માર્ગમાં ભુંગળ સમાન જ્ઞ પરિજ્ઞા વડે તેમને જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગતા મૈથુનને સેવતા નથી. અને જ્યારે પોતે એકલા પણ શૂન્ય ઘરમાં હોય ત્યારે ભાવ મૈથુન પણ સેવતા નથી. આ પ્રમાણે તે ભગવાન પોતાના આત્મા વડે વૈરાગ્ય માર્ગે આત્માને દોરીને ધર્મ ધ્યાન અથવા શુક્લ ધ્યાન ધ્યાય છે. (૬)

. તેજ પ્રમાણે કેટલાક ઘરમાં રહેનાર અગારસ્થ કે ગૃહસ્થો છે. તેઓ સાથે કારણ પડતાં એકમેક થતાં પણ દ્રવ્યથી અને ભાવથી મિશ્ર ભાવ છોડીને તે ભગવાન ધર્મ-ધ્યાન ધ્યાય છે. ( તેમની સાથે કોઈ પણ જાતની વાત-ચીત કરતા નથી.

પ્રઃ—આ માટે ભગવાન બોલાવ્યાથી અથવા ન બોલાવ્યાથી બોલતા નથી ?

ઉઃ—પોતાના કાર્ય માટેજ જાય છે. તેટલા માટે તેઓ બોલાવે તો પણ ભગવાન મોક્ષ પથને અથવા પોતાના ધ્યાનને છોડતા નથી. કારણ કે પોતે સંયમ અનુષ્ઠાનમાં વર્તતા હોવાથી ઋજુ (સરળ) છે ॥ ૬ ॥ આ સંબંધમાં નાગાર્જુનીયા કહે છે.

**पुट्ठो व सो अपुट्ठो व, णो अणुन्नाइ पावगं भगवं ॥**

કોઇ ગ્રહસ્થ પૂછે. અથવા ન પણ પૂછે, તો પણ ભગવાન પોતે પાપની સંમતિ આપતા નથી—

પ્રઃ—હવે કહેવાતી વાત બીજાઓને સુકર નથી (પણ દુષ્કર છે) તેથી અન્ય પ્રાકૃત પુરૂષોથી પળાય તેમ નથી, છતાં પણ ભગવાને શા માટે તે આચર્યું ? તે બતાવે છે– બોલાવનારા બોલાવે તો પણ પ્રસન્ન થઇને બોલતા નથી, અને જે નથી બોલાવતા, તેમના ઉપર કોપતા નથી, તેમજ પ્રતિકૂલ ઉપસર્ગ કરવાથી પણ ભગવાન્ તેના ઉપર વિરૂપ ભાવ કરતા નથી, તે બતાવે છે. ભગવાન્ જ્યારે અનાર્ય (જંગલી) દેશ વિગેરેમાં વિચર્યા ત્યારે ભગવાનને તે અનાર્ય પાપીઓએ પ્રથમ દંડા વડે માર્યા, તેજ પ્રમાણે કેશ વિગેરે ખેંચી તોડીને દુઃખી કર્યા. વળી—

**फरुसाइ दुत्तितिक्खाइ, अइअच्च मुणी परक्कम-माणे**
**आघायनट्टगीयाइं, दंडजुद्धाइं मुट्ठिजुद्धाइं ॥१॥**

પરૂપ (કર્કશ) વચનોથી બીજા પાપીઓ દુઃખ દેતાં, તેવા કઠોર તિરસ્કારને ભગવાને ન ગણતાં જગતના સ્વભાવને જાણતા ભગવાન ચારિત્રમાં પરાક્રમ બતાવી સહન કરતા તથા ( કોઇનાં પ્રેમ ભાવનાં ) ગાયેલાં ગીતો અને કરેલા નાચોથી પોતે કૌતુક માનતા નહોતા. તથા દંડ

યુદ્ધ તથા મુસ્ટામુસ્ટીની કુસ્તી થવાની સાંભળી આશ્ચર્ય માનીને, ખીલેલા નેત્રવાળા તથા રોમરાજી વિકસ્વર વાળા ઉત્સુક થતા ન હોતા.

**गढिए मिहुकहासु समयंमि नायसुए विसोगे अदक्खु।**
**एयाइ से उरालाइं गच्छइ नायपुत्ते असरणयाए ।१०।**
**अवि साहिए दुवे वासे सीओदं अभुच्चा निक्खन्ते।**
**एगत्तगए पिहियच्चे से अहिन्नायदंसणे सन्ते ॥११॥**

જો પ્રમાદે કોઈ માંહોમાંહે કથા કરતા હોય. અથવા કોઈ પોતાના સિદ્ધાંતમાં કદાગ્રહી હોય. અથવા બે સ્ત્રીઓ પોતાની કથામાં રક્ત હોય. તે સમયે ભગવાન મહાવીર સ્વ શોક છોડીને તે બધાની કથામાં મધ્યસ્થ રહીને જોતા હતા. અને જે તથા બીજા અનુકૂળ પ્રતિકૂળ પરિસહ ઉપસર્ગ ઘણાં ઉદાર ( અતિશય ) ન સહન થાય તેવા દુઃખો આવે તો પણ પોતે ન ચળતાં સંયમ અનુષ્ઠાનમાં રહેલા છે તથા જ્ઞાત નામના જે ક્ષત્રીઓ તેમના વંશમાં જે જન્મેલા છે તે જ્ઞાત પુત્ર મહાવીર આ દુઃખને સ્મરણમાં લાવતા નથી. ( પણ ચારિત્ર નિર્મળ પાળે છે. )

અથવા શરણ તે ઘર છે. તે નથી માટે અશરણ છે. અને તે સંયમ છે તે માટે પોતે યત્ન કરે છે. તે પ્રમાણે

છે. એમાં આશ્ચર્ય શું છે કે ભગવાન અતિશય બળ પરાક્રમ વાળા મહા વ્રત પાળવાની પ્રતિજ્ઞા રૂપ મેરૂ પર્વતે ચઢેલા પરાક્રમ કરે છે ? તે ભગવાન મહાવીરે જ્યારે દીક્ષા નહોતી લીધી ત્યારે પણ નિર્દોષ ફાસુ આહારથી નિર્વાહ કરતા હતા તે સંબંધી કથા કહે છે. જ્યારે ભગવાન મહાવીરના માતા પિતા દેવ લોકમાં ગયાં ત્યારે ભગવાન મહાવીરે માતાનાં ગર્ભમાં જરા ન હાલવાથી માને અતિશય દુઃખ થયું હતું અને જ્યારે પોતે હાલ્યા ત્યારેજ માતાને ધીરજ થઇ હતી તેથી તે સમયે અવધિ જ્ઞાને માતાનો અભિપ્રાય જાણનારા મહાવીર પ્રભુએ અભિગ્રહ કર્યો હતો કે મારા વિયોગથી માતા પિતા કમોતે ન મરો, તે હેતુને ધ્યાનમાં રાખી 'મારે માતા પિતા જીવતાં સુધી દીક્ષા ન લેવી.' અને તે પ્રમાણે અઠાવીસ વરસની પોતાની ઉંમર થતાં માતા પિતા દેવલોકમાં ગયાં. ત્યારે અભિગ્રહની પ્રતિજ્ઞા પુરી થઇ એમ જાણીને દીક્ષા લેવાની તૈયારી કરી તે સમયે નંદીવર્ધન નામના મોટાભાઇ તથા જ્ઞાતિ બંધુઓએ પ્રભુને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! ઘા ઉપર ખાર છાંટવા જેવું માતા પિતાના વિયોગના દુઃખમાં તમારો વિયોગ ન કરો. ભગવાન મહાવીરે આ સાંભળીને અવધિજ્ઞાને જાણ્યું કે મારા આ દીક્ષાના સમયમાં ઘણા મનુષ્યો ઘેલા થશે, અને મરી જશે, એવું વિચારીને તેઓને કહ્યુ કે મારે કેટલો

કાળ રોકાવું પડશે ? તેઓએ કહ્યું કે અમને બે વરસમાં શોક દૂર થશે. પ્રભુએ કહ્યું કે ઠીક છે, પણ આહાર વિગેરે લેવું તે મારી ઇચ્છાએ થશે પણ તે ઇચ્છા તોડવા તમારે ન આવવું. તેઓએ વિચાર્યું કે કોઇ પણ રીતે ભગવાન રહો એમ માનીને તેમણે હા પાડી, ત્યાર પછી ભગવાન તે વચનને અનુસારે નિર્દોષ આહાર લઇને ગૃહસ્થપણામાં પણ સાધુ વૃત્તિએ હતા, પછી પોતાની દીક્ષાનો અવસર જાણીને સંસારની અસારતા વિશેષ પ્રકારે જાણીને તીર્થપ્રવર્તન માટે ઉદ્યમ કરે છે. તે બતાવે છે. (૧૦) ભગવાન મહાવીર બે વરસથી કાંઇક અધિક કાળ સુધી કાચું પાણી ત્યાગીને પગ ધોવા વિગેરે ક્રિયા પણ પ્રાસુક જળ વડેજ કરતા જેવી રીતે પહેલું વ્રત જીવદયાનું પાળ્યું તેજ પ્રમાણે બીજાં વ્રતો પણ પાળ્યાં. તેજ પ્રમાણે એકત્વ ભાવના વડે ભાવિત અંતઃકરણવાળા બનીને શાંત ચિત્ત ક્રોધ જ્વાળાને જીતી શાંત કરેલી છે. અથવા પિહિત અર્ચ એટલે શરીરને ગુપ્ત રાખ્યું છે. (કે કોઇ પણ જીવને પોતાની કાયાથી પીડા થવા દેતા નથી.)

તે ભગવાન મહાવીર દીક્ષા લીધા પછી છદ્મસ્થ કાળમાં સમ્યક્ત્વ ભાવના વડે ભાવિત હતા. (તેમને ધર્મ ઉપર નિર્મળ શ્રદ્ધા હતી) તથા ઇંદ્રિયો અને મન વડે પોતે શાંત હતા. (ઉન્માર્ગે જવા દેતા નહોતા) એવા ભગવાન ગૃહવાસમાં પણ ઉપરના બે વરસમાં સાવદ્ય આરંભના

ત્યાગી હતા તો પછી દીક્ષા લીધા પછી ચારિત્ર કાળમાં શા માટે નિઃસ્પૃહ ન હોય? તે બતાવે છે.

**पुढविं च आउकायं च तेउकायं च वाउ कायं च।**
**पणगाइं बीयहरियाइं तसकायं च सव्वसो नच्चा।१२।**
**एयाइं संन्ति पडिलेहे, चित्तमन्ताइ से अभिन्नाय।**
**परिवज्जिय विहरित्था इय सङ्खाय से महावीरे ॥१३॥**
**अदुथावरा य तसत्ताए तसा य थावरत्ताए॥**
**अदुवा सव्वजोणिया सत्ता कम्मुणा कप्पिया पुढो**
**बाला ॥ १४ ॥**

આ ભગવાન્ મહાવીર પૃથ્વીકાય અપકાય વાયુ કાય વિગેરે જીવોને સચિત્ત જાણીને તેનો આરંભ ત્યાગીને પોતે વિચરે છે. તે બતાવે છે. પૃથ્વીકાય સૂક્ષ્મ અને બાદર બે ભેદે છે. તે સૂક્ષ્મ સર્વત્ર છે. અને બાદર પણ કોમળ અને કઠણ એમ બે ભેદે છે. તેમાં કોમળ માટી ધોળા વિગેરે પાંચ રંગની છે. પણ કઠણ પૃથ્વી તો પૃથ્વી શર્કરા વાલુકા વિગેરેથી છત્રીસ ભેદવાળી છે. તે પ્રથમ શસ્ત્ર પરિજ્ઞા નામના પહેલા ભાગમાં પાને છે ત્યાંથી સમજવું. અપ્કાય પણ સૂક્ષ્મ બાદર બે ભેદે છે. તેમાં સૂક્ષ્મ સર્વત્ર છે. પણ બાદર અગ્નિ અંગારા વિગેરે પાંચ ભેદે છે.

વાયુનું પણ તેમજ છે. ફક્ત બાદર વાયુ કાય ઉત્કાલિક

વિગેરે પાંચ ભેદે છે. વનસ્પતિ પણ સૂક્ષ્મ બાદર બે ભેદે છે. સૂક્ષ્મ સર્વત્ર છે. અને બાદર અગ્ર મૂળ સ્કંધ પર્વ બીજ સંમૂર્છન એમ સામાન્યથી ૭ ભેદે છે.

વળી તે દરેક પ્રત્યેક અને સાધારણ એમ બે ભેદે છે. પ્રત્યેક વૃક્ષ ગુચ્છા વગેરે બાર ભેદે છે. અને સાધારણ તો અનેક પ્રકારે છે. તે અનેક ભેદ વાળો છતાં વનસ્પતિ કાય સૂક્ષ્મ સર્વગત હોવાથી અને અતીંદ્રિય હોવાથી તેને છોડીને ફક્ત ભેદોમાં બાદરવ. કાય લીધો છે તે બતાવે છે. પનક લેવાથી બીજ અંકુર ભાવ રહિત પનક વિગેરે ઉલ વિગેરે અનંત કાય લેવા અને બીજના ગ્રહણથી અગ્ર બીજ વિગેરે લેવાં હરિત શબ્દથી બીજા ભેદ લેવા (૧૨) આ પ્રમાણે પૃથ્વી વિગેરે જીવો છે. એમ જાણીને તથા તે ચેતનાવાળાં છે એમ જાણીને ભગવાન મહાવીર તેમનો આરંભ છોડીને વિચર્યા. પૃથ્વીકાય વિગેરે જંતુના ત્રસ થાવર પણે ભેદો બતાવીને હવે એમનામાં પરસ્પર અનુગમન પણ છે, તે બતાવે છે. (૧) સ્થાવર તે પૃથ્વી પાણી અગ્નિ વાયુ વનસ્પતિ છે. તે ત્રસપણે એકેન્દ્રિય વિગેરે કર્મ વશથી જાય છે. અને ત્રસ જીવો કૃમિ વિગેરે પૃથ્વી વિગેરેમાં કર્મને લીધે જાય છે. તે પ્રમાણે સૂત્રે પણ કહ્યું છે.

" अयण्णं भन्ते ! जीवे पुढविकाइयत्ताए जाव तसकाइयत्ताए उववण्णपुव्वे ?, हंता गोयमा ! अ-

**सइं असुवाऽणंत खुत्तो जाव उववंण्ण पुव्वे" त्ति**

ગાતમને પ્રશ્નઃ—હે ભગવાન! આ જીવ પૃથ્વી કાય પણેથી લઇ ત્રસ કાય પણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે?

ઉઃ—હા, અનેક વાર અનંત વાર પૂર્વે ઉત્પન્ન થયેલ છે, અથવા બધી યોનિઓ જે જીવોનાં પ્રતિ સ્થાન છે, તે સર્વ યોનિક જીવ છે, અને જીવો બધી ગતિમાં જનારા છે, તે જીવો (મંદ બુદ્ધિથી) બાલ છે, અને રાગ દ્વેષથી વ્યાપ્ત થઇ ચીકણાં કર્મ બાંધી પોતાના કરેલાં કર્મનાં ફળ જુદી જુદી રીતે સર્વ યોનિયોમાં ભોગવવા વડે કલ્પિત (વ્યવસ્થા કરાયલા) છે. કહ્યું છે કેઃ—

**णत्थि किरसो पएसो, लोए वालग्ग कोडि मित्तोऽवि**
**जम्मण मरणा बाहा अणेगसो जत्थणवि पत्ता॥१॥**

આ લોકમાં વાળના અગ્રભાગ જેટલો પ્રદેશ માત્ર પણ એવો નથી, કે જ્યાં આ જીવે જન્મ મરણની બાધા અનેક વાર પ્રાપ્ત કરી નથી! વળી

**रंगभूमिर्नसा काचि, च्छुद्धा जगति विद्यते**
**विचित्र कर्म नेपथ्यै र्यत्र सत्वैर्न नाटितं॥ २॥**

તેવી શુદ્ધ રંગ ભૂમિ જગતમાં કોઇ વિદ્યમાન નથી, કે જ્યાં કર્મને પથ્ય (શણગાર) પહેરીને સર્વ સત્વો નાચ્યા નથી! વિગેરે છે. ॥૧૪॥ વળી—

**भगवं चएव मन्नेसिं सोवहिए हु लुप्पइ बाले;**
**कम्मं च सव्वसो नच्चा, तं पडियाइक्खे पावगं भगव ॥ १५ ॥**

**दुविहं समिच्च मेहावि, किरियमक्खायऽणेलिसं नाणी;**
**आयाणसोयमइवायसोयं, जोगं च सव्वसो णच्चा ॥ १६ ॥**

ભગવાન મહાવીરે તેમજ બીજી રીતે જાણ્યું કે ઉપધિ સહિત તે દ્રવ્યથી તથા ભાવથી ઉપધિ સહિત જે વર્તે તે કર્મોથી લેપાય, પછી તે બાળ અજ્ઞ સાધુ દુઃખોને અનુભવે છે અથવા ( હુનો હેતુમાં અર્થ લઈએ તો ) સોપધિક બાળ સાધુ કર્મોથી લેપાય છે. તેથી બધી રીતે કર્મ બંધાતું જાણીને ઉપધિનું કર્મ ત્યાગી દીધું. એટલે અંદરથી અને બહારથી જે ઉપધિરૂપ પાપ કર્મનું અનુષ્ઠાન હતું તે ભગવાને ત્યાગી દીધું. ( જરૂર હોય ત્યાં સુધી શક્તિના અભાવમાં ઉપધિ સાધુએ રાખવી, અને પાછળથી શક્તિમાન થતાં ત્યાગી દેવાનો માર્ગ ભગવાને બતાવ્યો ) ॥ ૧૫ ॥ વળી બે પ્રકારના તે દ્વિવિધ કર્મ છે, ઈર્યા પ્રત્યય, અને સાંપરાયિક છે, તે બંનેને પણ સર્વજ્ઞ પ્રભુએ જાણીને સંયમ અનુષ્ઠાનરૂપ જે કર્મ છેદવાને માટે અનન્ય નથી, તેવી અનન્ય રૂપથી ક્રિયા બતાવી.

પ્ર૦—ભગવાન કેવા હતા ?

ઉ૦—જ્ઞાની, (કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તેમણે આ ક્રિયા બતાવી.)

પ્રઃ—વળી તેમણે બીજું શું કહ્યું ?

ઉઃ—જેના વડે નવાં કર્મ લેવાય તે આદાન ખોટું ધ્યાન છે, તથા ઇંદ્રિયોના વિકાર સબંધી તે સ્રોત છે, માટે જે આદાન સ્રોત છે, તેને જાણીને તથા જીવ હિંસા રૂપ તથા તેના લક્ષણથી મૃષાવાદ વિગેરે પાપોને તથા મન વચન કાયાના વ્યાપાર વાળુ દુર્ધ્યાન છે તે બધે પ્રકારે કર્મ બંધને માટે છે એમ જાણીને તેમણે સંયમ લક્ષણવાળી નિર્દોષ ક્રિયા બતાવી. વળી

**अइवत्तियं अणाउट्टिं सयमन्नेसिं अकरणयाए;**
**जस्सित्थिओ परिन्नाया, सव्वकम्मावहा उ स अदक्खु ॥१७॥**

આકુટ્ટી (હિંસા) ને ત્યાગવાથી અહિંસા છે, તે પાપથી અતિ ક્રાંત હોવાથી નિર્દોષ છે, તે મહાવીર પ્રભુએ પોતેજ પ્રથમ અહિંસા સ્વીકારીને બીજાઓને પણ હિંસાની પ્રવૃત્તિથી દૂર રાખ્યા, તથા જેમને સ્ત્રીઓ સ્વરૂપથી તથા વિપાકથી કડવાં ફળ આપનારી છે, એવું જ્ઞાન છે, તે પરિજ્ઞાત ભગવાન છે, તથા તેજ સ્ત્રીઓ સર્વ કર્મ સમૂહો એટલે

સર્વ પાપોના ઉપાદાન ભૂત છે. તે પણ એમણે જોયું છે, તેથીજ તેઓ સંસારનું રૂપ જાણનારા થયા તેનો ભાવાર્થ એ છે કે:—સ્ત્રીના સ્વભાવના આવા પરિજ્ઞાનથી તથા તે જાણીને ત્યાગવાથીજ ભગવાન પરમાર્થ દર્શી થયા છે મૂળ ગુણો બતાવીને હવે ઉત્તર ગુણ પ્રકટ કરવા કહે છે:—

**अहाकडं न से सेवे सव्वसो कम्म अद्दक्खू;**
**जं किंचि पावगं भगवं, तं अकुव्वं वियड भुंजित्था**
**॥ १८ ॥**

કોઈ ગૃહસ્થે સાધુને પૂછીને અથવા વિના પૂછે ( છાનું ) આધા કર્માદિ ભોજન વિગેરે કર્યું હોય તો પોતે તે લેતા નથી.

પ્ર૦—આ માટે ?

ઉ૦—તેમણે જોયું કે, તે સેવાથી બાપી દીને આદિ પ્રકારના કર્મનો બંધ થાય છે, તેવું દોષિત બીજું પણ સેવતા નથી. તે કહે છે. જે કંઈ પાપવાળું એટલે જેનાવડે ભવિષ્યમાં પાપનું કારણ થાય તેવું ભગવાને ન લીધું, પણ વિકટ ( પ્રાસુ નિર્દોષ) ભોજન વિગેરે લીધું. ॥ ૧૮ ॥ તથા—

**णो सेवइ य परवत्थं, पर पाएवी से न भुंजित्था;**
**परिवज्जियाण उमाण, गच्छइ संखडिं असरणाए**
**॥ १९ ॥**

**मायण्णे असण पाणस्स, नाणुगिद्धे रसेसु अपडिन्ने;**
**अच्छिंपि नो पमज्जिज्जा, नोवि य कंडूयए मुणी गायं**
**॥ २० ॥**

પોતે પ્રધાન (પર) વસ્ત્ર ભોગવતા નથી, તેમ કીંમતી પાત્રમાં ખાતા નથી, તથા પોતે અપમાન છોડીને આહારને માટે (જ્યાં આહાર રંધાય તેવી રસોડાની જગ્યા) સંખંડીમાં કોઇનું પણ શરણ (આલંબન) લીધા વિના અદીન મનવાળા 'આ મારો કલ્પ' છે એમ જાણીને પરીષહો 'જીતવા' માટે જાય છે. ॥ ૧૯ ॥

આહારની માત્રા (માપ) જાણે છે, માટે માત્રજ્ઞ પ્રભુ છે, પ્ર૦ કયો આહાર? ઉ—ખવાય તે ભાત વિગેરેનું ભોજન, પીવાય તે પાણી, દ્રાખનું ધોવણ વિગેરે-તેમાં પોતે લોલૂપી નથી, તેમ રસ (છવિગઇ) માં ગૃહસ્થપણામાં પણ લોલૂપી નહોતા, તો પછી દીક્ષા લીધા પછીનું તો શું કહેવું રસ લેવાથી એમ સૂચવ્યું, કે પોતે તેવા પદાર્થમાં અભિગ્રહ ન ધારે કે આજે સિંહ કેસરીયા લાડુજ ખાવા! પણ આવી પ્રતિજ્ઞા રાખે કે આજે કુલ્માસ અડદના બાકળા વિગેરે ખાવા! તથા આંખમાં રજ પડી હોય, તો તે દૂર કરવા માટે પણ આંખ મસળે નહીં! તથા ખણુજ આવે તો લાકડાના છાંડા વિગેરેથી પણ ખણે નહીં. ॥ ૨૦ ॥ વળી

**अप्पं तिरियं पेहाए, अप्पिं पिट्ठओ पेहाए**

अप्पं मुहए ऽपडि भाणी, पंथपेहिं चरे जयमाणे ॥२१॥
सिसिरंसि अद्धपडिवन्ने, तं वोसिज्ज वत्थमाणगारे ॥
पसारित्तु बाहुं परक्कमे, नो अवलं वियाण कंधंसि ।२२।
एस विहि अणुक्कन्तो माहणेण मईमया ।
बहुसो अपडिन्नेण भगवया एवं रियंति ॥ २३ ॥
त्तिबेमि ॥ उपधानश्रुताध्ययनोद्देशः १ ॥ ९ ॥ १ ॥

( અલ્પ શબ્દ અભાવના અર્થમાં છે. ) ભગવાન મહાવીર વિહારમાં તીરછી દિશામાં જોતા નથી તેમ બન્ને બાજુએ જોતા નથી. તેમ માર્ગમાં ચાલતાં કોઈ પૂછે તો પણ બોલતા નથી. મૌનજ ચાલે છે તે બતાવે છે કે પોતે રસ્તામાં ચાલતાં પગ નીચે જીવોને પીડા ન થાય તેજ યતના રાખતા હતા ( ૨૧ )

વળી શિયાળામાં માર્ગમાં ખરી ટાઢમાં પણ દેવ દૃષ્ય વસ્ત્ર છોડ્યા પછી બે બાહુ લાંબી કરીને ચાલે છે. પણ ટાઢથી પીડાતાં ખભે ને વાંકા વાળી સંકોચતા નથી. તેમ પોતાના બાહુ ઉપર પણ હાથ રાખીને ઉભા રહેતા નથી. એવે પરાક્રમ કરતા હતા. ( ૨૨ )

આ વિહારનો વિધિ બતાવ્યો તે ભગવાન મહાવીર સ્વામીએ જાતે યતનાથી આચર્યો છે. અને કોઈ જાતનું નિયાણું કર્યું નથી. તથા ઈતિ બ્રવીમિ સુધર્માસ્વામી કહે છે.

તેમણે પોતે આચર્યો છે. એજ પ્રમાણે બીજા મોક્ષાભિલાષી સાધુઓ સંપૂર્ણ કર્મ ક્ષય કરવા માટે આચરે છે. આવું સુધર્માસ્વામિ કહે છેઃ—

ઉપધાન શ્રુત અધ્યયનનો પહેલો ઉદ્દેશો પુરો થયો.

પહેલો કહીને જોડાજોડજ બીજા ઉદ્દેશાની સૂત્ર ગાથાની વ્યાખ્યા ટીકાકાર કહે છે. તેમાં પ્રથમ સંબંધ કહે છે. પહેલા ઉદ્દેશામાં ભગવાનની ચર્યા બતાવી. અને તેમાં કોઇપણ શય્યા ( વસતિ ) માં રહેવું પડે, તેથી આ બીજા ઉદ્દેશામાં તેનું વર્ણન આવશે. આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે.

બીજા ઉદ્દેશાની સૂત્ર ગાથાઓ.

चरियासणाइं सिज्जाओ एगइयाओ जाओ वुइयाओ ।
आइक्ख ताइं सयणासणाइं जाइं सेवित्था से
महावीरे ॥१॥
आवेसणसभा पवासु पणियसालासु एगया वासो ।
अदुवा पलियठाणेसु पलालपुञ्जेसु एगया वासो ॥२॥
आगन्तारे आरामागारे तह य नगरे व एगया वासो ।
सुसाणे सुण्णगारे वा रुक्खमूले व एगया वासो ॥३॥
एएहिं मुणी सयणेहिं समणे आसि पतेरसवासे ।
राइं दिवंपि जयमाणे अपमत्ते समाहिए झाइ ॥४॥

ચરિયા ( ચર્યા ) માં જે જે શય્યા આસન વિગેરે જરૂરનાં હોય તે શય્યા ફલક ( પાટીયું ) વિગેરે સુધર્માસ્વામિએ જંબુ સ્વામિના પૂછવાથી ભગવાન મહાવીરે જે પ્રમાણે ઉપયોગમાં લીધેલ છે. તે બતાવેલ છે. (આ ટીકાકાર લખે છે કે તેના પહેલાંની ટીકામાં આ ગાથાનો અધિકાર વર્ણવ્યો નથી, તેનું કારણ તે સુગમ છે કે સત્રમાં નથી તે સૂચન પુસ્તકમાં જણાતું નથી તેથી અમે પણ તેમનો અભિપ્રાય સમજતા નથી.) (૧)

જંબુસ્વામિના પ્રશ્નનો ઉત્તર આપે છે.

ભગવાન મહાવીરને આહારના અભિગ્રહ માફક પ્રતિમા સિવાય પ્રાયે શય્યાનો અભિગ્રહ નથી. ફક્ત જ્યાં છેલ્લો પહોર (ચરમ પોરસી) થાય ત્યાંજ માલીકની આજ્ઞા લઈને રહે તે બતાવે છે. સર્વથા જ્યાં રહેવાય તે આવેશન છે.

આવેશન-શૂન્યગૃહ-તથા 'સભા' તે ગામ નગર વિગેરેમાં સ્થાના લોકોને માટે તથા આવેલા નવા માણસોને સુવા માટે બીનેલાવાળું મકાન બનાવે છે (ગુજરાતમાં જેને ચોરો કહે છે) પ્રપાગાર! પાણીની જગ્યા ( જેને પરબ કહે છે ) તે આવેશન, સભા પ્રપા, તેમાં ભગવાન વાસ કર્યો, તથા પણ્યશાળા (દુકાન) તથા પણિય શાળા? લુહાર, સુતારની કોઢીઓમાં તથા પલાલના ઢગલાઓમાં [illegible] માંચે. ([illegible]
[illegible] (૨)

વળી પ્રસંગે આવેલા અથવા આવીને ત્યાં બેસે તે મુસાફરખાનું કે ધર્મશાળા તે ગામમાં હોય અથવા ગામ બહાર હોય તથા આરામ તે ઘર આરામ તથા આગારમાં કોઈ વખત વાસ કરે, તથા મસાણમાં અથવા શૂન્ય ઘરમાં વાસ કરે, (આવેશન તથા શૂન્ય ઘરનો ભેદ એ છે કે પેલાની ભીંત મજબુત હોય પણ બીજામાં તેમ નહી કોઈ વખત ઝાડના મુળ નિચે વાસ કર્યો (૩)

ઉપર બતાવેલ શયન તે વસતિમાં ત્રણ જગતને જાણનારા ઋતુબદ્ધ કાળમાં અથવા ચોમાસામાં ભગવાને તપસ્યામાં ઉદ્યુક્ત બનીને અથવા ધ્યાન રાખનારા બનીને વાસ કર્યો.

પ્ર૦ કેટલો કાળ ! તે કહે છે. પ્રકર્ષથી તેરમા વરસ સુધી એટલે બાર વરસથી કંઇક અધિક મુદત સુધી આખી રાત અને દિવસ સંયમ અનુષ્ઠાનમાં ઉદ્યમવાળા બનીને અપ્રમત્ત એટલે નિદ્રા વિગેરે પ્રમાદ રહીત તથા વિસ્રોત સિકા રહીત ધર્મ ધ્યાન અથવા શુક્લ ધ્યાન ધ્યાય છે વળી—

**णिद्दंपि नो पगामाए, सेवइ भगवं उट्ठाए ।**
**जग्गा वइ य अप्पाणं इसिं साई य अपडिन्ने ॥५॥**
**संबुज्झमाणे पुणरवि आसिंसु भगवं उट्ठाए ।**
**निक्खम्म एगया राओ बहिं चंकमिया मुहुत्तागं ॥६॥**

सयणेहिं तत्थुवसग्गा भीमा आसी अणेगरूवा य।
संसप्पगा य जे पाणा अदुवा जे पक्खिणो उवचरन्ति ॥ ७ ॥

अदु कुचरा उवचरन्ति गामरक्खा य सत्तिहत्था य।
अदु गामिया उवसग्गा इत्थी एगइया पुरिसा य ॥८॥

ભગવાન પોતે પ્રમાદ રહિત બનીને નિદ્રા પણ વધારે લેતા નથી. અને તેજ પ્રમાણે બાર વરસમાં અસ્થિક ગામમાં વ્યંતરના ઉપસર્ગ પછી કાયોત્સર્ગમાં રહીને અંત મુહૂર્ત સુધી સ્વપ્નો દેખતાં સુધી એકવાર નિદ્રા કરી હતી ત્યારપછી ઉઠીને આત્માને કુશળ અનુષ્ઠાનમાં પ્રવર્તાવે છે અહીંયા પણ પોતે પ્રતિજ્ઞા રહિત છે. એટલે પોતે મનમાં ઇચ્છીને સુતા નથી (૫)

વળી તે વીર પ્રભુ જાણે છે કે આ પ્રમાદ સંસાર ભ્રમણ માટે છે. એમ જાણીને સંયમ ઉત્થાન વડે ઉઠીને વિચરે છે. જો અંદર રહેતાં નિદ્રા પ્રમાદ થાય તો ત્યાંથી નીકળીને શિયાળાની રાત વિગેરેમાં બહાર જગ્યામાં મુહૂર્ત માત્ર નિદ્રા પ્રમાદ દૂર કરવા ધ્યાનમાં ઉભા રહ્યા. (૬) વળી ત્યાં આગળ ઉપર કહેલ આસન વિગેરેથી આશ્રય લેનાર એવા સ્થાનમાં આવેલા તે સ્થાનો વડે તે ભગવાનને [illegible] અનેક [illegible] વિગેરેથી અથવા

અનુકૂળ પ્રતિકૂલ રૂપે પરિસહ ઉપસર્ગો થયા. તથા શૂન્ય ઘર વિગેરેમાં અહિ નકુળ (સાપ નોળીયા) વિગેરે ભગવાનનું માંસ વિગેરે ખાતા હતા, અથવા મસાણ વિગેરેમાં ગીધ વિગેરે પક્ષીઓ માંસ ખાતા હતા, (તો પણ ભગવાન રાગદ્વેષ કરતા નહોતા.) (૭)

વળી કુચર તે ચોર પરદાર લંપટ વિગેરે કોઇ શૂન્ય ઘર વિગેરેમાં ભગવાનને દુઃખ દેતા હતા તથા ગામ રક્ષા કરનારા કોટવાળ વિગેરે ત્રિક ચોતરા વિગેરે ઉપર ઉભેલા ભગવાનને જોઇને પૂછતાં જવાબ ન આપવાથી હાથમાં શક્તિ કુંત (ભાલા) વિગેરે રાખનારા ભગવાનને પીડા કરતા હતા. તથા ઇંદ્રિયોથી ઉન્મત્ત થયેલ સ્ત્રીઓ ભગવાન પાસે એકાંતમાં ભોગની યાચના સુંદર રૂપ જોઇને કરતી હતી. અથવા શરીર સુગંધી જોઇને અથવા પોતાનું તેવું સુંદર શરીર બનાવવા ઇચ્છતા પુરૂષો ભગવાન પાસે ઉપાય પૂછતા હતા. જવાબ ન મળવાથી ભગવાનને દુઃખ પણ દેતા હતા.

इहलोइयाइं परलोइयाइं भीमाइं अणेगरूवाइं ।
अवि सुब्भि दुब्भिगन्धाइं सद्दाइं अणेगरूवाइं ॥९॥
अहियासए सया समिए फासइं विरूवरूवाइं ।
अरइं रइं अभिभूय रीयइ माहणे अबहुवाई ॥१०॥
स जणेहिं तत्थ पुच्छिंसु एगचराऽवि एगया राओ ।

**अव्वाहिए कसाइत्था पेहमाणे समाहिं अपडिन्ने ।११।**
**अयमंतरंसि को इत्थ ? अहमंसित्ति भिक्खु आहट्टु।**
**अयमुत्तमे से धम्मे तुसिणीए कसाइए झाइ ॥१२॥**

આ લોકમાં એટલે મનુષ્યે કરેલા દુઃખના સ્પર્શો તથા દેવતાએ કરેલા દિવ્ય સ્પર્શો તથા તિર્યંચોએ કરેલા ઉપસર્ગોનાં દુઃખો તથા પર ભવે કરેલાં પાપોથી ઉદયમાં આવેલાં દુઃખોને પોતે સમતાથી સહે છે. અથવા આજ જનમમાં જે દંડાના પ્રહાર વિગેરે દુઃખ દે છે. તથા તે શિવાયના પર લોક સંબંધી ભીમ ( ભયંકર ) જુદા જુદા ઉપસર્ગો આવે છે. તે બતાવે છે. એટલે સુગંધી વાળા તે ફુલની માળા તથા ચંદન વિગેરે છે. અને કોહેલાં મુડદાં વિગેરે દુર્ગંધ વાળાં છે તેજ પ્રમાણે વીણા વેણુ મૃદંગ વિગેરેથી મધુર અવાજ તથા ક્રમેલક ( ઉંટ ) નું બરાડવું વિગેરે કાનમાં કઠોર અવાજ લાગે છે. તે બંનેમાં ભગવાન રાગ દ્વેષ કરતા નથી. ( ૯ )

તથા જેઓ [illegible] પાંચે સમિતિઓથી યુક્ત છે અને જે કોઈ દુઃખના સ્પર્શો આવે તો સંયમમાં અરતિ લાવતા નથી તેમ સુંદર ભોગોમાં રતિ લાવતા નથી એમ બંને પરિષહમાં સમભાવ મેળવીને સંયમ અનુષ્ઠાનમાં વર્તે છે. પોતે કોઈ પણ જીવને દુઃખ ન દેવું, બીજા પાસે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ભગવાન વિચરે છે. ( ૧૦ )

તે ભગવાન મહાવીર સાડા બાર પક્ષ વધારે એવા બાર વરસ (બાર વરસ અને સાડા બાર પખવાડીયાં) સુધી એકલા વિચરતા શૂન્યગૃહ વિગેરેમાં રહેતા લોકોથી પૂછાતા કે તમો કોણ છો ?

કેમ અહીં ઉભા છો અથવા ક્યાંથી આવ્યા છો. તે સમયે પોતે મોન રહેતા, તથા દુરાચારીઓ વિગેરે એકલા ભટકતા ત્યાં આવીને કોઇ વખત રાતમાં અથવા દિવસમાં પૂછતા. પણ ભગવાને ઉત્તર ન આપવાથી ક્રોધમાં આવી ભગવાનને મોન દેખી તેઓ અજ્ઞાનથી દૃષ્ટિ છવાઇ જતાં દંડ મુક્કી વિગેરેથી મારીને પોતાનું અનાર્યપણું આચરતા હતા. પણ ભગવાન તો સમાધિમાં રહી ધર્મ ધ્યાનમાં ચિત્ત રાખીને સારી રીતે સહેતા હતા. પ્ર. ભગવાન કેવા હતા ? ઉ. પ્રતિજ્ઞા રહિત એટલે તેનું વેર લેવું એવી ઈચ્છા રાખતા નહોતા.

પ્ર૦ તે આવેલાઓ કેવી રીતે પૂછતા હતા ? ઉ૦ અત્રે કોણ રહેલું છે ? એમ સંકેત કરીને દુરાચારીઓ અથવા કામ કરનારાઓ પોતાના સાથીઓની રાહ જોઇ ભગવાનને પૂછતા હતા. વળી હંમેશાં ત્યાં રહેલા દુષ્ટ ધ્યાનવાળા પૂછે છે. પણ ભગવાન મૌન રહેલા હતા. પણ કોઇ વખત ઘણોજ દોષ થતો હોય તો ટાળવાને માટે થોડું બોલતા પણ હતા. પ્ર૦ કેવી રીતે ? ઉ૦ હું ભિક્ષુ છું, આમ બોલતાં જો તેઓ

સંમતિ આપે તો ત્યાં રહેતા, પણ તે આવેલા દુષ્ટોની ઇચ્છામાં વિઘ્ન થતું હોય, તો ક્રોધાયમાન થઇને મોહાંધ બની વર્તમાન લાભ દેખનારા તુચ્છ બુદ્ધિથી કહે કે અમારા મુકામથી હમણાં નિકળ, તો ભગવાન આ અપ્રીતિનું સ્થાન છે, એમ વિચારી તુર્ત નીકળી જતા. અથવા ભગવાન પોતે પ્રથમથી ત્યાંના મુખ્ય ધણીની આજ્ઞા લીધેલી હોવાથી નીકળતા નહોતા, અને આ મારૂં ધ્યાન ઉત્તમ ધર્મ છે. મારો આચાર છે, એમ વિચારી તે આવનાર ગૃહસ્થનાં કડવાં વચન વિગેરે સહન કરી મૌન રહી જે થવાનું હોય તે થાય, એમ માની દુઃખ સહન કરે, પણ ધ્યાનથી ચલાયમાન થતા નહોતા. વળી શું કરતા તે કહે છે.

जंसिप्पेगे पवेयन्ति सिसिरे मारुए पवायन्ते ।
तंसिप्पेगे अणगारा हिमवाए निवायमेसन्ति ॥१३॥
संघाडीओ पविस्सिस्सामो एहा य समादहमाणा ।
पिहिया व सक्खामो अइदुक्खं हिमगसंफासा ॥१४॥
तंसि भगवं अपडिन्ने अहे विगडे अहीयासए ।
दविए निक्खम्म एगया राओ ठाइए भगवं समि-
याए ॥ १५ ॥
एस विही अणुक्कन्तो माहणेण मईमया ।
बहुसो अपडिन्नेण भगवया एवं रीयन्ति ॥१६॥

त्तिबेमि ॥ नवमस्य द्वितीय उद्देशकः ९–२ ॥

શિયાળાથી ઋતુમાં કેટલાક માણસો કપડાંના અભાવે દાંત વીણા (    ) વિગેરે યુક્ત કંપતા હતા. અથવા ઠંડીના દુઃખનો અનુભવ કરી આર્ત્ત ધ્યાનમાં પડતા હતા. તેવા હિમ પડવાના સમયમા ઠંડો વા વાતાં કેટલાક સાધુ જેઓ પાસત્થા જેવા હતા, તેઓમાંના કેટલાક ;તેવી ઘણી ઠંડ પડતાં દુઃખી થઇને ઠંડને દૂર કરવા માટે ભડકો કરતા અથવા અંગારાની સગડી શોધતા તથા પ્રાવાર ( કામળો ) વિગેરે યાચતા અથવા અનગાર તે પાર્શ્વનાથ ભગવાનના તિર્થમાં રહેલા ગચ્છવાસી સાધુઓજ ઠંડથી પીડાઇને જ્યાં વાયરો ન આવે, તેવી ઘંઘ (    ) શાળા વિગેરે બંધ જગ્યા શોધતા હતા. (૧૩)

વળી (સંઘાટી શબ્દ વડે ઠંડ દૂર કરનારાં બે અથવા ત્રણ વસ્ત્ર જાણવાં.) તે સંઘાટી શોધવા માટે ઠંડથી પીડાએલાં વિચારતા કે અમે કયાંયથી માગી લવીએ. અને અન્ય ધર્મીઓ તો એધા સમિધ બાળવાનાં લાકડાં શોધતા હતા. કે જેને બાળીને ઠંડ દૂર કરવા શક્તિવાન થઇશું. તથા સંઘાટી વડે એટલે કામળો વિગેરે ઓઢીને રહેતા.

પ્રઃ—શા માટે એવું કરે છે?

ઉઃ—કારણ કે આ હિમનો ઠંડો પવન દુઃખે કરીને સહન થાય છે.

( મુંબઈમાં ઓછી ઠંડ છે તેથી ગુજરાતમાં જરા વધારે છે. પણ મોટી મારવાડમાં તેથી વધારે છે. પણ દિલ્હી તરફ મહા માસમાં એટલી ઠંડી પડે છે કે સવારના ઢોર કેટલાક દિવસ ચઢતાં સુધી ભાગ્યેજ બહાર નીકળાય અને કદાચ નીકળવું પડે તો પગનું રક્ષણ હોવુંજ જોઈએ. અને રાતના સગડી વિના ઉંઘ આવેજ નહીં. અને કાશ્મીર વિગેરેમાં તો તેથી પણ વધારે ઠંડ છે, આવી ઠંડની અપેક્ષાથી અન્ય દર્શની સાધુઓ લાકડાં બાળી ઠંડ દૂર કરે. અને જૈન સાધુઓ જાડા કામળા ઓઢી સુકું ઘાસ પાથરી નિર્વાહ કરે છે. ) ॥ ૧૪ ॥

આવી સખત ઠંડી ઋતુમાં કોઈ અન્ય તાપસ વિગેરે તાપણું તાપી ઠંડ દૂર કરતા, કોઈ આ જૈન સાધુ કામળો ઓઢી નિભાવતા, તેવે વખતે ભગવાન શું કરતા? તે કહે છે—આવી કડકની ઠંડી અને ઠંડા પવનમાં બધા શરીરને પીડા દેવા છતાં ભગવાન જેઓ અપ્રતિજ્ઞ આદિ ગુણ યુક્ત છે, તેઓ સમ્યક્ રીતે ઠંડીને ( તાપણું કે કપડા વિના ) સહે છે.

પ્ર૦—ભગવાન કેવા છે?

ઉ૦—અપ્રતિજ્ઞ રહિત છે. એટલે તેઓ જ્યાં ઠંડી ન આવે એવું ગરમ ઠેકાણું વાળું મકાન રહેવા વિગેરે માટે માગતા નથી.

પ્ર૦—તેઓ કંઈ જંગલમાં ઠંડ સહે છે?

ઉ:—બાજુની ભીંતો રહિત તથા ઉપરનું ઢાંકણુ હોય કે નહીં, તેવા સ્થાનમાં રહેતા, તથા ફરી ભગવાનના ગુણ કહે છે, રાગ દ્વેષ દૂર થવાથી શુદ્ધ આત્મા દ્રવ્ય વાળા અથવા કર્મ ગ્રંથિ દૂર થવાથી દ્રવ્ય સંયમ છે. તે દ્રવ વાળા દ્રવિક (સંયમી) છે, તેમ મકાનમાં ઠંડી સહેતાં કદાચ ઘણી સખત ઠંડી પડે, તો તે ઢાંકેલા મકાનથી બહાર નીકળી કોઇ વાર રાત્રીમાં બે ઘડી સુધી ત્યાં રહી ઠંડી સહન કરી પાછા તેજ મકાનમાં આવીને સમતાથી ખચ્ચરના દૃષ્ટાંતથી સહેવાને શક્તિવાન થતા.

## ખચ્ચરનું દ્રષ્ટાંત.

(સિંધ દેશમાં ખચ્ચરો શક્તિવાળાં છતાં લુચ્ચાઇથી બોજો સહન કરતાં નહોતાં, તેમને સીધાં કરવા તેનો માલીક વધારેમાં વધારે બોજો નાંખતા, પછી વધારે થાકે ત્યારે બોજો ઓછો કરતા, તેથી ખચ્ચર ખુશ થઇને દોડતું, તેજ પ્રમાણે ભગવાન મહાવીર પોતાના શરીર રૂપ ખચ્ચર ઉપર વધારેમા વધારે ઠંડી સહન કરતા, જેથી સામાન્ય ઠંડી સહેલથી સહન થતી.) આ ઉદ્દેશાને સમાપ્ત કરવા કહે છે, કે આ વિધિ વિગેરે પૂર્વ માફક જાણવું એવું સુધર્માસ્વામી કહે છે.

બીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

## ત્રીજો ઉદેશો કહે છે.

બીજો ઉદ્દેશો કહીને હવે ત્રીજો કહે છે. તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા ઉદ્દેશામાં ભગવાનની શય્યા ( વસતિ ) નું વર્ણન કર્યું. અને તે સ્થાનોમાં જે ઉપસર્ગો અને પરીષહો સહન કર્યા, તે બતાવવા આ ઉદ્દેશો કહે છે. આ સંબંધે આવેલા ઉદ્દેશાની આ સૂત્ર ગાથાઓ છે.

**तणफासे सीयफासे य तेउ फासे य दंसमसगे य**
**अहियासए सया समिए फासाइं विरूवरूवाइं ॥१॥**
**अह दुच्चरलाढमचारी वज्जभूमिं च सुब्भभूमिं च ।**
**पंतं सिज्जं सेविंसु आसणगाणि चेव पंताणि ॥२॥**
**लाढेहिं तस्सुवसग्गा बहवे जाणवया लूसिंसु ।**
**अह लूहदेसिए भत्ते कुक्कुरा तत्थ हिंसिंसु निवइंसु ।३।**
**अप्पे जणे निवारेइ लूसणए सुणए दसमाणे ।**
**छुच्छुकारिंति आहंसु समणं कुक्कुरा दसंतुत्ति ॥४॥**

કુશ દર્ભ વિગેરે ઘાસના ફરસ સહન કરતા, તથા ઠંડીના સ્પર્શો તથા ગ્રીષ્મ ઋતુમાં તડકા વિગેરેના તાપ સ્પર્શનારા તેમાં અથવા ભગવાનને પરસેવાનાં તેજ (અગ્નિ) ઉત્પન્ન થતા. તથા ડાંસ મચ્છર વિગેરે ડસતા. એવા જુદી જુદી જાતિના સ્પર્શોને ભગવાન સમતાથી અથવા ક્ષમિતિપૂર્વક સહન કરતા।૧।

વળી દુઃખથી વિહાર થાય, તેવો દુશ્ચર દેશ લાઢ છે, તેમાં પણ પોતે વિચર્યા, તેના બે ભાગ છે, એક વજ્રભૂમિ તથા બીજી શુભ્ર ભૂમિ છે, તે બંને જગ્યાએ વિચર્યા છે, તથા પ્રાન્ત તે શૂન્ય ગ્રહ વિગેરે વસતિમાં રહીને અનેક ઉપદ્રવો ભગવાને સહન કર્યા, તથા ધૂળના ઢગલા, જાડી રેતી વેકર ( વેળુ ) તથા માટીનાં ઢેફાં વિગેરેના પ્રાંત (તુચ્છ) આસનો, તથા લાકડા જેવાં તેવાં પડેલાં, તેના ઉપર પોતે બેસતા, ॥ ૧ ॥ તથા તે લાઢા દેશમા જે બે વિભાગ ઉપર બતાવ્યા તેમાં પ્રાયે લોકોના આક્રોશ તથા કૂતરાંના કરડવા વિગેરેના ઘણા પ્રતિકૂલ ઉપસર્ગો થયા, તે બતવે છે.

જનપદતે દેશ—અને તેમાં ઉત્પન્ન થયેલા તે જાનપદ માણસો છે, તે અનાર્ય દેશ હોવાથી અનાર્યો છે, તેથી તે દુષ્ટોએ દાંતથી કરડવું, ભારે દંડનો પ્રકાર વિગેરેથી દુઃખ દેવું; ( અપિ શબ્દના અર્થમાં અથ શબ્દ છે, તેથી એમ જાણવું, કે ) ત્યાં ભોજન પણ લુખું અંતપ્રાંત આપતા, તથા અનાર્યપણાથી સ્વભાવથીજ ક્રોધી હતા અને રૂના અભાવે ઘાસ વડે શરીર ઢાંકતા, તેઓ ભગવાન ઉપર વિરૂપ આચરતા હતા, અને શીકારી કૂતરાઓ ભગવાન ઉપર કરડવા આવતા ॥ ૩ ॥ અને તે દેશમાં ભાગ્યેજ હજારમાં એક દયાળુ જન હતો કે જે કરડવા આવેલા કુતરાને અટકાવે, ઉલટા ભગવાનને લાકડી વિગેરેથી મારીને કુત-

રાને તેના ઉપર દોડાવવા સીત્કાર (છુછુ) કરતા કે કોઇ રીતે આ સાધુને તે કુતરાઓ કરડે! આવા દુષ્ટ અને ભયંકર દેશમાં પણ ભગવાન છ માસ સુધી રહ્યા. વળી—

**एलिक्खए जणा भुज्जो बहवे वज्जभूमि फरुसासी**
**लट्ठिं गहाय नालियं, समणा तत्थ य विहरिंसु ॥५॥**
**एवं पितत्थ विहरंता, पुट्ठपुव्वा अहेसि सुणिएहिं**
**संलुंचमाणा सुणएहिं दुच्चराणि तत्थ लाढेहिं ॥६॥**
**निहाय दंडं पाणेहिं तं कायं वोसज्जमणगारे**
**अह गाम कंटए भगवंते, अहियासए अभिसमि-**
**च्चा ॥ ७ ॥**
**नागो संगामसीसे वा पारए, तत्थ से महावीरे**
**एवंपि तत्थ लाढेहिं अलद्धपुव्वोवि एगया गामो ॥८॥**

ઉપર બતાવેલ કષ્ટ આપનાર જ્યાં માણસો છે, તેવા દેશમાં ભગવાન વારંવાર વિચર્યા, અને તે વજ્ર ભૂમિમાં ઘણા માણસો લુખું ખાનારા હોવાથી ક્રોધી હતા, અને તેથી સાધુને દંડાને કદર્થના કરે છે, તેથી બીજા સાધુઓ લાઠી વિગેરેના બહાને તેઓ શરીર પ્રમાણ અથવા તેથી ચાર આંગળ વધારે લાંબી નળી (લાકડી) કુતરા હાંકવા માટે હાથમાં રાખીને વિચરતા હતા.

વળી લાકડી વિગેરેની સામગ્રી રાખવાથી શુદ્ધ મનન

સાધુઓ વિચરી શકતા, અને તે પ્રમાણે કૂતરાઓથી કરડાવાનો ડર તથા તેમને નિવારણ કરવાનું મુશ્કેલ હોવાથી અનાર્ય લોકના લાઢ દેશમાં ગામ વિગેરેમાં વિચરવું મુશ્કેલ હતું. ॥૬॥

પ્રઃ—આવા કઠણ દેશમાં ભગવાન ત્યારે કેવી રીતે વિચર્યા ? તે કહે છે....પ્રાણીઓ જેના વડે દંડાય તે દંડ મન વચન કાયા સંબંધી છે, તે દંડને ભગવાને છોડી દીધો, તેજ પ્રમાણે કાયાનો મોહ છોડીને તે અણગાર (ભગવાને) ગામ કંટક તે ગામડાના નીચ લોકોનાં કઠોર વાક્યો નિર્જરાનું કારણ માનીને સમતાથી સહન કર્યાં ॥૭॥

પ્રઃ—કેવી રીતે સહન કર્યાં ? તે દૃષ્ટાંત બતાવીને કહે છે.

જેમ હાથી સંગ્રામના મોખરે આગળ વધીને શત્રુના લશ્કરને ભેદીને તેની પાર જાય છે, તે પ્રમાણે ભગવાન મહાવીર તે લાઢ દેશમાં પરીષહની સેનાને જીતીને તેનાથી પાર ઉતર્યા, તથા તે લાઢ દેશમાં ગામો થોડાં હોવાથી કોઈવાર કોઈ સ્થળે ગામ વખતે મળતું પણ નહોતું. (જંગલમાં પણ પડી રહેતા.)

**उवसंकमन्तमपडिन्नं, गामंतियम्मि अप्पत्तं;**

**पडिनिक्खमित्तु लूसिंसु, एयाओ परं पलेहीत्ति ॥९॥**

**हयपुव्वो तत्थ दंडेण, अदुवा मुट्टिणा अदु कुंत-फलेण;**
**अदु लेलुणा कवालेण, हंता हंता बहवे कंदिंसु ॥१०॥**

ગોચરી લેવા જતાં અથવા મકાનમાં રહેવા જતાં ભગવાન પ્રતિજ્ઞા રહિત હતા, એટલે ગામ પાસે આવેલું હોય, અથવા ગામ ન આવ્યું હોય, તો એમ નહોતા કરતા કે: હું અહીં હમેશાં રહીશ, અથવા અહીં નહીં રહું, તથા ત્યાં અનાર્ય લોકો ભગવાનની પાસે આવીને પ્રથમ મારતા, અને કહેતા કે આ ગામથી દૂર જાઓ. ॥ ૯ ॥ તથા કદી ગામ બહાર રહેતા તો ત્યાં પણ અનાર્ય લોકો આવીને પ્રથમ દંડ (લાકડી) અથવા મુક્કીથી મારતા, અથવા ભાલાની અણીથી માટીના ઢેફાથી અથવા ઘડાના ઠીકરાથી મારી મારીને અનાર્ય લોકો બીજાને બોલતા કે આવો આવો! તમે જુઓ તો ખરા કે આ કોણ છે? એ પ્રમાણે કલકલ કરતા હતા, ॥૧૦॥

**मंसाणि छिन्नपुव्वाणि उट्टंभिया एगया कायं;**
**परीसहाइं लुंचिंसु, अदुवा पंसुणा उवकारिंसु ॥११॥**
**उच्चा लइय निहणिंसु, अदुवा आसणाउ खलइंसु**
**वोसट्टकायपणयासी दुक्खसहे भगवं अपडिन्ने ॥१२॥**

કોઈ વખત તો ભગવાન પાસે આવીને તેમના શરીરને પકડી રાખીને તેમાંથી માંસ કાપી લેતા, તથા બીજા ઘણુ દુઃખ તેમજ પરીસહ આપતા, અથવા ધૂળથી હેરાન કરતા ॥૧૧॥

વળી કોઈ વખત ભગવાનને ઉંચે ઉંચકીને નીચે પટકતા હતા, અથવા ગોદોહિક ઉત્કુટુક વીરાસન વિગેરેથી ધક્કો મારી પાડી દેતા, આવું દુઃખ થવા છતાં પણ ભગવાને તો કાયાનો મોહ મુકી દીધેલો હોવાથી પરિસહ સહન કરવામાં લીન હતા, અને મુશ્કેલીથી સહન થાય, તેવા પરિસહોના દુઃખને સહેતા, પણ તે દુઃખને દૂર કરવાની અથવા દવા કરવાની ઇચ્છા ન ધરાવવવાથી અપ્રતિજ્ઞાવાળા હતા.

દુઃખ સહેનારા ભગવાન કેવી રીતે હતા તે દૃષ્ટાંતથી બતાવે છે.

**सूरो संगामसीसे वा संवुडे तत्थ से महावीरे**
**पडिसेवमाणे फरुसाइं, अचले भगवं रीयित्था ।१३।**
**एस विही अणुक्कंतो, माहणेण मईमया**
**बहुसो अपडिन्नेण, भगवया एवं रियंति ॥ १४ ॥**

જેમ સંગ્રામના મોખરે શૂરવીર પુરૂષ શત્રુના સૈન્યના ભાલા વિગેરેથી ભેદાવા છતાં પણ બખતર પહેરેલું હોવાથી પાછો હટતો નથી, તેજ પ્રમાણે ભગવાન મહાવીર પણ તે લાઢ વિગેરે દેશોમાં પરીસહ રૂપ શત્રુઓએ પીડા કરવાં છતાં પણ કઠોર પરીસહોના દુઃખોને મેરૂ માફક નિષ્કંપ બનીને ધીરજ વડે સંવૃત અંગવાળા બનીને સહેતા જ્ઞાન

દર્શન ચારિત્ર રૂપ મોક્ષ માર્ગમાં વિચરે છે. ॥૧૩॥ આજ પ્રમાણે ગયા ઉદ્દેશામાં બતાવ્યા પ્રમાણે બુદ્ધિમાન ભગવાન મહાવીર કદાગ્રહવિના દુઃખો સહેતા વિચર્યા—

નવમા અધ્યયનનો ત્રીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

---

## ચોથો ઉદ્દેશો.

ત્રીજો ઉદ્દેશો કહીને હવે ચોથો કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે કે ત્રીજા ઉદ્દેશામાં ભગવાને સહેલા ઉપસર્ગ પરીસહોનું વર્ણન છે, અને આ ઉદ્દેશામાં પણ રોગ આતંક પીડા આવતાં પણ તેની ચિકિત્સા ( ઉપાય ) છોડી દઇને ભયંકર રોગ ઉત્પન્ન થયા છતાં પણ બરોબર સહેતા, અને એકાંત તપ ચરણમાં ઉદ્યમ કરતા. તે બતાવશે. આ સંબંધે આવેલા ઉદ્દેશાનું આ પ્રથમ સૂત્ર છે.—

**ओमोयरियं चाएइ, अपुट्ठेवि भगवं रोगेहिं;**
**पुट्ठे वा अपुट्ठे वा, नो से साइज्जई तेइच्छं ॥ १ ॥**
**संसोहणं च वमणं च, गायब्भंगणं च सिणाणं च**
**संबाहणं च न से कप्पे दंतपक्खालणं च परिन्नाए ।२।**

ઉપર બતાવેલા શીતસ્પર્શ દંશમશક આક્રોશ તાડના વિગેરે પરિસહોમાં કેટલું દુઃખ હોવાથી સહેવા શક્ય હતા, પણ ઉણોદરી ( ઓછું ખાવું ) તે શક્ય ન હોતું, પણ ભગવાન

મહાવીર તો વાતાદિ ક્ષોભના અભાવે રોગમાં સપડાયા ન હોતા છતાં, પણ ઓછું ખાવાને શક્તિવાન્ થયા, એટલે લોકો તો રોગમાં સપડાયા હોય, ત્યારે તે રોગ દૂર કરવા ઓછું ખાતા હતા, પણ ભગવાન તો તે રોગના અભાવમાં પણ મમત્વ ઓછો કરવા ઓછું ખાતા, અથવા ખાંસી કે દમ વિગેરેના દ્રવ્ય રોગથી પીડાયા નહોતા, છતાં પણ ભવિષ્યમાં આવવાના ભાવરોગ રૂપ કર્મને દૂર કરવા માટે ઉનોદરી તપ કરતા હતા.

પ્ર૦—શું ભગવાનને તેવા ખાંસી દમ વિગેરેના રોગો થતા નહોતા ? કે ભાવ રોગો દૂર કરવાના કારણે ઉણો-દરી તપ કર્યો ?

ઉ:—કહે છે ભગવાનને ખાંસી વિગેરે રોગો સ્વભાવ-થીજ કાયા સાથે થતા હતા, અને નવા તો શસ્ત્રના ઘા વિગેરે લાગવાથી થતા, તે બતાવે છે. તે ભગવાન મહાવીર કુતરાંના કરડવાથી અથવા ખાંસી શ્વાસ વિગેરેના રોગોથી પીડાય, છતાં પણ તે ચિકિત્સા (રોગના ઉપાય) ને કરતા નથી, અર્થાત્ તેઓ રોગની શાંતિ કરવા ઓષધ લેવાની ઈચ્છા કરતા નહોતા. ॥૧॥

તે બતાવે છે, શરીરનું બરોબર રીતે શોધવું, તે નિઃસોત્ર (નસોતર) સુવર્ણ મુખી વિગેરેથી જુલાબ લેતા નહોતા, તથા મદન ફળ (મીંઢળ) વિગેરેથી ઉલટી (વમન)

કરતા નહોતા, તથા સહસ્ર પાક તેલ વિગેરેથી શરીરનું અભ્યંગન (ચોળવું) કરતા નહોતા, તથા ઉદ્વર્ત્તન ( ) વિગેરેથી સ્નાન કરતા નહોતા. હાથ પગ વિગેરેનું સંબાધન (દબાવવું) કરાવતા નહોતા. તથા આખું શરીર અશુચિ (ગંદકી) થી ભરેલું છે, એમ જાણીને દાતણ વિગેરેથી દાંત સાફ કરતા નહોતા.

**विरए गाम धम्मेहिं, रीयइ माहणे अबहुवाई**
**सिसिरंमि एगया भगवं, छायाए झाइ आसीय ॥३॥**
**आयावइ य गिम्हाणं, अच्छइ उक्कुडुए अभित्तावे**
**अदु जाव इत्थ लूहेणं, ओयणं मंथुकुम्मासेणं ॥४॥**

વળી પાંચે ઇંદ્રિયોના વિષયોમાં શબ્દ વિગેરેથી મોક્ષ ન પામતા સંયમ અનુષ્ઠાનમાં તેને દોરે છે, તેથી તેઓ વિરત છે, તથા માહન (જીવોના રક્ષક) પ્રભુ અબહુ (થોડું) બોલનાર છે, (એક વાર બોલે તેથી અબહુ શબ્દ લીધો છે. નહીં તો અબોલી કે એવું બોલાય) તથા કોઇ વખત શિશિર ઋતુ (શીયાળા)માં ભગવાન ધર્મ ધ્યાન અથવા શુક્લ ધ્યાનમાં સ્થિર રહ્યા. ॥ ૩ ॥

વળી (છઠ્ઠી વિભક્તિને સાતમીના અર્થમાં લેતાં) ગ્રીષ્મ ઋતુમાં ઉત્કટુક (ઉભડક બેઠકમાં) આતાપના લેતા તે ગરમી સહે છે. ઉત્કુટુક આસને ભગવાન સૂર્યના તડકા સન્મુખ

બેસતા, અને ધર્મના આધારરૂપ દેહને લુખા એવા કોદરા ભાતથી તથા બોરકૂટ વિગેરેનો બાથવો, તથા અડદ-( જે ઉત્તર દિશામાં થાય છે ) અથવા બાફેલા વાસી અડદ અથવા સિદ્ધ માસા વિગેરેથી કાયાનો નિભાવ કરતા. ॥ ૪ ॥

હવે તે કાળ અવધિ (મુદત)ના વિશેષણ વડે બતાવે છે.

**एयाणि तिन्नि पडिसेवे, अट्ठमासे अ जावयं भगवं;**
**अपिइत्थ एगया भगवं अद्धमासं अदुवा मासंपि ।५।**
**अवि साहिए दुवे मासे छप्पि मासे अदुवा विह-**
**रित्था;**
**राओवरायं अपडिन्ने अन्नगिलायमेगया भुंजे ।६।**

કદાચ કોઈને એવી શંકા થાય કે પ્રથમ બતાવેલા ભાત મંથુ તથા અડદ સાથે મેળવી ખાતા હશે, તેથી તે દુર કરવા કહે છે, કે તે ત્રણે જો સાથે મળે તો સાથે લેઈ ખાતો, અને ત્રણેમાંથી કોઈ જુદું જુદું મળે તો તેમ લેતા અથવા એકલું મળે તો તેમ લેતા, અર્થાત્ ત્રણમાંથી જે મળે તે લેઇ નિર્વાહ કરતા.

પ્રઃ—આ કેટલી મુદત સુધી આમ કરતા, તે કહે છે (શીયાળા ઉનાળાની આઠ માસની ઋતુને ઋતુબદ્ધ કાળ કહે છે. તે) આઠે માસ સુધી ભગવાને તેવા લુખા ભોજનથી નિર્વાહ કર્યો તથા તેજ પ્રમાણે પાણી પણ અડધો માસ કે એક માસ ભગવાને તેવું ( સાદું ) પીધું. ॥૫॥

તથા બે માસથી અધિક અથવા છ માસથી પણ વધારે ભગવાને પાણી પણ પીધા વિના રાત દિવસ નિર્વાહ કરી લીધો, હું પાણી 'પીઉં' તેવી ઇચ્છા (પ્રતિજ્ઞા) પણ ન કરી, તથા કોઇવાર વાસી ( ખવાય તેવું ) મળ્યું હોય તો કોઇવાર ખાઇ પણ લેતા. ॥૬॥

**छट्टेण एगया भुंजे, अदुवा अट्ठमेण दसमेणं,**
**दुवालसमेण एगया भुंजे, पेहमाणे समाहिं अपडि-न्ने ॥ ७ ॥**

**णच्चा णं से महावीरे नोऽविय पावगं सयमकासी,**
**अन्नेहिं वाण कारित्था, कीरंतंपि नाणु जाणित्था ।८।**

વળી કોઇ વખત છઠ્ઠનો તપ કરી પારણું કરે છે, એટલે પ્રથમના દિવસે એક વખત ખાય, ત્યારપછી બે દિવસ ઉપવાસ કરે, અને ચોથે દિવસે પાછું એકવાર ખાય, એટલે પ્રથમનો એક વગતા ચાર અને ચોથા દિવસનો એક ટંક મળી છ વખત ન ખાવાથી છઠ ભક્ત થાય છે,

એ પ્રમાણે બે બે ટંક એટલે દિવસના વધારતાં આઠ ભક્ત ત્યાગવાથી અઠમ અને તેવી રીતે દશમ તથા બાર ભક્ત પચ્ચખાણ કર્યું. એટલે વચમાં પાંચ ઉપવાસ કરે અને પ્રથમના દિવસે તથા સાતમા દિવસે એક વાર ખાય. આ પ્રમાણે તપ પોતે શરીરમાં સમાધિ રાખીને કરતા પણ

મન મેલું કરતા નહોતા, તથા નિયાણું ( પ્રતિજ્ઞા ) કરતા નહોતા, ॥ ૭ ॥ તથા હેય ઉપાદેય વસ્તુ તત્વને મહાવીરે જાણીને તે મહાવીર પ્રભુએ કર્મની પ્રેરણા કરવામાં વીર બનીને પાપ કર્મ પોતે જાતે ન કર્યું, ન બીજા પાસે કરાવ્યું, અને અન્ય પાપ કરનારને પોતે પ્રશંસ્યા નહીં, ॥૮॥

**गामं पविसे नगरं वा घासमेसे कडं पराट्ठए सुविसुद्धमेसिया भगवं, आयतजोगयाए सेवित्था ॥ ९ ॥**

**अदु वायसा दिगिंच्छत्ता जे अन्ने रसेसिणो सत्ता; घासेसणाए चिट्ठंति, सययं निवइएय पेहाए ॥१०॥**

ભગવાન મહાવીર ગામ અથવા નગરમાં પેસીને ગોચરી શોધતા, પણ તે પર માટે બનાવેલું એટલે ઉદ્‌ગમ દોષ રહિત હોય તે લેતા, તથા સુવિશુદ્ધ એટલે ઉત્પાદ દોષ રહિત લેતા, આ પ્રમાણે એષણા ( ગોચરી ) ના દોષ ત્યાગીને ભગવાન આયત તે સંયમ અને મન વચન કાયાના યોગ (વ્યાપાર) વાળા બનીને જ્ઞાન ચતુષ્ટય વડે ત્રણે ગુપ્તિ પાળતા, આયત યોગવાળો ભાવ (તે આયત યોગતા) છે, તે વડે શુદ્ધ આહાર લાવી ગોચરી કરતાં પાંચ દોષ થાય, તે ટાળીને ગોચરી કરતા (અહીંયાં પણ ૪૨ દોષ ગોચરી લેતાં અને '૫' ગોચરી કરતાં એમ ૪૭ દોષ ટાળવાનું જાણવું.) ॥૯॥

હવે ભગવાન જ્યારે ગોચરી નીકળતા, ત્યારે માર્ગમાં ભૂખથી પીડાયેલા કાગડા તથા બીજું રસ (પાણી) ની ઇચ્છાવાળાં કપોત ખબુતર વિગેરે સત્વો (પ્રાણીઓ) તથા ખાવાનું શોધવા માટે જે પ્રાણીઓ રસ્તામાં બેઠેલાં હોય, તેમને જમીન ઉપર બરોબર જોઇને તેમને ખાવા પીવામાં અડચણ ન પડે તેવી રીતે હમેશાં પોતે ધીરે ધીરે ગોચરીને માટે ચાલે છે. ॥૧૦॥

**अदुवा माहणं च समणं वा, गाम पिण्डोलगं च अतिहिंवा;**
**सोवागमूसियारिंवा कुकुरं वावि विट्ठियं पुरओ ॥ ११ ॥**

**वित्तिच्छेयं वज्जन्तो नेसिमप्पत्तियं परिहरन्तो;**
**मंदं परक्कमे भगवं अहिंसमाणो घासमेसित्था ।१२।**

અથવા બ્રાહ્મણને [illegible] માટે ઉભેલા તેઓને તથા બૌદ્ધ મતના સાધુ આજીવિક (ગોશાળાના મતના) સાધુ તથા પરિવ્રાજક તાપસ અથવા પારસનાથના અનુયાયી જૈન સાધુઓમાંથી કોઈપણ હોય, અથવા ગામના ભીખારીઓ જે રોટલી [illegible] માટે [illegible] હોય, અથવા કોઈ અતિથિ (પરોણો) મુસાફર હોય, તથા ચાંડાળ કે બીલાડી કુતરું કે કોઈપણ પ્રાણી કોઈ આગળ ઉભેલું હોય તે ॥૧૧॥

તેમની વૃત્તિને છેદવા વિના અને મનમાંથી દુર્ધ્યાન કાઢીને તેમને જરા પણ ત્રાસ આપ્યા વિના ભગવાન્ મંદ મંદ ચાલે છે, તથા પર એવા કુંથુવા વિગેરે નાના જંતુઓને દુઃખ દીધા વિના પોતે ગોચરીમાં ફરે છે. ॥૧૨॥

**अवि सूइयं वा सुक्कं वा सीयं पिंडं पुराणकुम्मासं।**
**अदु बुक्कस पुलाग वा लद्धे पिंडे अलद्धे दविए ॥१३॥**
**अवि झाइ से महावीरे आसणत्थे अकुक्कुए झाणं**
**उड्ढं अहेतिरियं च पेहमाणे समाहिमपडिन्ने ॥१४॥**

દહીં વિગેરેથી ભોજન ભીંજાવેલું હોય, તેમજ વાલચણા વિગેરે સુકું હોય, અથવા ઠંડુ હોય. અથવા ઘણા દિવસના રાંધેલા જુના કુલ્માષ (          ) હોય અથવા બુક્કસ તે જુનું ધાન્ય કે ભાત વિગેરે હોય, અથવા જુનો સાથવો બોરકુટ વિગેરે હોય, અથવા ઘણા દિવસનું ભરેલું ગોરસ અને ઘઉંના મડક (ઢેબરાં) હોય, તથા જવના નિષ્પાવ (          ) વિગેરે પુલાક હોય, એ પ્રમાણે ઠંડો ઉનો સારો માઠો રસિક અરસિક ગમે તેવો પિંડ મળે તો પણ રાગદ્વેષ છોડીને વાપરતા દ્રવિક (સંયમવાળા) ભગવાન વિચરે છે. એટલે જો પુરી અથવા સારી ગોચરી મળી હોય તો અહંકારી થતા નથી, તથા ન મળતાં ઓછી મળતાં ખરાબ મળતાં પોતે પોતાની કે આપનાર ગૃહસ્થની નિંદા કરતા

નથી, ॥ ૧૩ ॥ પણ તેવો આહાર મળતાં ખાઇને અને ન મળતાં ભૂખ્યા રહીને પણ સારૂં ધ્યાન મહાવીર પ્રભુ કરે છે, કેવી અવસ્થામાં રહીને ધ્યાન કરે છે, તે બતાવે છે.

ઉત્કુટુક ગોદોહિક વીરાસન વિગેરે આસન ધારીને મુખ વિગેરેની ચંચળ ચેષ્ટાને છોડીને ધર્મ ધ્યાન કે શુક્લ ધ્યાન ધ્યાવે છે.

પ્ર:—ત્યાં શું ધ્યેયને ભગવાન ધારે છે? તે કહે છે. ઉંચે, નીચે તથા તીરછા લોકમાં જે પરમાણુ તથા જીવ વિગેરે વિદ્યમાન છે, તેને દ્રવ્ય પર્યાય નિત્ય અનિત્ય વિગેરે રૂપપણે ધ્યાવે છે. તથા અંતઃકરણની પવિત્ર સમાધિને દેખતા પ્રતિજ્ઞા રહિત થઇને ધ્યાન કરે છે. ॥૧૪॥

अकसाई विगयगेही य सद्दरूवेसु अमुच्छिए झाई
छउमत्थोऽवि परक्कममाणो, न पमायं सइंपि
कुव्वित्था ॥ १५ ॥

सयमेव अभिसमागम्म, आयतजोगमायसोहीए
अभिनिव्वुडे अमाइल्ले, आवकहं भगवं समियासी
॥ १६ ॥

एस विही अणुक्कंतो, माहणेण मईमया
बहुसो अपडिन्नेण, भगवया एवं रियंति ॥ १७ ॥

इतिबेमि ९–४ ब्रह्मचर्यश्रुतस्कंधे नवमाध्ययने चतुर्थ उद्देशकः

કષાય રહિત ( ક્રોધ વિગેરેથી ભાંપણુ વિગેરે ચડાવ્યા વિના) તથા ગૃદ્ધ પણું દુર કરીને તથા શબ્દ વિગેરેમાં મૂર્ચ્છા રાખ્યા વિના ધ્યાન કરે છે, મનને અનુકૂલમાં રાગ નથી તેમ પ્રતિકૂલમાં દ્વેષ નથી, તથા જ્ઞાન આવરણ દર્શના-વરણ મોહનીય અંતરાય એ ચાર કર્મ વિદ્યમાન હોવાથી છદ્મસ્થ હતા, તો પણ તેમણે વિવિધ સંયમના અનુષ્ઠાનમાં પરાક્રમ બતાવીને કષાય-વિગેરે પ્રમાદને એકવાર પણ ન કર્યો, ॥૧૫॥ તથા પોતે પોતાના આત્માથી તત્ત્વને જાણીને સંસાર સ્વભાવ જાણનારા ભગવાન સ્વયં બુદ્ધ બની તીર્થ પ્રવર્ત્તન કરવા ઉદ્યમ કર્યો. કહ્યું છે કે.

**आदित्याद्यैर्विबुधविसरः सारमस्यां त्रिलोक्या,**
**मास्कन्दन्तं पदमनुपमं यच्छिवं त्वामुवाच;**
**तीर्थं नाथो लघुभवभयच्छेदि तूर्णं विधत्स्वे,**
**त्येतद्वाक्यं त्वदधिगतये नो किमु स्यान्नियोगः ॥१॥**

આદિત્ય વિગેરે વિબુધોનો સમૂહ (નવ લોકાંતિક દેવો) છે, તેમણે તમને કહ્યું કે હે નાથ ! આ ત્રણ લોકમાં સાર રૂપ અનુપમ જે શીઘ્ર ભવોના ભય છેદનાર અને શિવપદ આપનાર તીર્થ (જૈન શાસન) છે. તેમને શીઘ્ર સ્થાપન કરો ! આ પ્રમાણે આવું વાક્ય તમારી સ્મૃતિ માટે કાને ન પડયું હોત, તો આ નિયોગ કેવી રીતે થાત ! તથા

તીર્થ પ્રવર્ત્તન માટે કેવી રીતે ભગવાને ઉદ્યમ કર્યો તે બતાવે છે.

આત્મ શુદ્ધિ વડે એટલે પોતાનાં કર્મનો ક્ષય ઉપશમ તથા ક્ષય કરવા વડે સુપ્રણિ હિત મન વચન કાયાના યોગો જે આયત યોગ છે, તેમને નિર્મળ કરી તથા વિષય કષાયો વિગેરેને ઉપશમ વિગેરેથી દૂર કરવાથી ઠંડી ગુણ પ્રાપ્ત કરેલા (શાંત) ભગવાન છે. તથા માયા રહિત તેજ પ્રમાણે ક્રોધ માન લોભ રહિત બની જીવતાં સુધી પાંચ સમિતિએ સમિત (ઉપયોગ રાખી વર્ત્તન કરનારા) તથા ત્રણ ગુપ્તિથી ગુપ્ત બનીને રહ્યા હતા. ॥૧૬॥

ઉદ્દેશો સમાપ્ત કરવા કહે છે. આ પ્રમાણે શાસ્ત્રમાં બતાવેલી વિધિએ શ્રી વર્દ્ધમાન સ્વામી જેઓ ચાર જ્ઞાન યુક્ત છે, તેમણે અનેક પ્રકારે નિયાણું કર્યા વિના આચર્યો, પરંતુ તે પ્રમાણે બીજો મુમુક્ષુ પણ ભગવાનના દાખલાથી મોક્ષ આપનાર માર્ગ વડે આત્મ હિતને આચરતો વિચરે, એ પ્રમાણે સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે, તે હું કહું [illegible] વીર પ્રભુના ચરણની સેવા કરતાં મેં સાંભળ્યું છે.

આ પ્રમાણે સૂત્રાનુગમ તથા [illegible] નિષ્પન્ન નિક્ષેપ [illegible] સ્પર્શક નિર્યુક્તિ સહિત વર્ણવ્યો છે. હવે નયોનું [illegible] છે.

[illegible]

એવંભૂત એ પ્રમાણે સામાન્યથી ૭ નય છે. તે સંમતિ તર્ક વિગેરેમાં લક્ષણથી અને વિધાનથી વિસ્તારથી કહ્યા છે, માટે અહીંયા તેજ નયોને જ્ઞાન ક્રિયા એ બંને નયોમાં સમાવીને સમાસથી કહીએ છીએ.

આ આચારાંગ સૂત્રના અધિકારમાં જ્ઞાન ક્રિયા એમ બે નયોનો સમાવેશ થાય છે, તેથી તથા તે જ્ઞાન ક્રિયાને આધીન મોક્ષ હોવાથી, અને મોક્ષ માટે શાસ્ત્રની પ્રવૃત્તિ છે, એમ જાણવું, અને અહીંઆં જ્ઞાન તથા ક્રિયા પરસ્પર સંબંધ રાખીનેજ વિવક્ષિત કાર્ય સિદ્ધિમાં સમર્થ છે, પણ એકલું જ્ઞાન કે એકલી ક્રિયા સમર્થ નથી, માટે અહીં તે બે જ્ઞાન ક્રિયા નયને સમજાવીએ છીએ.

### જ્ઞાન નયવાળાનો અભિપ્રાય.

જ્ઞાન પ્રધાન છે, પણ ક્રિયા નહીં, કારણકે સમસ્ત ( બધા ) હેય પદાર્થને ત્યાગવા, ઉપાદેયને સ્વીકારવા, એ પ્રવૃત્તિ જ્ઞાનને આધીન છે. તેજ બતાવે છે, કે સારી રીતે નિશ્ચય કરેલા સમ્યગ્ જ્ઞાનથી પ્રવર્ત્તન કરનારો અર્થ ક્રિયાનો અર્થી પોતાનું કાર્ય બગાડતો નથી. કહ્યું છે કે.—

विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदामता ।
मिथ्या ज्ञानात् प्रवर्त्तस्य फलासंवाददर्शनात् ॥१॥

પુરૂષોને જે જ્ઞાન છે, તે ફળ દેનારૂં છે, પણ ક્રિયા ફળદાયી નથી, કારણ કે મિથ્યા જ્ઞાનવાળો ક્રિયા કરવા જાય તો તેનું અયોગ્ય ફળ સાક્ષાત્ દેખાય છે, અને સમ્યગ્

તીર્થ પ્રવર્ત્તન માટે કેવી રીતે ભગવાને ઉદ્યમ કર્યો તે બતાવે છે.

આત્મ શુદ્ધિ વડે એટલે પોતાનાં કર્મનો ક્ષય ઉપશમ તથા ક્ષય કરવા વડે સુપ્રણિહિત મન વચન કાયાના યોગો જે આયત યોગ છે, તેમને નિર્મળ કરી તથા વિષય કષાયો વિગેરેને ઉપશમ વિગેરેથી દૂર કરવાથી ઠંડી ગુણ પ્રાપ્ત કરેલા (શાંત) ભગવાન છે. તથા માયા રહિત તેજ પ્રમાણે ક્રોધ માન લોભ રહિત બની જીવતાં સુધી પાંચ સમિતિએ સમિત (ઉપયોગ રાખી વર્ત્તન કરનારા) તથા ત્રણ ગુપ્તિથી ગુપ્ત બનીને રહ્યા હતા. ॥૧૬॥

ઉદ્દેશો સમાપ્ત કરવા કહે છે. આ પ્રમાણે શાસ્ત્રમાં બતાવેલી વિધિએ શ્રી વર્દ્ધમાન સ્વામી જેઓ ચાર જ્ઞાન યુક્ત છે, તેમણે અનેક પ્રકારે નિયાણું કર્યા વિના આચર્યો, વળી કે તે પ્રમાણે બીજો મુમુક્ષુ પણ ભગવાનના દાખલાથી મોક્ષ આપનાર માર્ગ વડે આત્મ હિતને આચરતો વિચરે, આ પ્રમાણે સુધર્મસ્વામી જંબુસ્વામીને કહે છે, તે હું કહું છું, કે વીર પ્રભુના ચરણની સેવા કરતાં મેં સાંભળ્યું છે.

આ પ્રમાણે સૂત્રાનુગમ તથા નામસ્થાપક નિક્ષેપ નિક્ષેપ ઉપોદ્ઘાત નિર્યુક્તિ સહિત વર્ણવ્યો છે. હવે નયોનું વર્ણન કરે છે.

[illegible]

એવંભૂત એ પ્રમાણે સામાન્યથી ૭ નય છે. તે સંમતિ તર્ક વિગેરેમાં લક્ષણથી અને વિધાનથી વિસ્તારથી કહ્યા છે, માટે અહીંયા તેજ નયોને જ્ઞાન ક્રિયા એ બંને નયોમાં સમાવીને સમાસથી કહીએ છીએ.

આ આચારાંગ સૂત્રના અધિકારમાં જ્ઞાન ક્રિયા એમ બે નયોનો સમાવેશ થાય છે, તેથી તથા તે જ્ઞાન ક્રિયાને આધીન મોક્ષ હોવાથી, અને મોક્ષ માટે શાસ્ત્રની પ્રવૃત્તિ છે, એમ જાણવું, અને અહીંઆં જ્ઞાન તથા ક્રિયા પરસ્પર સંબંધ રાખીનેજ વિવક્ષિત કાર્ય સિદ્ધિમાં સમર્થ છે, પણ એકલું જ્ઞાન કે એકલી ક્રિયા સમર્થ નથી, માટે અહીં તે બે જ્ઞાન ક્રિયા નયને સમજાવીએ છીએ.

### જ્ઞાન નયવાળાનો અભિપ્રાય.

જ્ઞાન પ્રધાન છે, પણ ક્રિયા નહીં, કારણકે સમસ્ત (બધા) હેય પદાર્થને ત્યાગવા, ઉપાદેયને સ્વીકારવા, એ પ્રવૃત્તિ જ્ઞાનને આધીન છે. તેજ બતાવે છે, કે સારી રીતે નિશ્ચય કરેલા સમ્યગ્ જ્ઞાનથી પ્રવૃત્તન કરનારો અર્થ ક્રિયાનો અર્થી પોતાનું કાર્ય બગાડતો નથી. કહ્યું છે કે.—

विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदामता ।
मिथ्या ज्ञानात् प्रवृत्तस्य फलासंवाददर्शनात् ॥१॥

પુરૂષોને જે જ્ઞાન છે, તે ફળ દેનારૂં છે, પણ ક્રિયા ફળદાયી નથી, કારણ કે મિથ્યા જ્ઞાનવાળો ક્રિયા કરવા જાય તો તેનું અયોગ્ય ફળ સાક્ષાત્ દેખાય છે, અને સમ્યગ્

પ્રકારે જ્ઞાનથીજ પાર પહોંચાય છે, તથા વિષય વ્યવસ્થિતિનું સમાધાન જ્ઞાન પૂર્વક થાય છે, તથા બધા દુઃખોનો નાશ જ્ઞાન-થીજ થાય છે, અને જ્ઞાનનુંજ અન્વયવ્યતિરેકપણું છે. એટલે જ્ઞાન હોય તો ફળની સિદ્ધિ અને જ્ઞાન ન હોય તો ફળની અસિદ્ધિ છે; માટે દરેક રીતે જ્ઞાનનું પ્રધાનપણું છે, તે બતાવે છે. જ્ઞાનના અભાવે અનર્થ દૂર કરવા માટે તૈયારી કરે તો પણ કરવા જતાં અજ્ઞાનતાથી પતંગીયા માફક અન-ર્થમાં ઝીપલાઇ જાય છે, અને જ્ઞાનના સદ્ભાવે બધા અર્થોને અને અનર્થના સંશયોને વિચારીને યથા શક્તિ વિઘ્નોને દૂર કરે છે, તેમજ આગમ પણ કહે છે, "પઢમં નાણં તઓ દયા" સૂત્ર છે. આ બધું ક્ષાયોપશમિક જ્ઞાન આશ્રયી કહ્યું, અને ક્ષાયિકને આશ્રયી પણ તેજ પ્રધાન છે, કારણ કે નમેલા સુર અસુર દેવતાના મુકુટોના સમુદાયોની ચંદ્રિકામાં જેમના ચરણ યુગલની પીઠ છે, તથા ભવ સમુદ્રના તટે પહોંચ્યા છે.

તથા દીક્ષા લીધી છે, ત્રણ લોકના બંધુ છે, તપ ચારિત્ર સારી રીતે આદરવા છતાં પણ ત્યાં સુધી જીવ અજીવ વિગેરે બધા પદાર્થોનું પરિચ્છેદ કરનાર ઘન ઘાતિ કર્મ સમૂહ ક્ષય થવારૂપ કેવળ જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે ભગવાનને મોક્ષ પ્રાપ્તિ થતી નથી, માટે જ્ઞાનજ મુક્તિએ મુક્ત આ લોક પરલોક ફળની ઇચ્છિત પ્રાપ્તિ કરનાર સિદ્ધ થાય છે,

## ક્રિયા વાદીનો નય ( અભિપ્રાય. )

ક્રિયાજ આલોક પરલોકનું ઈચ્છિત ફળની પ્રાપ્તિનું કારણ છે. કારણ કે તે યુક્તિએ યુક્ત છે. જો તેમ ન હોય તો જ્ઞાન વડે દેખવા છતાં પણ અર્થ ક્રિયાના સમર્થન અર્થમાં પ્રમાતા પ્રેક્ષા પૂર્વકારી છતાં પણ જો છોડવા લેવા રૂપ પ્રવૃત્તિ ક્રિયા ન કરે તો તેનું જ્ઞાન પણ નિષ્ફળ જાય છે, કારણ કે તે જ્ઞાનનું અર્થપણું ક્રિયા સાથે છે, કારણ કે જેની જે અર્થ માટે પ્રવૃત્તિ હોય, તેનું તેમાં પ્રધાનપણું છે, અને તે સિવાયનું અપ્રધાન ( ગૌણ ) છે, એ ન્યાય છે. સંવિદ્ વડે વિષય વ્યવસ્થાનનું પણ અર્થ ક્રિયાપણાથી અર્થપણું ક્રિયાનું પ્રધાનપણું બતાવે છે, અન્વય વ્યતિરેકો પણ ક્રિયામાં સિદ્ધ થાય છે, કારણ કે સમ્યક્ ચિકિત્સાની વિધિ જાણનારો યથાર્થ ઔષધની પ્રાપ્તિ કરે, તોપણ ઉપયોગ ક્રિયા રહિત હોય તો તે વૈદ રોગને દૂર કરી શકતો નથી. તેજ કહ્યું છે. કે–

**शास्त्राण्य धीत्यापि भवंति मूर्खा;**
**यस्तु क्रियावान् पुरुषः स विद्वान्**
**संचिन्त्य तामौषधमातुरं हि**
**किं ज्ञान मात्रेण करोत्यऽरोगम् ॥१॥**

શાસ્ત્રોને ભણીને પણ કેટલાક ક્રિયા ન કરનારા મૂર્ખો હોય છે, પણ જે થોડું ભણેલો હોય પણ ક્રિયા કરનારો

હોય તે વિદ્વાન છે. કારણ કે ઔષધ ચિંતવો, પણ તે ચિંતવેલું ઔષધ વિના ક્રિયા કરે શું રોગીને નિરોગી બનાવી શકશે કે ? વળી—

**क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतं;**
**यतः स्त्री भक्ष्य भोगज्ञो, न ज्ञानात् सुखितो भवेत्**
**॥१॥**

પુરૂષોને ક્રિયાજ ફલદાયી છે. પણ જ્ઞાન ફલદાયી નથી કારણ કે સ્ત્રી ખાવાના પદાર્થ તથા ભોગવવાની વસ્તુઓનો જાણનાર એકલા જ્ઞાનથી સુખીઓ થતો નથી ! પણ ને ક્રિયાથી યુક્ત હોય તે માણસ પોતાની ઇચ્છા પ્રમાણે અર્થ મેળવનારો થાય છે.

જો પૂછતા હો કે કેવી રીતે ! તો કહું છું. કે "નિશ્ચયથી હંમેશામાં ન ઉત્પન્ન થએલું નથી," અને જ્યાં સકલ (બધા) લોકમાં પ્રત્યક્ષ સિદ્ધ અર્થ હોય ત્યાં બીજું પ્રમાણ માગી શકાય નહી ! તથા પરલોકનું સુખ વાંચ્છતા હોય, તેમણે પણ તપ ચારિત્રની ક્રિયાજ કરવી, જિનેશ્વરનું વચન પણ તેજ કહે છે.

**चेइय कुल गण संघे, आयरियाणं च पवयण सुए य**
**सव्वेसुवि तेण कयं, तव संजम मुज्जमन्तेणं ॥१॥**

ચૈત્ય કુલ ગણ સંઘ આચાર્ય પ્રવચન શ્રુત, એ બધામાં પણ તેણે તપ અને સંયમમાં ઉદ્યમ કરવાથી કર્યું જાણવું, માટે આ ક્રિયાજ સ્વીકારવી, કારણ કે તીર્થંકર વિગેરેએ પણ ક્રિયા સહિત જ્ઞાનને પણ ગ્રહણ કર્યું, વળી કહ્યું છે કે—

**सुबहुंपि सुअम धीतं, किं काहि चरण विप्प हूण (मुक्क)स्स ?**
**अंधस्स जह पलित्ता, दीव सत सहस्स कोडिवि ॥१॥**

ઘણાએ સિદ્ધાંત ભણ્યો હોય, પણ જો ચારિત્ર રહિત હોય તો તે શું કરી શકે ? જેમકે ઘરમાં લાખો કરોડો દીવા કર્યા હોય તો પણ અંધો કેવી રીતે કાર્ય સિદ્ધ કરી શકે ?, અર્થાત્ દેખવાની ક્રિયામાં વિફલ હોવાથી તેને દીવા નકામા છે. વળી ક્ષાયોપશમિક જ્ઞાનથી ક્રિયા પ્રધાન છે, એમ નહિ, પણ ક્ષાયિક જ્ઞાનથી પણ ક્રિયા પ્રધાન છે, જેમકે જીવ અજીવ વિગેરે સંપૂર્ણ વસ્તુ પરિચ્છેદક કેવળજ્ઞાન વિદ્યમાન હોય, પણ જ્યાં સુધી ક્રિયા સમાપ્ત કરનારૂં અયોગી ગુણસ્થાનનું ધ્યાનરૂપ ક્રિયાપણું ન ફરસે, ત્યાં ત્યાં સુધી ભવ ધારણીય કર્મનો ઉચ્છેદ થાય નહી, અને તેનો ઉચ્છેદ ન થવાથી મોક્ષ પ્રાપ્તિ પણ ન થાય, માટે જ્ઞાન પ્રધાન નથી, પણ ચરણની ક્રિયામાં આલોક અને પરલોકના ઇચ્છિત ફળની પ્રાપ્તિ છે, માટે તે ક્રિયાજ પ્રધાન ફળને અનુભવે છે.

આ પ્રમાણે જ્ઞાન વિના સમ્યક્ ક્રિયાનો અભાવ છે. અને તે ક્રિયાના અભાવથી અર્થ સિદ્ધિ માટે જ્ઞાનનું વૈફલ્ય છે, આ પ્રમાણે બંને નયવાળે પોતાના નયની સિદ્ધિ કરી તેથી સામાન્ય બુદ્ધિવાળો શિષ્ય વ્યાકુલ મતિવાળો બનીને ગુરૂને પૂછે છે કે આમાં સત્ય તત્વ શું છે ?

આચાર્યનો ઉત્તર—હે દેવોને પ્રિય ભાઈ! અમે તો કહ્યું છેજ! પણ તું ભૂલી ગયો! કારણ કે જ્ઞાન તથા ક્રિયાના અભિપ્રાયો બંને એક બીજાને આધારેજ બધા કર્મ કંદના ઉચ્છેદ રૂપ મોક્ષનાં કારણો છે તેનું દૃષ્ટાંત.

આખું નગર જ્યારે બળ્યું, ત્યારે અંદર રહેલા આંધળો પાંગળો બંને મળી જવાથી સુખેથી બહાર નીકળ્યા, તેજ કહ્યું છે.

**संजोय सिद्धीए फलं वदन्तीति.** કારણકે એક પૈડાથી રથ ચાલતો નથી, બંનેનો સંયોગ થતાં કાર્યની સિદ્ધિ થાય છે, પણ સ્વતંત્ર પ્રવૃત્તિમાં તો વિવક્ષિત કાર્યની સિદ્ધિ થતી નથી, એ પ્રસિદ્ધજ છે. વળી ક્રિયા વિનાનું જ્ઞાન હણાયું છે, આગમમાં પણ સર્વ નયોના ઉપસંહારના દ્વાર વડે આજ વિષય કહ્યો છે, જેમકે—

**सव्वेसिंपि णयाणं बहु विह वत्तवयं णिसामेत्ता**
**तं सव्वणय विसुद्धं जं चरण गुणट्ठिओ साहू ॥१॥**

બધા નયોનું ઘણા પ્રકારનું વક્તવ્ય સાંભળીને બધા નયથી વિશુદ્ધ મંતવ્યને ચરણ ગુણમાં સ્થિત સાધુ હોય તે માને, તેથી આ આચારાંગ સૂત્ર જ્ઞાન ક્રિયા રૂપ છે, તેને વળગેલા સમ્યગ્ માર્ગવાળા સાધુઓ જેમણે દુશ્મન નદી [illegible] ના દુઃખથી આકુળ બનેલ તથા પ્રિયનો વિયોગ અપ્રિયનો સંયોગ વિગેરે અનેક દુઃખથી ભરેલ મહા આવર્તવાળું મિથ્યાત્વ પવનની પ્રેરણાથી ઉપસ્થાપિત ભય [illegible] દિનિ [illegible] વિગેરે તરંગવાળું વિસ્તાર પામેલા [illegible] આદિ ભયના સમુદ્રના [illegible]

વાળું મહા ગંભીર ભય આપનાર ત્રાસ ઉત્પાદક મહા સંસાર અર્ણવ ( સમુદ્ર ) ને સાક્ષાત્ દેખેલો છે, તેવા સાધુઓ તે સંસાર સમુદ્રથી પાર જવા ઇચ્છતા હોય તેમને આ આચારાંગ સૂત્રમાં બતાવેલું જ્ઞાન તથા ક્રિયા અવ્યાહત ( નિર્વિંઘ્ન ) યાન પાત્ર (વહાણુ) છે, એટલા માટે મુમુક્ષુએ આત્યંતિક એકાંતિક અનાબાધ શાશ્વત અનંત અજર અમર અક્ષય અવ્યાબાધ તથા સમસ્ત રાગદ્વેષ વિગેરે દ્વંદ્વ રહિત સમ્યગ્ દર્શન જ્ઞાન વ્રત ચરણ ક્રિયા કલાપથી યુક્ત પરમાર્થ શ્રેષ્ટ કાર્ય જે સર્વોત્તમ મોક્ષ સ્થાન છે, તેની ઇચ્છાવાળા બનીને તે આચારાંગ સૂત્રનો આધાર લેવો, તેજ બ્રહ્મચર્ય નામના શ્રુત સ્કંધની નિવૃત્તિ કુલવાળા શ્રી શીલ આચાર્યે "તત્ત્વાદીત્યા" નામની બાહુરિ સાધુના સહાયથી આ ટીકા સમાપ્ત કરી છે, (શ્લોક ગ્રંથમાન ૯૭૬) છે.

**द्वासप्तत्यधिकेषु हि शतेषु सप्त सुगतेषु गुप्तानां**
**संवत्सरेषु मासि च भाद्रपदे शुक्ल पंचम्याम् ॥१॥**

૭૭૨ વર્ષ ગુપ્ત વંશવાળા રાજાઓના સંવત્સરનાં ગયે થકે ભાદરવા મહિનાની શુક્લ પંચમીએ.

**शीला चार्येण कृता गम्भूतायां स्थितेन टीकैषा**
**सम्य गुप युज्य शोध्यं, मात्सर्य विना कृतै रार्यैः २।**

શીલાચાર્યે ગંભૂતા (ગાંભુ)માં રહીને આ ટીકા બનાવી છે, તેને માત્સર્ય (અદેખાઇ) કર્યા વિના ઉત્તમ સાધુઓએ શોધવી.

**कृत्वाऽचारस्य मया टीकां यत्किमपि संचितं पुण्यं**
**तेनाप्नुयाज्जगदिदं निर्वृतिमतुलां सदाचारम् ॥३॥**

અને મેં આ આચારાંગની ટીકા બનાવીને તેથી જે કંઇ પુણ્ય ઉપાર્જન કર્યું હોય, તેનાથી આ જગતના જીવો અતુલ મોક્ષ તથા સદાચાર પ્રાપ્ત કરો.

**वर्णः पदमथ वाक्यं पद्यादि च यन्मया परित्यक्तम्**
**तच्छोधनीय मत्र च व्यामोहः कस्य नो भवति ॥४॥**

વર્ણ (અક્ષર) પદ વાક્ય પદ્ય વિગેરે જે મારાથી પૂર્વની ટીકા કે સૂત્રમાંથી છુટી ગયું હોય, તો તે વિદ્વાને સુધારી લેવું. કારણ કે વ્યામોહ (ભૂલ) કોની નથી થતી?

તત્વાદિત્યા જેનું બીજું નામ છે એવી આ આચારાંગ સૂત્રની વૃત્તિ બ્રહ્મચર્ય શ્રુત સ્કંધની છે તે સમાપ્ત થઇ.

આ પ્રમાણે શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચેલ નિર્યુક્તિ સહિત આચારાંગ સૂત્ર પ્રથમ સ્કંધની શ્રી વાહરિ ગણિએ કરેલ મદદથી શ્રી શીલાંક આચાર્યે તત્વાદિત્યા એના બીજા નામવાળી રચેલી આવૃત્તિ સંપૂર્ણ થઇ.

आर्द्रजन (अड्डाजण) ग्राम स्थितौ
मया कृतं भाषांतरं पूर्ण
पुण्येनतु पठनीयं
आचारांग प्रथम स्कंधं
त्रिहाय मोहं पठन्तु सुबंधो।
सौख्यं तु ये नात्र परत्र पूर्ण
नान्यास्सुखं विश्वभरे पि किंचित्
माणिक्य चित्तेस्तु विनिश्चितं तत् ॥